# માંડવી પ્રાયોજના વિકાસ કાર્યક્રમ
# મૂલ્યાંકન અભ્યાસ

લેખક
શ્રીમતી ભારતીબેન દેસાઈ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

262

૧૯૮૯

# આભાર દર્શન

આદિવાસીઓની વિકાસની પ્રક્રિયામાં પ્રાયોજનાનો વિકાસ કાર્યક્રમોને અગત્યનો ભાગ ભજવ્યો છે અને શરૂ થયાને એક દાયકો થઇ ગયો છે તેથી ગુજરાત સરકારને લાગ્યું કે આ પ્રાયોજનાનો વિકાસ કાર્યક્રમો જે થયા તેનાથી આદિવાસીના આર્થિક સામાજિક જીવનમાં પરિવર્તન થયું કે નહીં અને તેમાં જે કંઇ મુશ્કેલી છે તેનું નિરાકરણ કરી ભવિષ્યમાં ફેરફાર કરી શકાય તે દ્રષ્ટિથી મૂલ્યાંકન થાય એ જરૂરી છે અને તે રીતે રાજપીપળા, ખેડબ્રહ્મા અને દાહોદના પ્રાયોજના વિકાસ કાર્યક્રમ મૂલ્યાંકન થઇ ગયા અને ૧૯૮૭ના ઓકટોબર માસથી કેન્દ્ર દ્વારા " માંડવી પ્રાયોજના વિકાસ કાર્યક્રમ મૂલ્યાંકન અભ્યાસ હાથમાં લેવામાં આવ્યો. મૂલ્યાંકનનું કામ હોવાથી શરૂઆતમાં આ કામ પ્રમાણમાં ઠીક ઠીક મુશ્કેલ લાગતું હતું પરંતુ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઇ નાયકે આમાં ઊંડો રસ લઇ આ કાર્યને સરળ બનાવી આપ્યું એટલું જ નહીં પણ વારંવાર મને માર્ગદર્શન આપી આ પ્રોજેકટ પૂરો કરવામાં જે હૂંફ આપી તે બદલ તેમની હું અત્યંત ઋણી છું.

પ્રાયોજના વિકાસ કાર્યક્રમ મૂલ્યાંકન અભ્યાસ માટે જરૂરી આંકડા માહિતી આપવામાં ગુજરાત સરકારની આદિવાસી વિકાસ કમિશનર વિભાગ તરફથી નાયબ નિયામક (આયોજન) શ્રી સુમંતભાઇ શાહ તેમજ વિભાગના અન્ય કર્મચારીઓએ જે મદદ કરી તે માટે તેમનો અત્રે હું આભાર વ્યકત કરું છું.

પ્રાયોજના વહીવટદાર કચેરી માંડવીથી મને જોઇતી માહિતી તેમજ માર્ગદર્શન આપવામાં પ્રાયોજના વહીવટદારશ્રી શાહ સાહેબ અને તેમના કાર્યાલયના અધિકારીશ્રી ચૈતન્યભાઇ ભટ્ટ અને અન્ય કર્મચારીઓએ જે મદદ કરી કે જેના કારણે જ હું જ આ અહેવાલ તૈયાર કરી શકું છું તે માટે હું તેમની કૃતજ્ઞ છું અને તેમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

માંડવી, માંગરોળ, બારડોલી અને મહુવાના તાલુકા વિકાસ અધિકારીશ્રી અને બીજા કર્મચારીઓ તેમજ સંશોધન માટે લીધેલા ગામોના ગ્રામસેવકો, તલાટીઓ અને આગેવાનોએ ક્ષેત્રકાર્ય માટે જે માહિતી પૂરી પાડી તે માટે તેમની હું આભારી છું.

આ અહેવાલ માટે મહત્ત્વના એવા માહિતીદાતાઓ કે જેમના વિના આ અહેવાલ લેખન થઇ જ ન શકયું હોત તે માહિતીદાતાઓએ માહિતી પૂરી પાડવામાં જે સાથ સહકાર આપ્યો તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

કેન્દ્રના વરિષ્ઠ અધિકારીશ્રી આર.બી.લાલે શરૂઆતથી આ કામ માટે માર્ગદર્શન પૂરું પાડયું તે માટે તેમની આભારી છું.

આ અહેવાલ માટેનું ક્ષેત્રકાર્ય અને કોષ્ટીકરણ કરી આપવા માટે શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, શ્રી કાંતિભાઇ સોલંકી, શ્રી રતિભાઇ મારૂ, શ્રી અમૃતભાઇ ભટ્ટ, શ્રી નિરંજનાબેન પટેલ અને શ્રી હર્ષિદાબેન દવેનો આભાર માનું છું. કેન્દ્રના સર્વ મિત્રોએ જોઇતી મદદ પૂરી પાડી તે માટે તેમનો આભાર વ્યકત કરી વિરમું છું.

– ભારતીબેન દેસાઇ

કોઠા સૂચિ


| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧.૧ | મુખ્ય આદિવાસી જાતિઓની આશરે વસ્તી | ૩ |
| ૨ | ૧ | ૧.૨ | ગુજરાતમાં સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાની યાદી | ૧૦ |
| ૩ | ૧ | ૧.૩ | રાજ્યના બજેટમાં ટી.એ.એસ.પી માટે ફાળવેલ રકમ | ૨૫ |
| ૪ | ૨ | ૨.૧ | માંડવી પ્રાયોજનામાં આવેલ ગામો તેની કુલ વસ્તી, આદિવાસી વસ્તી અને તેની ટકાવારી દર્શાવતો કોઠો | ૩૮ |
| ૫ | ૨ | ૨.૨ | સાત તાલુકામાં ખેડૂતો અને ખેતમજૂરોની વિગત | ૪૦ |
| ૬ | ૨ | ૨.૩ | ૧૯૮૨-૮૩ દરમ્યાન માંડવી પ્રાયોજનામાં આવેલા ચાર તાલુકાના જમીન ઉપયોગ સંબંધી માહિતી | ૪૧ |
| ૭ | ૨ | ૨.૪ | માંડવી પ્રાયોજનામાં આવેલા ચાર તાલુકામાં ૧૯૮૨-૮૩ દરમ્યાન સિંચાઇના સાધનોની સગવડ દર્શાવતો કોઠો | ૪૪ |
| ૮ | ૨ | ૨.૫ | માંડવી પ્રાયોજનાના ચાર તાલુકાનું પશુધન ૧૯૮૨-૮૩ મુજબ | ૪૮ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૯ | ૨ | ૨.૬ | ૧૯૮૧ વસતી ગણતરી પ્રમાણે પ્રાયોજના વિસ્તારમાં આવેલા તાલુકા અને પ્રોજેક્ટસની કુલ શિક્ષણની ટકાવારી અને આદિવાસી શિક્ષણની ટકાવારી | ૫૨ |
| ૧૦ | ૨ | ૨.૭ | શિક્ષણની સુવિધા | ૫૪ |
| ૧૧ | ૨ | ૨.૮ | પ્રાયોજના વિસ્તારની આરોગ્ય વિષયક સવલતો (૧૯૮૪-૮૫) | ૫૬ |
| ૧૨ | ૨ | ૨.૯ | પ્રાયોજનામાં આપવામાં આવેલી સરકારી સુવિધાઓ | ૫૯ |
| ૧૩ | ૨ | ૨.૧૦ | પ્રાયોજનામાં ધિરાણની સવલતો પૂરી પાડતી બેંકોની માહિતી | ૬૨ |
| ૧૪ | ૨ | ૨.૧૧ | માંડવી પ્રાયોજનામાં વીજળી, રસ્તા, રેલવે અને પોસ્ટ ઓફિસની સવલતો ધરાવતા ગામોની સંખ્યા | ૬૭ |
| ૧૫ | ૨ | ૨.૧૨ | માંડવી પ્રાયોજના માટે ૧૯૭૭-૭૮થી ૧૯૮૬-૮૭ દરમ્યાન વિકાસ કામો માટે કરેલી નાણાંકીય જોગવાઇ અને થયેલ ખર્ચની વિગત દર્શાવતો કોઠો(સામાન્ય બજેટ ) | ૭૧ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૧૬ | ૨ | ૨.૧૩ | માંડવી પ્રાયોજના માટે ૧૯૭૭-૭૮ થી ૧૯૮૬-૮૭ દરમ્યાન ન્યુકલીયરન્સ બજેટમાં નક્કી થયેલ ખર્ચ અને ખર્ચાયેલ નાણાંની વિગત | ૭૩ |
| ૧૭ | ૨ | ૨.૧૪ | ૧૯૭૭-૭૮થી ૧૯૮૬-૮૭ દરમ્યાન ન્યુકલીયરન્સ બજેટમાંથી શિક્ષણ હુન્નરકલા, આરોગ્ય, સમાજ કલ્યાણ, સહકાર, ખેતી, સિંચાઇ પશુપાલન, વનવિકાસ, વીજ જોડાણ ખરેખર ખર્ચની વિગત | ૭૪ |
| ૧૮ | ૩ | ૩.૧ | ૧૯૭૧ અને ૧૯૮૧ ની વસતિનો વિકાસ દર૦ | ૮૭ |
| ૧૯ | ૩ | ૩.૨ | સુરત જિલ્લાની વસતિમાં પુરુષો-સ્ત્રીની વસતિનું પ્રમાણ | ૯૦ |
| ૨૦ | ૩ | ૩.૩ | સુરત જિલ્લામાં જાતિ પ્રમાણે વસતિનું પ્રમાણ | ૯૩ |
| ૨૧ | ૩ | ૩.૪ | આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની વસતિની ઘનતા દર્શાવતો કોઠો | ૯૭ |
| ૨૨ | ૩ | ૩.૫ | આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં શિક્ષણની સાક્ષરતા દર્શાવતો કોઠો. | ૧૦૦ |

## અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૩૨ |
| ૨ | માંડવી પ્રાયોજના | ૩૩ થી ૮૩ |
| ૩ | આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારના વિકાસની સમાલોચના | ૮૪ થી ૧૫૮ |
| ૪ | સર્વેક્ષણ માહિતી - ૧ ધાર્મિક-સામાજિકક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો | ૧૫૯ થી ૨૧૦ |
| ૫ | સર્વેક્ષણ માહિતી - ૨ આર્થિક-સામાજિકક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો | ૨૧૧ થી ૨૬૪ |
| ૬ | તારણો અને સૂચનો | ૨૬૫ થી ૨૭૮ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૨૩ | ૩ | ૩.૬ | સુરત જિલ્લામાં આવેલા આદિવાસી અને બિન આદિવાસી જિલ્લાઓમાં કરવામાં આવેલી શૈક્ષણિક સુવિધા | ૧૦૪ |
| ૨૪ | ૩ | ૩.૭ | ૧૯૭૧ અને ૧૯૮૧ વસતિ ગણતરી મુજબ આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં કમાનાર અને બિન કમાનારની માહિતી દર્શાવતો કોઠો | ૧૦૮ |
| ૨૫ | ૩ | ૩.૮ | આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારનું ધંધાકીય માળખું | ૧૧૨ |
| ૨૬ | ૩ | ૩.૯ | જમીનના ઉપયોગિતના અંગેનો કોઠો | ૧૧૯ |
| ૨૭ | ૩ | ૩.૧૦ | સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલ સિંચિત વિસ્તાર અને તેની ટકાવારી દર્શાવતો કોઠો | ૧૨૫ |
| ૨૮ | ૩ | ૩.૧૧ | સુરત જિલ્લામાં ગુજરાત ઇલેક્ટ્રીક બોર્ડ દ્વારા વીજળીકરણ કરેલા ગામોની સંખ્યા દર્શાવતો કોઠો | ૧૨૮ |
| ૨૯ | ૩ | ૩.૧૨ | પશુપાલન | ૧૩૧ |
| ૩૦ | ૩ | ૩.૧૩ | સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલ પશુ દવાખાના પેટાકેન્દ્રો તેમાં કામ કરતા કર્મચારી અને સારવાર અપાયેલ પશુઓની સંખ્યા દર્શાવતો કોઠો. | ૧૩૪ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
| --- | --- | --- | --- | --- |
| ૩૧ | ૩ | ૩.૧૪ | સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી સહકારી મંડળીઓ તેની સભ્ય સંખ્યા અને ૧૦૦ વસ્તીએ સભ્ય સંખ્યા | ૧૩૮ |
| ૩૨ | ૩ | ૩.૧૫ | સુરત જિલ્લાની આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની બેંકીંગ વ્યવસ્થા | ૧૪૨ |
| ૩૩ | ૩ | ૩.૧૬ | સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારની સવલતો | ૧૪૫ |
| ૩૪ | ૩ | ૩.૧૭ | સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી હોસ્પિટાલ, દવાખાના અને કુટુંબ કલ્યાણ કેન્દ્રોની સવલતો | ૧૪૯ |
| ૩૫ | ૩ | ૩.૧૮ | સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં દાકતરો અને નર્સોની સગવડો | ૧૫૩ |
| ૩૬ | ૩ | ૩.૧૯ | સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં બાળક જન્મમૃત્યુનું પ્રમાણ | ૧૫૬ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૩૭ | ૪ | ૪.૧ | સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલા ગામો અને એની વસતી | ૧૬૧ |
| ૩૮ | ૪ | ૪.૨ | સર્વેક્ષણ કરેલાં કુટુંબોનું જાતિ પ્રમાણે વર્ગીકરણ | ૧૬૪ |
| ૩૯ | ૪ | ૪.૩ | સર્વેક્ષણ કરેલા કુટુંબોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૧૬૯ |
| ૪૦ | ૪ | ૪.૪ | સર્વેક્ષણ કરેલા કુટુંબોનું વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ | ૧૭૩ |
| ૪૧ | ૪ | ૪.૫ | સર્વેક્ષણ કરેલા કુટુંબોનું શૈક્ષણિક સ્તર ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ | ૧૭૫ |
| ૪૨ | ૪ | ૪.૬ | ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ માં શૈક્ષણિક સગવડોની પરિસ્થિતિમાં થયેલા ફેરફારો | ૧૭૯ |
| ૪૩ | ૪ | ૪.૭ | સર્વેક્ષણ કરેલા કુટુંબોના અભ્યાસ ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાનના વ્યવસાય સંબંધી માહિતી | ૧૮૨ |
| ૪૪ | ૪ | ૪.૮ | સર્વેક્ષણ કરેલાં કુટુંબોની ૧૯૮૬-૮૭ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન કુલ કુટુંબદીઠ અને માથાદીઠ માસિક આવક | ૧૯૦ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૪૫ | ૪ | ૪.૯ | દેવું | ૨૦૨ |
| ૪૬ | ૪ | ૪.૧૦ | બચત | ૨૦૮ |
| ૪૭ | ૫ | ૫.૧ | જમીન વિષયક માહિતી | ૨૧૪ |
| ૪૮ | ૫ | ૫.૨ | સર્વેક્ષણ કરેલા કુટુંબોનું જમીનની ધારકતા પ્રમાણે વર્ગીકરણ | ૨૧૫ |
| ૪૯ | ૫ | ૫.૩ | ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન લેવાતા પાકો સબંધી માહિતી | ૨૧૮ |
| ૫૦ | ૫ | ૫.૪ | સર્વેક્ષણ કુટુંબોના રહેઠાણ ઘર સબંધી માહિતી | ૨૨૧ |
| ૫૧ | ૫ | ૫.૫ | જમીન ખરીદ વેચાણની માહિતી | ૨૨૩ |
| ૫૨ | ૫ | ૫.૬ | વ્યવસાય અને હુન્નરઉદ્યોગોને લગતા સાધનોની ખરીદી ૧૯૭૫-૭૬ થી ૧૯૮૫-૮૬ દરમ્યાન | ૨૨૮ |
| ૫૩ | ૫ | ૫.૭ | પશુઓની ખરીદી ૧૯૭૫-૭૬ થી ૧૯૮૫-૮૬ દરમ્યાન | ૨૨૯ |
| ૫૪ | ૫ | ૫.૮ | સુખસગવડ અને મોજશોખના વસાવેલ સાધનો ૧૯૭૫-૭૬થી ૧૯૮૫-૮૬ | ૨૩૦ |
| ૫૫ | ૫ | ૫.૯ | વાહનવહેવાર અને સંદેશાવ્યવહાર ના સાધનોની ખરીદી | ૨૩૧ |
| ૫૬ | ૫ | ૫.૧૦ | રોગોના નામ | ૨૩૫ |
| ૫૭ | ૫ | ૫.૧૧ | સર્વેક્ષણ કરેલા કુટુંબો ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન માંદગીમાં કોની દવા કરાવતા હતા અને તેનું ઘરથી કેટલું અંતર | ૨૩૮ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૫૮ | ૫ | ૫.૧૨ | સર્વેક્ષણ કરેલા કુટુંબો દ્વારા પ્રાથમિક તેમજ અન્ય આરોગ્ય કેન્દ્રની સગવડ અંગેની જાણકારી સંબંધી માહિતી | ૨૪૨ |
| ૫૯ | ૫ | ૫.૧૩ | સર્વેક્ષણ કરેલા કુટુંબોને સરકારી દવાખાના દ્વારા મળતી સવલતો અંગેનું મંતવ્ય | ૨૪૩ |
| ૬૦ | ૫ | ૫.૧૪ | સર્વેક્ષણ કરેલા કુટુંબોની કુટુંબ નિયોજન અંગેની માહિતી | ૨૪૪ |
| ૬૧ | ૫ | ૫.૧૫ | પીવાના પાણીનો પૂરવઠો પૂરો પાડતા સાધનો | ૨૪૮ |
| ૬૨ | ૫ | ૫.૧૬ | પીવાના પાણીના સાધનની ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન વ્યવસ્થા કરનાર xxxxx માધ્યમો | ૨૫૦ |
| ૬૩ | ૫ | ૫.૧૭ | છેલ્લા દસ વર્ષોમાં પીવાના પાણીની સગવડમાં થયેલા ફેરફારો અને તેની વિગત | ૨૫૧ |
| ૬૪ | ૫ | ૫.૧૮ | ૧૯૮૫-૮૬ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન પીવા માટે મળતું પાણી પીવાલાયક છે કે નહીં અને તેનું ગામથી અંતર | ૨૫૩ |

| ક્રમ | પ્રકરણ નંબર | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|---|
| ૬૫ | ૫ | ૫.૧૯ | સહકારી મંડળીના સભ્યપદ બાબત | ૨૫૫ |
| ૬૬ | ૫ | ૫.૨૦ | છેલ્લા દસ વર્ષોમાં સર્વેક્ષણ કરેલા કુટુંબોની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં આવેલા ફેરફારો | ૨૫૯ |
| ૬૭ | ૫ | ૫.૨૧ | સર્વેક્ષણના કુટુંબમાં ૧૯૭૫-૭૬ ના પ્રમાણમાં આરામદાયક અને મનોરંજન પ્રવૃત્તિઓમાં થયેલા ફેરફારો | ૨૬૧ |
| ૬૮ | ૫ | ૫.૨૨ | ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ દરમ્યાન સિંચિત અને બિન સિંચિત વિસ્તારની ઉપજમાં થયેલા ફેરફારની માહિતી | ૨૬૨ |
| ૬૯ | ૫ | ૫.૨૩ | છેલ્લા દસ વર્ષોમાં ખેતવિષયક સાધનોનો વપરાશ અને તેમાં થયેલા ફેરફાર અંગે માહિતી | ૨૬૩ |

## પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક

- પૂર્વભૂમિકા
- સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના
- પ્રાયોજનાના ઉદ્દેશ્યો
- પ્રાયોજનાનો વિસ્તાર
- વહીવટી માળખું
- પ્રાયોજનાની કામગીરી
- પ્રાયોજના માટેની નાણાકીય જોગવાઇ
- મૂલ્યાંકનની ભૂમિકા
- પ્રવિધિ

# પ્રકરણ - ૧

## પ્રાસ્તાવિક

### પૂર્વભૂમિકા :

વિકસતા જતા ભારતમાં હજુ પણ કેટલાક જૂથો છે જે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે, બાકીના વર્ગોની સરખામણીમાં વિકાસની પરિભાષાની દૃષ્ટિએ પાછળ રહી જવા પામ્યા છે. આ પાછળ રહી ગયેલા જૂથોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને જે તે રાજ્યમાં રચાયેલા પંચો દ્વારા જેમને પછાત ગણવામાં આવ્યા છે. તેવી જાતિઓનો ( દાખલા તરીકે ગુજરાતમાં બક્ષીપંચમાં આવરી લીધેલી જાતિઓ જેવી કે વાઘરી, છારા, ઠાકોર, મીયાંણા, વગેરેનો) સમાવેશ થાય છે.

આમ વિકાસમાં પાછળ રહી ગઇ છે તેવી ભારતની અનુસૂચિત જનજાતિની (આદિવાસી ) ની વસતિમાં ગુજરાતનું સ્થાન પાંચમું છે. મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર અને મહારાષ્ટ્ર પછી ગુજરાતનો ક્રમ આવે છે. દેશની કુલ આદિવાસીની વસતિનો દસમો ભાગ ગુજરાતમાં વસે છે અને ગુજરાતની કુલ વસતિનો સાતમો ભાગ આદિવાસીની વસતિ છે, આમ દેશમાં દર દસ આદિવાસીએ એક આદિવાસી ગુજરાતનો છે અને ગુજરાતમાં દર સાત માણસે એક આદિવાસી છે, એમ કહી શકાય, કુલ ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતની કુલ વસતિ ૩૪૦.૮૬ લાખ છે જે પૈકી ૪૮.૪૮ લાખ વસતિ આદિવાસીઓની છે. જે કુલ વસતિના ૧૪.૨૨ ટકા છે. ગુજરાતની પૂર્વ પટ્ટી પર આવેલા બનાસકાંઠા, સાબરકાંઠા પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ અને ડાંગ એમ આઠ

જિલ્લાઓમાં મુખ્યત્વે ૨૮ જાતિના આદિવાસી લોકો વસે છે, તે સિવાય બીજા જિલ્લાઓમાં છૂટાછવાયા આદિવાસીઓ પણ જોવા મળે છે. આ આદિવાસી વસતિમાં મુખ્યત્વે ભીલ, દુબળા, ધોડિયા, કોંકણા, રાઠવા, ગામીત, ચૌધરી, કોટવાળિયા કોઠાડી, કોલધા, વારલી વગેરે છે. જે ઉપર જણાવેલા આઠ જિલ્લામાં વસે છે. તે ઉપરાંત પઢાર સીદી, પારધા અને બાવચા કોળી જેવી બીજી આદિવાસી વસતિ અમદાવાદ, જામનગર અને કચ્છ જિલ્લામાં વસે છે. જુદા જુદા જિલ્લાઓમાં ૧૯૭૧ના સેન્સસ પ્રમાણે આ લોકોની વસતિ કેટલી હતી તેની માહિતી કોષ્ટક ૧.૧ માં આપવામાં આવી છે.

કોષ્ટક : ૧.૧

## મુખ્ય આદિવાસી જાતિઓની આશરે વસ્તી

| ક્રમ | આદિવાસી જાતિનું નામ | સ્થળ( જિલ્લો ) | આશરે વસ્તી (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ભીલ | પંચમહાલ, ડાંગ સાબરકાંઠા, વડોદરા ભરૂચ, બનાસકાંઠા | ૧૮.૫૦ |
| ૨ | દુબળા | સુરત, વલસાડ, ભરૂચ | ૪.૯૯ |
| ૩ | ઘોડિયા | વલસાડ, સુરત | ૪.૬૭ |
| ૪ | ચોધરી | સુરત, વલસાડ , ભરૂચ ડાંગ | ૨.૪૪ |
| ૫ | ધાનકા | ભરૂચ, સુરત, વડોદરા | ૧.૮૦ |
| ૬ | કોંકણા | વલસાડ, ડાંગ | ૨.૩૬ |
| ૭ | વારલી | વલસાડ, ડાંગ, સુરત | ૧.૬૪ |
| ૮ | રાઠવા | પંચમહાલ, વડોદરા | ૨.૫૧ |
| ૯ | ગામીત | સુરત | ૩.૬૦ |
| ૧૦ | પટેલિયા | પંચમહાલ | ૦.૬૫ |
| ૧૧ | નાયકડા | વલસાડ, પંચમહાલ | ૩.૦૫ |
| ૧૨ | પારધી | કચ્છ | ૦.૦૪ |

ચાલુ..

કોષ્ટક : ૧.૧.: ચાલુ..

| ક્રમ | આદિવાસી જાતિનું નામ | સ્થળ(જિલ્લો) | આશરે વસ્તી (લાખમાં) |
|---|---|---|---|
| **આદિમજૂથો :** | | | |
| ૧ | કોટવાલિયા | સુરત, વલસાડ ભરૂચ, ડાંગ | ૦.૧૬ |
| ૨ | કોલઘા | વલસાડ, સુરત | ૦.૨૫ |
| ૩ | કાથોડી | સુરત, સાબરકાંઠા | ૦.૦૪ |
| ૪ | સીદી | જૂનાગઢ | ૦.૦૬ |
| ૫ | પઢાર | અમદાવાદ, સુરેન્દ્રનગર | ૦.૧૩ |

આઝાદી પહેલાં ગાંધીજી અને ઠક્કરબાપાએ આદિવાસીઓ તેમજ હરીજનોના ઉત્થાન માટે રચનાત્મક કાર્યક્રમો દ્વારા જે પ્રયત્નો કર્યાં હતા તેને અનુલક્ષીને આઝાદી પછી પણ એ વર્ગના વિકાસ માટેના કાર્યો કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા. ભારતના બંધારણ દ્વારા પણ રાજય સરકારોને આદિવાસીઓના વિકાસના કામો અસરકારક રીતે કરવા માટે પૂરતી સત્તા આપવામાં આવી, ભારતની પંચવર્ષીય યોજનાઓમાં પણ આદિવાસી કલ્યાણને પૂરતું પ્રધાન્ય આપવામાં આવ્યું અને એ રીતે ૧૯૫૨માં ગાંધી જયંતિના દિવસે જ રાષ્ટ્રીય વિકાસ યોજના દ્વારા દેશના લગભગ તમામ પાંચ લાખ ગામોને વિકાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં

આવ્યા. ત્યારબાદ ૧૯૫૫માં ટ્રાયબલ ડેવલપમેન્ટ બ્લોકસ હેઠળ આદિવાસી વિસ્તારના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા. અને એ રીતે બીજી યોજનામાં આદિવાસીઓનાં ઝડપી વિકાસ માટે આદિવાસી વિસ્તારોમાં ૪૩ જેટલા ખાસ વિવિધલક્ષી વિકાસ ઘટકો શરૂ કરવામાં આવ્યા હતાં. આ ઘટકોની પ્રગતિનું મૂલ્યાંકન કરી ત્રીજી યોજનામાં તેનું અમલીકરણ બીજી આદિવાસી વિસ્તારમાં કરવું કે નહીં અને વિકાસ યોજના કયા સ્વરૂપે દાખલ કરવી તે ધ્યાનમાં રાખીને ૧૯૫૯માં એલ્વીન કમીટી નીમવામાં આવી. જેના પ્રમુખપદે આદિવાસી સમાજના નિષ્ણાત ડૉ. એલ્વીન હતા. જેમણે ૧૯૬૦ના અંતમાં તેમનો અહેવાલ આવ્યો અને ત્રીજી યોજનાનો ખાસ વિવિધલક્ષી( (આદિવાસી) વિકાસ ઘટકો અંગેનો કાર્યક્રમ મુખ્યત્વે આ સમિતિની ભલામણને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવ્યો હતો. આ સમિતિએ મહત્ત્વના જે સૂચનો કર્યાં તેમાં (૧) ખાસ વિવિધલક્ષી વિકાસ ઘટકોનું નામ બદલી તેને આદિવાસી વિકાસ ઘટકો તરીકે ઓળખવા (૨) જયાં ૫૫ ટકા જેટલી વસતિ આદિવાસી હોય તેવા સઘળા વિસ્તારોમાં આદિવાસી ઘટકો શરૂ કરવા (૩) સામૂહિક વિકાસ ઘટકની માફક આદિવાસી વિકાસ ઘટક પણ પાંચ પાંચ વર્ષના બે તબક્કામાં ચાલુ કરવા અને તે માટે પ્રથમ તબક્કામાં ૨૨ લાખ અને બીજા તબક્કામાં ૧૦ લાખ રૂ. વાપરવા આ પૈસા આર્થિક વિકાસ, વાહનવ્યવહાર અને સામાજિક સેવાઓ માટે ક્રમશઃ વાપરવા (૪) આ ઘટકોમાં કામ કરનાર કર્મચારીઓને આદિવાસી પ્રશ્નો અંગે ખાસ તાલીમ આપવી અને (૫) જે તે આદિવાસી વિસ્તારની આર્થિક-સામાજિક તપાસ કરાવવી અને ચાલુ કામ દરમ્યાન પ્રગતિનું મૂલ્યાંકન કરતાં રહેવું વગેરેનો સમાવેશ થાય છે.

ત્યાર પછી બંધારણમાં સૂચન થતું હતું તે મુજબ બંધારણના દસ વર્ષ પછી આદિવાસી વિસ્તારની તથા આદિવાસીઓની સ્થિતિની તપાસ કરવા માટે રાષ્ટ્રપતિ દ્વારા ૧૯૬૦ના એપ્રિલમાં શ્રી ઢેબરભાઇના પ્રમુખપણા નીચે એક કમિશનની નિમણૂંક થઇ તેમાં શ્રી એલ્વીનને પણ એક સભ્ય તરીકે રાખવામાં આવ્યા હતા જેથી તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ મળી શકે. ઢેબર કમિશને આદિવાસી પ્રશ્નોની દરેક બાજુને ઊંડાણથી તપાસી તેના પર ઘણો આધારભૂત કહી શકાય એવો અહેવાલ તૈયાર કરી આપી આદિવાસી જનતાની ઘણી મોટી સેવા કરી છે. તેમણે આદિવાસીઓના સમગ્ર વિકાસને ખ્યાલમાં રાખીને તપાસ કરી છે અને ભલામણો કરી છે. એટલું જ નહીં તેમના અહેવાલ દ્વારા ભારતના આદિવાસી માટેની ઘણી ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. ઢેબર કમિશને મુખ્યત્વે ૩૨ ભલામણો કરી છે.X આ ભલામણોમાં આદિવાસી વિકાસ માટે રાજય સરકારોની વધુ અસરકારક બનાવવાના સૂચનો થયા અને તેનો અમલ પણ કરવામાં આવ્યો. ૧૯૬૯માં પ્લાનીંગ કમિશન દ્વારા ટ્રાયબલ ડેવલપમેન્ટ બ્લોકસની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે શ્રી. શીલુ આવ ના અધ્યક્ષ સ્થાને એક અભ્યાસ કમિટી નીમવામાં આવી હતી. આ અભ્યાસ કમિટિના તારણોમાં સરકાર દ્વારા જે યોજનાઓ આદિવાસી વિકાસ માટે ચાલે છે તેનો પૂરતો લાભ આદિવાસી સુધી પહોંચતો નથી. એ હકીકત રજૂ કરવામાં આવી. એ હકીકતને ધ્યાનમાં લઇ આદિવાસી વિકાસ કાર્યો વિભાગીય અધિકૃત સંસ્થાઓને

---

X વિગત માટે આદિવાસી પ્રશ્નો - શ્રી વિમલ શાહ
ગુજરાત વિદ્યાપીઠ, ૧૯૬૦

( જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે ) સોંપવાનું નક્કી કર્યું અને એ મુજબ આદિવાસી વિકાસની કામો ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન હાથમાં ધરવામાં આવ્યા. આમ ભૂતકાળમાં દેશમાં તેમજ ગુજરાતમાં આદિવાસીઓના વિકાસ માટે જુદા જુદા ક્ષેત્રે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ તેમાં ઝાઝી પ્રગતિ થઇ ન હતી. તેઓ હજુ પણ આર્થિક સામાજિક અને શૈક્ષણિક રીતે બીજા બિન આદિવાસી સમુદાયોથી પાછળ રહેતા જ આવ્યા છે. આદિજાતિઓના કેટલાક જૂથો તો અત્યંત પછાત અને પ્રાથમિક અવસ્થામાં જીવન વ્યતિત કરી રહ્યા છે. એમાં ગુજરાતના કોલઘા, કોટવાલિયા, પઢાર, કાથોડી જેમને આદિમજૂથો તરીકે ઓળખાવાયા છે તેમનો સમાવેશ કરી શકાય. આમ દરેક વિસ્તારમાં જુદાં જુદાં આદિમજાતિ જૂથો વિકાસના જુદા જુદા તબક્કે છે. તેથી આદિવાસી અને બિન આદિવાસી સમાજના વિકાસની સ્તર વચ્ચેનો તફાવત ગાળો તેમજ આદિવાસીઓના પોતાના જુદા જુદા જૂથો વચ્ચેનો તફાવત ગાળો ઘટાડવાનું જરૂરી બન્યું છે. ઉપરના હેતુ સિદ્ધ કરવા માટે યોજના તૈયાર કરવાના ભાગરૂપે અને યોજનાના અમલની પ્રક્રિયા માટે ખાસ વિકાસલક્ષી પ્રયત્નો વિચારવામાં આવ્યા છે અને રાજ્ય યોજનાના માળખામાં રહીને આદિવાસી પેટા યોજના ઘડી કાઢવામાં આવી છે.

<u>સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના :</u>

પાંચમી પંચવર્ષીય યોજના દરમ્યાન આ કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે ૧૯૭૨માં સમાજ કલ્યાણ ખાતા દ્વારા એક કમિટિ નિયુક્ત કરી સમગ્ર કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. જેના દ્વારા આદિવાસીઓને સામાજિક-આર્થિક વિકાસ વેગીલો અને સમયમર્યાદિત બનાવવા માટે

ટ્રાયબલ ડેવલપમેન્ટ બ્લોકસને નાનામાં નાના એકમ તરીકે ચાલુ રાખી ઉચ્ચકક્ષાના વિકાસ ઘટકો રચી વિકાસ કાર્યક્રમો હાથ ધરવાનું સૂચવાયું. વધુમાં ટ્રાયબલ સબ પ્લાનનો ખ્યાલ સ્વીકારી, આયોજનના એકમ તરીકે સંકલિત આદિમજાતિ વિકાસ પ્રાયોજનાને સ્થાન આપ્યું. આ પ્રાયોજનાનું કદ જિલ્લા ઘટક કરતાં નાનું અને તાલુકા ઘટક કરતાં મોટું સ્વીકારવામાં આવ્યું. દેશમાં આવી ૧૮૦ પ્રાયોજનાઓ ( આઇ.ટી.ડી.પી ) રચવામાં આવી જે પૈકી ગુજરાતમાં નવ પ્રાયોજનાઓ અસ્તિત્વ ધરાવે છે. સ્થાનિક જરૂરિયાતો અને સાધનોને અનુલક્ષીને આ દરેક પ્રાયોજના માટે અલગ અલગ પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યા.

<u>પ્રાયોજનાના ઉદ્દેશ્યો :</u>

આ પ્રાયોજનાના મુખ્ય ઉદ્દેશ્યો આ પ્રમાણે છે.

(૧) આદિવાસી વિસ્તાર અને અન્ય વિસ્તારો વચ્ચેનો વિકાસ સ્તરનો જે તફાવત છે તે ઘટાડવો.

(૨) આદિવાસી વિસ્તારના લોકોના પછાતપણાની સમસ્યાઓ ઉકેલવી.

(૩) આદિવાસી લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવું.

(૪) આદિવાસી વિસ્તારના લોકો માટે ઔદ્યોગિક ભૂમિકા પૂરી પાડવી અને એ માટે વિશેષ મૂડી રોકાણની જોગવાઇ કરવી.

(૫) સામાજિક રૂપાંતર માટે આદિવાસી સમાજ વિધાના સંશોધન માટે પ્રોત્સાહક સહાયની જોગવાઇ કરવી.

(૬) કાર્યક્રમો ઘડતાં પહેલાં સમસ્યાઓનું પૃથક્કરણ કરવું, હેતુઓની સ્પષ્ટતા કરવી, ચાલતા કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું, યોગ્ય અને ઉપયોગી કાર્યક્રમોનું અન્વેષણ કરવું.


## પ્રાયોજના વિસ્તારો :

ગુજરાતમાં આ પ્રાયોજનામાં ૫૦ ટકા કે તેથી વધુ આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારો અને બંધારણ હેઠળ અનુસૂચિત જનજાતિના વિસ્તાર તરીકે જાહેર કરાયેલા તમામ વિસ્તારો આવરી લેવાયા છે. ગુજરાતના કુલ ૧,૯૫,૯૮૪ ચો. કિ.મી. વિસ્તારમાંથી ૨૮,૦૪૨ ચો. કિ.મી. વિસ્તારને આદિવાસી પ્રાયોજના હેઠળ આવરી લીધો છે, જેની ભૌગોલિક રીતે કુલ વિસ્તારના ૧૪.૩૧ ટકા થાય છે. આ પ્રાયોજના વિસ્તારમાંની આદિવાસીની વસ્તી લગભગ ૩૯.૦૧ લાખ જેટલી છે. આમ રાજયની કુલ આદિવાસી વસતિ ( ૪૮.૪૯ લાખ ) ના ૮૦.૪૫ ટકા આદિવાસીઓ આ વિસ્તારોમાં રહે છે. કૃષિ વિષાયક જમીન, જંગલો અને ખાણો આદિવાસી વિસ્તારના મુખ્ય કુદરતી સાધનો છે. આવા ૩૨ તાલુકાઓ આ ૯ પ્રાયોજનામાં આવરી લેવાયા છે તે ઉપરાંત એવા કેટલાક તાલુકા છે કે જેમાં ૫૦ ટકા આદિવાસીઓ ન હોય પરંતુ તેમની કેટલાક ગામોનો સમૂહ આદિવાસીનો બનેલો હોય આવા ૧૮ પોકેટ્સ છે કે જેને પણ પ્રાયોજનાનો લાભ અપાય છે અને એમાં બનાસકાંઠાના બે પોકેટસની તો પ્રાયોજના તરીકે સ્વીકાર્યા છે. ફકત તેનો વહીવટ જિલ્લા વિકાસ અધિકારી નીચે છે. ગુજરાતની સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાની યાદી આ સાથે કોઠા નંબર ૧.૨ માં આપી છે.

# GUJARAT

SCHEDULED TRIBES POPULATION

1981



કોઠો : ૧.૨

ગુજરાતમાં સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાની યાદી

| ક્રમ | પ્રાયોજનાના મથકનું નામ | આવરી લેવાયેલા જિલ્લા અને તાલુકા અને પૉકેટ્સ | કુલ ગામો અને શહેરની સંખ્યા | વિસ્તાર ચો.કિ.મી. | વસતિ કુલ | વસતિ આદિવાસી | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ખેડબ્રહ્મા | જિ.સાબરકાંઠા | | | | | |
| | | તા.(૧) ખેડબ્રહ્મા | ૧૩૭ | ૮૪૬ | ૧૩૬૦૪૪ | ૭૯૮૭૮ | ૫૮.૭૧ |
| | | (૨) વિજયનગર | ૮૫ | ૪૫૬ | ૫૮૭૭૬ | ૪૨૩૭૫ | ૭૨.૦૯ |
| | | (૩) ભિલોડા | ૧૬૮ | ૭૨૪ | ૧૪૬૧૧૪ | ૭૫૩૨૬ | ૫૧.૫૫ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| | | (૪) મેઘરજ | ૧૨૮ | ૫૪૫ | ૯૧૪૩૭ | ૩૧૩૪૦ | ૩૪.૨૭ |
| | | કુલ | ૫૧૮ | ૨૫૭૧ | ૪૩૨૩૭૧ | ૨૨૮૯૧૯ | ૫૨.૯૫ |
| ૨ | દાહોદ | જિ. પંચમહાલ | | | | | |
| | | તા. (૫) દાહોદ | ૧૨૦ | ૮૭૫ | ૨૯૬૩૨૨ | ૨૧૫૭૩૪ | ૭૨.૮૨ |
| | | (૬) ઝાલોદ | ૧૫૧ | ૭૯૮ | ૨૦૦૪૪૫ | ૧૭૧૫૪૯ | ૮૫.૫૮ |
| | | (૭) સંતરામપુર | ૩૯૫ | ૧૩૬૦ | ૩૨૩૨૬૮ | ૨૧૪૬૯૩ | ૬૬.૪૧ |
| | | (૮) લીમખેડા | ૨૪૨ | ૧૦૬૪ | ૨૧૧૪૭૦ | ૧૨૩૫૫૭ | ૫૮.૪૩ |
| | | (૯) દેવગઢબારિયા | ૧૮૭ | ૧૧૪૫ | ૨૭૫૧૦૪ | ૧૦૪૯૮૩ | ૩૮.૧૬ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| | | પાંડિટ્સ | | | | | |
| | | (i) કથોલા (હાલોલ) | ૬૧ | ૧૯૩ | ૪૯૮૫૭ | ૨૬૩૪૬ | ૫૨.૮૪ |
| | | (ii) મોરા (ગોધરા) | ૩૧ | ૧૯૪ | ૪૯૨૧૩ | ૨૮૦૮૧ | ૫૬.૯૬ |
| | | (iii) ગોવિંદી (ગોધરા) | ૧૫ | ૮૭ | ૧૭૬૬૧ | ૯૭૭૯ | ૬૨.૮૬ |
| | | કુલ | ૧૨૦૨ | ૫૭૧૬ | ૧૪૨૩૩૪૦ | ૮૯૪૭૧૨ | ૬૨.૮૬ |
| ૩ | છોટાઉદેપુર | જિ. વડોદરા | | | | | |
| | | (૧૦) છોટાઉદેપુર | ૨૭૮ | ૧૩૭૯ | ૨૪૦૬૯૯ | ૧૯૭૨૨૨ | ૮૧.૯૪ |
| | | (૧૧) નસવાડી | ૨૧૯ | ૫૩૫ | ૮૯૨૬૩ | ૭૨૭૩૬ | ૮૧.૪૯ |
| | | (૧૨) તિલકવાડા | ૯૭ | ૨૪૫ | ૪૮૬૬૧ | ૨૩૨૩૧ | ૪૭.૭૪ |
| | | :૧: વડેલી (સંખેડા) | ૫૩ | ૧૮૨ | ૨૮૫૩૯ | ૧૮૫૨૦ | ૭૪.૯૬ |
| | | :૨: ભીખાપુર (જબુગામ) | ૪૬ | ૧૭૦ | ૩૫૯૪૪ | ૨૪૦૩૦ | ૬૬.૮૫ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| | | :૩:કા રેલી(જબુગામ) | ૫૨ | ૮૦ | ૩૮૬૮૩ | ૨૮૯૯૬ | ૭૪.૯૬ |
| | | :૪: બા ટપુર(સંખેડા) | ૫૧ | ૨૧૨ | ૩૩૦૬૩ | ૧૬૪૮૬ | ૪૯.૮૬ |
| | | કુલ | ૭૯૬ | ૨૮૦૩૫ | ૫૧૪૮૫૨ | ૩૮૧૨૨૧ | ૭૪.૦૦ |
| ૪ | રાજપીપળા | જિ. ભરૂચ | | | | | |
| | | તા. (૧૩) ડેડિયાપાડા | ૨૧૪ | ૧૦૨૨ | ૮૮૪૩૧ | ૮૨૫૪૫ | ૯૩.૩૪ |
| | | (૧૪) સાગબારા | ૧૦૭ | ૪૦૦ | ૫૮૫૮૫ | ૫૨૩૦૧ | ૮૯.૨૭ |
| | | (૧૫) વાલિયા | ૯૫ | ૫૧૪ | ૯૪૩૧૯ | ૭૧૯૯૯ | ૭૬.૩૩ |
| | | (૧૬) નાંદોદ | ૨૦૬ | ૧૦૯૧ | ૧૭૯૨૬૩ | ૧૧૭૧૯૧ | ૬૫.૩૭ |
| | | (૧૭) ઝઘડિયા | ૧૬૮ | ૮૧૩ | ૧૨૮૧૩૪ | ૮૨૩૨૯ | ૬૪.૨૫ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| | મરેહેટસ | પોકેટ્સ | | | | | |
| | | :૩: અંકલેશ્વર | ૩૮ | ૨૩૮ | ૪૭૬૩૭ | ૨૩૩૨૦ | ૪૮.૯૯ |
| | | :૪: આમોદ | ૧૫ | ૯૨ | ૧૩૬૪૫ | ૬૮૨૦ | ૪૯.૯૮ |
| | | કુલ | ૮૪૩ | ૪૧૬૦ | ૬૧૦૦૧૪ | ૪૩૬૫૯૫ | ૭૧.૫૩ |
| ૫ | સોનગઢ | (જિ. સુરત-૧) | | | | | |
| | | તા. (૧૮) સોનગઢ | ૧૭૯ | ૮૫૩ | ૧૪૬૨૨૭ | ૧૧૯૭૮૨ | ૮૧.૯૨ |
| | | (૧૯) ઉચ્છલ | ૬૮ | ૩૨૪ | ૫૨૬૯૨ | ૫૧૩૪૨ | ૯૭.૪૪ |
| | | (૨૦) નિઝર | ૮૭ | ૪૦૦ | ૮૦૬૮૩ | ૬૦૪૫૧ | ૭૪.૯૨ |
| | | (૨૧) વ્યારા | ૧૫૦ | ૮૧૩ | ૧૮૨૦૭૮ | ૧૬૦૭૬૪ | ૮૮.૨૯ |
| | | (૨૨) વાલોડ | ૪૦ | ૨૦૨ | ૬૬૨૯૧ | ૪૮૩૯૧ | ૭૩.૦૦ |
| | | કુલ | ૫૨૪ | ૨૫૯૨ | ૫૨૭૯૭૧ | ૪૪૦૭૩૦ | ૮૩.૪૮ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | સોનગઢ | જિ.સુરત-૨ | | | | | |
| | | તા. (૨૩) માંડવી | ૧૪૯ | ૭૩૧ | ૧૩૭૭૨૭ | ૧૦૬૩૫૮ | ૭૭.૨૨ |
| | | (૨૪) મહુવા | ૬૯ | ૩૫૪ | ૧૦૦૨૪૧ | ૮૩૮૩૨ | ૮૦.૪૨ |
| | | (૨૫) બારડોલી | ૮૬ | ૩૭૯ | ૧૫૫૨૭૪ | ૮૦૨૧૦ | ૫૧.૬૬ |
| | | (૨૬) માંગરોલ | ૧૫૦ | ૭૮૨ | ૧૬૨૧૧૩ | ૧૦૭૭૬૪ | ૬૬.૪૭ |
| | | પોકેટ્સ :૫: કામરેજ | ૬૦ | ૩૦૫ | ૭૮૪૩૮ | ૪૧૦૩૪ | ૫૨.૩૭ |
| | | :૬: પલસાણા | ૪૩ | ૧૭૦ | ૬૧૫૮૨ | ૩૦૨૯૬ | ૪૯.૨૦ |
| | | :૭: ઓલપાડ | ૩૮ | ૧૭૯ | ૩૩૭૬૨ | ૧૮૮૧૧ | ૫૫.૭૨ |
| | | કુલ | ૫૯૫ | ૨૯૦૦ | ૭૩૩૧૩૭ | ૪૬૮૩૦૫ | ૬૩.૮૮ |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | વાંસદા | જિ.વલસાડ | | | | | |
| | | તા.(૨૭) વાંસદા | ૯૫ | ૬૦૦ | ૧૪૫૭૯૧ | ૧૩૧૨૭૬ | ૯૦.૦૪ |
| | | (૨૮) ધરમપુર | ૨૩૮ | ૧૬૫૦ | ૨૩૭૦૭૩ | ૨૨૨૭૪૪ | ૯૩.૯૬ |
| | | (૨૯) ચીખલી | ૮૫ | ૫૭૫ | ૨૧૪૧૨૮ | ૧૪૭૮૯૪ | ૬૯.૦૭ |
| | | (૩૦) પારડી | ૮૧ | ૪૨૮ | ૨૦૫૫૩૮ | ૧૧૬૨૨૧ | ૪૫.૪૮ |
| | | (૩૧) ઉંમરગાંવ | ૫૦ | ૩૬૧ | ૧૪૩૭૨૭ | ૭૯૪૨૫ | ૫૫.૨૬ |
| | | પાંડકોસ:૮: રહેજ(ગણદેવી) | ૩૨ | ૧૨૩ | ૫૭૭૯૧ | ૩૦૭૩૨ | ૫૩.૧૮ |
| | | :૯: અટગામ(વલસાડ) | ૪૨ | ૨૦૯ | ૮૭૨૮૦ | ૪૮૨૩૫ | ૫૫.૨૬ |
| | | :૧૦: રોનવેલ(વલસાડ) | ૩૦ | ૧૬૯ | ૫૮૫૦૦ | ૩૬૧૮૭ | ૬૧.૮૬ |
| | | :૧૧: સીસોદરા(નવસારી) | ૭૩ | ૨૮૦ | ૧૧૧૪૧૯ | ૫૯૨૭૪ | ૫૩.૨૦ |
| | | કુલ | ૭૨૬ | ૪૩૯૫ | ૧૨૬૧૨૪૭ | ૮૭૧૯૮૮ | ૬૯.૧૪ |


ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | આહવા | જિ. ડાંગ | | | | | |
| | | (૩૨) ડાંગ | ૩૧૧ | ૧૬૮૩ | ૧૧૩૬૬૪ | ૧૦૪૯૧૮ | ૯૨.૩૧ |
| | | કુલ | ૩૧૧ | ૧૬૮૩ | ૧૧૩૬૬૪ | ૧૦૪૯૧૮ | ૯૨.૩૧ |
| ૯ | પાલનપુર | જિ. બનાસકાંઠા | | | | | |
| | | પોકેટ્સ (૧૨) અમીરગઢ (પાલનપુર) | ૫૪ | ૬૪૩ | ૫૫૭૦૪ | ૨૯૨૪૪ | ૫૨.૪૯ |
| | | (૧૩) દાંતા (દાંતા) | ૧૨૪ | ૫૭૯ | ૫૩૪૫૮ | ૪૪૮૨૮ | ૮૩.૮૬ |
| | | કુલ | ૧૭૮ | ૧૨૨૨ | ૧૦૯૧૬૨ | ૭૪૦૭૨ | ૬૭.૮૬ |
| | | પ્રાયોજન કુલ | ૫૬૯૩ | ૨૮૦૪૨ | ૫૭૨૫૭૫૮ | ૩૯૦૧૪૬૦ | ૬૮.૧૪ |

( શહેરી વિસ્તારના ૨૦ વિસ્તારો અને ૧૭૪ બિન વસવાટી ગામોને આવરી લેવામાં આવ્યાં છે )

વહીવટી માળખું :

કોઠા ૧.૨ માં બતાવ્યું તે મુજબ આદિવાસી વિસ્તારોનો વહીવટ ૯ પ્રાયોજનાઓમાં વહેંચવામાં આવ્યો છે. આ માટે અલગ અલગ વહીવટી માળખું પણ ગોઠવવામાં આવ્યું છે. દરેક પ્રાયોજનાના વડા તરીકે પ્રાયોજના વહીવટદારની નિમણુંક કરવામાં આવે છે જે કલેકટર કક્ષાનો ઉચ્ચ અધિકારી હોય છે. રાજય કક્ષાએ આદિજાતિ વિકાસ માટેના કમિશ્નર નીમવામાં આવે છે જેઓ આદિવાસી વિકાસ માટેની રાજય સરકારના સચીવની પણ ફરજ બજાવતા હોય છે. બધી જ પ્રાયોજના તેમજ અન્ય આદિવાસી અંગેના કાર્યક્રમોની સંપૂર્ણ જવાબદારી એમની હોય છે. રાજયના બધા જ આઇ.ટીડી.પી ના કાર્યક્રમોનું અમલીકરણ થાય છે કે નહીં તેનું નિરીક્ષણ સંકલન અને મૂલ્યાંકન કરવાનું કામ પણ એમની કચેરીનું છે. આદિવાસી વિકાસના કાર્યક્રમ માટે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને મંત્રીઓની અને વિભાગીય સચીવોની ઉચ્ચાધિકાર સમિતિ પણ બનાવવામાં આવી છે. આ સમિતિ પેટાયોજનાઓની નીતિ નક્કી કરી તેનો અમલ કરાવવાની કામગીરીનો હવાલો સંભાળે છે. વધુમાં રાજયકક્ષાએ અને જિલ્લા કક્ષાએ એક એક સલાહકાર સમિતિ પણ નીમવામાં આવી છે. જે આદિવાસી કલ્યાણ અંગેની જરૂરી અને ઉપયોગી સૂચનો પણ કરી શકે છે. આદિવાસી કમિશ્નરની કામગીરી વહીવટી રીતે કુશળતાપૂર્વક થાય તે રીતે તેમના હાથ નીચે વહીવટ કુશળ સ્ટાફ નીમવામાં આવે છે. જેમાં ડેપ્યુટી સેક્રેટરી, અંડર સેક્રેટરી, નાયબ નિયામક ( એગ્રીકલ્ચર પશુપાલન, આયોજન ) વગેરેનો સમાવેશ થાય છે. આ અંગેની વિસ્તૃત માહિતી આ સાથેના ચાર્ટમાં દર્શાવવામાં આવી છે.


સચીવ સાથે વિકાસ કમિશ્નર
આદિવાસી વિકાસ
નાયબ સચિવ
ઉપસચિવ
નાયબ સચિવ
સેકસન અધિકારી
આદિવાસી વિકાસ
સેકસન
અધિકારી
આશ્રમશાળા
બાલવાડી
હોસ્ટેલ
સેકશન
અધિકારી
આયોજન
એકાઉટન્ટ
અને રજીસ્ટર
બ્રાન્ચ ટાઇપ
સેકસન
સેકસન
ઓફિસર
બજેટ
સેકસન
ઓફિસર
સંકલન
સેકશન
ઓફિસર
૨૦ મુદ્દાના
કાર્યક્રમ

ચાલુ..

ચાલુ..

નાયબ વિકાસ કમિશ્નર સાથે
નિયામક આદિમજૂથ

- પી.એ. (પ્રાયોજના)
- નાયબ નિયામક ખેતી
- નાયબ નિયામક પશુપાલન
- આસિ.નિયામક આદિવાસી વિકાસ (સામાન્ય)
  - ચીટનીસ
- એકાઉન્ટટ ઓફિસર બજેટ
- આસિસ્ટન્ટ આદિવાસી વિકાસ કમિશ્નર
  - પ્રોજેક્ટ ઓફિસ વીજીલન્સ
- નાયબ નિયામક આયોજન
  - સંશોધન અધિકારી (આયોજન, મૂલ્યાંકન, રિવ્યુ)
- સંશોધન અધિકારી આદિમજૂથ(૪)
- પ્રોજેક્ટ ઓફિસર પ્રીમીટીવ જુથ( )

प्रायोजनानी कामगीरी :

આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી છે તેથી ખેતી તથા ખેતીને લગતા ઉદ્યોગોને અસરકારક બનાવવાનું કામ પ્રાયોજનામાં સ્વીકારાયું છે. એમાં ખેતીવાડી, ભૂમિસંરક્ષણ, સિંચાઇ પશુપાલન, આરોગ્ય અને સામાન્ય સુખાકારી, ગ્રામોદ્યોગ ગૃહઉદ્યોગ, વનઉદ્યોગ, સામાન્ય શિક્ષણ, સામાજિક કલ્યાણ તેમજ રહેઠાણને લગતી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજનાઓ દ્વારા સરકારમાર્ગવાહનવ્યવહાર ઉદ્યોગ, વીજળી, સામાન્ય શિક્ષણ, ટેકનીકલ શિક્ષણ, તબીબી અને જાહેર આરોગ્ય જમીન સુધારણા જેવી પ્રવૃત્તિઓને પુનર્જિવિત કરવાનો એ પ્રવૃત્તિમાં વિવિધતા લાવવાનો તેમજ આદિવાસી વિસ્તારમાં એની ભાગીદારી વધારવાનો પ્રયત્ન રહે છે. જેને માટે નીચે મુજબ સૂચિત યોજનાઓનો અમલ કરવાનો રહે છે.

સૂચિત યોજનાઓ :

ખેતીવાડી :

ખેતીને લગતી યોજનાઓમાં મુખ્યત્વે બીયારણ, ખાતર વગેરેના પેકેટ પૂરા પાડવા, ખેતીના ફળઝાડના રોપા પૂરા પાડવા, બળદો બળદગાડા, તેમજ ખેતીના ઓજારો ખરીદવા માટે સહાય આપવી, વીજળી કનેકશનમાં સહાય આપવી વગેરે નો સમાવેશ થાય છે. ઉપરાંત ખેડૂતો માટે શૈક્ષણિક પ્રવાસ તેમજ ખેડૂત સંમેલનો યોજવાનો પણ સમાવેશ થાય છે.

ભૂમિસંરક્ષણ :

ખેડૂતોને ખેતી માટે કયારીની જમીન તૈયાર કરવાની તેમજ ડુંગરાળ ભાગમાં જમીન સમતલ કરાવવાની યોજનાઓનો ભૂમિસંરક્ષણમાં સમાવેશ થાય છે.

સિંચાઇ :

સિંચાઇ ખેતીનું મુખ્ય અંગ છે. એટલે ખેતી માટે સિંચાઇની યોજનાને વિશેષ મહત્ત્વ અપાયું છે. આ યોજનાઓમાં સિંચાઇ કુવા તૈયાર કરાવવા માટે, પાઇપલાઇન આપવા માટે, ઓઇલ એન્જીન ખરીદવા માટે, એન્જીન શેડ બનાવવા માટે, ઇલેક્ટ્રીક મોટર ખરીદવા માટે તેમજ વીજળી કનેકશન માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવાની હોય છે.

પશુપાલન :

પશુપાલન ખેતી આધારિત ઉદ્યોગ છે. તેમાં દૂધાળા ઢોર ખરીદવા માટે, પશુ આહાર માટે, મરઘાં ઉછેર કેન્દ્ર ચલાવવા માટે, મરઘાં ખરીદવા માટે, કોઠારા બનાવવા માટે, બતક ઉછેર અને સસલા ઉછેર કેન્દ્ર માટે આર્થિક સહાયની જોગવાઇ કરવામાં આવે છે. મત્સ્ય ઉદ્યોગ માટે જાળ તેમજ અન્ય સાધનો ખરીદવા માટે પણ આર્થિક સહાયની જોગવાઇ છે. ઉપરાંત આધુનિક પશુપાલન અંગેની તાલીમ આપવાની સવલત પણ કરવામાં આવી છે. સાથે સાથે પશુ દવાખાનાની સવલત પણ પૂરી પાડવામાં આવે છે.

આરોગ્ય અને જાહેર સુખાકારી :

આરોગ્ય અને જાહેર સુખાકારીને લગતી યોજનાઓમાં ખાસ કરીને દવાખાનાને દવા પૂરી પાડવી, શસ્ત્રક્રિયા કરાવવાના ખર્ચમાં સહાય આપવી, તબીબી ખર્ચમાં સહાય આપવી, નિદાન કેમ્પ યોજવા, તબીબી સારવાર કેમ્પ યોજવા, નેત્રયજ્ઞ ચલાવવા બાળઆરોગ્ય હરિફાઇ યોજવી વગેરે કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પીવાના પાણીની સગવડ, નહાવણિયાની સગવડ તથા સેનીટેશનની

સગવડ આપવાનો પણ સમાવેશ થાય છે. ગામમાં વારિગૃહો બાંધવામાં, પાઇપલાઇન નાંખવામાં, કૂવો ખોદવામાં તેમજ પંપ મોટર વગેરે ખરીદવામાં આર્થિક સહાય આપવાના કાર્યક્રમો પણ આવરી લેવામાં આવ્યા છે.

ગ્રામઉદ્યોગો અને ગૃહોદ્યોગો :

આ યોજનાઓમાં જુદી જુદી કારીગરી જેવી કે કડિયા, સુથાર, લુહાર, કુંભાર, હીરા ઉદ્યોગ, મોટર રીવાઇડીંગ, ઈંટો પાડવી- વગેરે માટે તાલીમ પૂરી પાડવાના અને જરૂરી સાધનો ખરીદવા માટે આર્થિક સહાય આપવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં ટાઇપના વર્ગો અને સીવણના વર્ગો ચલાવવાના કાર્યક્રમોનો પણ એમાં સમાવેશ કરાયો છે. વળી વનઉપજ એકત્ર કરવાની તાલીમ, વાંસઉછેર તેમજ સામાજિક વનીકરણની યોજનાઓનો વનઉદ્યોગ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

સામાન્ય શિક્ષણ :

શિક્ષણને લગતી યોજનાઓમાં પ્રાથમિક શાળા તેમજ આશ્રમશાળાઓ માટે શૈક્ષણિક સાધનો, પ્રાયોગિક સાધનો, ખરીદવા માટે સહાય, નિશાળમાં પીવાના પાણીની અને સેનીટેશનની સવલત પૂરી પાડવા માટે સહાય, માધ્યમિક તાંત્રિક ( Technical ) શાળાઓમાં પ્રયોગશાળા બંધાવવા તેમજ વૈજ્ઞાનિક સાધનો ખરીદવા માટે સહાય, શૈક્ષણિક પરિસંવાદો યોજવા તેમજ શૈક્ષણિક પ્રવાસો યોજવા માટે સહાય આપવાના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. વધુમાં શાળાના મકાનોના સમારકામ માટે તેમજ શિક્ષક- નિવાસ બાંધવા માટેની આર્થિક સહાયની યોજનાનો પણ એમાં સમાવેશ થાય છે.

રહેઠાણ :

રહેઠાણનો લાભ આપવાની યોજનામાં મકાન માટે ઈંટ તથા નળિયા ખરીદવા માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે તથા વીજળીકરણ માટે જરૂરી સહાય આપવામાં આવે છે.

પ્રાયોજનાઓ માટેની નાણાંકીય જોગવાઇ : સામાન્ય બજેટ

આદિવાસી વિસ્તાર માટેની નાણાંકીય જોગવાઇ રાજ્યના પંચવર્ષિય કાર્યક્રમોમાંથી કરવાની હોય છે. પાંચમી પંચવર્ષિય યોજના ( ૧૯૭૬-૭૭) થી આદિવાસી વિકાસ માટેની યોજનાઓમાં જે કંઇ ફેરફારો થયા તેને અનુરૂપ તેને માટેની નાણાંકીય જોગવાઇની પણ ફેર ગોઠવણી કરવામાં આવી. આ ફેરફાર કરતી વખતે રાજ્યના વહીવટી અનુભવોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યા.

વિકાસ કાર્યક્રમ માટેનું ખર્ચ રાજ્યના સામાન્ય આયોજન કેન્દ્ર સરકાર દ્વારા થયેલું રોકાણ, કેન્દ્રના ગૃહખાતા તરફથી અપાતી ખાસ સહાય તથા બંધારણની કલમ ૨૭૫(૧) અન્વયે અપાતી ગ્રાન્ટસમાંથી મેળવવામાં આવે છે. આદિવાસી વિકાસ કામો માટેની નાણાંકીય જોગવાઇ કરતી વખતે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે.

(૧) સંકલિત આદિજાતિ વિસ્તાર ( આઇ.ટી.ડી.પી) માંની કુલ વસતિ
(૨) વિકાસ સ્તરનો દર
(૩) આદિવાસી વિસ્તારમાં સામાજિક સેવાઓની સ્થિતિ

કેન્દ્ર સરકારે નકકી કર્યા મુજબ રાજ્યના કુલ ખર્ચના ૧૪ ટકા જેટલી રકમ આદિવાસી વિસ્તારના વિકાસ કામો માટે વપરાવી જોઇએ છેલ્લા સાતેક વર્ષના આંકડા જોતા ગુજરાતમાં ટ્રાયબલ એરિયા સબપ્લાનમાં ૧૦ થી ૧૨ ટકા જેટલી રકમ આદિવાસી વિકાસ કામોમાં વાપરવામાં આવી.

કોઠો : ૧.૩

રાજ્યના બજેટમાં ટી.એ.એસ.પી માટે ફાળવેલ રકમ અને તેની ટકાવારી ( રૂા. લાખમાં )

| ક્રમ | વર્ષ | રાજ્યના બજેટનું પ્રોવીઝન | ટી.એ. એસ.પી. માટે ફાળવેલ રકમ રૂા.માં | રાજય માંથી ટી.એ. એસ.પી માટે ફાળવેલ રકમની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૯૮૦-૮૧ | ૫૨૪૬૩૦૦ | ૫૧૩૯૭૩ | ૯.૭૯ |
| ૨ | ૧૯૮૧-૮૨ | ૬૩૩૦૯૦૦ | ૭૧૩૬૯૪ | ૧૧.૨૭ |
| ૩ | ૧૯૮૨-૮૩ | ૭૬૯૫૮૦૦ | ૮૫૦૦૦૦ | ૧૧.૦૪ |
| ૪ | ૧૯૮૩-૮૪ | ૯૦૦૦૦૦૦ | ૧૦૧૩૭૮૭ | ૧૧.૩૦ |
| ૫ | ૧૯૮૪-૮૫ | ૯૩૦૦૦૦ | ૧૦૫૪૫૦૧ | ૧૧.૨૮ |
| | છઠ્ઠી યોજના કુલ | ૩૭૫૩૩૦૦૦ | ૪૧૬૦૪૭૪ | ૧૧.૦૮ |

ચાલુ..

કોઠો : ૧.૩.. ચાલુ..

| ક્રમ | વર્ષ | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૧૯૮૫-૮૬ | ૯૦૪૩૭૦૦ | ૮૪૭૩૯૨ | ૧૦.૫૩ |
| ૭ | ૧૯૮૬-૮૭ | ૯૫૦૦૦૦૦ | ૮૯૮૦૫૦ | ૯.૪૫ |
| ૮ | ૧૯૮૭-૮૮ | ૧૩૩૧૧૬૦૦ | ૧૨૯૧૪૩૧ | ૯.૭૦ |
| | નક્કી કરેલ રકમ | | | |
| | ૧૯૮૭-૮૮ | ૧૧૬૦૦૦૦૦ | ૧૧૭૦૮૫૧ | ૧૦.૦૯ |
| | ખર્ચેલ રકમ | | | |

કોઠા નંબર ૧.૩માં ૧૯૮૦ થી ૧૯૮૫ સુધીમાં રાજયના બજેટમાં કુલ બજેટની સરખામણીમાં ટી.એ.એસ.પી.માં ફાળવેલી રકમની માહિતી આપવામાં આવી છે.

રાજય સરકાર આદિવાસી વિકાસને ધ્યાનમાં રાખીને બજેટનું આયોજન કરે છે. દર વર્ષે જે જાતના કાર્યક્રમો સ્કીમો મૂકવામાં આવે છે તે પ્રમાણે ગ્રાન્ટમાં મંજૂર કરવામાં આવે છે. આ ગ્રાન્ટસની ફાળવણી સેક્રેટરીઓના સંબંધિત ખાતાઓ અને પેટાખાતાઓમાં જરૂરિયાત પ્રમાણે વહેંચી આપવામાં આવે છે. રાજયના નાણાંખાતા સાથેની ચર્ચા વિચારણા બાદ આ વહેંચણી કરવામાં આવે છે. આ રકમની વહેંચણી સામાન્યરીતે ૩૩ ટકા ખેતીવિષાયક કાર્યક્રમો માટે, ૧૯ ટકા પાણી પુરવઠા માટે, ૭ ટકા સામાન્ય સેવાઓ માટે, ૨૧ ટકા ઉધોગ વીજળી અને વાહનવ્યવહાર માટે અને ૨૦ ટકા સામાજિક સેવાઓ માટે ફાળવવામાં આવે છે. વિગત કોઠા નંબર ૧.૪ માં આપવામાં આવી છે.

આઈ.ટી.ડી.પી. ના કાર્યક્રમોને અસરકારક બનાવવામાં સહકારી મંડળીઓ, રાષ્ટ્રીયકૃત અને બિન રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી બેંકો, ઓછા વ્યાજની લોન આપી રાજ્યની સબસીડીની યોજનામાં સહાય આપવામાં અગત્યનો ભાગ ભજવતી હોય છે.

## ન્યુ કલીયસ બજેટ :

રાજ્યનો આદિવાસી વિસ્તાર વિકાસના સ્તરની દ્રષ્ટિએ એકરૂપ નથી. જુદા જુદા વિસ્તારો અને તેમાં વસતા જુદા જુદા આદિવાસીઓની જરૂરિયાતો જુદી જુદી જોવા મળે છે. તેથી આ ટી.ડી.પી.નું આયોજન કરવું અને તેનો એક સરખો અમલ કરવાનું કામ મુશ્કેલ ભર્યું બને છે. એટલે અમુક વિસ્તારમાં ખાસ પ્રકારની અને તાત્કાલિક જરૂરિયાતને પહોંચી વળવા માટે વિશેષ નાણાંકીય પ્રબંધ કરવાની જરૂરિયાત રાજ્યને લાગી અને તેની વ્યવસ્થા કરી આ વિશિષ્ટ જોગવાઇ ન્યુ ક્લિયરસ બજેટ તરીકે ઓળખવામાં આવે છે. ન્યુ ક્લિયરસ બજેટની જોગવાઇનો ઉપયોગ ચીલાચાલુ રીતે ન કરતાં પ્રાયોજના વહીવટદારોનું કામ સરળ અને ઝડપી બને એ રીતે કરવામાં આવે છે. પ્રાયોજના વહીવટદાર ન્યુ કલીયરન્સ બજેટમાંથી રૂા. ૩૦૦૦૦ સુધીની રકમ જે તે સ્કીમ માટે વાપરી શકે છે. જો સ્કીમનું ખર્ચ ૩૦ હજાર રૂપિયાથી ૫ લાખ રૂપિયા સુધીનું હોય તો કમિટી ઓફ ડાયરેકશનની મંજૂરીથી એ ખર્ચ થઇ શકે છે. ન્યુ ક્લિયરન્સ બજેટમાં આવતી સ્કીમો માટે નીચે મુજબની શરતો મૂકવામાં આવી છે.

(૧) સ્કીમ સંબંધિત ખાતાની લેખિત મંજુરીથી શરૂ કરવામાં આવી હોવી જોઇએ.

(૨) ન્યુ ક્લીઅરન્સ (ક્લિયરન્સ) બજેટના વાર્ષિક ફંડના ૨૦ ટકા જેટલી રકમ લોન સ્વરૂપે આપી શકાય.

(૩) ન્યુ ક્લીઅરન્સ (ક્લિયરન્સ) બજેટમાં આવરી લેવાયેલી સ્કીમોની મંજુરી સંબંધિત જિલ્લા અધિકારી પાસેથી મેળવી લેવી જરૂરી છે.

ટી.એ.એસ.પી. ના બજેટમાં ન્યુ ક્લીઅન્સ (ક્લિયરન્સ) બજેટનો હિસ્સો દરેક પ્લાન વખતે બદલાતો રહે છે. ( આ હિસ્સો પાંચમી યોજનામાં ૨.૨૭ ટકા, છઠ્ઠી યોજનામાં ૪.૫ ટકા અને ૭ મી યોજનાના અત્યાર સુધીમાં ૨.૯ ટકા રહયો છે )

મુલ્યાંકનની ભૂમિકા :

વિકાસ આયોજનમાં મૂળભૂત આશય રાજ્યના જુદા જુદા વિસ્તારોની સમતુલિત વિકાસની છે. એ સાથે રાજ્યના ખૂબજ પછાત વિસ્તારોના આર્થિક, સામાજિક ઉત્થાન માટે પ્રથમ પંચવર્ષિય યોજનાથી જ વિશિષ્ટ પગલાં લેવાનું સ્વીકાર્યું છે અને એ રીતે જુદી જુદી યોજનાઓ દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજીને આ હેતુબર લાવવાના સઘન પ્રયત્નો થયા છે. એના ભાગરૂપે જ ૧૯૭૪-૭૫માં રાષ્ટ્રીય કક્ષાએ ટી.એ.એસ.પી. શરૂ કરવામાં આવ્યો અને ત્યારબાદ આઇ.ટી.ડી.પી.માં વિશિષ્ટ કાર્યક્રમો પણ મૂકાયા જેની વિગતો શરૂઆતમાં જોઇ. આઇ.ટી.ડી.પી.ની કામગીરી માટેની જે ધારણાઓ અને પરિકલ્પનાઓ કરવામાં આવી છે તેનું કાળજીપૂર્વક પૃથક્કરણ થાય અને જે અમલીકરણ થયું તેનું રચનાત્મક સૂચનો સાથે મૂલ્યાંકન થાય એ ખૂબ જરૂરી અને ઉપયોગી છે. કોઇપણ યોજનાનું મૂલ્યાંકન કરતાં પહેલાં તેના (મૂલ્યાંકનના) હેતુઓ સ્પષ્ટ કર્યા હોય તો મૂલ્યાંકનનું કામ

સરળ અને પરિણામલક્ષી બની શકે. મૂલ્યાંકનના મૂળભૂત હેતુઓની યાદી આ પ્રમાણે છે.

(૧) આદિવાસી વિકાસ કામ માટેની યોજનાઓની સફળતા માટે આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકનનું ચક્ર કાયમી ધોરણે ચાલતુ રહેવું જોઇએ.

(૨) આઇ.ટી.ડી.પી. પહેલા શરૂ થયેલી સ્કીમોની નિષ્ફળતાના કારણો ધ્યાનમાં લઇ એ કારણો આઇ.ટી.ડી.પી.ની સ્કીમના અમલથી એ દૂર થઇ શકયા કે નહી તે તપાસવું.

(૩) આઇ.ટી.ડી.પી.ના હેતુઓ સિધ્ધ થયા છે કે નહીં તે તપાસવું.

(૪) આદિવાસી પેટાયોજનાઓની અંદર વિકાસ માટેનો જે અભિગમ લીધો છે તેની યથાર્થતા તપાસવી.

(૫) યોજનાઓના અમલીકરણ માટેની વહીવટી, નાણાંકીય અને મોનીટરીંગની જે વ્યવસ્થા છે તેની અસરકારકતા તપાસવી.

(૬) આઇ.ટી.ડી.પી.ના કાર્યક્રમોની અગત્યાનુક્રમતા (પ્રાયોરીટી) તથા પ્રસ્તુતતા (રીલેવન્સ) તપાસવી.

(૭) આઇ.ટી.ડી.પી.માં રજુ થયેલી વ્યક્તિલક્ષી સ્કીમો કેટલી કાર્યલક્ષી બની છે તે તપાસવું.

(૮) આર્થિક-સામાજિક પરિવર્તન માટેની સ્કીમોની અસરકારકતા તપાસવી.

(૯) કયા કાર્યક્રમો વધુ ઉપયોગી થઇ શકે છે તે નકકી કરવું.

(૧૦) આઈ.ટી.ડી.પી.ના કાર્યક્રમો સાથે સંકળાયેલાઓને તેમજ લાભાર્થીઓને કેટલો સંતોષ થયો છે તે અંગેના પ્રતિભાવો જાણવા

(૧૧) કાર્યક્રમોની સફળતા માટેના અવરોધો પરિબળો શોધી એને દૂર કરવાના ઉપાયો સૂચવવા.

<u>પ્રવિધિ :</u>

પ્રાયોજનાના હેતુઓમાં મૂલ્યાંકનનું મહત્ત્વ સ્વીકારાયું હોવાથી નવેનવ પ્રાયોજનાનું મૂલ્યાંકન સરકારી તેમજ બિન સરકારી અન્ય જુદી જુદી સંસ્થાઓ દ્વારા થાય એ જરૂરી બન્યું છે. અને એ રીતે અત્યાર સુધી દાહોદ, ખેડબ્રહ્મા, રાજપીપળા પ્રાયોજનાનું મૂલ્યાંકન અનુક્રમે સેન્ટર ફોર સોસ્યલ સ્ટડીઝ, સાઉથ ગુજરાત યુનિ, બ્યુરો ઓફ ઇકોનોમિકલ એન્ડ સ્ટેટસ્ટીક અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવ્યું છે. હાલમાં દાંતા સોનગઢનું મૂલ્યાંકનનું કામ ચાલુ છે. આ મૂલ્યાંકન કરવા માટે એક સરખી સંશોધન પ્રવિધિ કમિટી દ્વારા નક્કી કરવામાં આવી હતી તે મુજબ જે તે પ્રાયોજનાના મૂલ્યાંકન માટે જે તે પ્રાયોજનામાં આવેલા બધા જ તાલુકાને અભ્યાસમાં આવરી લેવા અને તેમાં નિદર્શન પધ્ધતિ દ્વારા દરેક તાલુકામાંથી તાલુકા મથકથી ૧૫ કિ.મી.ની અંદર હોય તેવા પાંચ ગામો અને ૧૫ કિ.મી.થી દૂર હોય એવા પાંચ ગામો એમ કુલ દસ ગામો અભ્યાસ માટે પસંદ કરવા પસંદગી પામેલા ગામોમાં આદિવાસી વસતિ ૨૫૦ કે તેથી વધુ હોય તે જોવાવું જોઇએ. સાથે સાથે દસ ગામમાંથી એક ગામ મુખ્ય પ્રધાનના સર્વાંગી વિકાસ માટે પસંદ કરાયેલ ગામોમાંથી એક હોય તે જોવાવું જોઇએ. અને આ પસંદ કરેલા ગામોમાંથી દરેક ગામમાંથી

દરેક ગામમાંથી સાદી નિદર્શન પધ્ધતિ દ્વારા ૨૦ કુટુંબો પસંદ કરવા. જે આદિવાસી કુટુંબો હોય.

કુટુંબોની પસંદગી થયા બાદ એ કુટુંબો પાસેથી જરૂરી માહિતી મેળવવા માટે પત્રકો કરવાના હોય છે. ઉપર જણાવ્યું તે મુજબ રાજ્ય સરકારે નવે નવ આઇ.ટી.ડી.પી.નું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું ત્યારે પત્રકો બનાવવા માટે આદિજાતિ વિકાસ કમિશનરની અધ્યક્ષતા નીચે એક કમિટી નીમી હતી જે કમિટીમાં રાજપીપળા, ખેડબ્રહ્મા અને દાહોદ એમ શરૂઆતમાં જે ત્રણ આઇ.ટી.ડી.પી.નું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું હતું. બે સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ લીધા હતા. આ ઉપરાંત દાહોદ પ્રાયોજનાના વહીવટદાર પણ કમિટી સભ્ય તરીકે હતા અને તેઓએ જે પત્રકો બનાવ્યા તે પત્રકો બધા જ મૂલ્યાંકન અભ્યાસ માટે ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું ( પત્રક પરિશિષ્ટ નં.૧ માં આપવામાં આવ્યું છે )

આ પત્રકોમાં તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી માટેનું પત્રક, તલાટી માટેનું ગામપત્રક ગ્રામસેવક પત્રક અને કુટુંબપત્રકનો સમાવેશ થયેલો છે. કુટુંબપત્રકમાં કુટુંબને લગતી માહિતી જેવી કે કુટુંબના સભ્યો, તેમનું શિક્ષણ, ધંધો, રોજગાર જમીન, સાધન સામગ્રી, આવક બચત, દેવું આરોગ્ય જુદી જુદી યોજનાઓથી લેવાતા લાભો અને તેમાં પડતી મુશ્કેલીઓ વગેરે વિગતો સમાવવામાં આવી છે.

માહિતી લેવા માટે (૧) પ્રશ્નાવલી (૨) સાક્ષાત્કાર (૩) વ્યક્તિલક્ષી અભ્યાસ (૪) નિરીક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કર્યો છે.

પ્રશ્નાવલીમાં સંશોધનની સમસ્યાને લગતા પ્રશ્નોની સૂચી બનાવવામાં આવી છે જે પરિશિષ્ટમાં દર્શાવી છે તે

મુજબની છે. આર્થિક અને વિકાસલક્ષી કાર્યક્રમોના વિશ્લેષણમાં આ પ્રશ્નાવલી પદ્ધતિ ખૂબ ઉપયોગી બનતી હોય છે.

સાક્ષાત્કાર પદ્ધતિમાં ગ્રામસેવક તલાટી, ગામના આગેવાનોને રૂબરૂ મળીને પ્રાયોજના વિકાસ કાર્યક્રમો સંબંધી માહિતી પ્રાપ્ત કરવાની હોય છે. નિરીક્ષણ પદ્ધતિમાં કાર્યકારણ અને પારસ્પારિક સંબંધોને લગતી માહિતી આવે છે જે સામાજિક સંસ્થાઓના અભ્યાસ માટે ખૂબ ઉપયોગી બને છે. વ્યકિતલક્ષી પદ્ધતિ વ્યકિતગત તપાસ માટે આવશ્યક છે એમાં એકમ તરીકે વ્યકિત, કુટુંબ સંસ્થા, સમુદાય રાજ્ય કે દેશ પણ હોઇ શકે છે. આ પદ્ધતિ દ્વારા વ્યકિત કે સંસ્થાનું સાતત્ય ચઢતી પડતી અને પરિવર્તન જાણી શકાય છે. આમાં પ્રાયોજના સાથે સંકળાયેલા તમામ ઘટકોની અધિકારીઓની મુલાકાત લઇ જરૂરી માહિતી એકત્ર કરવામાં આવે છે.

## પ્રકરણ - ૨

## માંડવી પ્રાયોજના

- સુરત જિલ્લાની સામાન્ય માહિતી
- માંડવી પ્રાયોજનાની ભૌગોલિક સ્થિતિ ( નકશો )
- વસતિ
- ખેતી, જંગલ, સિંચાઇ
- પશુપાલન
- શિક્ષણ
- આરોગ્ય, બેંકીંગ સવલતો
- વીજળી, રસ્તા અન્ય સવલતો
- વહીવટી માળખું
- બજેટ

## પ્રકરણ - ૨

## માંડવી પ્રાયોજના

### સુરત જિલ્લો :

૧૯૪૭ સુધી સુરત જિલ્લો મુંબઇ ઇલાકાનો ભાગ હતો. સ્વતંત્રતા પછી દેશી રાજ્યોનું વિલિનકરણ થતાં ધરમપુર અને વાંસદા રાજ્યનો પ્રદેશ અને વડોદરા રાજ્યોનો નવસારી પ્રાંત તેમાં ભેળવવામાં આવ્યો ત્યારબાદ ૧૯૬૦માં દ્વિભાષી મુંબઇના વિભાજન વખતે ઉચ્છલ અને નિઝર બે મહાલો ઉમેરાયા અને થાણા જિલ્લાના ઉમરગાવ તાલુકાનાં ૫૦ ગામોમાંથી નવો ઉમરગામ તાલુકો બનાવવામાં આવ્યો અને તે પણ આ જિલ્લામાં ઉમેરાયો. ૧લી જૂન ૧૯૬૪ના રોજથી ગુજરાત સરકારે સુરત જિલ્લાને સુરત અને વલસાડ એમ બે જિલ્લામાં વહેંચી નાખ્યો આમ નવો બનેલો સુરત જિલ્લો ચોર્યાસી, ઓલપાડ, કામરેજ, પલસાણા, માંગરોલ માંડવી, બારડોલી, મહુવા, સોનગઢ, ઉચ્છલ, નિઝર, વ્યારા અને વાલોડ એમ ૧૩ તાલુકાની બનેલો છે. તેમાં ચોર્યાસી તાલુકામાં આવેલુ સુરત જિલ્લાનું મુખ્ય મથક છે. આ જિલ્લામાં આદિવાસીની વસતિવાળા ૯ તાલુકા આવેલા છે તેથી માંડવી, માંગરોલ મહુવા અને બારડોલી તાલુકાની બનેલી માંડવી પ્રાયોજના અને સોનગઢ ઉચ્છલ નિઝર વ્યારા અને વાલોડ તાલુકાની બનેલી સોનગઢ પ્રાયોજના આવેલી છે. આ ઉપરાંત ઓલપાડ, કામરેજ અને પલસાણાના પણ ઘણા ગામો આદિવાસી વસતિવાળા છે તેથી એકોપોકેટસ તરીકે માંડવી પ્રાયોજનામાં સમાવેલા છે. આમ લગભગ આખો જિલ્લો આદિવાસી વસતીનો છે.

## સ્થાન અને સીમા :

ગુજરાત રાજયની દક્ષિણે ૨૧ થી ૨૧ ૨૩ ઉત્તર અક્ષાંશ ઉપર અને ૭૨-૩૮ થી ૭૪-૨૩ રેખાંશ ઉપર સુરત જિલ્લો આવેલો છે. તેની ઉત્તરે ભરૂચ જિલ્લો પશ્ચિમે અરબી સમુદ્ર દક્ષિણે વલસાડ જિલ્લો અને પૂર્વમાં મહારાષ્ટ્ર રાજયના ખાનદેશ અને નાસિક જિલ્લા તથા ગુજરાતનો ડાંગ જિલ્લો આવેલા છે. એનું ક્ષેત્રફળ ૭૭૪૫ ચો.કિ. મી. છે. જે ગુજરાત રાજયના કુલ વિસ્તારના લગભગ ૪ ટકા થાય છે.

## ભૂરચના :

ભૂરચના પ્રમાણે જિલ્લો બે વિભાગમાં વહેંચાયેલો છે. (૧) પૂર્વ તરફનો ટેકરીવાળો પ્રદેશ જેની દક્ષિણે સહયાદ્રી તથા ઉત્તરે સાતપુડાની હારમાળા અને (૨) તાપી નદીના ફળદ્રુપ સપાટ મેદાન. જિલ્લાનું ભૂતલ પૂર્વમાં પશ્ચિમઘાટથી પશ્ચિમ બાજુ અરબી સમુદ્ર તરફ ઢળતું મેદાન છે. તે ઉત્તરમાં તાપીની ખીણના પ્રદેશને આવરી લે છે. જિલ્લાને ઉત્તરથી દક્ષિણ સમાંતર એવા ત્રણ પટ્ટામાં વહેંચી શકાય (૧) કિનારાની ખાર અને ~~xxx~~ ખાંજણ જમીન (૨) કયારીની જમીનનો બનેલો વચલો પટ્ટો (૩) પૂર્વની કાળી જમીન

(૧) ખાર અને ખાંજણ જમીનમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકા આવેલા છે. દરિયાના પાણી નીચાણવાળા ભાગમાં જાય સાથે રેતી ઘસડી આવે તેનો આ પ્રદેશ બનેલો છે. ત્યાં જુવાર અને ડાંગર થાય છે. કાળી જમીન મુખ્યત્વે કામરેજ, પલસાણા અને બારડોલી તાલુકામાં આવેલી છે. તે સિવાય ચોર્યાસી, ઓલપાડ, માંગરોળ, માંડવી , વાલોડ અને મહુવા તાલુકાના પૂર્વ પટ્ટામાં પણ કાળી જમીન છે જયાં કપાસ ડાંગર

કેળાં, સુરણ અને કેરી જેવા રોકડિયા પાકો ઉગાડાય છે. આ ટુકડા પછીની જમીન ખાડા ટેકરાવાળી છે, તેની પૂર્વ તરફ ખેતી થતી જણાતી નથી. પરંતુ ઝાડપાનનું પ્રમાણ વધતું જણાય છે અને છેવટે ડાંગના જંગલો આવે છે. આ ટુકડા જમીન ગોરાળુ છે તેમાં સોનગઢ, વ્યારા, ઉચ્છલ, નિઝર તાલુકા આવેલા છે તેમાં કોદરા નાગલી શણ ઉગાડવામાં આવે છે. નદીઓ જિલ્લામાં તાપી અને કીમ બે મોટી નદીઓ છે પૂર્ણા અંબિકા અને માંઢોળા મહત્ત્વની નાની નદીઓ છે.


જંગલો :

બારડોલી, કામરેજ, ઓલપાડ, પલસાણા તાલુકા સિવાય બધાજ તાલુકામાં ઓછાવત્તા પ્રમાણમાં જંગલો આવેલા છે. જિલ્લામાં બે જાતના જંગલો છે. બારડોલી, કામરેજ, ઓલપાડ, પલસાણા તાલુકા સિવાય બધા તાલુકાઓમાં ઓછા વત્તા પ્રમાણમાં જંગલો આવેલા છે. જિલ્લામાં બે જાતના જંગલો છે. (૧) ભીનાશવાળુ ક્રમે ક્રમે પાંખુ થતુ જંગલ વ્યારા સોનગઢ અને બીજા દક્ષિણ તાલુકાઓમાં જોવા મળે છે. (૨) સુકું ક્રમે ક્રમે પાંખુ થતુ જંગલ માંડવી અને માંગરોલ તાલુકાઓમાં આવેલું છે. જંગલોમાં મુખ્યત્વે સાગ અને વાંસ થાય છે. ઇમારતી લાકડાં, બળતણ અને કોલસાએ જંગલની મુખ્ય પેદાશ છે. જ્યારે વાંસ, આ સિમ્રાના બીડી વાળવાના પાન, ગુંદર મહુડાનું ફુલ અને ફળો અથવા કરણના ફળો જંગલની ગૌણ પેદાશો છે.

આબોહવા અને વરસાદ :

આ જિલ્લામાં આબોહવા ભિન્ન ભિન્ન છે ઓલપાડ અને ચોર્યાસી તાલુકાઓમાં અન્ય વિસ્તારની સરખામણીમાં આબોહવા સમધાત છે. જુનથી સપ્ટેમ્બર ચોમાસું ઓકટોબરથી

MAP OF
INTEGRATED TRIBAL SUB-PLAN
MANDVI (SURAT-2).



ફેબ્રુઆરી સુધી ઠંડી અને સુકી હવા અને ત્યારબાદ ઉનાળો બેસે છે. નૈઋત્યના મોસમી પવનો જિલ્લામાં જુલાઇ ઓગસ્ટ દરમ્યાન સારો વરસાદ લાવે છે. ઇશાન ખૂણાના નિઝર તાલુકા સિવાય બધે સારો વરસાદ પડે છે. જિલ્લાનો સરેરાશ વરસાદ ૧૦૦૦ થી ૧૨૦૦ મિ.મી. છે.


વસ્તી અને વિસ્તાર :

૧૯૮૧ની વસતી ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ વસતી ૨૪,૯૩૨૧૧ માણસોની છે જેમાં ૧૨૯૫૭૦૮ પુરુષો અને ૧૧૮૭૫૦૩ સ્ત્રીઓ છે. અનુસૂચિત જાતિની વસતિ ૯૧૬૪૨ છે જે કુલ વસતીના ૩.૬૭ ટકા થાય છે. જયારે અનુસૂચિત જનજાતિની વસતી ૧૦૩૮૨૦૦ની છે જે કુલ વસતીના ૪૭.૬૪ ટકા થાય છે. આ જિલ્લો ૨૧ શહેર અને ૧૧૯૦ ગામડાઓમાં વહેંચાયેલો છે જેમાં ૧ લાખથી વધુ વસતીવાળુ એક પણ સુરત શહેર છે. ૫૦ હજારથી ૯૯ હજારની વસતી વચ્ચે કોઇ શહેર નથી. ૨૦ હજારથી ૪૯ હજારની વસતીવાળા પાંચ શહેરો ૧૦ થી ૧૯ હજારની વસતીવાળા પાંચ શહેરો, ૫ હજારથી ૧૦ હજારની વસતીવાળા ૮ શહેરો અને ૫ હજારથી ઓછી વસતી ધરાવતા ૨ શહેરો મળીકુલ ૨૧ શહેરો છે. વસતી વધારાનો દર ૩.૬ ટકાનો છે. વસતિની ગીચતા દર ચો.કિ.મી. ૨૩૮ની છે. દર હજાર પુરુષો સ્ત્રીઓની સંખ્યા ૯૨૪ છે.


શૈક્ષણિક માળખું :

૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જિલ્લાનો શિક્ષણનો દર ૩૯.૩૮ ટકા છે જેમાં પુ.નો ૪૭.૯૮ ટકા અને સ્ત્રીઓનો ૩૦.૩૧ ટકા છે. ૧૯૮૪-૮૫ પ્રમાણે જિલ્લામાં ૨૦૪૨ પ્રાથમિક શાળા , ૧૯૬ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ


ગુજરાત
તાલુકો માંડવી
જિ: સુરત




ગુજરાત
તાલુકો માંગરોળ
જિ. સુરત




ગુજરાત
તાલુકો બારડોલી
જિ: સુરત




ગુજરાત
તાલુકો મહુવા
જિ. સુરત



ગુજરાત
તાલુકો પલસાણા
જિ: સુરત



ગુજરાત
તાલુકો કામરેજ
જિ: સુરત



અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ, ૧૫ ઉચ્ચશિક્ષણ આપતી કોલેજો અને ૯ વિશિષ્ટ સંસ્થાઓ છે.

વ્યવસાય :

૩૯.૬૬ ટકા લોકો જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા છે તેમાં ૯.૩૨ ટકા ખેતી, ૧૧.૨૨ ટકા ખેતમજૂરી, ૧૧.૭૩ ગૃહઉદ્યોગ અને ઉત્પાદન પ્રોસેસ તેમજ ૧૭.૯૪ ટકા લોકો અન્ય કામગીરીમા રોકાયેલા છે. બાકીના કામ નહીં કરનારા છે.

માંડવી પ્રાયોજના વિસ્તાર :

અગાઉ જણાવ્યું તે મુજબ ગુજરાતની કુલ નવ પ્રાયોજના છે તેમાં સુરત જિલ્લામાં જ બે પ્રાયોજના (૧) સોનગઢ અને (૨) માંડવી છે.

માંડવી પ્રાયોજનામાં ચાર તાલુકા માંડવી , માંગરોલ બારડોલી અને મહુવા આવે છે. તદ્ઉપરાંત બે પોકેટસ પલસાણા અને કામરેજનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૮૬ પછી ઓલપાડને પણ પોકેટસ ગણીને માંડવી પ્રાયોજનામાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે.

માંડવી પ્રાયોજનામાં કુલ ~~૪~~ ૫૯૦ ગામો અને ૪ શહેરો આવેલા જેનો વિસ્તાર ૨૯૩૧ ચો.કિ.મી.નો છે: એમાં ૩૫૮ ગ્રામ પંચાયતો અને ૩ નગર પંચાયતો છે. માંડવી પ્રાયોજનાની કુલ વસતી ૭૭૩૧૩૭ છે તે પૈકી ૪૬૮૨૯૫ આદિવાસીની વસતી છે. જે કુલ વસ્તીના ૬૩.૭૪ ટકા થાય છે.

કોઠો : ૨.૧

માંડવી પ્રાયોજનામાં આવેલ ગામો તેની કુલ વસ્તી આદિવાસી વસ્તી અને તેની ટકાવારી દર્શાવતો કોઠો

| તાલુકો | વિસ્તાર | ગામો | | કુલ વસ્તી | આદિવાસી વસ્તી | ટકા |
|---|---|---|---|---|---|---|
| માંડવી | ૭૩૧.૧ | ૧૪૮ | ૧ | ૧૩૭૭૨૭ | ૧૦૬૩૫૮ | ૭૭.૨૨ |
| માંગરોળ | ૮૦૦.૯ | ૧૪૯ | ૧ | ૧૬૨૧૧૩ | ૧૦૭૭૬૪ | ૬૬.૪૭ |
| બારડોલી | ૩૭૮.૮ | ૮૧ | ૨ | ૧૫૫૨૭૪ | ૮૦૨૧૦ | ૫૧.૬૬ |
| મહુવા | ૩૫૪.૦ | ૬૯ | – | ૧૦૪૨૪૧ | ૮૩૮૩૨ | ૮૦.૪૨ |
| કામરેજ | ૭૮૦.૭ | ૬૯ | ૧ | ૧૦૮૩૦૭ | ૪૯૨૭૫ | ૪૫.૫૦ |
| પલસાણા | ૨૦૦.૯ | ૪૯ | – | ૭૬૦૪૮ | ૩૩૮૯૬ | ૪૪.૫૭ |
| ઓલપાડ | ૬૭૫.૯ | ૧૦૧ | ૨ | ૧૪૩૦૪૮ | ૩૯૪૫૪ | ૨૭.૫૮ |

માંડવી પ્રાયોજનાનો મોટોભાગ સુરત જિલ્લાના ઉત્તર પૂર્વ ભાગમાં આવેલો છે. જે સહયાદ્રી અને સાતપુડાની ગીરીમાળાથી ઘેરાયેલો છે. તેથી કરીને આ ભાગની જમીન મહદ્અંશે ડુંગરાળ અને ખડકાળ છે એમાં જંગલ વિસ્તારનો પણ સમાવેશ થાય છે. માંડવી પ્રાયોજનાનો પશ્ચિમભાગ મેદાની છે, જે તાપી, કીમ, પૂર્ણા જેવી નદીઓને લીધે કંઇક અંશે ફળદ્રુપ છે. આ સમગ્ર વિસ્તારમાં વસતીનું પ્રમાણ ઘણું સારું છે. અહીં સમગ્ર વિસ્તારમાં વરસાદનું પ્રમાણ પણ ઘણું સારું છે. અહીં લગભગ ૧૨૦૦ થી ૧૯૦૦ મી.મી. જેટલો વરસાદ થાય છે આ વિસ્તાર ભાગ્યે જ દુષ્કાળની અસર નીચે આવે છે. આખા વિસ્તારની આબોહવા સમઘાત છે.

## ખેતી, જંગલ, સિંચાઇ :

માંડવી પ્રાયોજનાની આદિવાસી વસતીનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આમાંના કયાંતો ખેડૂતો છે અથવા તો ખેતમજૂરો છે. માંડવી પ્રાયોજનામાં આવેલા ચાર તાલુકામાં અને ત્રણ પોકેટ્સ મળી સાત તાલુકામાં કુલ ૬૬૬૪૨ ખેડૂતો અને ૧૫૬૬૨૬ ખેતમજૂરો છે. આની વિગત કોઠા નંબર ૨.૨ માં આપવામાં આવી છે.

## કોઠો : ૨.૨

### સાત તાલુકામાં ખેડૂતો અને ખેતમજૂરોની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | તાલુકા | ખેડૂત | ખેત મજૂર | ઉત્પાદન પ્રોસેસ ગૃહઉદ્યોગ | અન્ય કામગીરી | કુલ કામ કરનારા ૩થી૬નો સરવાળો | કામ નહીં કરનાર | સિમાંત કામદાર | કુલ વસતી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | માંડવી | ૨૭૯૮૧ | ૧૬૯૭૫ | ૧૫૭૦ | ૧૧૧૪૭ | ૫૭૬૭૩ | ૬૬૮૩૦ | ૧૩૨૨૪ | ૧૩૭૭૨૭ |
| ૨ | માંગરોલ | ૨૮૬૨૭ | ૩૦૩૨૨ | ૧૨૭૭ | ૧૧૭૪૭ | ૭૧૯૬૭ | ૮૫૮૨૩ | ૪૩૨૩ | ૧૬૨૧૧૩ |
| ૩ | બારડોલી | ૮૧૬૪ | ૩૪૦૫૪ | ૯૪૨ | ૨૩૦૯૩ | ૬૬૨૫૩ | ૮૭૫૫૯ | ૧૪૬૨ | ૧૫૫૨૭૪ |
| ૪ | મહુવા | ૧૭૯૪૬ | ૨૦૫૫૬ | ૭૧૮ | ૮૫૮૪ | ૪૭૮૦૪ | ૫૪૬૮૮ | ૧૭૪૯ | ૧૦૪૨૪૧ |
| ૫ | પલસાણા | ૩૮૩૧ | ૨૨૬૭૨ | ૪૨૦ | ૮૪૨૮ | ૩૫૩૫૧ | ૪૦૩૮૫ | ૩૧૨ | ૭૬૦૪૮ |
| ૬ | કામરેજ | ૭૧૪૯ | ૨૯૯૮૩ | ૬૭૧ | ૧૦૨૭૬ | ૪૮૦૭૯ | ૫૯૩૩૪ | ૮૯૪ | ૧૦૮૩૦૭ |
| ૭ | ઓલપાડ | ૧૨૯૭૮ | ૨૫૬૬૩ | ૮૫૫ | ૧૪૧૯૦ | ૫૩૬૮૬ | ૭૩૪૫૨ | ૬૯૧૦ | ૧૩૪૦૪૮ |

## કોઠો : ૨.૩

### ૧૯૮૨-૮૩ દરમ્યાન માંડવી પ્રાયોજનામાં આવેલા ચાર તાલુકાના જમીન ઉપયોગ સંબંધી માહિતી

| ક્રમ | વિગત | તાલુકાઓ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | માંડવી | માંગરોલ | બારડોલી | મહુવા | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | જમીનના ઉપયોગમાં હેતુ માટેનો કુલ વિસ્તાર | ૭૩૧૧૩ | ૧૦૧૨૫૪ | ૩૭૯૧૮ | ૩૫૪૨૧ | ૨૪૭૭૦૬ |
| ૨ | જંગલો | ૧૮૯૪૬ | ૨૭૮૪૫ | - | ૨૫૨૯ | ૪૯૩૨૦ |
| ૩ | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | ૧૯૬૩ | ૧૦૦૩ | [illegible]૭૨૨ | ૩૨૩ | ૪૪૪૧ |
| ૪ | બિન ખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલ જમીન | ૪૬૯૧ | ૫૧૭૦ | ૪૪૪૪ | ૨૮૬૯ | ૧૬૮૭૪ |

ચાલુ..

કોઠો : ૨.૩.૧ ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૫ | ખેડી શકાય તેવી જમીન | ૪૫૮ | ૪૪ | ૮૦૯ | ૪૧૨ | ૧૭૨૩ |
| ૬ | કાયમી ગૌચર અને ચરણની જમીન | ૩૦૪૬ | ૫૨૦૯ | ૯૦૬ | ૧૫૬૧ | ૧૦૭૨૨ |
| ૭ | પ્રકિર્ણ વૃક્ષો અને ઝાડી હેઠળની જમીન | ૩૪ | - | - | ૪૦ | ૭૪ |
| ૮ | ચાલુ પડતર | ૧૫૨ | ૩૬૯૯ | ૧૧૭૪ | ૧૭૪૭ | ૬૭૭૨ |
| ૯ | અન્ય પડતર | - | - | - | - | - |
| ૧૦ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૪૪૦૯૩ | ૫૭૫૮૪ | ૩૦૧૬૩ | ૨૫૯૪૦ | ૧૫૭૭૮૦ |
| ૧૧ | એક કરતાં વધુ વખત વાવેતર વિસ્તાર | ૨૧૦૯ | ૨૦૩૦ | ૨૦૧૬ | ૩૦૭૧ | ૯૨૨૬ |
| ૧૨ | એકંદર વાવેતર વિસ્તાર | ૪૬૨૦૨ | ૫૯૬૧૪ | ૩૨૧૭૯ | ૨૯૦૧૧ | ૧૬૭૦૦૬ |

માંડવી પ્રાયોજના હેઠળ આવતા વિસ્તારમાં ૨૪૭૭૦૬ હેકટર જમીનમાંથી ૧૫૭૭૮૦ જમીન ખેડવા લાયક છે. ૪૯૩૨૦ હેકટર જમીનમાં જંગલો છે. તેમાં બારડોલીમાં તો જંગલ જ નથી. ૬૭૭૨ હેકટર જમીન પડતર છે. બાકીની બિન ખેતી વિષયક ઉપયોગમાં વપરાયેલી છે. માંડવી અને મહુવા તાલુકામાં ૭૦ ટકા ઉપર આદિવાસી પાસે ખેડવાલાયક જમીન છે. જ્યારે માંગરોલ અને બારડોલીના આદિવાસીઓની ખેડલાયક જમીન ખૂબ ઓછી છે. પલસાણા અને કામરેજ પોકેટ્સના આદિવાસીઓ પાસે પણ નહીંવત્ જમીન છે. આદિવાસી વસતીના લગભગ ૮ ટકા વસતી ખેતી સિવાયના કામમાં રોકાયેલી છે. અજ્ઞાનતા, અપૂરતી માહિતી અને અપૂરતા સાધનોને લીધે મોટાભાગના આદિવાસીઓ ખેતીમાંથી સારી આવક મેળવી શકતા નથી.

આ વિસ્તારમાં ખરીફ પાક રવિપાક અને ઉનાળુ પાક એમ ત્રણે પાકો લેવાય છે. મુખ્યપાકોમાં ડાંગર, જુવાર, તુવેર મગફળી અને કપાસ છે જ્યાં પિયતની સગવડ છે ત્યાં શેરડી કેળાં, કેરી, ઘઉં, કઠોળ, શાકભાજીનો પાક પણ સારા પ્રમાણમાં લેવાય છે હવે આદિવાસીઓ શાકભાજી પણ વાવતા થયા છે.

ખેત ઉત્પાદન વધારવા માટે સિંચાઇ અતિ આવશ્યક છે. તાપી, કીમ, મીંઢોલા, અંબિકા નદીઓ દ્વારા સિંચાઇ અપાય છે. તાપી પરની કાકરપાડા અને ઉકાઇ યોજનાઓ દ્વારા આ વિસ્તારની કુલ ૫૨૭૧૨ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળે છે. સાથે કુવા અને તળાવ દ્વારા પણ સિંચાઇ થાય છે જેની વિગત કોઠા નંબર ૨.૪ માં આપી છે.

## કોઠો : ૨.૪

માંડવી પ્રાયોજનામાં આવેલા ચાર તાલુકામાં ૧૯૮૨-૮૩ દરમ્યાન સિંચાઇના સાધનોની સગવડ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | તાલુકા માંડવી | તાલુકા માંગરોલ | તાલુકા બારડોલી | તાલુકા મહુવા | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | નહેર<br>લંબાઇ કિ.મિ.માં | | | | | |
| | અ. સરકારી | ૩૫ | ૩૫ | ૩૧૨ | ૩૫ | ૪૧૭ |
| | બ. પંચાયત | ૫ | - | - | - | ૫ |
| | ક. ખાનગી | - | - | - | - | - |

ચાલુ..

કોઠો : ૨.૪

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૨ | સિંચાઇ માટેના કુવા | | | | | |
| | અ. સરકારી | | | | | |
| | (૧) પાકા | - | ૫ | - | - | ૫ |
| | (૨) કાચા | - | ૨ | - | - | ૨ |
| | બ. ખાનગી | | | | | |
| | (૧) પાકા | ૭૯૯ | ૬૭૧ | ૯૭૨ | ૭૮૭ | ૩૨૨૯ |
| | (૨) કાચા | ૧૧૩ | ૭૮ | ૫૪ | ૧૭૦ | ૪૧૫ |
| ૩ | ઉપયોગમાં ન લેવાતા કુવા | ૧૨૨ | ૨૪ | ૫૮૪ | ૧૧૪ | ૮૪૪ |
| ૪ | તળાવો સિવાયના જળાશયો | - | ૧ | - | - | - |

ચાલુ..

કોઠો : ૨.૪ ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૫ | ફક્ત ઘરગથ્થુ માટેના કુવા | ૧૪૩૫ | ૮૮૫ | ૧૧૩૫ | ૮૦૧ | ૪૨૫૬ |
| ૬ | તળાવો | | | | | |
| | (અ) ૫ હેકટર અને ૫૦ હેકટરથી વધુ પિયતના | - | - | - | - | - |
| | (બ) ૫ હેકટર અને ૫૦ હેકટરથી ઓછી પિયતના | - | ૪૮ | - | - | ૪૮ |
| ૭ | ઓઈલ એન્જીન | ૪૦૨ | ૬૮૧ | ૨૪૧ | ૪૫૯ | ૧૮૫૩ |
| ૮ | ઈલેકટ્રીક મોટર | ૧૭૫ | ૧૦૨ | ૭૭૪ | ૪૬૪ | ૧૫૧૫ |

ખેતી સાથે સંકળાયેલી આદિવાસીઓની બીજી પ્રવૃત્તિ ઓમાં જંગલ પ્રવૃત્તિનો સમાવેશ થાય છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો માટે જંગલ પેદાશ એ તેમને માટે મહત્ત્વનું સાધન છે. ખોરાક બળતણ રહેઠાણ અને કંઇક અંશે ઉદ્યોગના સાધનો તેઓ જંગલ દ્વારા મેળવે છે. કેટલીક જગ્યાએ આદિવાસીઓનું જીવન જંગલની આબોહવા અને વાતાવરણ સાથે એકરૂપ બનેલું જોવા મળે છે. માંડવી પ્રાયોજનામાં જે જંગલ છે તેની મુખ્ય પેદાશમાં ઇમારતી લાકડા અને બળતણ માટેનાં લાકડાં ગણાવી શકાય. જંગલમાં ખેરડો, સાદડો, હલદો, મહુડો અને ડોળી તથા અસીતરા અને ટીમરૂના વૃક્ષો નજરે પડે છે.

<u>પશુપાલન</u> :

પશુપાલન ખેતી સાથે સંકળાયેલ મહત્ત્વનો ઉદ્યોગ છે. ગ્રામ વિસ્તારમાં ખેતી અને વાહનવ્યવહાર માટે પશુપાલન ખૂબ જ ઉપયોગી ગ્રામ અર્થવ્યવસ્થા મહદ્અંશે ખેતી અને પશુપાલન ઉપર જ નિર્ભર છે. માંડવી પ્રાયોજનામાં કુલ ૧૨૮૭૯૯ ગોધન ૬૫૫૧૭ ભેંસ, ૪૫૯૦૩ ઘેટાંબકરાં અને ૨૧૮૪૮૫ મરઘા-બતકાં છે. જેની વિગત કોઠા નંબર ૨.૫ માં આપવામાં આવી છે. આમ છતાં દૂધ ઉત્પાદન દ્રષ્ટિએ આ વિસ્તારમાં પશુપાલન નબળું ગણાય છે. પશુપાલન ખાતા તરફથી ઊંચી જાતના પશુઓ મેળવવા માટે ડોકરેજ બ્રીડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. માંડવી ખાતે ક્રોસ બ્રીડીંગ ફાર્મ પણ છે. પરંતુ પુરતા પોષણ અને પૂરતી કાળજીના અભાવે ઊંચી જાતના પશુઓ લાંબા વખત જીવી શકતા નથી. તેથી સારી ઓલાદ જોવા મળતી નથી. આદિવાસી વિસ્તાર માટે મરઘા ઉછેરની પણ પૂરતી તકો છે. આ વિસ્તારમાં મરઘાં કેન્દ્ર ~~આવેલ~~ છે.

## કોઠો : ૨.૫

માંડવી પ્રાયોજનાના ચાર તાલુકાનું પશુધન - ૧૯૮૨-૮૩ મુજબ

| ક્રમ | પશુના નામ | માંડવી | માંગરોલ | બારડોલી | મહુવા | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | તાલુકા | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | કુલ ગોધન દેશી વિલાયતી | ૪૧૬૦૧ | ૪૩૬૯૧ | ૧૭૦૯૦ | ૨૬૦૧૭ | ૧૨૮૩૯૯ |
| ૨ | ભેંસની કુલ ઓલાદ | ૧૬૪૭૬ | ૧૯૭૭૪ | ૧૫૫૫૭ | ૧૩૭૧૦ | ૬૫૫૧૭ |
| ૩ | કુલ ગોધન અને ભેંસ | ૫૮૦૭૭ | ૬૩૪૬૫ | ૩૨૬૪૭ | ૩૯૭૨૭ | ૧૯૩૯૧૬ |
| ૪ | ઘેટાં | ૧૦૬ | ૫૧૪ | ૨૫૭ | ૧૩૨ | ૧૦૦૯ |
| ૫ | બકરાં | ૧૩૧૨૩ | ૧૬૯૨૭ | ૮૪૫૧ | ૬૩૯૩ | ૪૪૮૯૪ |

ચાલુ..

કોઠો : ૨.૫.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૬ | કુલ મરઘાં બતકાં | ૪૯૩૧૦ | ૫૧૨૩૪ | ૭૬૮૫૯ | ૪૧૦૮૨ | ૨૧૮૪૮૫ |
| ૭ | ગૌચર ફાર્મની સંખ્યા (૧૯૮૩-૮૪) | ૧ | - | - | ૧ | ૨ |
| ૮ | ભેંસ ઉછેર ફાર્મની સંખ્યા (૧૯૮૪-૮૫) | - | ૧ | - | - | ૧ |
| ૯ | કૃત્રિમ ગર્ભધારણ કેન્દ્રોની સંખ્યા ( ૧૯૮૪-૮૫) | ૧ | ૧ | - | - | ૩૨ |
| ૧૦ | ગર્ભધારણ પેટા કેન્દ્રોની સંખ્યા (૧૯૮૪-૮૫) | ૫ | ૬ | ૧૯ | ૭ | ૩૭ |

શિક્ષણ :

વિકાસ કાર્યક્રમોમાં શિક્ષણને અગત્યાક્રમે આવે છે. વિકાસના માપદંડ તરીકે સાક્ષરતાનું ધોરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આદિવાસી વિસ્તારમાં સામાન્ય રીતે શિક્ષણનું ધોરણ નબળું રહ્યું છે. પરંતુ ગુજરાતની આદિવાસી પ્રાયોજનામાં માંડવી પ્રાયોજનાનો શિક્ષણેતર આંક પ્રમાણમાં સારો છે. પરંતુ બિન આદિવાસીની સરખામણી ત્યાં પણ ઓછું છે. ૧૯૮૧ની વસતી ગણતરી પ્રમાણે માંડવી પ્રાયોજનામાં કુલ શિક્ષણનું પ્રમાણ ૪૬.૭૩ ટકા છે. જયારે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ફકત ૨૩.૯૩ ટકા છે. જેમાં પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ ૩૨.૩૪ ટકા છે.જયારે સ્ત્રીઓમાં તે પ્રમાણ ૧૫.૪૦ ટકા જ છે.આમ પુરુષોની સરખામણીમાં અર્ધા જ સ્ત્રીઓ ભણેલી છે. વળી જે શિક્ષણ છે તે પણ આ વિસ્તારમાં આવેલી જાગ્રત આદિવાસી જાતિ જેવી કે ચૌધરી, ધોડિયા અને ગામીતમાં જ જોવા મળે છે. બીજી બાજુ હળપતિ કોટવાળિયા અને કોલધામાં તો ૧૦ ટકા કરતો પણ ઓછું શિક્ષણનું પ્રમાણ છે. તાલુકાવાર શિક્ષણનું પ્રમાણ કોઠા નંબર ૨.૬ માં આપવામાં આવ્યું છે. તે જોતા માલુમ પડે છે કે મહુવા તાલુકામાં શિક્ષણનું પ્રમાણ બીજા તાલુકામાં પ્રમાણમાં વિશેષ છે. આ તાલુકામાં આદિવાસીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ ૩૯.૪૦ ટકા છે. જુદા જુદા પોકેટ્સમાં સામાન્ય શિક્ષણની ટકાવારી સારી છે. દા.ત. ઓલપાડમાં સાક્ષરતાની ટકાવારી ૫૧.૦૭ છે. પરંતુ અહીંયા આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ફકત ૧૩.૨૮ છે એનું કારણ એ છે કે અહીંયા રહેતી આદિવાસી જાતિઓમાં મુખ્યત્વે હળપતિ છે. અને તેઓની આર્થિક સ્થિતિ નબળી છે. એટલું જ નહીં તેઓ મજૂરી પર જીવન નિભાવે છે અને તેમાંનામાં બીજા આદિવાસીઓના પ્રમાણમાં શિક્ષણની ભૂખ જાગી નથી.

શૈક્ષણિક સુવિધાની દ્રષ્ટિએ જોઈએ તો પ્રાયોજના હેઠળના વિસ્તારમાં કુલ ૭૭૧ પ્રાથમિક શાળાઓ આવેલી છે. ૫૬ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ છે. ૨૧ આશ્રમશાળાઓ અને ૩ કોલેજો છે. જેની તાલુકાવાર વિગત કોઠા નંબર ૨.૭ માં દર્શાવવામાં આવી છે. આદિવાસીઓમાં છેલ્લા દાયકામાં જે શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે તે માટે આશ્રમશાળાનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહેવા પામ્યું છે. સામાન્ય રીતે પ્રાથમિક શાળાઓમાં જવા માટે ગામમાં આવેલા આદિવાસી વિસ્તાર ક્યાં તો દૂર હોય છે અથવા જવા આવવાના રસ્તા ચોમાસામાં કામ આપતા નથી બીજું કે માબાપ મજૂરીએ જાય ત્યારે કેટલીક વાર તેમણે દૂર પણ જવું પડે ( migration ) ત્યારે બાળકોને સાથે લઈ જવા પડે અને તેથી નિશાળ ન મોકલી શકાય પરંતુ આશ્રમશાળામાં જ રહીને ભણવાની સગવડ હોવાથી આદિવાસી માબાપ પોતાના બાળકને આશ્રમશાળામાં મોકલી નચિંત જીવે મજૂરી કરી શકે છે. આદિવાસીઓમાં નબળી આર્થિક પરિસ્થિતિને કારણે મોટા બાળકો ઘરના કામકાજમાં જોડાઈ જતા હોય છે. આ પરિસ્થિતિમાં આશ્રમશાળામાં રહેવા જમવાની અને સાથે ભણવાની વ્યવસ્થા હોવાથી આદિવાસીઓ એનો સારો લાભ લે છે. સરકાર તરફથી એમને શિક્ષણ અંગેની અન્ય સવલતો જેવી કે ( પુસ્તકો, કપડાં ) પણ મળતા રહે છે, [illegible] સહાય મળે છે. આથી શિક્ષણ માટે આ લોકોને સારું એવું પ્રોત્સાહન મળે છે. આશ્રમશાળા અને નિવાસી શાળાઓનું પ્રમાણ હજુ પણ વધારવા આવે તો હજુ પણ તેમનો શિક્ષણનો દર ઊંચો જઈ શકે એમાં બે મત નથી. ગુજરાતના સુરત જિલ્લામાં આશ્રમશાળાની સંખ્યા અને લોકજાગ્રતિને કારણે બીજા જિલ્લા કરતાં અહીં આદિવાસીમાં શિક્ષણનું પ્રમાણ સારું છે.

## કોઠો : ૨.૬

૧૯૮૧ વસ્તી ગણતરી પ્રમાણે પ્રાયોજના વિસ્તારમાં આવેલા તાલુકા અને પોકેટ્સની કુલ શિક્ષણની ટકાવારી અને આદિવાસી શિક્ષણની ટકાવારી

| ક્રમ | તાલુકા | કુલ શિક્ષણ | | | આદિવાસી શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | માંડવી | ૨૯૫૨૭ (૪૨.૬૫) | ૧૬૮૮૩ (૨૪.૬૫) | ૪૬૪૧૦ (૩૩.૭૦) | ૧૭૫૩૯ (૩૩.૦૧) | ૮૦૨૦ (૧૫.૦૭) | ૨૫૫૫૯ (૨૪.૦૩) |
| ૨ | માંગરોલ | ૩૭૮૪૩ (૪૬.૩૨) | ૨૧૮૩૦ (૨૭.૧૫) | ૫૯૬૭૩ (૩૬.૮૧) | ૧૭૧૪૬ (૩૧.૭૮) | ૭૦૫૧ (૧૩.૧૦) | ૨૪૧૯૭ (૨૨.૪૫) |
| ૩ | બારડોલી | ૩૮૪૦૮ (૪૮.૭૯) | ૨૭૪૫૭૫ (૩૫.૮૯) | ૬૫૮૮૩ (૪૨.૪૩) | ૧૦૬૦૧ (૨૬.૩૫) | ૫૫૦૮ (૧૩.૭૮) | ૧૬૧૦૯ (૨૦.૦૮) |

ચાલુ..

કોઠો : ૨.૬... ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | મહુવા | ૨૮૪૪૫ (૫૪.૨૧) | ૧૮૫૩૭ (૩૫.૮૧) | ૪૬૯૮૨ (૪૫.૦૭) | ૨૦૫૨૫ (૪૮.૭૯) | ૧૨૫૦૬ (૨૯.૯૫) | ૩૩૦૩૧ (૩૯.૫૦) |
| ૫ | પલસાણા | ૧૭૯૬૮ (૪૬.૦૭) | ૧૨૫૮૫ (૩૩.૯૭) | ૩૦૫૫૩ (૪૦.૧૮) | ૩૭૫૧ (૨૧.૭૯) | ૧૩૮૬ (૮.૩૧) | ૫૧૩૭ (૧૫.૧૫) |
| ૬ | કામરેજ | ૨૭૧૯૩ (૪૯.૪૦) | ૧૯૫૦૯ (૩૬.૬૩) | ૪૬૭૦૨ (૪૩.૧૨) | ૪૮૦૪ (૧૯.૧૮) | ૧૫૧૧ (૧૬.૨૪) | ૬૩૧૫ (૧૨.૮૨) |
| ૭ | ઓલપાડ | ૩૯૮૨૨ (૫૮.૭૫) | ૨૮૬૩૭ (૪૩.૨૧) | ૬૮૪૫૯ (૫૧.૦૭) | ૪૧૩૪ (૨૦.૫૦) | ૧૧૦૭ (૫.૭૪) | ૫૨૪૧ (૧૩.૨૮) |
| | જિલ્લાનું કુલ ટકા | ૭૧૨૫૬૭ (૫૪.૯૯) | ૪૫૨૫૨૪ (૩૭.૭૯) | ૧૧૬૫૦૯૧ (૪૬.૭૩) | ૧૬૯૧૩૫ (૩૨.૩૪) | ૭૯૩૪૫ (૧૫.૪૦) | ૨૪૮૪૮૦ (૨૩.૯૩) |

નોંધ : કૌંસમાં બતાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

કોઠો : ૨.૭

શિક્ષણની સુવિધા

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક શાળા | માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા | આશ્રમ શાળા | કોલેજ |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | માંડવી | ૧૯૭ | ૧૦ | ૫ | - |
| ૨ | માંગરોલ | ૨૦૩ | ૧૨ | ૬ | - |
| ૩ | બારડોલી | ૧૨૦ | ૧૬ | ૫ | ૨ |
| ૪ | મહુવા | ૧૩૬ | ૧૧ | ૨ | - |
| ૫ | પલસાણા | ૫૧ | ૫ | ૨ | - |
| ૬ | કામરેજ | ૬૪ | ૨ | ૧ | ૧ |
| | કુલ | ૭૭૧ | ૫૬ | ૨૧ | ૩ |

નોંધ : ઓલપાડ ૧૯૮૬ પછી પ્રોજેક્ટમાં આવ્યો તેથી તેની ગામની શિક્ષણ વિષયક માહિતી નથી.

આરોગ્ય કુટુંબ કલ્યાણ અને જાહેર સુખાકારી :

આદિવાસીઓનું આરોગ્ય તેમના મળતા અપૂરતા પોષણ અને જીવનજીવવા માટે વેઠવી પડતી હાડમારીને કારણે નબળું હોય છે. મોટેભાગે તેઓ ~~દમ~~ અસ્થમા, ટી.બી., ચામડીના રોગો, હાડકાના રોગોથી પીડાતા જોવા મળે છે. રતાંધણા-પણાનો રોગ પણ તેઓમાં વ્યાપક છે તેમની નબળી આર્થિક પરિસ્થિતિ પણ એ માટે જવાબદાર લેખી શકાય. તેમને મળતો ખોરાક અપૂરતો અને અપૌષ્ટિક હોય છે. ખોરાકમાં વિટામીન 'એ'ના અભાવને કારણે આંખના રોગોના ભોગ બને છે. દારૂ પીવાની ટેવને લીધે પણ તેમનું આરોગ્ય નબળું રહે છે. મધ્યાહ્‍ન ભોજન યોજના પછી પ્રાથમિક શાળાના બાળકોને પોષણયુક્ત આહાર મળવાથી થોડીક તેમને આરોગ્યની સ્થિરતા સુધરવા પામી છે. અને તેથી ૭ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોમાં મૃત્યુ પ્રમાણ ઘટવા પામ્યું છે.

કોઠા નંબર ૨.૮ માં બતાવ્યું છે તે મુજબ માંડવી પ્રાયોજના માં કુલ ૧૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. ૩૨ દવાખાના અને ૪ ઇસ્પિતાલો છે અને ૧૨ જેટલા કુટુંબ કલ્યાણ કેન્દ્રો છે. બે ફરતા દવાખાના છે. સામાન્ય રીતે આ લોકો સ્વાસ્થ્યની બાબતમાં પુરતી કાળજી ધરાવતા નથી. મોટેભાગે ભૂવાભગતનો ઉપયોગ કરે છે. અલબત્ત પ્રાયોજના આવ્યા પછી અને આરોગ્ય કેન્દ્રોની સગવડ થયા પછી તેમનામાં જાગૃતિ આવવાથી દવાખાનાનો ઉપયોગ કરવા રાજી હોય છે પરંતુ કેટલીક જગ્યાએ દવાખાના દૂર હોવાથી તેઓ તેનો લાભ લઇ શકતા નથી. આવી પરિસ્થિતિ માં ફરતા દવાખાના વધુ ઉપયોગી નીવડે તેમ છે જોકે આદિવાસી વિસ્તારમાં ફરતા દવાખાના કરતાં ઘેરઘેર ફરીને આરોગ્યની સેવા પૂરી પાડી શકાય તેવી સગવડ ઊભી કરવાની જરૂર છે જેનું સૂચન આગળ આપ્યું છે.

કોઠો : ૨.૮

પ્રાયોજના વિસ્તારની આરોગ્યવિષાયક

સવલતો ( ૧૯૮૪-૮૫ )

| ક્રમ | તાલુકો | ઇસ્પિતાલ | દવાખાના | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | કુટુંબ નિયોજન કેન્દ્ર |
|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | - | ૫ | ૨ | ૩ |
| ૨ | માંગરોલ | ૨ | ૮ | ૨ | ૨ |
| ૩ | બારડોલી | ૧ | ૪ | ૨ | ૨ |
| ૪ | મહુવા | - | ૪ | ૨ | ૧ |
| ૫ | પલસાણા | - | ૨ | ૧ | ૧ |
| ૬ | કામરેજ | ૧ | ૫ | ૧ | ૨ |
| ૭ | ઓલપાડ | - | ૪ | ૧ | ૧ |
| | કુલ | ૪ | ૩૨ | ૧૧ | ૧૨ |

આ વિસ્તારના આદિવાસીઓની મુખ્ય ફરિયાદ એ રહી છે કે દવાખાનાઓમાં પૂરતી દવા હોતી નથી. સગવડો હોતી નથી. પરિણામે દર્દીઓની સારવાર યોગ્ય રીતે થઇ શકતી નથી. કુટુંબ કલ્યાણ કેન્દ્રોની કામગીરી કંઇક અંશે સંતોષકારક છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં જન્મદર ઊંચો હોય છે. આ વિસ્તારમાં જન્મદરનું પ્રમાણ ૩ થી ૪ ટકા છે. અને લગભગ ૩૧ ટકા લોકોએ કુટુંબ નિયોજન અપનાવ્યું છે. આ વિસ્તારમાં ઇસ્પિતાલની સગવડ પણ બારડોલી અને માંગરોલમાં છે. ખાનગી દવાખાના પણ તાલુકા પર અને બારડોલી જેવા તાલુકામાં મોટા ગામોમાં છે એટલે પ્રમાણમાં આરોગ્યની સગવડ ઘણી ઓછી છે.

આદિવાસીઓ પીવાના પાણીની તંગી કાયમી અનુભવતા હોય છે કેટલીક જગ્યાએ ૧ થી ૨ કિ.મિ.ના અંતરેથી પીવાનું પાણી લાવવું પડે છે. હવે રાજય સરકારે બધા જ ગામોમાં પાણીની પુરતી સવલતો પૂરી પાડવાની જવાબદારી સ્વીકારી છે. એટલે એ બાબતે રાહત અનુભવી શકશે. અલબત્ત માંડવી પ્રાયોજનામાં પ્રમાણમાં બીજા કરતાં પીવાના પાણીની સારી સગવડ છે. ૫૭ ગામો ??માં જ પીવાના પાણીની સગવડ છે. ફકત માંગરોલના ૧૧ ગામોમાં આ સગવડ નથી.

## સહકારી મંડળીઓ અને બેંકીંગ વ્યવસ્થા :

આદિવાસી વિકાસ માટે નાણાં ધિરાણની અને અન્ય સાધનોની સવલતો ઊભી કરવામાં સહકારી મંડળીઓ મહત્ત્વનો ફાળો આપે છે. ખેતી અને ખેતી સંબંધિત ઉદ્યોગના પેદાશની વિનિમય તેમજ વેચાણ વ્યવસ્થાની સમસ્યાએ તેમની મહત્ત્વની હોય છે. આ પ્રશ્નનો ઉકેલ સહકારી મંડળીઓ દ્વારા થાય છે. આદિવાસી દ્વારા થતા ઉત્પાદનના વિનિમય અને વેચાણની વ્યવસ્થા સહકારી મંડળીઓ કરતી હોય છે. અને આ માટે

સહકારી મંડળીઓ તે ખેડૂતોની ખેતી માટે જરૂરી સાધન સામગ્રી માટે નાણાંકીય સહાય પૂરી પાડવાની, ખેત ઉત્પાદનની વસ્તુઓના વેચાણની, ખાતર બિયારણ અને પશુઆહાર પૂરો પાડવાની, વનપેદાશના વેચાણની તેમજ દૂધ વેચાણની રહે છે. સહકારી મંડળીઓની આ બધી પ્રવૃત્તિઓથી મોટાભાગના આદિવાસી કુટુંબો શાહુકારોના શોષણમાંથી મુક્ત થઇ શકયા છે.

કોઠા નંબર ૨.૯ માં માંડવી પ્રાયોજનામાં આવેલી વિવિધ સહકારી મંડળીઓની વિગતો આપવામાં આવી છે આ વિસ્તારમાં જુદા જુદા પ્રકારની કુલ ૬૮૩ સહકારી મંડળીઓ આવેલી છે. એના ઉપરથી આ વિસ્તારમાં સહકારી મંડળીઓના વિકાસ તેમજ પ્રવૃત્તિ અંગેનો સહેલાઇથી ખ્યાલ આવી શકે તેમ છે. આ સહકારી મંડળીઓમાં ૧૯ જેટલી વિવિધલક્ષી કાર્યકારી મંડળીઓ, ૩૫ ખેડૂત સહકારી મંડળીઓ, ૨૯૮ દૂધ ઉત્પાદક મંડળીઓ તેમજ ૧૬૨ જેટલી અન્ય સહકારી મંડળીઓ છે દરેક તાલુકામાં સો કરતાં વધારે સહકારી મંડળીઓ આવેલી છે.

## કોઠો : ૨.૯

### પ્રાયોજનામાં આપવામાં આવેલી સહકારી સુવિધાઓ

| ક્રમ | સહકારી મંડળીનો પ્રકાર | માંડવી | માંગરોલ | તાલુકા<br>બારડોલી | મહુવા | પલસાણા | કામરેજ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | લેમ્પસ( વિવિધલક્ષી કાર્યકારી મંડળીઓ) | ૧૧ | ૪ | ૧ | ૩ | - | - | ૧૯ |
| ૨ | સેવા સહકારી મંડળીઓ | ૧૦ | ૨૨ | ૧૪ | ૧૭ | ૧૦ | ૧૭ | ૯૦ |
| ૩ | ખેતવિષયક ધિરાણ મંડળીઓ | ૫ | ૪ | ૧૦ | ૮ | ૫ | ૩ | ૩૫ |
| ૪ | દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ | ૫૬ | ૧૧૩ | ૫૦ | ૫૬ | ૩ | ૧૦ | ૨૮૯ |
| ૫ | ગૃહઉદ્યોગ સહકારી મંડળીઓ | ૬ | ૧ | ૧ | - | ૧ | - | ૯ |
| ૬ | મરઘા ઉછેર સહકારી મંડળીઓ | ૩ | ૧ | ૩ | ૩ | ૧ | ૨ | ૧૩ |

ચાલુ..

કોઠો : ૨.૯ ... ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | સિંચાઇ સહકારી મંડળીઓ | ૧ | ૧ | - | ૬ | ૧ | ૩ | ૧૨ |
| ૮ | ખાંડના કારખાના | - | - | ૨ | ૧ | ૧ | - | ૪ |
| ૯ | જંગલ કામદાર સહકારી મંડળીઓ | ૬ | ૫ | - | ૧ | - | - | ૧૨ |
| ૧૦ | ખેતમજૂર સહકારી મંડળીઓ | ૬ | ૧૧ | ૩ | ૫ | ૧ | ૭ | ૩૩ |
| ૧૧ | જીનીંગ પ્રોસેસીંગ સહકારી મંડળી | ૧ | ૧ | ૨ | - | ૧ | ૧ | ૬ |
| ૧૨ | અન્ય સહકારી મંડળીઓ | ૧૩ | ૨૩ | ૫૫ | ૯ | ૨૬ | ૩૬ | ૧૬૨ |
| | કુલ | ૧૧૮ | ૧૮૬ | ૧૪૧ | ૧૦૯ | ૫૦ | ૭૯ | ૬૮૩ |

**બેંકીંગ :**

સહકારી મંડળીઓની સાથે સાથે આદિવાસી વિકાસ કામો માટે રાષ્ટ્રીયકૃત બેંકો તેમજ સરકારી બેંકો દ્વારા પણ ધિરાણની સવલતો પૂરી પાડવામાં આવે છે. આદિવાસીઓને વિકાસ માટે તક મળે એટલા માટે જે તે વિસ્તારની લીડ બેંકો દ્વારા રાહત દરે ધિરાણ કરી આદિવાસી માટે ચાલતી જુદી જુદી સ્કીમો માટે સારા પ્રમાણમાં નાણાકીય સહાય આપવામાં આવે છે અને સરકાર દ્વારા તે માટેની જોગવાઇ પણ કરવામાં આવી છે. માંડવી પ્રાયોજનામાં આવેલા રાષ્ટ્રીયકૃત બેંકો તેમજ સરકારી બેંકોની વિગતો કોઠા નંબર ૨.૧૦ માં આપવામાં આવી છે. આ વિસ્તારમા બેંક ઓફ બરોડા અને દેના બેંક લીડ બેંક તરીકે કામ કરે છે. અને મોટાભાગની ધિરાણની વ્યવસ્થા તેમના દ્વારા પૂરી પાડવામાં આવે છે. તે સિવાય સ્ટેટ બેંક અને બેંક ઓફ ઇન્ડિયાની શાખાઓ તાલુકા મથક પુરતી મર્યાદિત છે. બારડોલી તાલુકો વિકસીત છે. તેમજ તાલુકા મથકે વ્યાપાર વાણિજ્યની સગવડ હોવાથી અને લગભગ બધા જ આદિવાસી તાલુકા સાથે જોડાયેલુ હોવાથી ત્યાં બેંકીગ વ્યવસ્થા સુદઢ છે. સમગ્ર માંડવી પ્રાયોજનામાં આશરે ૫૩ જેટલી બેંકીગ સંસ્થાઓ આવેલી છે.

કોઠો : ૨.૧૦

<u>પ્રાયોજનામાં ધિરાણની સવલતો પૂરી પાડતી બેંકોની માહિતી</u>

| ક્રમ | ધિરાણ આપતી સંસ્થાનું નામ | માંડવી | માંગરોલ | બારડોલી | મહુવા | પલસાણા | કામરેજ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | તાલુકા | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા | ૧.કાકરાપાડા | ૧.માંગરોલ | ૧.બારડોલી | ૧.મહુવા | - | - |
| ૨ | બેંક ઓફ બરોડા | ૧.માંડવી<br>૨.બોધાન<br>૩. અરેઠ | ૧ મોસાલી<br>૨ વાંકલ<br>૩ ઝંખવાવ<br>૪ કોસંબા<br>૫ ઉમરપાડા | ૧ બારડોલી<br>૨ મઢી<br>૩ મોતા<br>૪ રાયમા<br>૫ સુરભાણ<br>૬ વાંકાનેર<br>૭ હરીપુરા<br>૮ ઉમરાખ | ૧. કરચેલીયા<br>૨ અનાવલ | ૧ અંભેટી<br>૨ વૈસ્મા<br>૩ બલેશ્વર | ૧. ઉભેલ |

ચાલુ..

કોઠો : ૨.૧૦. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | દેના બેંક | ૧ માંડવી<br>૨ તડકેશ્વર<br>૩ તરસાડાબાર | ૧ હથુરણ<br>૨ તરસાડી<br>૩ કટવા | ૧ બારડોલી<br>૨ અફ્રીટી<br>૩ ચીખોદ<br>૪ ખોજપારડી<br>૫ કડોદ<br>૬ સુરાલી | - | ૧ પલસાણા | |
| ૪ | સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | - | - | - | ૧ ઝેરવાવડા | ૧ ગંગાધરા | |
| ૫ | બેંક ઓફ ઇન્ડિયા | - | ૧ પીપોલદરા | ૧ બારડોલી | ૧ વલવાડા | - | - |
| ૬ | યુનાઇટેડ કોમર્શીયલ બેંક | - | - | - | ૧ મહુવા | - | - |
| ૭ | યુનિયન બેંક ઓફ ઇન્ડિયા | ૧ દેવગઢ | - | - | - | - | - |

ચાલુ..

કોઠો : ૨.૧૦ ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | રૂરલ બેંક | ૧ ગોઠસંબા | - | - | ધાખીકૂઇ | - | - |
| ૯ | સીંડીકેટ બેંક | - | - | - | - | - | ૧. સેગવા |
| ૧૦ | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર | - | - | ૧ બારડોલી | - | - | - |
| | કુલ | ૯ | ૧૦ | ૧૭ | ૭ | ૫ | ૨ |

વીજળી રસ્તા અને અન્ય સવલતો :

ગ્રામ વિકાસના મુખ્ય ચાલકબળોમાં વીજશકિત વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારની સગવડોને ગણાવી શકાય. સામાજિક આર્થિક પરિવર્તન માટે એ સવલતો અનિવાર્ય છે. ખેતી માટે વિદ્યુતશકિત ખૂબ મહત્ત્વની છે. કુવાઓ વડે થતી સિંચાઇ માટે પણ એ જરૂરી છે. કોઠા નંબર ૨.૧૧ માં દર્શાવ્યા મુજબ માંડવી પ્રાયોજનામાં કુલ ૫૧૩ ગામોને વીજળી જોડાણ મળ્યા છે. ૧૯૮૮ના અંત સુધીના ગુજરાતના તમામ ગામોની વીજળી જોડાણ પૂરા પાડવાની જવાબદારી ગુજરાત સરકારે સ્વીકારી છે. ખેતી માટે વીજ જોડાણો પ્રાપ્ત કરવા જોઇતી નાણાંકીય સહાય વીજ નિગમ અને ખેતી નિગમ જેવી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. અલબત્ત આ બાબત આદિવાસી વિસ્તારને સંબધકર્તા છે ત્યાં સુધી કહી શકાય કે ગામમાં વીજળી હોય છે પણ ગામમાં આવેલા આદિવાસી વિસ્તારો હજુ પણ વીજળીથી વંચિત રહી ગયા છે અને ખાસ કરીને પોકેટસમાં આવેલા ગામોમાં આવું વધુ પ્રમાણમાં જોવા મળે છે.

વીજ જોડાણ જેટલી જ અગત્યની સવલતોમાં વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારને મૂકી શકાય. બાહ્ય જગત સાથેના સંપર્કો અને સંબંધો માટે એ અતિ આવશ્યક છે. કોઠા નંબર ૨.૧૧ મા બતાવ્યું છે તે મુજબ માંડવી પ્રાયોજનામાં ૨૨૮ ગામોમાં પાકા રસ્તાની સગવડો છે જ્યાં બારેમાસ એસ.ટી. નો વ્યવહાર ચાલે છે. ૧૫૫ ગામોમાં કાચા રસ્તા છે, જ્યાં ચોમાસા દરમ્યાન વાહનવ્યવહારની મુશ્કેલી રહે છે, તે સિવાયના સમય દરમ્યાન એસ.ટી.બસો ફરી શકે છે. હજુ પણ કેટલાક ઊંડાણના ગામોમાં રસ્તાના અભાવે વાહનવ્યવહારની

સગવડ નથી. માંડવી પ્રાયોજનાના ૨૦ જેટલા ગામોની રેલવેનો લાભ મળે છે. માંડવી તાલુકાના કોઇ ગામને રેલવેનો લાભ મળતો નથી. માંગરોલ તાલુકાને નેરોગેજની સગવડ છે તેથી તેના ૧૧ ગામોને રેલવેની સવલત ઉપલબ્ધ છે. અને કોસંબા તો અમદાવાદ મુંબઇ બ્રોડગ્રેજ પર આવેલું સ્ટેશન છે. તેથી વ્યાપાર ધંધા માટે અનુકૂળ પડે છે. કામરેજને કોઇ પ્રકારની રેલવેની સગવડ ઉપલબ્ધ નથી.

સંદેશા વ્યવહારની સવલતો જોઇએ તો માંડવી પ્રાયોજના વિસ્તારમાં નાની મોટી ૨૬૬ જેટલી પોસ્ટ ઓફિસો આવેલી છે. જે પૈકી ૩૦ જેટલી પોસ્ટ ઓફિસોમાં ટેલીગ્રાફની સગવડ ઉપલબ્ધ છે હેડ પોસ્ટ ઓફિસની સગવડ માત્ર બારડોલીમાં જ છે. પ્રાયોજનાના ગામોની સંખ્યા અને વસ્તીની દ્રષ્ટિએ સંદેશા વ્યવહારની જે સગવડો છે તે પૂરતી કહી શકાય નહી.

## કોઠો : ૨.૧૧

**માંડવી પ્રાયોજનામાં વીજળી, રસ્તા રેલ્વે અને પોસ્ટ ઓફિસની સવલતો ધરાવતા ગામોની સંખ્યા**

| ક્રમ | તાલુકા અને પોકેટ્સ | વીજ જોડાણ ગામોની સંખ્યા | રસ્તા પાકા | રસ્તા કાચા | રેલ્વે | પોસ્ટ ઓફિસ સબ | પોસ્ટ ઓફિસ બ્રાન્ચ | પોસ્ટ અને ટેલીગ્રાફ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૩૧ | ૫૨ | ૩૧ | - | ૧ | ૩૬ | ૩ |
| ૨ | માંગરોલ | ૧૪૯ | ૩૮ | ૬૫ | ૧૧ | ૧૧ | ૫૮ | ૩ |
| ૩ | બારડોલી | ૮૬ | ૪૮ | ૧૮ | ૩ | ૧ + ૮ | ૩૨ | ૧+ ૮ |
| ૪ | મહુવા | ૬૯ | ૨૯ | ૩૧ | ૧ | ૧ | ૨૫ | ૩ |
| ૫ | પલસાણા | ૩૫ | ૨૮ | ૪ | ૫ | ૨ | ૧૭ | ૩ |
| ૬ | કામરેજ | ૪૩ | ૩૩ | ૬ | - | ૧૧ | ૩૩ | ૯ |
| | કુલ | ૫૧૩ | ૨૨૮ | ૧૫૫ | ૨૦ | ૩૫ | ૨૦૧ | ૩૦ |

## Setup of Integrated Tribal Development Project, Surat-II (Mandvi).

**Project Administrator**

- Asstt. Project Admini. (Agriculture)
- Asstt.P.A. (Co-operation
  - Clerk -1 (for the above two)
- Asst. P.A. (Forest)
- Asstt. P.A. (Animal Husbandry)
  - Clerk-1 (for the above two)
- Chitnis

**Administrative Branch.**

General Admn.
1. Deputy Mamlatdar-1
2. Clerks-2
3. Driver-2
4. Peons-4
5. Watchman-1

Typing
1. Steno-1
2. Typist-1

**Account Branch**

1. Auditor Grade-1
2. Deputy Mamlatdar-1
3. Senior Account Clerk-1

**Statistical Branch**

1. Research Asstt.-2
2. Statistical Asstt-1

**Primitive Group.**

Extension Officer ( Primitive -1)

Gramsevaks-2

## વહીવટી માળખું :

આઇ.ટી.ડી.પી અને જિલ્લાનો વહીવટ અલગ અલગ રીતે ગોઠવાયેલો છે. જિલ્લાનું સમગ્ર વહીવટી માળખું કલેકટર અને ડેપ્યુટી કલેકટરના હસ્તક છે. જમીન મહેસુલના વહીવટની જવાબદારી કલેકટરની રહે છે. ડેપ્યુટી કલેકટર એને મદદરૂપ બને છે. ૧૩ તાલુકાના વહીવટ માટે ૧૩ મામલતદારો મૂકવામાં આવ્યા છે. જે કલેકટર અને ડેપ્યુટી કલેકટરને હસ્તક છે. વિકાસ કામોની દૃષ્ટિએ વહીવટીનું વિભાજન જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત ગ્રામપંચાયત કે નગર પંચાયતમાં થયેલું છે. જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સરપંચ કે નગરપતિ અનુક્રમે એના વહીવટની જવાબદારી સંભાળે છે. રસ્તા સિંચાઇ, ખેતી, સહકાર શિક્ષણ, જાહેર આરોગ્ય, સમાજ કલ્યાણ વગેરેને લગતા વિકાસના કામો આ પંચાયતો દ્વારા થાય છે.

પ્રાયોજનાના વહીવટની જવાબદારી પ્રાયોજના અધિકારી ( પ્રોજેક્ટ એડમિનીસ્ટ્રેટર)ની હોય છે જે આઇ.એ.એસની કેડરનો અધિકારી હોય છે. પ્રાયોજના અધિકારીની સાથે બીજા વર્ગના અધિકારીઓ હોય છે. એમાં એક વહીવટી અધિકારી-રેવન્યુ ખાતામાંથી મૂકવામાં આવે છે અને બાકીના ત્રણ ખેતી સરકાર અને જંગલ ખાતામાંથી ટેકનીકલ ઓફિસર્સ તરીકે મૂકવામાં આવે છે. અન્ય સ્ટાફમાં બે ડેપ્યુટી મામલતદાર, એક સિનિયર કલાર્ક, ૩ કલાર્ક, બે રિસર્ચ અને એક સ્ટેટેસ્ટીકલ આસિસ્ટન્ટ બે ડ્રાઇવર અને પાંચ ચોથા વર્ગના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ સાથે જે ચાર્ટ આપવામાં આવેલો છે તે માંડવી પ્રાયોજનાનું જે વહીવટી માળખું છે તેની વિગત દર્શાવે છે. માંડવી પ્રાયોજનાનું વડુ મથક માંડવી છે તેથી પ્રાયોજના વહીવટીની કચેરી માંડવી ખાતે છે.

બજેટ :

પ્રાયોજનામાં આવેલા વિસ્તારના વિકાસ કાર્યક્રમો માટેની નાણાંકીય જોગવાઇની માહિતી આપણે અગાઉ જોઇ ગયા તે પ્રમાણે વિકાસ કાર્યક્રમો માટેનું ખર્ચ રાજ્યના સામાન્ય બજેટમાંથી ટી એ એસ પી માં ફાળવેલ રકમમાંથી તેમજ ~~ન્યુ ક્લીયરન્સ~~ બજેટમાંથી કરવામાં આવે છે. ~~૧૯૭૭થી ૧૯૮૭~~ સુધીમાં ૧૯૭૦ થી ૧૯૮૭ સુધીમાં રાજ્યના બજેટમાંથી ટી એ એસ પી માટે ફાળવેલી રકમની વિગતો કોઠા નંબર ૨.૧ માં જોઇ ગયા. માંડવી પ્રાયોજના માટે સામાન્ય બજેટમાં ૧૯૭૭ થી ૧૯૮૭ દરમ્યાન જે જોગવાઇ કરવામાં આવી છે એમાંથી ખરેખર જે ખર્ચ થયું તેની વિગત કોઠા નંબર ૨.૧૨ માં દર્શાવવામાં આવી છે. એ વિગતોને આધારે કહી શકાય કે વિકાસ કામો માટે જે જોગવાઇ કરવામાં આવી હતી, તેમાંનો મોટો ભાગ વર્ષ દરમ્યાન વપરાયો છે. શરૂઆતમાં વર્ષોમાં ફાળવેલ રકમ પૂરેપૂરી વપરાતી ન હતી એવું જોવા મળે છે પુરતા આયોજન અને લોકજાગૃતિના અભાવને કારણે એવું બન્યુ હોય એમ લાગે છે કારણકે ગુજરાતની બીજી કેટલીક પ્રાયોજનામાં આજે પણ આ સ્થિતિ છે, કે ફાળવેલી રકમ જેટલું ખર્ચ થતું નથી. પરંતુ માંડવી પ્રાયોજનામાં આવેલા તાલુકા અને તેમાં વસતા આદિવાસી વસતીની જાગૃતી વિકાસના કામ કરતા અધિકારી અને કર્મચારીઓની નિષ્ઠાના ફળસ્વરૂપે કેટલાક વર્ષોમાં તો ફાળવેલી રકમ કરતાં પણ ખર્ચ વધી ગયેલું જોવા મળે છે. જે વિકાસના કામોની અગત્યતા અને અસરકારકતા દર્શાવે છે, એમ કહી શકાય, સામાન્ય બજેટમાં છેલ્લા દશ વર્ષ દરમ્યાન ૭૮.૬૫ કરોડ રૂપિયા વિકાસ કામો માટે ખર્ચાયા છે.

## કોઠો : ૨.૧૨

માંડવી પ્રાયોજના માટે ૧૯૭૭-૭૮ થી ૧૯૮૬-૮૭ દરમ્યાન વિકાસ કામો માટે કરેલી નાણાંકીય જોગવાઇ અને થયેલ ખર્ચની વિગત દર્શાવતો કોઠો( સામાન્ય બજેટ )

| ક્રમાંક | વર્ષ | નાણાંકીય જોગવાઇ (લાખમાં) | થયેલ ખર્ચ રૂ. લાખમાં | થયેલ ખર્ચની ટકા |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૭૭-૭૮ | ૩૩૩ | ૨૪૬ | ૭૪ |
| ૨ | ૧૯૭૮-૭૯ | ૪૬૩ | ૪૪૬ | ૯૬ |
| ૩ | ૧૯૭૯-૮૦ | ૪૭૪ | ૩૯૪ | ૮૩ |
| ૪ | ૧૯૮૦-૮૧ | ૫૪૦ | ૪૨૩ | ૭૮ |
| ૫ | ૧૯૮૧-૮૨ | ૫૯૫ | ૬૩૫ | ૧૦૬ |
| ૬ | ૧૯૮૨-૮૩ | ૬૩૪ | ૭૨૬ | ૧૧૪ |
| ૭ | ૧૯૮૩-૮૪ | ૬૯૧ | ૬૩૩ | ૯૬ |
| ૮ | ૧૯૮૪-૮૫ | ૧૧૦૪ | ૧૦૮૭ | ૯૮ |
| ૯ | ૧૯૮૫-૮૬ | ૯૫૬ | ૮૬૪ | ૯૦ |
| ૧૦ | ૧૯૮૬-૮૭ | ૧૧૭૪ | ૧૧૯૧ | ૧૦૧ |

માંડવી પ્રાયોજનામાં ૧૯૭૭-૭૮ થી ૧૯૮૬-૮૭ દરમ્યાન ન્યુ ક્લીયરન્સ બજેટમાં થયેલી જોગવાઇ અને તેના ખર્ચના આંકડા કોઠા નંબર ૨.૧૩માં આપવામાં આવ્યા છે. અગાઉ જણાવ્યું કે મુજબ ન્યુ ક્લીયરન્સ બજેટમાં થયેલી જોગવાઇના નાણાં વિકાસના કામ માટે પ્રાયોજના વહીવટદાર પોતાનો નિર્ણય લઇ વાપરી શકે છે. ન્યુ ક્લીયરન્સ બજેટની ઉપયોગિતના વિષે અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કોઠા ને આધારે કહી શકાય કે માંડવી પ્રાયોજનામાં અગાઉના વર્ષોને બાદ કરતા લગભગ બધા જ વર્ષોમાં જે જોગવાઇઓ કરવામાં આવી હતી તે લગભગ પૂરેપૂરી વપરાઇ ગઇ છે. વિકાસ કામોમાં ન્યુ ક્લીયરન્સ બજેટ દ્વારા છેલ્લા દસ વર્ષમાં ૩.૬૭ કરોડ રૂપિયા ખર્ચાયા છે.

કોઠા નંબર ૨.૧૪ માં ૧૯૭૭-૧૯૭૮થી ૧૯૮૬-૮૭ દરમ્યાન ન્યુ ક્લીયરન્સ બજેટમાંથી શિક્ષણ હુન્નરકલા, આરોગ્ય, સમાજકલ્યાણ, સહકાર, ખેતી, સિંચાઇ પશુપાલન , વનવિકાસ વીજ જોડાણ જેવા કામો માટે કરેલ જોગવાઇ અને એમાંથી થયેલ ખરેખર ખર્ચની વિગતો દર્શાવવામાં આવી છે. એમ કહી શકાય કે દરેક કામ માટે કરેલી જોગવાઇ પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યું છે.

કોઠો : ૨.૧૩

માંડવી પ્રાયોજના માટે ૧૯૭૭-૭૮ થી ૧૯૮૬-૮૭ દરમ્યાન ન્યુ કલીયરન્સ બજેટમાં નક્કી થયેલ ખર્ચ અને ખર્ચાયેલ નાણાંની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | વર્ષ | જોગવાઇ રૂા.લાખમાં | થયેલ ખર્ચ રૂા.લાખમાં | થયેલા ખર્ચની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૭૭-૭૮ | ૧૩.૫૦ | ૧૦.૦૫ | ૭૪ |
| ૨ | ૧૯૭૮-૭૯ | ૨૪.૩૯ | ૨૪.૩૯ | ૧૦૦ |
| ૩ | ૧૯૭૯-૮૦ | ૨૦.૪૮ | ૨૦.૪૬ | ૯૯.૯ |
| ૪ | ૧૯૮૦-૮૧ | ૩૬.૨૦ | ૩૬.૨૦ | ૧૦૦ |
| ૫ | ૧૯૮૧-૮૨ | ૩૦.૩૫ | ૩૦.૩૪ | ૯૯.૯ |
| ૬ | ૧૯૮૨-૮૩ | ૩૩.૬૫ | ૩૩.૬૫ | ૧૦૦ |
| ૭ | ૧૯૮૩-૮૪ | ૫૧.૫૭ | ૫૧.૪૩ | ૯૯.૭ |
| ૮ | ૧૯૮૪-૮૫ | ૫૫.૬૮ | ૫૫.૫૬ | ૯૯.૮ |
| ૯ | ૧૯૮૫-૮૬ | ૫૨.૫૨ | ૫૨.૫૨ | ૧૦૦ |
| ૧૦ | ૧૯૮૬-૮૭ | ૫૨.૫૫ | ૫૨.૪૬ | ૯૯.૯ |

## Table No. 2.14

Statement showing the details regarding Headwise budget provision made and Expenditure incurred by years 1977-78 to 1986-87 under Nucleus budget in Mandvi Project.

(Rs. in lakhs)

| Sr. No. | Head of A/C | 1977-78 Bud. Provision | Expention incurred | 1978-79 Bud. Provision | Expention incurred |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 1. | 277-Education | 50000 | 42817 | 183500 | 183500 |
| 2. | 278- Arts & Culture | 100000 | 85232 | 111700 | 111700 |
| 3. | 282- Public Health and Sanitation and Water suppoy | 57100 | 52322 | 126500 | 126500 |
| 4. | 287-Labour and Employment. | - | - | 60000 | 60000 |
| 5. | 288-Social Security Welfare | - | - | - | - |
| 6. | 298-Co-operation | - | - | - | - |
| 7. | 305- Agriculture | 228500 | 220485 | 238400 | 238400 |
| 8. | 306-Minor Irrigation | 71400 | 23459 | 33700 | 33700 |

Cont....

Table No.2.14 Cont....

| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
|---|---|---|---|---|---|
| 9 | 307-Soil and water conservation | 128500 | 45009 | 107500 | 107500 |
| 10 | 310-Animal Husbanry | 200000 | 122465 | 227700 | 227700 |
| 11 | 311-Dairy Development | - | - | - | - |
| 12 | 313-Forest | 114200 | 93094 | 131800 | 131800 |
| 13 | 314-Community Development | - | - | 105600 | 105600 |
| 14 | 321-Village and Small Industries. | 200000 | 181010 | 222600 | 222600 |
| 15 | 334-Power Project | - | - | 75000 | 75000 |
| 16 | 698-Loans for co-operation | 200000 | 85000 | 275000 | 275000 |
| | Total : | 1349700 | 100489<br>74% | 2439000 | 2439000<br>100% |

Table No.2.14 Cont....

| Sr. No. | Head of A/c | 1979-80 Bud. Provision | 1979-80 Expention Incurred | 1980-81 Bud. Provision | 1980-81 Expention Incurred |
|---|---|---|---|---|---|
| | | 7 | 8 | 9 | 10 |
| 1 | | 166800 | 166800 | 1009534 | 1009534 |
| 2 | | - | - | 22405 | 22405 |
| 3 | | 250000 | 250000 | 548611 | 548611 |
| 4 | | 200000 | 200000 | 68348 | 68348 |
| 5 | | 320000 | 320000 | 186082 | 186082 |
| 6 | | - | - | - | - |
| 7 | | 200900 | 200900 | 271717 | 271717 |
| 8 | | - | - | - | - |

Cont......

Table No.2.14 Cont...

| Sr. No. | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|
| 9 | - | - | 2100 | 2100 |
| 10 | 236200 | 236200 | 321066 | 321066 |
| 11 | - | - | - | - |
| 12 | 102200 | 102205 | 92246 | 92140 |
| 13 | 50300 | 50300 | 61847 | 61847 |
| 14 | 235600 | 235530 | 266600 | 266600 |
| 15 | 101300 | 101300 | 245194 | 245194 |
| 16 | 384800 | 384800 | 523800 | 523800 |
| Total : | 2048200 | 2049790 | 3619500 | 3619500 |

Cont...

Table No. 2.14 Cont....

| Sr. No. | 1981-82 Bud. Provision | Expen. incurred | 1982-83 Bud. Provision | Expen. incurred. |
|---|---|---|---|---|
| | 11 | 12 | 13 | 14 |
| 1 | 1540900 | 1540900 | 661640 | 661640 |
| 2 | - | - | 66500 | 66500 |
| 3. | 127700 | 127700 | 115600 | 115600 |
| 4 | 47400 | 47400 | 60980 | 60980 |
| 5 | 110700 | 110700 | 17330 | 17330 |
| 6 | - | - | - | - |
| 7 | 145700 | 145683 | 315850 | 315850 |
| 8 | - | - | - | - |

Cont.......

Table No. 2.14 Cont....

| Sr. No. | 11 | 12 | 13 | 14 |
|---|---|---|---|---|
| 9 | - | - | 147500 | 147500 |
| 10 | 228500 | 228500 | 542100 | 542100 |
| 11 | - | - | - | - |
| 12 | 106200 | 106200 | 303100 | 303100 |
| 13 | 11700 | 11700 | - | - |
| 14 | 195900 | 149893 | 229200 | 229200 |
| 15 | 233000 | 233000 | 382200 | 382200 |
| 16 | 288000 | 288000 | 717000 | 31700 |
| Total : | 3035000 | 3034956 | 3765000 | 3765000 |

Cont...

Table No. 2.14 Cont....

| Sr. No. | 1983-84 Bud. Provision | Expen. incurred | 1984-85 Bud. Provision | Expen. incurred |
|---|---|---|---|---|
| | 15 | 16 | 17 | 18 |
| 1 | 1073000 | 1073000 | 633000 | 632436 |
| 2 | 56000 | 56000 | 25000 | 23827 |
| 3 | 275000 | 275000 | 934000 | 428670 |
| ~~4~~ | ~~251000~~ | ~~237907~~ | 251000 | 237907 |
| | | | 685000 | 666577 |
| 4 | 138000 | 138000 | 63000 | 61241 |
| 5 | 136000 | 136000 | 229000 | 228217 |
| 6 | - | - | 44000 | 43700 |
| 7 | 467000 | 467000 | 175000 | 131228 |
| 8 | - | - | 50000 | 50000 |

Cont......

Table No.2.14 Cont.....

| Sr. No. | | 15 | 16 | 17 | 18 |
|---|---|---|---|---|---|
| 9 | | 391000 | 391000 | 598000 | 589674 |
| 10 | | 593000 | 693000 | 606000 | 586810 |
| 11 | | 199000 | 199000 | 41000 | 40637 |
| 12 | | 257000 | 257000 | 468000 | 407313 |
| 13 | | - | - | 222000 | - |
| 14 | | 667000 | 667000 | 818000 | 519281 |
| 15 | | 268000 | 268000 | 36000 | 29498 |
| 16. | | 537000 | 537000 | 759000 | 759000 |
| 17 | Aria Davelopment | - | - | 116000 | 109686 (90.3) |
| | Total : | 5157000 | 5157000 | 5568000 | |

Cont...

Table 2.14 Cont....

| Sr. No. | 1985-86 Bud. Provision | Expen. incurred | 1986-87 Bud. Provision | Expen. incurred |
|---|---|---|---|---|
| 1 | 19 | 20 | 21 | 22 |
| 1 | 500000 | 500000 | 546000 | 546000 |
| 2 | - | - | 54000 | 54000 |
| 3 | 570000 | 570000 | 301000<br>217000 | 301000<br>217000 |
| | | | 518000 | 518000 |
| 4 | 50000 | 50000 | 16000 | 16000 |
| 5 | 4350000 | 434670 | 30000 | 30000 |
| 6 | - | - | - | - |
| 7 | 250000 | 250000 | 124000 | 124000 |
| 8 | 138000 | 138000 | 630000 | 630000 |

Cont....

Table 2.14 Cont...

| Sr. No. | 19 | 20 | 21 | 22 |
|---|---|---|---|---|
| 9 | 666000 | 666000 | 520000 | 520000 |
| 10 | 467000 | 467000 | 866000 | 866000 |
| 11 | 165000 | 165000 | 45000 | 45000 |
| 12 | 395000 | 395000 | 414000 | 414000 |
| 13 | 44000 | 44000 | - | - |
| 14 | 700000 | 700000 | 818000 | 817625 |
| 15 | 177000 | 177000 | 230000 | 230000 |
| 16 | 740000 | 740000 | 740000 | 740000 |
| 17 | - | - | - | - |
| Total : | 5251670 | 5251670 | 5255000 | 5254675 |

## પ્રકરણ - ૩

## આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારના વિકાસની સમાલોચના

- પ્રાસ્તાવિક
- વસ્તી
- શિક્ષણ
- વ્યવસાય-રોજગારી
- જમીનના ઉપયોગ
- સિંચાઇ
- વીજળી
- પશુપાલન
- સહકારી મંડળીઓ
- બેંકોવ્યવસ્થા
- વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર
- આરોગ્ય, કુટુંબ નિયોજન

## પ્રકરણ - ૩

## આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારના વિકાસની સમાલોચના

અગાઉ જણાવ્યું કે ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાંનો એક સુરત જિલ્લો છે. તેના તેર તાલુકામાંથી ૯ તાલુકા તો આદિવાસી તાલુકા જ છે અને ત્રણ તાલુકા પોકેટસ તરીકે છે. અને તેથી તેનો વિસ્તાર બહોળો બની જાય છે. એટલે સ્વાભાવિક રીતે એક પ્રાયોજના દ્વારા તેનો વહીવટ કરવો મુશ્કેલ બને. આ રીતે તેના ૯ તાલુકાને બે પ્રાયોજનામાં વહેંચી દેવામાં આવ્યા છે અને જેમાં માંડવી, માંગરોલ, બારડોલી અને મહુવાની એક પ્રાયોજના માંડવી બને છે જ્યારે સોનગઢ, ઉચ્છલ, નિઝર , વ્યારા અને વાલોડની બીજી પ્રાયોજના સોનગઢ બને છે. બાકીના ૪ તાલુકા ચોર્યાસી, કામરેજ, ઓલપાડ અને પલસાણા બિન આદિવાસી તાલુકા છે.અલબત્ત તેમાં પણ આદિવાસીની વસતી સારા પ્રમાણમાં છે અને ખાસ કરીને હળપતીની છે. આ ચાર તાલુકામાંથી કામરેજ અને પલસાણાનો કેટલાક ગામોને તો પહેલેથી જ માંડવી પોકેટસમાં ગણી લાભ અપાયા હતા અને ૧૯૮૬ થી ઓલપાડનો પણ કેટલાક ગામોને પોકેટસમાં ગણી તેનો પોકેટસ બનાવ્યો છે. ચોર્યાસી તાલુકાને આદિવાસીનો કલસ્ટર એરિયા ગણ્યો એટલે આમ તો આખો જિલ્લો જ આદિવાસી બને છે. પરંતુ બિન આદિવાસી પ્રમાણમાં આદિવાસી વિસ્તારની સરખામણી મૂલ્યાંકન એક ભાગરૂપે હતી સુરતમાં એક ચોર્યાસી તાલુકો જ બિન આદિવાસી તાલુકો છે જેની પ્રાયોજના કે પોકેટસમાં ગણના નથી પરંતુ તેનો મોટો ભાગ

સુરત શહેરમાં સમાઇ ગયેલો હોવાથી તેની સરખામણી યોગ્ય રીતે ન થાય તેથી ઓલપાડ, કામરેજ, પલસાણા અને ચોર્યાસી ચારે તાલુકાને પ્રાયોજનામાં તાલુકા નથી ગણ્યા એટલે બિન આદિવાસી તાલુકા ગણી આદિવાસી તાલુકાની પ્રાયોજના સાથે સરખામણી કરી છે. કારણકે આ ચાર તાલુકામાં બિન આદિવાસીનું પ્રમાણ સારું એવું છે. બીજું કે આ વિસ્તારમાં બે પ્રાયોજના છે, એટલે સ્વાભાવિક રીતે જ વિચારવાનું મન થાય કે કઇ પ્રાયોજનાનો વિસ્તાર વિકસિત છે અથવા લાભોની દ્રષ્ટિએ આગળ આવ્યો છે અને જિલ્લાના સમગ્ર આદિવાસી વિસ્તારનું ચિત્ર પણ સ્પષ્ટ થાય એ ખ્યાલમાં રાખી સોનગઢ અને માંડવી પ્રાયોજના તેમજ બિન આદિવાસી વિસ્તારના ચાર તાલુકાનો વિસ્તાર એમ જુદુ પાડી આ પ્રકરણમાં આદિવાસી અને બિન આદિવાસી તાલુકાના વિકાસની તુલનાત્મક સમાલોચના કરવા યથાર્થ પ્રયત્ન કર્યો છે.

ઉદ્દેશ્ય :

રાજ્યના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારના વિકાસ વચ્ચે પહેલેથી ઝાઝું અંતર રહેવા પામ્યું છે આ અંતર ઓછું કરવાના કે દૂર કરવાના આશયથી પેટાયોજના દ્વારા વિકાસ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવામાં આવ્યું વિકાસ કાર્યક્રમો દ્વારા એ અંતર કેટલું ઓછું થઇ શક્યું તે જોવાનું રહે છે એ માટે પેટાયોજના શરૂ કરવામાં આવી ત્યારની પરિસ્થિતિ અને અત્યારની પરિસ્થિતિ શું છે તે જાણવું જરૂરી બને છે.

આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં અત્યારે અને પહેલાં જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે વસતિ શિક્ષણ, ખેતી, પશુપાલન, આરોગ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, સહકાર

બેકીંગ વગેરેમાં થયેલા ફેરફારો પરથી એનો ખ્યાલ આવી શકશે.

વસતિ :

૧૯૮૧ના આંકડા મુજબ સુરત જિલ્લાની કુલ વસતિ ૨૪૯૩૨૧૧ છે જેમાં આદિવાસી વસતિ ૧૦૩૮૨૦૦ ( ૪૧.૬૪ % ) છે જેમાં માંડવી પ્રાયોજનામાં કુલ વસતિ ૫૫૯૩૫૫ છે જેમાં આદિવાસી વસતિ ૩૭૮૧૬૪ ( ૬૭.૬૧ % ) છે. જયારે સોનિગઢ પ્રાયોજના વિસ્તારની વસતિ ૫૨૭૯૭૧ છે જેમાં આદિવાસી વસતિ ૪૪૦૭૩૦ ( ૮૩.૪૮ ટકા ) છે.

કોઠા નંબર ૩.૧ માં ૧૯૭૧ અને ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની વસતિનું પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે.

## કોઠો : ૩.૧

### ૧૯૭૧ અને ૧૯૮૧ ની વસતિનો વિકાસ દર

| ક્રમ | વિસ્તાર | ૧૯૮૧ કુલ વસતી | ૧૯૮૧ આદિવાસી વસતી | ૧૯૭૧ કુલ વસતી | ૧૯૭૧ આદિવાસી વસતી | દસકાનો વધઘટનો દર કુલ વસતી | દસકાનો વધઘટનો દર આદિવાસી વસ્તી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | અ. માંડવી | ૫૫૯૩૮૫ | ૩૭૮૧૬૪ | ૪૫૦૨૪૧ | ૩૦૪૬૧૯ | ૨૪.૨૩ | ૨૩.૪૯ |
| | બ. સોનગઢ | ૫૨૭૯૭૧ | ૪૪૦૭૩૦ | ૪૫૭૫૦૨ | ૩૭૦૪૧૯ | ૧૫.૪૦ | ૧૮.૯૮ |
| | કુલ | ૧૦૮૭૩૨૬ | ૮૧૮૮૯૪ | ૯૦૭૭૪૩ | ૬૭૫૦૩૮ | ૧૯.૭૮ | ૨૧.૩૧ |

ચાલુ..

કોઠો : ૩.૧.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૧૪૦૫૮૮૫ | ૨૧૯૩૦૬ | ૮૭૯૧૮૧ | ૧૪૨૬૩૯ | ૫૯.૯૧ | ૫૩.૭૫ |
| ૩ | સુરત શહેર | ૨૪૯૩૨૧૧ | ૧૦૩૮૨૦૦ | ૧૭૮૬૯૨૪ | ૮૧૭૬૭૨ | ૩૯.૫૩ | ૨૬.૯૬ |

પ્રાપ્તિ સ્થાન : સુરત જિલ્લાની વસતિ ગણતરી પુસ્તિકા

આદિવાસી વિસ્તારમાં આદિવાસી વસતિ વધારાનું પ્રમાણ એ વિસ્તારના કુલ વસતિ વધારાના પ્રમાણમાં વધુ છે પરંતુ તે ફેરફાર નહીંવત્ છે. જેમકે કુલ વસ્તી વધારો ૧૯.૭૮ ટકા છે. જ્યારે આદિવાસી વસતી વધારો ૨૧.૩૧ છે અને તે વધારો પણ સોનગઢ વિસ્તારમાં વધુ છે. માંડવીમાં તો તે ઘટાડો જ નોંધાયો છે. આ સૂચક બાબત છે કે માંડવી વિસ્તારના તાલુકામાંથી આદિવાસીઓની વસતીનો વધારો બીજા આદિવાસી વિસ્તાર કરતાં ઘટવા પામ્યો એનું કારણ કે ત્યાં વસતા આદિવાસીઓ ધીરે ધીરે સ્થળાંતર કરે છે અને તેનું સૂચક બળ પણ મળે છે. તે છેલ્લા દાયકામાં સુરત જિલ્લાના બિન આદિવાસી વિસ્તારમાં કુલ વસતી તેમજ આદિવાસી વસતી બન્નેના વધારાનો દર ઉંચો છે અને જો કુલ વસતીનો દર ૫૪.૯૧ ટકા અને આદિવાસી વસતીનો દર ૫૩.૭૫ ટકા છે એટલે તફાવત નહીંવત્ ઓછો છે. આ વધારાનો દર મોટે ભાગે ચોર્યાસી તાલુકાનો છે કે જ્યાં સુરત શહેર છે આપણને ખબર છે કે છેલ્લા દાયકામાં શહેરોની વસતી વધી છે પરંતુ તેમાં પણ સુરત શહેરની વસતીનો સારી એવી વધી છે. આનું મુખ્ય કારણ આ શહેરમાં હીરાઉદ્યોગ, કૃત્રિમ રેશાવાળા કાપડના યાનોના ઉદ્યોગો વિકાસ પામ્યા અને તે કામ માટે આજુબાજુના વિસ્તારના માણસો પણ આવ્યા તે જેમાં મોટો ભાગ આદિવાસીનો જે અકુશળ હતો. વળી હીરા ઉદ્યોગ માટે તો સૌરાષ્ટ્ર અને બનાસકાંઠા માંથી પણ ઘણા બિન આદિવાસીઓ આવ્યા જેમણે ઘંટી નાંખી અને કારીગર તરીકે આદિવાસી તેમજ અન્ય બિન કુશળને રાખ્યા. આર્થિક પ્રલોભનથી ઘણા આદિવાસીનું આ રીતે સ્થળાંતર વધ્યું વળી, આ વિસ્તારના કેટલાક આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યુ તેથી નોકરી અર્થે પણ બહાર ગયા અને તેથી વસતીનો દર બિન આદિવાસી વિસ્તારના પ્રમાણમાં ઓછો રહેવા પામ્યો છે.

## કોઠો : ૩.૨

### સુરત જિલ્લાની વસતિમાં પુરુષ-સ્ત્રીની વસતિનું પ્રમાણ

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૧ પુરુષ | ૧૯૭૧ સ્ત્રી | ૧૯૭૧ કુલ | ૧૯૮૧ પુરુષ | ૧૯૮૧ સ્ત્રી | ૧૯૮૧ કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી કુલ વસતિ | ૨૨૭૩૯૪ | ૨૨૨૮૪૭ | ૪૫૦૨૪૧ | ૨૮૨૧૩૭ | ૨૭૭૨૧૮ | ૫૫૯૩૫૫ |
| | ~~માંડવી~~ આદિવાસી વસ્તિ | ૧૫૩૪૭૪ | ૧૫૧૧૪૫ | ૩૦૪૬૧૯ | ૧૮૯૪૦૦ | ૧૮૭૭૬૪ | ૩૭૭૧૬૪ |
| | સોનગઢ કુલ વસતિ | ૨૩૩૭૯૨ | ૨૨૩૭૧૦ | ૪૫૭૫૦૨ | ૨૬૫૪૯૫ | ૨૬૨૪૭૬ | ૫૨૭૯૭૧ |
| | ~~સોનગઢ~~ આદિવાસી વસ્તિ | ૧૮૭૦૭૩ | ૧૮૩૩૪૬ | ૩૭૦૪૧૯ | ૨૨૦૪૯૩ | ૨૨૦૨૩૭ | ૪૪૦૭૩૦ |
| | બંને આદિવાસી વિસ્તારની કુલ વસતિ | ૪૬૧૧૦૬ | ૪૪૬૫૫૭ | ૯૦૭૭૪૩ | ૫૪૭૬૩૨ | ૫૩૯૬૯૪ | ૧૦૮૭૩૨૬ |
| | આદિવાસી વસતિ | ૩૪૦૫૪૭ | ૩૩૪૪૯૧ | ૬૭૫૦૩૮ | ૪૦૯૮૯૩ | ૪૦૯૦૦૧ | ૮૧૮૮૯૪ |

ચાલુ..

કોઠો : ૩.૨.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | | | | | | |
| | કુલ વસતિ | ૪૫૬૭૦૮ | ૪૨૨૪૭૩ | ૮૭૯૧૮૧ | ૭૪૮૦૭૬ | ૬૫૭૮૦૯ | ૧૪૦૫૮૮૫ |
| | આદિવાસી વસતિ | ૭૮૧૩૦ | ૭૪૫૧૪ | ૧૫૨૬૪૪ | ૧૧૩૦૨૦ | ૧૦૬૨૮૬ | ૨૧૯૩૦૬ |
| ૩ | સુરત જિલ્લો | | | | | | |
| | કુલ વસતિ | ૯૧૭૮૯૪ | ૮૬૯૦૩૦ | ૧૭૮૬૯૨૪ | ૧૨૯૫૭૦૮ | ૧૧૯૭૫૦૩ | ૨૪૯૩૨૧૧ |
| | આદિવાસી વસતિ | ૪૧૮૬૭૭ | ૪૦૯૦૦૫ | ૮૨૭૬૮૨ | ૫૨૨૯૧૩ | ૫૧૫૨૮૭ | ૧૦૩૯૨૦૦ |

કોઠો : ૩.૨ માં સુરત જિલ્લાની ૧૯૭૧ અને ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ સુરત જિલ્લાની કુલ વસ્તી અને આદિવાસી વસતીમાં સ્ત્રી પુરુષોનું પ્રમાણ દર્શાવ્યું છે. આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં સ્ત્રીનું પ્રમાણ ઓછું રહયું છે. ગુજરાતના કેટલાક વિસ્તારમાં તો પુરુષો કરતાં સ્ત્રીનું પ્રમાણ વધુ છે પરંતુ હવે આ આંકડા પરથી ફલિત થાય છે કે હવે આદિવાસી વિસ્તારમાં ~~અને~~ પણ ~~આદિવાસીઓ~~ પણ બિન આદિવાસી વિસ્તાર ~~ની~~ જેમ પુરુષોના પ્રમાણમાં સ્ત્રીનું પ્રમાણ ઓછું રહેવા પામ્યું છે અલબત્ત માંડવી અને સોનગઢ વિસ્તારમાં આ ફેરફાર નજીવો છે.

## કોઠો : ૩.૩

### સુરત જિલ્લામાં જાતિ પ્રમાણે વસતિનું પ્રમાણ

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૧ | | | | ૧૯૮૧ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુજન જાતિ | અનુ. જાતિ | અન્ય | કુલ | અનુજન જાતિ | અનુ જાતિ | અન્ય | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | | | |
| | અ. માંડવી | | | | | | | | |
| | વસતિ | ૩૦૪૬૧૯ | ૧૩૨૧૫ | ૧૩૨૪૦૭ | ૪૫૦૨૪૧ | ૩૭૮૧૫૪ | ૧૬૦૮૯ | ૧૬૫૧૧૭ | ૫૫૯૩૫૫ |
| | ટકા | ૬૭.૬૬ | ૨.૯૩ | ૨૯.૪૧ | | ૬૭.૬૧ | ૨.૮૭ | ૨૯.૫૨ | |
| | બ. સોનગઢ | ૩૭૦૪૧૯ | ૪૫૮૫ | ૮૨૪૯૮ | ૪૫૭૫૦૨ | ૪૪૦૭૩૦ | ૫૭૦૫ | ૮૧૫૩૬ | ૫૨૭૯૭૧ |
| | | ૮૦.૯૭ | ૧.૦ | ૧૮.૦૩ | | ૮૩.૪૮ | ૧.૦૮ | ૧૫.૪૪ | |

ચાલુ..

કોઠો : ૩.૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી | ૧૫૨૬૪૪ | ૪૫૭૫૮ | ૬૮૦૭૭૯ | ૮૭૯૨૮૧ | ૨૧૯૩૦૬ | ૬૯૮૫૩ | ૧૧૧૬૭૨૬ | ૧૪૦૫૮૨૫ |
| | વિસ્તાર | ૧૭.૩૭ | ૫.૨૦ | ૭૭.૪૩ | | ૧૫.૬૦ | ૪.૯૭ | ૭૯.૪૩ | |
| ૩ | સુરત જિલ્લો | ૮૨૭૬૮૨ | ૬૩૫૫૮ | ૮૯૫૬૮૪ | ૧૭૮૬૯૨૫ | ૧૦૩૮૨૦૦ | ૯૧૬૪૨ | ૧૩૬૩૩૬૭ | ૨૪૯૩૨૧૧ |
| | | ૪૬.૩૨ | ૩.૫૬ | ૫૦.૧૨ | | ૪૧.૬૪ | ૩.૬૮ | ૫૪.૬૮ | |

કોઠા નંબર ૩.૩ સુરત જિલ્લાની આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારોની જાતિ પ્રમાણે વસતિ દર્શાવે છે. માંડવી પ્રાયોજનામાં ૧૯૭૧ના પ્રમાણમાં ૧૯૮૧માં આદિવાસી વસતીમાં નજીવો ઘટાડો નોંધાયો છે. પણ એ નોંધનીય ફેરફાર થવા પામ્યો નથી. જેટલો અનુસૂચિત જાતિ અને જનજાતિમાં ઘટાડો નોંધાયો તેટલા પ્રમાણમાં બિન આદિવાસી વસતીમાં વધારો નોંધાયો છે. આમ સરવાળે બિન આદિવાસી વસતી આદિવાસી વિસ્તારમાં વધવા પામી છે. બિન આદિવાસી વિસ્તારમાં પણ ૧૯૭૧ થી ૧૯૮૧ના દાયકા દરમ્યાન અનુજનજાતિ વસતિમાં ઘટાડો નોંધાયો છે અને તે લગભગ ૧.૩૭ ટકાનો છે જે ઉલ્લેખનીય છે. અલબત્ત અનુસૂચિત જાતીની વસતી પણ ઘટવા પામી છે. પણ તેનો ઘટાડો ફક્ત ૦.૧૩ ટકા જ છે. એટલે નોંધપાત્ર નથી. જ્યારે બીજી બાજુ બિન આદિવાસી વસતિમાં ૨ ટકાનો વધારો નોંધાવા પામ્યો છે.

સમગ્ર જિલ્લાની દ્રષ્ટિએ જોઈએ તો અનુસૂચિત જનજાતિની વસતિમાં સારો એવો ઘટાડો નોંધાયો છે જે ૪.૫૮ ટકાનો છે. ૧૯૭૧માં અનુ.જનજાતિની વસતી ૪૬.૩૨ ટકા હતી જે ૧૯૮૧માં ઘટીને ૪૧.૬૪ ટકા થઈ આમ અગાઉના કોઠામાં જણાવ્યું કે માંડવી પ્રાયોજનામાંથી સ્થળાંતર સુરત થયુ હોય એ ધારણા અહીં મોટી પડે છે આનો અર્થ એ ~~કહી શકાય~~ કે પ્રાયોજના ~~શહેર~~ તેમજ ~~શહેર~~ સમગ્ર જિલ્લામાં ખાસ કરીને સુરત શહેરમાં અગાઉ જણાવ્યું તે મુજબ બહારથી બિન આદિવાસી અહીં આવવા માંડયા. આથી આદિવાસી વસતીની ટકાવારી તેમના પ્રમાણમાં ઘટવા પામી છે આમ આદિવાસીઓનું migration (સ્થળાંતર) એમ કહીએ એના કરતાં એમ કહેવું યોગ્ય છે કે બહારથી બિન આદિવાસીઓ અહીંયાં immigration (સ્થળાંતર) થયા છે. સોનગઢ પ્રાયોજના વિસ્તારમાં નોકરી અને ધંધાની તક ઓછી

હોવાને કારણે ત્યાં આદિવાસી વસતીમાં વધારો નોંધાયો છે અને અન્ય જાતીની વસતીમાં ઘટાડો નોંધાયો છે. આમ માંડવી પ્રાયોજનાના સંદર્ભમાં કહી શકાય કે આ વિસ્તારમાં રાજ્ય અને જિલ્લાની સરખામણીમાં કુલ વસ્તી તેમજ આદિવાસી વસતીમાં નોંધનીય વધારો થયો નથી.

કોઠા નંબર ૩.૪ વસતીની ગીચતા ( ઘનતા ) દર્શાવે છે. ૧૯૭૧ થી ૧૯૮૧ દરમ્યાન માંડવી પ્રાયોજનામાં દર ચો.કિ.મિ. વસતીની ગીચતામાં લગભગ ૪૬નો વધારો થયો છે. ૧૯૭૧માં એ ૨૦૦.૪૪ હતી જે ૧૯૮૧માં ૨૪૬.૯૮ જયારે બિન આદિવાસી વિસ્તારમાં આ દાયકા દરમ્યાનના વસતીની ગીચતામાં ૩૪૦નો વધારો નોંધાયો છે જયારે સમગ્ર જિલ્લામાં તે ૯૫નો વધારો નોંધાયો છે. આમ આદિવાસી વિસ્તાર કરતા બિન આદિવાસી વિસ્તારમાં ગીચતા વધી છે તેનું મુખ્ય કારણ સુરત શહેરની વધેલી વસતિ છે અને આજુબાજુમાં ઔદ્યોગિક એકમો થવાથી પણ બહારથી સારું એવું સ્થળાંતર થયું છે. માંડવી પ્રાયોજનામાં ગીચતા વધી નથી પરંતુ સોનગઢ પ્રાયોજનાની સરખામણીમાં ત્યાં પણ વધી છે. જે કોઠા પરથી સ્પષ્ટ થશે. ગુજરાતના બીજા આદિવાસી વિસ્તારોના પ્રમાણમાં માંડવી પ્રાયોજનામાં બારડોલી મહુવા તેમજ વિકસિત હોવાને કારણે અને પ્રાથમિક જરૂરિયાતની સુવિધા હોવાથી ત્યાંની વસતીનું સ્થળાંતર પ્રમાણમાં ઓછું થાય છે. અને તેથી ઔદ્યોગિક વિસ્તારને ખ્યાલમાં ન રાખીએ તો તો કહી શકાય કે દાયકા દરમ્યાન બીજા પ્રદેશમાં પ્રમાણમાં ત્યાં વસતીની ગીચતા વધવા પામી છે. જે માંડવી પ્રાયોજનામાં મળતી સવલતોને આભારી ગણાવી શકાય.

## કોઠો : ૩.૪

આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની વસતિની ઘનતા દર્શાવતો કોઠો

| ક્રમ | વિસ્તાર | વર્ષ | ક્ષેત્રફળ ચો.કિ.મિ. | વસતિ | દર ચો.કિ.મિ. વસતિની ઘનતા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આદિવાસી | | | | |
| | માંડવી | ૧૯૭૧ | ૨૨૪૬.૩ | ૪૫૦૨૪૧ | ૨૦૦.૪૪ |
| | સોનગઢ | ૧૯૭૧ | ૨૫૯૨.૨ | ૪૫૭૫૦૨ | ૧૭૬.૪૭ |
| | માંડવી | ૧૯૮૧ | ૨૨૬૪.૮ | ૫૫૯૩૫૫ | ૨૪૬.૯૮ |
| | સોનગઢ | ૧૯૮૧ | ૨૮૯૭.૨ | ૫૨૭૯૭૧ | ૧૮૨.૨૩ |

ચાલુ..

કોઠો : ૩.જ... ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી | ૧૯૭૧ | ૧૮૫૦.૦૦ | ૮૭૯૧૯૦ | ૪૭૫.૨૪ |
| | વિસ્તાર | ૧૯૮૧ | ૧૪૪૮.૯ | ૧૪૦૫૮૮૫ | ૮૧૪.૪૮ |
| ૩ | સુરત જિલ્લો | ૧૯૭૧ | ૭૭૪૫.૦૦ | ૧૭૮૬૯૨૪ | ૨૩૦.૭૨ |
| | | ૧૯૮૧ | ૭૬૫૭.૦૦ | ૨૪૯૩૨૧૧ | ૩૨૫.૬૧ |

## શિક્ષણ :

જુદા જુદા ક્ષેત્રોમાં વિકાસની વેગવતી બનાવવામાં જે તે વિસ્તારના લોકોની સાક્ષરતા મહત્ત્વનો ભાગ ભજવે છે. અને એટલા જ માટે પંચવર્ષીય યોજનામાં શિક્ષણને અગત્યાનું ક્રમે મુકવામાં આવ્યું અને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરવામાં આવ્યું અને ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષથી મધ્યાહન ભોજનના જેવા કાર્યક્રમો આપી શિક્ષણનો દર ઊંચો લઇ જવા પ્રયત્ન કર્યો છે. આ બધા પ્રયત્નોના ફળ સ્વરૂપે ૧૯૭૧ અને ૧૯૮૧માં કુલ સાક્ષરતા અને આદિવાસીની સાક્ષરતા કેટલી છે તેની માહિતી કોઠા નંબર ૩.૫ માંથી મળે છે.

## કોઠો : ૩.૫

### આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં શિક્ષણની સાક્ષરતા દર્શાવતો કોઠો

| ક્રમ | વિસ્તાર | | ૧૯૭૧ કુલ શિક્ષણ ટકા | ૧૯૭૧ આદિવાસી શિક્ષણ ટકા | ૧૯૮૧ કુલ શિક્ષણ ટકા | ૧૯૮૧ આદિવાસી શિક્ષણ ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | |
| | માંડવી | પુરુષ | ~~૧૭.૬૦~~ ૩૮.૬૬ | ૨૫.૭૫ | ૪૭.૨૯ | ૩૪.૭૫ |
| | | સ્ત્રી | ૨૩.૧૬ | ૯.૩૦ | ૩૦.૫૬ | ૧૭.૫૩ |
| | | કુલ | ૩૧.૫૨ | ૧૭.૬૦ | ૩૯.૦૦ | ૨૬.૧૫ |

ચાલુ..

કોઠો : ૩.૫... ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| સોનગઢ | પુરુષ | ૩૧.૪૯ | અપ્રાપ્ય | ૪૦.૦૧ | ૩૩.૪૯ |
| | સ્ત્રી | ૧૩.૭૪ | અપ્રાપ્ય | ૨૧.૮૫ | ૧૫.૮૮ |
| | કુલ | ૨૨.૩૭ | ૧૪.૭૦ | ૩૦.૯૮ | ૨૪.૬૯ |
| આદિવાસી વિસ્તાર | પુરુષ | ૩૫.૫૪ | અપ્રાપ્ય | ૪૩.૭૬ | ૩૪.૦૭ |
| | સ્ત્રી | ૧૮.૪૦ | અપ્રાપ્ય | ૨૬.૩૨ | ૧૬.૬૪ |
| | કુલ | ૨૬.૯૧ | ૨૪.૧૧ | ૩૫.૧૧ | ૨૫.૩૬ |
| ૨ બિન આદિવાસી વિસ્તાર | | | | | |
| | પુરુષ | ૬૧.૦૯ | અપ્રાપ્ય | ૬૩.૨૨ | ૨૬.૦૯ |
| | સ્ત્રી | ૪૨.૮૬ | અપ્રાપ્ય | ૪૭.૨૦ | ૧૦.૬૭ |
| | કુલ | ૫૨.૮૮ | ૧૦.૦૦ | ૫૫.૭૩ | ૧૮.૫૯ |

ચાલુ..

કોઠો : ૩.૫.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| | સુરત જિલ્લો | | | | |
| | પુરુષ | ૪૮.૧૭ | અપ્રાપ્ય | ૫૪.૯૯ | ૩૨.૬૪ |
| | સ્ત્રી | ૩૧.૧૧ | અપ્રાપ્ય | ૩૭.૭૯ | ૧૫.૪૦ |
| | કુલ | ૪૩.૪૦ | ૧૭.૧૦ | ૪૬.૭૩ | ૨૩.૯૩ |

સમગ્ર જિલ્લાની દ્રષ્ટિએ તપાસીએ તો કુલ શિક્ષણમાં દાયકામાં ૭.૨૩ ટકાનો વધારો નોંધાયો. ૧૯૭૧માં તે ૩૯.૪૦ ટકા હતું તે વધીને ૧૯૮૧માં ૪૬.૭૩ થયું છે. બિન આદિવાસી વિસ્તારમાં તે વધારો ફક્ત ૨.૮૫ ટકાનો જ નોંધાયો છે. ૧૯૭૧માં ૫૨.૮૮ હતું તે વધીને ૧૯૮૧માં ૫૫.૭૩ થયું જ્યારે આદિવાસી વિસ્તારમાં આ વધારો ૮.૨૦ ટકાનો નોંધાયો છે તેમાં માંડવી વિસ્તારમાં તે વધારો ૭.૪૮ નો થયો છે. જે ઉલ્લેખનીય છે પરંતુ કોઠામાં તપાસીશું તો આદિવાસી શિક્ષણનું ચિત્ર કંઇ જ કુલ શિક્ષણ જેવું જ દેખાય છે. સરેરાશ ૮ થી ૯ ટકા જેટલું શિક્ષણ દાયકામાં વધવા પામ્યું છે. અહીયાં તાલુકાવાર આંકડા નથી આપ્યા પરંતુ માંડવી પ્રાયોજનામાં આવેલા મહુવા તાલુકાઓનું સ્ત્રી શિક્ષણ ૨૯.૯૫ ટકા છે જે ગુજરાતના કોઇ પણ તાલુકા કરતા આદિવાસી સ્ત્રી શિક્ષણમાં સૌથી વધુ છે અને એ રીતે આ પ્રાયોજનામાં બીજા પ્રાયોજના કરતા પ્રમાણમાં સ્થિતિ સારી છે. છતાં પણ આ દર ઓછો છે. કારણકે આ શિક્ષણમાં તો ફક્ત વાંચી લખી શકે તેવી વ્યક્તિઓનો સમાવેશ થયેલો છે એટલે ૭૩ ટકા લોકો તો હજી એવા છે કે જેઓ લખતા વાંચતા નથી આવડતું જે કોઇ વિકસતા સમાજ માટે ચિંતા ઉપજાવે તેવી પણ છે. અને જિલ્લાના કુલ શિક્ષણના પ્રમાણમાં તો આદિવાસીમાં શિક્ષણ અર્ધું છે તેમાં સોનગઢમાં ઘણું ઓછું છે માંડવીમાં સારું છે પણ તે કુલના પ્રમાણમાં ૧૩ ટકા જેટલું ઓછું છે. એટલે હજુ પણ આ વિસ્તારમાં આદિવાસી શિક્ષણમાં વધારો કરવા પ્રયત્ન કરવાની જરૂર છે.

હવે આપણે આદિવાસી તેમજ બિન આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો દર ઊંચો લાવવા માટે શૈક્ષણિક સુવિધાઓનું માં દાયકાઓ કેવો પ્રયત્ન કર્યા કે કોઠા નંબર ૩.૬ના આધારે જાણવા પ્રયત્ન કરીશું.

## કોઠો : ૩.૬

**સુરત જિલ્લામાં આવેલા આદિવાસી અને બિન આદિવાસી જિલ્લાઓમાં કરવામાં આવેલી શૈક્ષણિક સુવિધા**

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૫-૭૬ પ્રાથમિક શાળા | ૧૯૭૫-૭૬ માધ્યમિક ઉચ્ચ માધ્યમિક | ૧૯૭૫-૭૬ ઉચ્ચ | ૧૯૭૫-૭૬ અન્ય | ૧૯૮૪-૮૫ પ્રાથમિક | ૧૯૮૪-૮૫ માધ્ય ઉચ્ચ માધ્યમિક | ૧૯૮૪-૮૫ ઉચ્ચ | ૧૯૮૪-૮૫ અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | | | |
| | માંડવી | ૫૫૯ (૩૪.૮૯) | ૩૯ (૨૭.૭૬) | ૨ (૧૧.૧૧) | - | ૬૪૫ (૩૧.૫૯) | ૫૧ (૨૬.૦૨) | ૨ (૧૩.૩૩) | - |
| | સોનગઢ | ૬૬૯ (૩૮.૯૬) | ૨૭ (૧૯.૦૧) | ૨ (૧૧.૧૧) | ૨ (૨૦.૦૦) | ૭૩૬ (૩૬.૦૪) | ૪૬ (૨૩.૪૭) | ૧ (૬.૬૭) | ૨ (૨૨.૨૨) |

ચાલુ..

કોઠો : ૩.૬.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | ૧૨૬૮ (૭૩.૮૫) | ૬૬ (૪૬.૪૭) | ૪ (૨૨.૨૨) | ૨ (૨૦.૦૦) | ૧૩૮૧ (૬૭.૬૩) | ૯૭ (૪૯.૪૯) | ૩ (૨૦.૦૦) | ૨ (૨૨.૨૨) |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૪૪૯ (૨૬.૧૫) | ૭૬ (૧૩.૫૩) | ૧૪ (૭૭.૭૮) | ૮ (૮૦.૦૦) | ૬૬૧ (૩૨.૩૭) | ૯૯ (૫૦.૫૧) | ૧૨ (૮૦.૦૦) | ૭ (૭૭.૭૮) |
| ૩ | સુરત જિલ્લો | ૧૭૧૭ | ૧૪૨ | ૧૮ | ~~૧૪૯~~ ૧૦ | ૨૦૪૨ | ૧૯૬ | ૧૫ | ૯ |

નોંધ : કૌંસના આંકડા ટકાવારી દર્શાવે છે.

પ્રાપ્તિ સ્થાન : આંકડાકીય રૂપરેખા, સુરત જિલ્લો - ૧૯૭૫-૭૬, ૧૯૮૪-૮૫

સુરત જિલ્લાની આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની શૈક્ષણિક સુવિધાની સ્થિતિ જોતા માલુમ પડે છે કે પ્રાથમિક શાળાને લાગે વળગે છે ત્યાં સુધી આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસી વિસ્તાર કરતા સ્થિતિ સારી છે. પરંતુ ૧૯૭૫-૭૬ ની સરખામણીમાં ૧૯૮૪-૮૫ માં તેની ટકાવારી ઘટવા પામી છે. દા.ત. ૧૯૭૪-૭૫ માં સુરત જિલ્લાની કુલ પ્રાથમિક શાળામાં માંડવી પ્રાયોજનમાં ૩૪.૮૯ ટકા પ્રાથમિક શાળા હતી જે ૧૯૮૪-૮૫માં ૩૧.૫૯ ટકા થઇ આમ લગભગ ૩ ટકા ઘટી છે. બંને પ્રાયોજના વિસ્તાર થઇને તો ૬ ટકા ઘટી છે જયારે બિન આદિવાસીમાં ૬ ટકાનો વધારો થયો છે. આમ એક બાજુ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સ્તર ઊંચું જાય તેમ વિચારીએ છીએ જયારે બીજી બાજુ તેની પ્રાથમિક શાળાના વધવાની ટકાવારી ઘટવા પામી છે. અલબત્ત એટલું કહી શકાય કે આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાની જેટલી સુવિધા છે તે બિન આદિવાસી વિસ્તારમાં નથી દા.ત. માંડવી પ્રાયોજનામાં જ હાલમાં ૨૧ આશ્રમશાળા છે એટલે સરેરાશ તો પ્રાથમિક શિક્ષણમાં સુવિધા સરખી જ વધી છે. પરંતુ માધ્યમિક ઉચ્ચ અને અન્ય શિક્ષણ માટે તો ચોકકસપણે કહી શકાય કે બિન આદિવાસી વિસ્તારના પ્રમાણમાં આ સુવિધાનું પ્રમાણ ૧૯૭૪-૭૫ અને ૧૯૮૪-૮૫ બંનેમાં ઓછું છે. એટલું જ નહીં પ્રાથમિક શિક્ષણની જેમ તેની ટકાવારી પણ ૩ ટકા જેટલી ઘટવા પામી છે. બીજી બાજુ ઉત્તર બુનિયાદી આશ્રમશાળા પણ વધવા પામી નથી એટલે આદિવાસી વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક , ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની વધુ જોગવાઇ થવી જરૂરી છે. માંડવી પ્રાયોજનામાં ફકત બારડોલીમાં જ વિનયન, વાણિજય અને વિજ્ઞાન શાખા છે. જયારે બીજા કોઇ તાલુકામાં આ સગવડ નથી. માંડવી પ્રાયોજનામાં

એક પણ અધ્યાપન મંદિર કે ઉચ્ચ ટૅકનીકલનૈ અભ્યાસ માટેની કોઈ સગવડ નથી અને એ રીતે શૈક્ષણિક રીતે બિન આદિવાસી વિસ્તાર કરતાં વિકાસમાં જે પાછળ રહી જવા પામે છે તે માટે એક આ પરિબળ પણ અગત્યનો ભાગ ભજવે છે. સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં જે જુદી જુદી જાતિના કેટલા લોકો રહે છે તેમની માહિતી મેળવી હવે તેમાં કેટલા કમાનાર છે અને કેટલા બિન કમાનાર છે તેની માહિતી કોઠા નંબર ૩.૭ ના આધારે લઈએ.

## કોઠો : ૩.૭

**૧૯૭૧ અને ૧૯૮૧ વસતિ ગણતરી મુજબ આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં કમાનાર અને બિન કમાનારની માહિતી દર્શાવતો કોઠો**

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૧ કામ કરનાર | ૧૯૭૧ કામ ન કરનાર | ૧૯૭૧ સિમાંત | ૧૯૮૧ કામ કરનાર | ૧૯૮૧ કામ ન કરનાર | ૧૯૮૧ સિમાંત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી | ૧૮૧૯૪૨ (૪૦.૪૧) | ૨૬૮૨૯૯ (૫૯.૫૯) | - | ૨૪૩૬૯૭ (૪૩.૫૭) | ૨૪૪૯૦૦ (૫૨.૭૨) | ૨૦૬૫૮ (૩.૭૧) |
| | સોનગઢ | ૧૮૨૭૭૬ (૩૯.૯૫) | ૨૭૪૭૨૬ (૬૦.૦૫) | - | ૨૩૧૨૭૧ (૪૩.૮૧) | ૨૫૭૯૮૫ (૪૮.૮૬) | ૩૮૭૧૫ (૭.૩૩) |
| | કુલ | ૩૬૪૭૧૮ (૪૦.૧૮) | ૫૪૩૦૨૫ (૫૯.૮૨) | - | ૪૭૪૯૬૮ (૪૩.૬૮) | ૫૦૨૮૮૫ (૫૦.૮૫) | ૫૯૩૭૩ (૫.૪૭) |

ચાલુ...

કોઠો : ૩.૭... ચાલુ...

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૨૯૯૭૭૮૪ (૩૪.૧૦) | ૫૭૯૩૮૭ (૬૫.૯૦) | - | ૫૧૩૭૬૯ (૩૬.૫૫) | ૮૭૯૫૫૫ (૬૨.૫૬) | ૧૨૫૬૧ (૦.૮૯) |
| ૩ | સુરત જિલ્લો | ૬૬૪૫૦૨ (૩૭.૧૯) | ૧૧૨૨૪૨૨ (૬૨.૮૧) | - | ૯૮૮૭૩૭ (૩૯.૬૬) | ૧૪૩૨૪૪૦ (૫૭.૪૫) | ૭૨૦૩૪ (૨.૮૯) |

૧૯૮૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતીમાંથી આદિવાસી વિસ્તારમાં કુલ કામ કરનાર વર્ગ, કામ ન કરનાર વર્ગ અને કામના શોધમાં ફરનાર વર્ગનું પ્રમાણ અનુક્રમે ૪૬.૬૮ %, ૫૦.૮૫ % અને ૫.૪૭ ટકા છે. જ્યારે બિન આદિવાસી વિસ્તારમાં એનું પ્રમાણ અનુક્રમે ૩૬.૫૫ %, ૬૨.૫૬ ટકા અને ૦.૮૯ ટકા છે. આમ આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં કામ કરનાર વર્ગ ઓછો છે. જે બીજી પ્રાયોજનાના પ્રમાણમાં જુદું ચિત્ર બતાવે છે. બીજી પ્રાયોજનામાં બિન આદિવાસી વિસ્તારમાં કામ કરનાર વર્ગનું પ્રમાણ વધુ છે આમ માંડવી સોનિગઢ પ્રાયોજના વિસ્તારમાં બધા કરતાં કામ કરનાર વર્ગનું પ્રમાણ ઊંચું રહેવા પામ્યું છે એ બતાવે છે કે આ વિસ્તારમાં કામ કરનારને વિકાસના કાર્યક્રમોને કારણે કામ કરવાની તક મળી રહે છે. વળી ૧૯૭૧ ના પ્રમાણમાં ૧૯૮૧માં ત્યાં કામ કરનારો વર્ગ પણ ૩ ટકા વધ્યો છે. અલબત્ત સોનિગઢ કરતાં તે ઓછો છે. પરંતુ બીજા આદિવાસી વિસ્તારમાં રોજી મેળવનારની ટકાવારી ઘટવા પામી છે. તેના કરતાં ચિત્ર સારું છે. ૧૯૮૧ માં કામની શોધમાં છે એવી વ્યક્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેને marginal worker ( સિમાંત કામ કરનાર વર્ગ ) તરીકે ઓળખવામાં આવ્યો છે. આવી વ્યક્તિઓનું પ્રમાણ બિન આદિવાસી વિસ્તાર કરતાં વધુ છે. આદિવાસી વિસ્તારમાં આ પ્રમાણ ૫.૪૭ ટકા છે જ્યારે બીન આદિવાસી વિસ્તારમાં ફક્ત ૦.૮૯ ટકા જ છે. જોકે માંડવી પ્રાયોજનામાં તે ૩.૭૧ ટકા જ છે. આમ ૧૯૭૧ના પ્રમાણમાં ૧૯૮૧ માં આદિવાસી વિસ્તારમાં રોજગારીની તકો વધી છે તેથી બેકારી ઓછી થઇ છે. છતાં પણ મોટાના પ્રમાણમાં તે તકો વધી નથી એટલે જ્યારે બિન આદિવાસી વિસ્તારમાં ભલે કામ કરનાર વર્ગ ઓછો છે પરંતુ ત્યાં કામ કરનારો કામ

મળી રહે તેવી તકો ઊભેલી છે એટલે સિમાંત કામ કરનાર વર્ગની ટકાવારી નીચી છે. એટલે હજુ પણ પ્રાયોજિના વિસ્તારમાં વિકાસના કાર્યક્રમોને વેગ આપી જેને કામ કરવું છે તેને કામ મળી રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની જરૂર છે.

હવે આ કામ કરનાર વર્ગ છે તે કયા કયા પ્રકારનું કામ કરે છે તે કોઠા નંબર ૩.૮ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો : ૩.૮

આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારનું ધંધાકીય માળખું

| ક્રમ | વિસ્તાર | વર્ષ | ખેડૂત | ખેતમજૂર | ગૃહઉધોગ ઉધોગ પ્રોસેસ | અન્ય કામ કરનાર | ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી પ્રાયોજના | ૧૯૭૧ | ૬૫૦૦૨ (૧૪.૪૩) | ૮૫૫૮૩ (૧૯.૦૦) | ૧૭૦૩૪ (૩.૭૮) | ૧૪૪૨૩ (૩.૨૦) | |
| | | ૧૯૮૧ | ૮૨૭૧૮ (૧૪.૭૯) | ૧૦૧૯૦૭ (૧૮.૨૨) | ૪૫૦૧ (૦.૮૦) | ૫૪૫૭૧ (૯.૭૬) | |
| | સોનગઢ પ્રાયોજના | ૧૯૭૧ | ૮૫૭૦૧ (૧૮.૭૩) | ૬૦૪૮૫ (૧૩.૨૨) | ૨૬૧૯૩ (૫.૭૩) | ૧૦૩૯૭ (૨.૨૭) | |

ચાલુ..

કોઠો : ૩.૮.૧ ચાલુ..

| ક્રમ | વિસ્તાર | વર્ષ | કુલ કમાનાર<br>૮ | બિન કમાનાર<br>૯ | કુલ વસતિ<br>૧૦ |
|---|---|---|---|---|---|
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | |
| | માંડવી પ્રાયોજના | ૧૯૭૧ | ૧૮૧૯૪૨<br>(૪૦.૪૧) | ૨૬૮૨૯૯<br>(૫૯.૫૯) | ૪૫૦૨૪૧<br>(૧૦૦.૦૦) |
| | | ૧૯૮૧ | ૨૪૩૬૯૭<br>(૪૩.૫૭) | ૩૧૫૬૫૮<br>(૫૬.૪૩) | ૫૫૯૩૫૫<br>(૧૦૦.૦૦) |
| | સોનગઢ પ્રાયોજના | ૧૯૭૧ | ૧૮૨૭૭૬<br>(૪૦.૯૫) | ૨૭૪૭૨૬<br>(૬૦.૦૫) | ૪૫૭૫૦૨<br>(૧૦૦.૦૦) |

ચાલુ..

કોઠો : ૩.૮.૧ ચાલુ..

| ક્રમ | વિસ્તાર | વર્ષ | કુલ કમાનાર ૮ | બિન કમાનાર ૯ | કુલ વસતિ ૧૦ |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | |
| | માંડવી પ્રાયોજના | ૧૯૭૧ | ૧૮૧૯૪૨ (૪૦.૪૧) | ૨૬૮૨૯૯ (૫૯.૫૯) | ૪૫૦૨૪૧ (૧૦૦.૦૦) |
| | | ૧૯૮૧ | ૨૪૩૬૯૭ (૪૩.૫૭) | ૩૧૫૬૫૮ (૫૬.૪૩) | ૫૫૯૩૫૫ (૧૦૦.૦૦) |
| | સોનગઢ પ્રાયોજના | ૧૯૭૧ | ૧૮૨૭૭૬ (૪૦.૯૫) | ૨૭૪૭૨૬ (૬૦.૦૫) | ૪૫૭૫૦૨ (૧૦૦.૦૦) |

ચાલુ..

કોઠો : ૩.૮ ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૧ | ૧૧૪૫૦૭ (૨૧.૬૯) | ૭૨૬૧૨ (૧૩.૭૫) | ૫૯૦૧ (૧.૧૨) | ૩૮૨૫૧ (૭.૨૪) |
| | કુલ આદિવાસી વિસ્તાર | ૧૯૭૧ | ૧૫૦૭૦૩ (૧૬.૬૦) | ૧૪૬૦૬૮ (૧૬.૦૯) | ૪૩૨૨૭ (૪.૭૬) | ૨૪૮૨૦ (૨.૭૩) |
| | | ૧૯૮૧ | ૧૯૭૨૨૫ (૧૮.૧૪) | ૧૭૪૫૧૯ (૧૬.૦૫) | ૧૦૪૦૨ (૦.૯૬) | ૯૨૮૨૨ (૮.૫૩) |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૧૯૭૧ | ૨૯૫૦૬ (૩.૩૬) | ૭૪૮૭૩ (૮.૫૨) | ૧૨૧૦૦૮ (૧૩.૭૬) | ૭૪૩૯૭ (૮.૪૬) |
| | | ૧૯૮૧ | ૩૫૨૫૪ (૨.૫૧) | ૧૦૫૨૯૯ (૭.૪૯) | ૧૮૮૪૫ (૧.૩૪) | ૩૫૪૩૭૧ (૨૫.૨૦) |

ચાલુ..

ચાલુ..

કોઠો : ૩.૮.. ચાલુ..

| ક્રમ | વિસ્તાર | વર્ષ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|
| | | ૧૯૮૧ | ૨૩૧૨૭૧ (૪૩.૮૦) | ૨૯૬૭૦૦ (૫૬.૨૦) | ૫૨૭૯૭૧ (૧૦૦.૦૦) |
| | કુલ આદિવાસી વિસ્તાર | ૧૯૭૧ | ૩૬૪૭૧૮ (૪૦.૧૮) | ૫૪૩૦૨૫ (૫૯.૮૨) | ૯૦૭૭૪૩ (૧૦૦.૦૦) |
| | | ૧૯૮૧ | ૪૭૪૯૬૮ (૪૩.૬૮) | ૬૧૨૩૫૮ (૫૬.૩૨) | ૧૦૮૭૩૨૬ |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૧૯૭૧ | ૨૯૯૭૮૪ (૩૪.૧૦) | ૫૭૯૩૮૭ (૬૫.૯૦) | ૮૭૯૧૭૧ |
| | | ૧૯૮૧ | ૫૧૩૭૬૯ (૩૬.૫૪) | ૮૯૨૧૧૬ (૬૩.૪૬) | ૧૪૦૫૮૮૫ |

ચાલુ..

કોઠો : ૩.૮.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૩ | જિલ્લાનો સરવાળો | ૧૯૭૧ | ૧૮૦૨૦૯ (૧૦.૦૯) | ૨૨૦૯૪૧ (૧૨.૩૬) | ૧૬૪૨૩૫ (૯.૧૯) | ૯૯૨૧૭ (૫.૫૫) |
| | | ૧૯૮૧ | ૨૩૨૪૭૯ (૯.૩૩) | ૨૭૯૮૧૮ (૧૧.૨૨) | ૨૯૨૪૭ (૧.૧૭) | ૪૪૭૧૯૩ (૧૭.૯૪) |

ચાલુ..

કોઠો : ૩.૮.. ચાલુ..

| ક્રમ | વિસ્તાર | વર્ષ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|
| ૩ | જિલ્લાનો સરવાળો | ૧૯૭૧ | ૬૬૪૫૦૨ (૩૭.૧૯) | ૧૧૨૨૪૧૨ (૬૨.૮૧) | ૧૭૮૬૯૧૪ |
| | | ૧૯૮૧ | ૯૮૮૭૩૭ (૩૯.૬૬) | ૧૫૦૪૪૭૪ (૬૦.૩૪) | ૨૪૯૩૨૧૧ |

અગાઉ જોયું તે મુજબ માંડવી પ્રાયોજનામાં ૪૦.૪૧ ટકા લોકો જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા છે. ૧૯૮૧માં તે ટકાવારી ૪૩.૫૭ થાય છે. આ જુદી જુદી રોજગારીમાં મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરી છે તે સિવાય ગૃહઉધ્યોગ, પશુપાલન પ્રોસેસીંગ બાંધકામ વગેરે અને ચોથા અન્ય વિભાગમાં વ્યાપાર વાણિજ્ય વાહનવ્યવહાર સંદેશા વ્યવહાર અને બીજી સેવાઓ આવે છે. ૧૯૭૧ અને ૧૯૮૧ના આંકડા પરથી જોઇ શકાય છે કે આદિવાસી વિસ્તારમાં ખેતી અને ખેતમજૂરી કરનાર વર્ગની ટકાવારીમાં ખાસ ફેર પડયો નથી. પરંતુ ગૃહઉધ્યોગ, પશુપાલન પ્રોસેસીંગની ટકાવારી ઘટવા પામી છે. જયારે અન્ય કામગીરીની ટકાવારી વધવા પામી છે. બિન આદિવાસી વિસ્તારમાં ખેતી અને ખેતમજૂરીમાં ખાસ ફેરફાર થયેલો દેખાતો નથી. પણ ગૃહઉધ્યોગ પ્રોસેસીંગમાં સારો એવો ઘટાડો થયો છે. ૧૯૭૧માં તે ૧૩.૭૬[241] હતી તે ઘટીને ૧૯૮૧માં ૧.૩૪[241] થઇ છે આમ આદિવાસી વિસ્તારમાં આ કામગીરી ઘટવા પામી છે. પણ બિન આદિવાસી વિસ્તારમાં ઘટાડાનું પ્રમાણ વધુ છે. જયારે અન્ય કામગીરીઓ બિન આદિવાસીઓ વિસ્તારમાં દસકામાં લગભગ ત્રણ ઘણી ટકાવારી વધી છે. ૧૯૭૧માં તે ૮.૪૬[241] હતી તે વધીને ૧૯૮૧માં ૨૫.૨૦[241] થઇ છે. માંડવી પ્રાયોજના વિસ્તારમાં પણ તે ટકાવારીમાં લગભગ ત્રણ ઘણો વધારો થયો છે. આમ વ્યવસાયિક રીતે વધઘટની પરિસ્થિતિ બિન આદિવાસી તેમજ આદિવાસી વિસ્તારમાં સરખા જ રહેવા પામી છે. અલબત્ત કુલ કામ કરનારો વર્ગ આદિવાસી વિસ્તારમાં વધુ છે અને તેમાં મોટો ભાગ ખેતીના વ્યવસાયમાં જયારે બિન આદિવાસી વિસ્તારમાં વ્યવસાય કરનાર વર્ગમાં મોટો ભાગ અન્ય કામગીરીમાં રોકાયેલો છે. આનું મુખ્ય કારણ એ છે કે સુરત જિલ્લામાં બિન આદિવાસી વિસ્તારનો લગભગ અર્ધો ભાગ સુરત શહેર છે એવી આ ચિત્ર જોવા મળે છે.

## કોઠો : ૩.૯

### જમીનના ઉપયોગિતા અંગેનો કોઠો

| ક્રમ | વિસ્તાર | ચોખ્ખો વાવેતર વિસ્તાર | જંગલો | ૧૯૮૨-૮૩ ગૌચર | પડતર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી | ૧૫૭૭૮૦ (૬૩.૭૦) | ૪૯૩૨૦ (૧૯.૯૧) | ૧૦૭૨૨ (૪.૩૩) | ૬૭૭૨ (૨.૭૩) | ૨૩૧૧૨ (૯.૩૩) | ૨૪૭૭૦૬ (૧૦૦.૦૦) |
| | સોનગઢ | ૧૨૮૪૯૭ (૩૭.૪૧) | ૯૧૯૬૧ (૨૬.૭૭) | ૯૧૪૨ (૨.૬૬) | ૮૯૬૧ (૨.૬૧) | ૧૦૪૯૧૩ (૩૦.૫૫) | ૩૪૩૪૭૪ (૧૦૦.૦૦) |

ચાલુ..

ચાલુ..

કોઠો : ૩.૯.. ચાલુ..

| ક્રમ | વિસ્તાર | ** ચોખ્ખો વાવેતર વિસ્તાર | જંગલો | ૧૯૭૪-૭૫ ગોચર | પડતર | અન્ય | કુલ |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી | ૧૫૬૮૬૫ (૭૦.૧૭) | ૨૭૦૮૦ (૧૨.૧૧) | ૧૦૭૯૩ (૪.૮૩) | ૬૭૭૬ (૩.૦૩) | ૨૨૦૪૯ (૯.૮૬) | ૨૨૩૫૬૩ (૧૦૦.૦૦) |
| | સોનગઢ | ૧૨૯૨૨૮ (૪૨.૬૮) | ૭૫૨૨૪ (૨૪.૮૪) | ૯૧૪૨ (૩.૦૨) | ૧૦૭૪૭ (૩.૫૫) | ૭૮૪૪૭ (૨૫.૯૧) | ૩૦૨૭૮૮ (૧૦૦.૦૦) |

ચાલુ..

કોઠો : ૩.૯.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|
| | બંને આદિવાસી વિસ્તારનો સરવાળો | ૨૮૬૨૭૭ (૪૮.૪૨) | ૧૪૧૨૮૧ (૨૩.૯૦) | ૧૯૮૬૪ (૩.૩૬) | ૧૫૭૩૩ (૨.૬૬) | ૧૨૮૦૨૫ (૨૧.૬૬) | ૫૯૧૧૮૦ (૧૦૦.૦૦) |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૧૧૩૨૩૫ (૬૧.૨૧) | ૪૪૪ (૮૦.૨૪) | ૪૩૫૩ (૨.૩૫) | ૨૪૩૧૯ (૧૩.૧૫) | ૪૨૬૩૦ (૨૩.૦૫) | ૧૮૪૯૮૧ (૧૦૦.૦૦) |
| ૩ | સુરત જિલ્લો | ૩૯૯૫૧૨ (૫૧.૪૭) | ૧૪૧૭૨૫ (૧૮.૨૬) | ૨૪૨૧૭ (૩.૧૨) | ૪૦૦૫૨ (૫.૧૬) | ૧૭૦૬૫૫ (૨૧.૯૯) | ૭૭૬૧૬૧ (૧૦૦.૦૦) |

કોઠો : ૩.૯... ચાલુ..

| ક્રમ | વિસ્તાર | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|
| | બંને આદિવાસી વિસ્તારનો સરવાળો | ૨૮૬૦૯૩ (૫૪.૩૫) | ૧૦૨૩૦૪ (૧૯.૪૪) | ૧૯૯૩૫ (૩.૭૯) | ૧૭૫૨૩ (૩.૩૩) | ૧૦૦૪૯૬ (૧૯.૦૯) | ૫૨૬૩૫૧ (૧૦૦.૦૦) |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૧૩૦૧૨૦ (૭૦.૮૫) | ૬૬૫ (૦.૩૬) | ૪૩૪૬ (૨.૩૭) | ૧૨૧૨૪ (૬.૬૦) | ૩૬૪૧૧ (૧૯.૮૨) | ૧૮૩૬૬૬ (૧૦૦.૦૦) |
| ૩ | સુરત જિલ્લો | ૪૧૬૨૧૩ (૫૮.૬૨) | ૧૦૨૯૬૯ (૧૪.૫૦) | ૨૪૨૮૧ (૩.૪૨) | ૨૯૬૪૭ (૪.૧૮) | ૧૩૬૯૦૭ (૧૯.૨૮) | ૭૧૦૦૧૭ (૧૦૦.૦૦) |

ખેતી :

આ દિવાસી વિસ્તારનો મુખ્ય વ્યવસાય ખેતી અને ખેતમજૂરી છે. આપણે આગળના કોઠામાં જોયું અને તેથી કહી શકાય કે આ લોકોના વિકાસના આધાર બળ તરીકે હાલમાં તબક્કે તો ખેતી અને તેના આનુસંગિક વ્યવસાયો છે. આ ખેતી જેની પર થાય છે તે જમીનની વહેંચણી અંગેનો ખ્યાલ લઇએ તો ચિત્ર વધુ સ્પષ્ટ થશે. કોઠા નંબર ૩.૯ માં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં ખેડાણ હેઠળની જમીન, જંગલો, બિન ખેડાણ હેઠળની (પડતર) જમીન અને અન્ય ઉપયોગમાં લેવાયેલ જમીન વિષે માહિતી આપી છે. આદિવાસી વિસ્તાર અને બિન આદિવાસી વિસ્તારની ખેડાણ હેઠળની જમીનની ટકાવારીમાં ખાસ ફેર પડતો નથી. પરંતુ આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં ખેડાણ હેઠળની જમીનનો જે ઘટાડો નોંધાયો છે તેમાં ફેર છે. માંડવી પ્રાયોજનામાં ૧૯૭૪-૭૫ કરતાં ૧૯૮૨-૮૩માં ખેડાણ હેઠળની જમીનમાં ૬.૪૭ ટકાનો ઘટાડો થયો જયારે બિન આદિવાસી વિસ્તારમાં તે ૯.૬૪ ટકાનો ઘટાડો થયો છે. સામાન્ય રીતે આદિવાસી વિસ્તાર એટલે જંગલનો વિસ્તાર માની શકાય પરંતુ માંડવી પ્રાયોજનામાં જંગલનું પ્રમાણ ઘણું ઓછું છે. ૧૯૭૪-૭૫ તો તે ૧૨.૧૧ ટકા હતું પરંતુ સામાજિક વનીકરણ અને જંગલ બચાવવાના ઝુંબેશને કારણે ૧૯૮૨માં તેનો વધારો નોંધાયો છે અને આ રીતે પ્રાયોજના વિસ્તારમાં આ જે કામગીરી થઇ છે તે સંતોષજનક છે. બિન આદિવાસી વિસ્તારમાં તો જંગલ છે જ નહીં જે થોડું ઘણું છે તેમાં ખાસ ફેર પડયો નથી. બીજુ કે આદિવાસી વિસ્તારમાં પડતર જમીનનો ઉપયોગ થવા માંડયો એટલે ૧૯૭૪-૭૫ના પ્રમાણમાં થોડો ઘટાડો નોંધાયો

છે. પરંતુ બિન આદિવાસી વિસ્તારમાં પડતર જમીન ૧૯૭૪-૭૫ના પ્રમાણમાં ૧૯૮૨-૮૩માં બમણી થઇ ગઇ છે. અને અન્ય ઉપયોગમાં લેવાતી જમીનમાં પણ બિન આદિવાસી વિસ્તારમાં વધારો નોંધાયો છે. આમ બિન આદિવાસી વિસ્તારમાં વસતી ઉદ્યોગોના વિકાસ સાથે ખેડાણ હેઠળની જમીન ઘટી છે અને બીજા માં વધારો થયો છે. જ્યારે આદિવાસી વિસ્તારમાં ખેડાણ હેઠળની જમીન ઘટી છે પણ બીજી બાજુ સામાજિક વનીકરણ જેવા કામોને કારણે જંગલ વિસ્તાર વધવા પામ્યો અને અન્ય જમીનો યથાવત રહી છે. આ ચિત્ર બીજા પ્રાયોજના વિસ્તારના પ્રમાણમાં જુદું છે પણ આવકારદાયક છે.

સિંચાઇ :

કોઠા નંબર ૩.૧૦ સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી સિંચાઇની સવલતોનો ખ્યાલ આપે છે. ૧૯૭૪-૭૫માં આદિવાસી વિસ્તારમાં ૨૭૫૯૪ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળ્યો હતો. જે કુલ વાવેતર વિસ્તારના ૯.૬૧ ટકા છે. જ્યારે ૧૯૮૨-૮૩ માં એ પ્રમાણ વધીને ૧૪.૭૦ ટકા જેટલું થયું છે જોકે સોનગઢ કરતાં માંડવીમાં સિંચિત વિસ્તાર વધારે છે. ૧૯૭૪-૭૫ માં તે ૧૩.૦૨ ટકા હતો તે વધીને ૧૯૮૨-૮૩માં ૧૯.૫૭ ટકા થયો પરંતુ બિન આદિવાસી વિસ્તારની સાથે સરખામણી કરતાં તે ઘણો જ ઓછો લાગે છે. બિન આદિવાસી વિસ્તારમાં ૧૯૭૪-૭૫માં સિંચિત વિસ્તાર ૪૭.૩૮ ટકા હતો તે વધીને ૧૯૮૨-૮૩નાં ૬૩.૧૮ ટકા થયો આમ ૮ વર્ષમાં લગભગ ૧૬ ટકાનો વધારો થયો જ્યારે આદિવાસી વિસ્તારમાં લગભગ ૫ ટકા અને માંડવી પ્રાયોજનામાં લગભગ ૬½ ટકાનો વધારો થયો. આ રીતે કહી શકાય કે જિલ્લાને જે સિંચાઇની સગવડો મળે છે તેનો મોટોભાગ

## કોઠો : ૩.૧૦

**સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલ સિંચિત વિસ્તાર અને તેની ટકાવારી દર્શાવતો કોઠો**

| | | ૧૯૭૪-૭૫ | | | ૧૯૮૨-૮૩ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | આદિવાસી વિસ્તાર | બિન આદિવાસી વિસ્તાર | જિલ્લો | આદિવાસી વિસ્તાર | બિન આદિવાસી વિસ્તાર | જિલ્લો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | મા.પ્રા. ૧૫૬૮૬૫<br>સાં.પ્રા. ૧૨૯૨૨૮<br>કુલ ૨૮૬૦૯૩ | ૧૩૦૧૨૦ | ૪૧૬૨૧૩ | મા.પ્રા. ૧૫૭૭૮૦<br>સાં.પ્રા. ૧૨૮૪૯૭<br>કુલ ૨૮૬૨૭૭ | ૧૧૩૨૩૫ | ૩૯૯૫૧૨ |
| ૨ | (અ) ચોખ્ખો સિંચિત વિસ્તાર | મા.પ્રા. ૨૦૪૨૯<br>સાં.પ્રા. ૭૧૬૫<br>કુલ ૨૭૫૯૪ | ૬૧૬૫૪ | ૮૯૨૪૮ | મા.પ્રા. ૩૦૮૮૦<br>સાં.પ્રા. ૧૧૧૯૩<br>કુલ ૪૨૦૭૩ | ૭૧૫૪૫ | ૧૧૩૬૧૮ |

ચાલુ..

કોઠો : ૩.૧૦.. ચાલુ..

| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | (બ) ચોખ્ખા | માં.પ્રા. | ૧૩.૦૨ | | | માં.પ્રા. | ૧૯.૫૭ | | |
| | સિંચિત વિસ્તારની | સાં.પ્રા. | ૫.૫૪ | | | સાં.પ્રા. | ૮.૭૧ | | |
| | ટકાવારી | કુલ | ૯.૬૧ | ૪૭.૩૮ | ૨૧.૪૪ | કુલ | ૧૪.૭૦ | ૬૩.૧૮ | ૨૮.૪૪ |
| ૩ | કુલ વાવેતર | માં.પ્રા. | ૧૬૬૬૧૧ | | | માં.પ્રા. | ૧૬૭૦૦૬ | | |
| | વિસ્તાર | સાં.પ્રા. | ૧૩૪૯૦૫ | | | સાં.પ્રા. | ૧૩૮૪૩૩ | | |
| | | કુલ | ૩૦૧૫૧૬ | ૧૩૮૫૪૨ | ૪૪૦૦૫૮ | કુલ | ૩૦૫૪૩૯ | ૧૨૦૭૦૫ | ૪૨૬૧૪૪ |
| ૪ | (અ) કુલ વાવેતર | માં.પ્રા. | ૨૪૪૩૩ | | | માં.પ્રા. | ૩૪૩૯૩ | | |
| | વિસ્તારમાંનો | સાં.પ્રા. | ૭૭૪૨ | | | સાં.પ્રા. | ૧૩૫૧૧ | | |
| | સિંચિત વિસ્તાર | કુલ | ૩૨૧૭૫ | ૬૫૭૮૬ | ૯૭૯૬૧ | કુલ | ૪૭૯૦૪ | ૭૫૪૧૭ | ૧૨૩૩૨૧ |
| | (બ) કુલ વાવેતર | માં.પ્રા. | ૧૪.૬૬ | | | માં.પ્રા. | ૨૦.૫૯ | | |
| | વિસ્તારના | સાં.પ્રા. | ૫.૭૪ | | | સાં.પ્રા. | ૯.૭૬ | | |
| | સિંચિત વિસ્તારની ટકાવારી | કુલ | ૧૦.૬૭ | ૪૭.૪૮ | ૨૨.૨૬ | કુલ | ૧૫.૬૮ | ૬૨.૪૮ | ૨૮.૯૪ |

બિન આદિવાસી વિસ્તારમાં ખેંચાઇ જાય છે અને લગભગ દરેક આદિવાસી વિસ્તારમાં આ ચિત્ર જોવા મળે છે. બીજી મહત્ત્વની વાત એ છે કે બિન આદિવાસી વિસ્તારને જે સિંચાઇની સવલતો પ્રાપ્ત થાય છે તે આદિવાસી વિસ્તારના ભોગે મળતી હોય છે. સામાન્ય રીતે આદિવાસી પ્રદેશ ડુંગરાળમાં હોય છે એથી સિંચાઇ યોજનાઓ થઇ પણ શકિત નથી. અને જે મેદાનમાં ગામો ડુંગરાળની પાછળ છે ત્યાં ઉકાઈ કાકરાપાડા બંધો બંધાયા તેથી આદિવાસીઓની જમીન જ ડુબમાં ગઇ. અને તે જમીન વિહોણા બન્યા માટે નુકશાન થયું. અને એ નહેરનો લાભ મોટે ભાગે બિન આદિવાસીને મળ્યો છે. કારણકે ત્યાં સપાટ મેદાન છે.

## કોઠો : ૩.૧૧

### સુરત જિલ્લામાં ગુજરાત ઇલેક્ટ્રીક બોર્ડ દ્વારા વીજળીકરણ કરેલા ગામોની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | વિસ્તારનો પ્રકાર | ૧૯૭૫ વીજળીકરણ કરેલા ગામો | ૧૯૭૫ વીજળીકરણ વગરના ગામો | ૧૯૭૫ કુલ | ૧૯૮૫ વીજળીકરણ વાળા ગામો | ૧૯૮૫ વીજળીકરણ વગરના ગામો | ૧૯૮૫ કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી ટકા | ૧૪૧ (૪૨.૪૭) | ૧૯૧ (૫૭.૫૩) | ૩૩૨ | ૩૩૮ (૭૭.૫૨) | ૯૮ (૨૨.૪૮) | ૪૩૬ |
| | સોનગઢ | ૯૨ (૧૯.૭૪) | ૩૭૪ (૮૦.૨૬) | ૪૬૬ | ૩૪૦ (૭૫.૨૨) | ૧૧૨ (૨૪.૭૮) | ૪૫૨ |
| | કુલ | ૨૩૩ (૨૯.૨૦) | ૫૬૫ (૭૦.૮૦) | ૭૯૮ | ૬૭૮ (૭૬.૩૫) | ૨૧૦ (૨૩.૬૫) | ૮૮૮ |

ચાલુ..

કોઠો : ૩.૧૧

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૨૪૪ (૭૬.૨૫) | ૭૬ (૨૩.૭૫) | ૩૨૦ | ૩૨૪ (૧૦૦.૦૦) | - | ૩૨૪ |
| ૩ | સમગ્ર કુલ | ૪૭૭ (૩૯.૧૬) | ૭૪૧ (૬૦.૮૪) | ૧૨૧૮ | ૧૦૦૨ (૮૨.૬૭) | ૨૧૦ (૧૭.૩૩) | ૧૨૧૨ |

વીજળીકરણ :

કોઠા નંબર ૩.૧૧ સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આપવામાં આવેલી વીજળીની સવલતોની માહિતી પૂરી પાડે છે. ૧૯૮૫ સુધીમાં આદિવાસી વિસ્તારમાં લગભગ ૭૫ ટકા જેટલા ગામોને વીજળીની સગવડ મળી છે અને રાજ્યની જાહેરાત પ્રમાણે ૧૯૯૦ સુધીમાં તો ૧૦૦ ટકા ગામોને આ સગવડ મળી જશે. બિન આદિવાસી વિસ્તારમાં તો આજે પણ ૧૦૦ ટકા ગામોને વીજળીની સગવડો મળી છે. આમ તો ૧૯૭૫ થી ૧૯૮૫ સુધીમાં બધા જ વિસ્તારમાં વીજળીકરણની પ્રક્રિયા ઝડપી બનેલી જોવા મળે છે. અલબત્ત બીન આદિવાસી વિસ્તારમાં વધુ જેટલા ટકા ગામોને ૧૯૭૫માં સગવડ મળી હતી તે તેટલા ટકા આદિવાસી વિસ્તારમાં ૧૯૮૫ માં મળી.

આ વીજળીની વાત કરીએ છીએ ત્યારે એક સ્પષ્ટતા કરીએ કે વીજળીના થાંભલા નંખાય એટલે ગામોને વીજળી મળી ગઇ છે એમ મનાય છે પણ હકીકતમાં આદિવાસી તેમજ બિન આદિવાસી વિસ્તારોમાં મોટાભાગના આદિવાસીઓના ઘર સુધી વીજળી પહોંચી નથી અને ખાસ કરીને હળપતીઓ જ્યાં રહે છે ત્યાં તો ભાગ્યે જ વીજળીની સગવડ મળેલી હોય છે. વીજળીકરણના આંકડા જોઇ આનંદ થાય છે પણ હકીકતમાં ખેત વિકાસ તેમજ ઔદ્યોગિક વિકાસ અને આદિવાસીના વિકાસ કાર્યક્રમોને ઝડપી બનાવવા માટે વીજળીકરણ આદિવાસીઓના ફળિયાઓ અને ખેતરો સુધી પહોંચે એવી સગવડ કરવાની અતિ આવશ્યકતા છે.

## કોઠો : ૩.૧૨

### પશુપાલન

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૭ બળદ | ૧૯૭૭ ગાય | ૧૯૭૭ ભેંસ | ૧૯૭૭ ઘેટાં | ૧૯૭૭ બકરાં | ૧૯૭૭ મરઘાં | ૧૯૮૨ બળદ | ૧૯૮૨ ગાય | ૧૯૮૨ ભેંસ | ૧૯૮૨ ઘેટાં | ૧૯૮૨ બકરાં | ૧૯૮૨ મરઘાં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આદિવાસી | | | | | | | | | | | | |
| | માંડવી | ૫૮૬૮૩ | ૩૯૧૧૨ | ૨૯૩૬૫ | ૩૧૭૧ | ૪૬૮૦૦ | ૨૯૨૯૯૪ | ૫૦૧૫૩ | ૧૭૩૭૪ | ૨૫૪૬૭ | ૧૦૦૯ | ૪૪૮૯૪ | ૨૧૮૪૮૫ |
| | સોનગઢ | ૭૬૫૫૯ | ૪૪૨૦૬ | ૧૩૮૫૭ | ૧૦૩૦ | ૪૪૧૦૯ | ૨૪૭૩૪૬ | ૬૪૧૨૦ | ૨૧૬૮૩ | ૨૦૦૦૧ | ૮૬૨ | ૫૧૪૯૩ | ૩૦૪૩૬૮ |
| | કુલ | ૧૩૫૨૪૨ | ૮૩૩૧૮ | ૪૩૨૨૨ | ૪૨૦૧ | ૯૦૯૦૯ | ૫૪૦૩૯૦ | ૧૧૪૨૭૩ | ૩૯૦૫૭ | ૪૫૪૬૮ | ૧૮૭૧ | ૯૬૩૮૭ | ૫૨૨૮૫૩ |
| ૨ | બિન આદિવાસી | ૩૦૭૧૫ | ૧૩૭૬૯ | ૪૪૪૩૪ | ૪૧૧૩ | ૩૬૪૫૧ | ૨૭૬૮૧૦ | ૨૪૩૬૬ | ૧૩૩૪૩ | ૬૨૭૧૧ | ૩૨૩૨ | ૪૪૦૫૬ | ૧૩૬૨૬૦ |
| ૩ | સુરત જિલ્લો | ૧૬૫૯૫૭ | ૯૭૦૮૭ | ૮૭૬૫૬ | ૮૩૧૪ | ૧૨૭૩૬૦ | ૮૧૭૨૦૦ | ૧૩૮૬૩૯ | ૫૨૪૦૦ | ૭૮૧૭૯ | ૫૧૦૩ | ૧૪૦૪૪૩ | ૬૫૯૧૧૩ |

કોઠા નંબર ૩.૧૨ની વિગતો પરથી જોઇ શકાય છે કે સુરત જિલ્લાના આદિવાસી તેમજ બિન આદિવાસી બધાજ વિસ્તારોમાં ૧૯૭૭ થી ૧૯૮૨ દરમ્યાન બધાજ પ્રકારના પશુઓની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે. આનું કારણ પુરતો ખોરાક અને પુરતી કાળજી લેવાઇ નથી અને સાથે સાથે રોગચાળાને કારણે પણ કેટલા પશુ મરી ગયા છે. ૧૯૭૭માં આદિવાસી વિસ્તારમાં પશુઓની કુલ સંખ્યા ૮૯૭૭૮૨ હતી તે ૧૯૮૨માં ૮૧૯૯૦૯ થઇ એટલે કે ૭૭૩૭૩ ( ૯ % ) નો ઘટાડો થયો ભેંસ અને બકરાની સંખ્યામાં નહીવત્ વધારો થયો એનું કારણ પ્રાયોજનામાં આદિવાસી વિસ્તારમાં દૂધાળા ઢોર સબસીડીથી આપવામાં આવ્યા જેનો લાભ ઘણા આદિવાસીઓએ લીધો હતો. અને એ ગાળા દરમ્યાન બકરા ઉછેરનો કાર્યક્રમ આદિવાસીમાં પ્રોત્સાહન મળ્યું હતું. બિન આદિવાસીની વિસ્તારમાં આદિવાસી વિસ્તાર કરતાં પશુની સંખ્યામાં ૩૦.૧૧ ટકાનો ઘટાડો થયો. ૧૯૭૭માં કુલ ૪૨૬૨૯૨ પશુ હતા તે ૧૯૮૨માં ૨૮૩૯૬૮ થયા. અને તેમાં પણ મરઘાં પાલનમાં તો ૫૦ ટકા જેટલો ઘટાડો થયો આનું મુખ્ય કારણ બિન આદિવાસી વિસ્તારમાં ખેતમજૂરો અને છૂટક મજૂરોને મરઘાં પાલન કરવા માટે આપ્યા અને તે લોકો મજૂરીએ જતા હોવાથી તેની જે સાર સંભાળ લેવાવી જોઇએ તે લઇ શકયા નહીં અને મરઘાંમાં રોગનો ફેલાવો તરત જ થાય છે એટલે મરઘાં પાલન સફળ થઇ શકયું નથી અને આ બાબત કેવળ આ પ્રાયોજના નહીં પરંતુ લગભગ બધા જ પ્રાયોજનામાં વિલાયતી મરઘાં પાલનની જે યોજના ૧૯૭૭-૮૨ માં દાખલ કરવામાં આવી તે લગભગ નિષ્ફળ થઇ અને તેને કારણે મરઘાંમાં ઘણો ઘટાડો નોંધાયો.આદિવાસીઓ તેની પરંપરાગત રીત રસમ પ્રમાણે મરઘાં ઉછેર છે ત્યાં આ મરઘા પાલન કાર્યક્રમ

સફળ થતા થાય છે અને તેમાંથી તેઓ ઈંડા અને સાથે સાથે પૂરી રોજગારી પણ મેળવી શકે છે.

સમગ્ર જિલ્લામાં પણ આ ગાળા દરમ્યાન, ગાય, બળદ ભેંસ, ઘેટા અને મરઘાંમાં ઘટાડો નોંધાયો ફક્ત બકરીમાં વધારો નોંધાયો છે. આમ પશુપાલન પૂરક આવક માટે જરૂરી સાધન છે પરંતુ અહીયાં આદિવાસી અને બિન આદિવાસી બંને વિસ્તારમાં નિષ્ફળ થયેલુ માલૂમ પડે છે.

## કોઠો : ૩.૧૩

સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલ પશુ દવાખાના પેટાકેન્દ્રો તેમાં કામ કરતા કર્મચારી અને સારવાર અપાયેલ પશુઓની સંખ્યા દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | વર્ષ | આદિવાસી વિસ્તાર માંડવી | આદિવાસી વિસ્તાર સોનગઢ | આદિવાસી વિસ્તાર કુલ | બિન આદિવાસી વિસ્તાર | જિલ્લો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | કૃત્રિમ ગર્ભધારણ કેન્દ્રોની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૧ | - | ૧ (બારડોલી) | ૧ ([illegible]) | ૨ |
| | | ૧૯૮૪-૮૫ | ૨ | ૪ | ૬ | ૪ | ૧૦ |
| ૨ | ગર્ભધારણ પેટા કેન્દ્રોની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૭ | ૪ | ૧૧ | ૭ | ૧૮ |
| | | ૧૯૮૪-૮૫ | ૩૭ | ૫ | ૪૨ | ૪૦ | ૮૨ |
| ૩ | પશુ દવાખાનાની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૪ | ૫ | ૯ | ૩ | ૧૨ |
| | | ૧૯૮૪-૮૫ | ૪ | ૫ | ૯ | ૪ | ૧૩ |

ચાલુ...

કોઠો : ૩.૧૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | સ્ટોકમેન કેન્દ્ર / પ્રાથમિક પશુસારવાર કેન્દ્રોની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૧૩ | ૧૯ | ૩૨ | ૧૦ | ૪૨ |
| | | ૧૯૮૪-૮૫ | ૧૫ | ૨૬ | ૪૧ | ૧૧ | ૫૨ |
| ૫ | પશુરોગ અધિકારીઓની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૪ | ૫ | ૯ | ૪ | ૧૩ |
| | | ૧૯૮૪-૮૫ | ૬ | ૭ | ૧૩ | ૪ | ૧૭ |
| ૬ | સ્ટોકમેન/લાઇવ સ્ટોક ઇન્સ્પેકટરની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૧૩ | ૧૯ | ૩૨ | ૧૦ | ૪૨ |
| | | ૧૯૮૪-૮૫ | ૧૫ | ૨૬ | ૪૧ | ૧૧ | ૫૨ |
| ૭ | સારવાર અપાયેલ પશુઓની સંખ્યા | ૧૯૭૫-૭૬ | ૧૩૩૦૦ | ૨૦૯૦૬ | ૩૪૨૦૬ | ૬૯૮૧ | ૪૧૯૬૭ |
| | | ૧૯૮૪-૮૫ | ૭૯૭૫ | ૯૭૦૪ | ૧૭૬૭૯ | ૫૬૬૭ | ૨૩૩૪૬ |

અગાઉના કોઠામાં આપણે જોયું કે સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી બંને તાલુકામાં ૧૯૭૭ની પશુ વસ્તી ગણતરીમાં પશુ ઘટતા પામ્યા છે આનું કારણ શું એ પ્રશ્ન થયા વગર રહેતો નથી. સાથે સાથે બીજો પ્રશ્ન એ પણ થાય છે કે પશુ સારવાર અંગેની વ્યવસ્થા આ જિલ્લામાં કેવી છે ? આ પ્રશ્નનો જવાબ કોઠા નંબર ૩.૧૩ માં છે. ૧૯૭૫-૭૬ અને ૧૯૮૩-૮૪ એમ બંને વર્ષોમાં પશુ આહાર કેન્દ્રો, કૃત્રિમ ગર્ભધારણ કેન્દ્રો, કૃત્રિમ ગર્ભધારણ પેટા કેન્દ્રો પશુ રોગ અધિકારી, સ્ટોકમેન વગેરેની માહિતી આપી છે.

૧૯૭૪-૭૫ માં કૃત્રિમ ગર્ભધારણ મુખ્ય કેન્દ્ર બારડોલી અને સુરત એમ બે જગ્યાએ, તેથી એક માંડવી પ્રાયોજનામાં અને બીજું બિન આદિવાસી વિસ્તારમાં હતું તે વધીને ૧૯૮૪-૮૫માં કુલ ૧૦ કેન્દ્રો થયા તેમાં માંડવીમાં પ્રાયોજનામાં સોનિગઢ પ્રાયોજનામાં ૪ અને બિન આદિવાસી વિસ્તારમાં ૪ આમ કુલ કેન્દ્રોમાં ૫ ગણો વધારો થયો પરંતુ તેમાં બિન આદિવાસી વિસ્તારમાં ૧ માંથી ૪ થયા. એટલે ૩ ગણો વધારો થયો અને સોનગઢમાં ન હતા એના બદલે ૪ કેન્દ્રો થયા પરંતુ માંડવી પ્રાયોજનામાં ૧ ના ૨ થયા. આમ ત્યાં એક કેન્દ્ર વધ્યું ખરું પણ બીજાની સરખામણીમાં આ વ્યવસ્થા પુરતી વધી નથી. આવી રીતે કૃત્રિમ ગર્ભધારણ પેટા કેન્દ્રોની સંખ્યા પણ લગભગ ૪।। ગણી વધવા પામી છે. તેમાં પણ બિન આદિવાસી ક્ષેત્ર અને માંડવી પ્રાયોજનામાં તેનો વિકાસ વધુ થયો છે. આમાંથી એ અર્થ તારવી શકાય કે બિન આદિવાસી ક્ષેત્રમાં ગર્ભધારણ કેન્દ્ર અને પેટા કેન્દ્ર બંનેમાં વધારો થયો જ્યારે આદિવાસી ક્ષેત્રમાં મુખ્ય કેન્દ્રની સંખ્યા સોનગઢ પ્રાયોજનામાં વધી તો પેટા કેન્દ્રોની સંખ્યા માંડવી પ્રાયોજનામાં વધી.

પશુદવાખાનામાં પણ ફકત એક જ વધ્યું તે બિન આદિવાસી વિસ્તારમાં વધવા પામ્યું આદિવાસી ક્ષેત્રમાં આ સમય દરમ્યાન સોહનદરે દૂધાળા ઢોર, બળદ, મરઘાં વગેરે આપવામાં આવ્યા છતાં આ માટે પુરતી વ્યવસ્થા ઊભી કરવામાં ન આવી. અલબત્ત પ્રાથમિક સારવારો કેન્દ્રોની સંખ્યામાં આ સમય દરમ્યાન ૧૦નો વધારો થયો તેમાં આદિવાસી ક્ષેત્રમાં ૯ અને બિન આદિવાસી ક્ષેત્રમાં ૧ નો વધારો થયો પરંતુ સમગ્ર પ્રાયોજનાને જુદી પાડી જોઇએ તો જણાશે કે સોનગઢ પ્રાયોજનામાં આ સંખ્યામા વધુ વધારો થયો છે તેની સામે માંડવી પ્રાયોજનામાં ફકત બે જ કેન્દ્રો વધવા પામ્યા છે. પશુ દાકતરોની સંખ્યા બિન આદિવાસી ક્ષેત્રમાં વધવા પામી નથી તે ૪ ની ૪ જ રહેવા પામી છે. જયારે આદિવાસી ક્ષેત્રમાં માંડવી પ્રાયોજના તેમજ સોનગઢ પ્રાયોજનામાં બે બે નો વધારો થયો એટલે કુલ ૪ નો વધારો થયો આમ દવાખાના ન વધ્યા પણ ડૉકટર વધવા પામ્યા છે.

ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે ૧૯૭૪-૭૫ના પ્રમાણમાં ૧૯૮૩-૮૪ માં પશુ સારવારની સંખ્યા વધવી જોઇએ પરંતુ આંકડા જોતાં લાગે છે કે તે ઘટવા પામી છે આમ પશુ કેન્દ્રો પેટા કેન્દ્રો, ડૉકટરો, સ્ટોકમેન વગેરે વધવા છતાં સારવાર લેનાર પશુની સંખ્યા ઘટી છે એટલું જ નહીં આદિવાસી ક્ષેત્રમાં તેનું પ્રમાણ લગભગ અડધું થઇ ગયું છે. આનો અર્થ એ કે પશુ સારવાર આપવા માટેની વ્યવસ્થામાં કંઇક ખામી છે અથવા તો આ વર્ષ દરમ્યાન અગાઉના કોઠામાં જોયું તે પ્રમાણે પશુ મરી જવાથી યા બીજા કારણે પશુ ઓછા થયા છે તેના પરિણામ સ્વરૂપે પશુની સારવાર લેનારની સંખ્યા ઓછી થઇ ગઇ હશે.

સહકારી મંડળીઓ :

ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓના વિકાસે સમગ્ર ગુજરાતના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આદિવાસી વિકાસમાં પણ સહકારી મંડળીઓનો ફાળો અમુલ્ય રહયો છે. કોઠા નંબર ૩.૧૪ માં સુરત જિલ્લામાં આવેલી આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી સહકારી મંડળીઓ અને એની સભ્ય સંખ્યા દર્શાવે છે.

## કોઠો : ૩.૧૪

સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી સહકારી મંડળીઓ તેની સભ્ય સંખ્યા અને ૧૦૦ વસ્તીએ સભ્ય સંખ્યા

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૫-૭૬ મંડળીની સંખ્યા | ૧૯૭૫-૭૬ સભ્ય સંખ્યા | ૧૯૭૫-૭૬ ૧૦૦ વ્યક્તિએ સભ્ય સંખ્યા | ૧૯૮૪-૮૫ મંડળીની સંખ્યા | ૧૯૮૪-૮૫ સભ્ય સંખ્યા | ૧૯૮૪-૮૫ ૧૦૦ વ્યક્તિએ સભ્ય સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી | ૩૨૧ (૨૩.૬૭) | ૭૯૫૬૦ (૨૫.૮૦) | ૧૭.૬૭ | ૬૧૪ (૨૫.૬૨) | ૧૧૫૯૦૩ (૨૪.૭૧) | ૨૦.૭૨ |
| | સોનગઢ | ૨૧૪ (૧૫.૭૮) | ૪૬૦૫૮ (૧૪.૯૪) | ૧૦.૦૭ | ૫૫૮ (૨૩.૨૮) | ૧૦૦૨૯૯ (૨૧.૩૭) | ૧૯.૦૦ |
| | કુલ | ૫૩૫ (૩૯.૪૫) | ૧૨૫૬૧૮ (૪૦.૭૪) | ૧૩.૮૪ | ૧૧૭૨ (૪૮.૯૦) | ૨૧૬૦૨ (૪૬.૦૮) | ૧૯.૮૮ |

ચાલુ..

કોઠો : ૩.૧૪.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૮૨૧ (૬૦.૫૫) | ૧૮૨૭૨૨ (૫૯.૨૬) | ૨૦.૭૮ | ૧૨૨૫ (૫૧.૧૦) | ૨૫૨૯૭૯ (૫૩.૯૨) | ૧૭.૯૯ |
| ૩ | સુરત જિલ્લો | ૧૩૫૬ | ૩૦૮૩૪૦ | ૧૭.૨૫ | ૨૩૯૭૮૧ | ૪૬૯૧૮૧ | ૧૮.૮૨ |

આમ આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિ મંદ પડતી જાય, સમગ્ર સુરત જિલ્લાનું પ્રમાણ કોઠામાં દર્શાવવામાં આવ્યું છે. આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિ જે ખીલતી જાય છે તે વિકાસના કાર્યક્રમને વેગ આપનાર બનશે.

સહકારી પ્રવૃત્તિને સરળ અને ઝડપી બનાવવામાં સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકોનું યોગદાન પણ નોંધનીય કહી શકાય. કોઠા નંબર ૩.૧૫ સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી સરકારી અને રાષ્ટ્રીય બેંકોની માહિતી પૂરી પાડે છે.

## કોઠો : ૩.૧૫

### સુરત જિલ્લાની આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારની બેંકીંગ વ્યવસ્થા

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૬-૭૭ | | ૧૯૮૨-૮૩ | | વધારો ટકામાં |
|---|---|---|---|---|---|---|
| | | સહકારી બેંકો | રાષ્ટ્રીય બેંકો | સહકારી બેંકો | રાષ્ટ્રીય બેંકો | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | |
| | માંડવી | ૧૪ | ૨૮ | ૧૪ | ૩૧ | ૧૦.૭૧ |
| | સોનગઢ | ૧૦ | ૨૩ | ૧૦ | ૧૬ | ૨૩.૦૮ |
| | કુલ | ૨૪ | ૪૧ | ૨૪ | ૪૭ | ૧૪.૬૩ |

ચાલુ..

કોઠો : ૩.૧૫.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી | | | | | |
| | અ વિસ્તાર ગ્રામ્ય | ૯ | ૩૧ | ૧૩ | ૪૮ | ૫૪.૮૩ |
| | બ સુરત શહેર | ૨૦ | ૮૨ | ૨૨ | ૯૧ | ૫૦.૯૮ |
| ૩ | સુરત જિલ્લો | ૫૩ | ૧૫૪ | ૫૯ | ૧૮૬ | ૨૦.૭૮ |

૧૯૭૬-૭૭માં ૨૪ સહકારી બેંકો અને ૨૧ રાષ્ટ્રીય બેંકો હતી. ૧૯૮૨-૮૩માં એ સંખ્યામાં ઝાઝો વધારો થયો નથી. સહકારી બેંકો ૨૪ જ રહી છે. જ્યારે રાષ્ટ્રીય બેંકોમાં ૬ નો વધારો ( ૧૫ % નો ) વધારો થયો છે. બંને પ્રાયોજનામાં ત્રણ ત્રણનો વધારો થયો છે. જ્યારે બિન આદિવાસી વિસ્તારમાં ૧૯૭૬-૭૭માં સહકારી બેંકો ૨૯ અને રાષ્ટ્રીય બેંકો ૧૧૩ હતી તે વધીને ૧૯૮૨-૮૩માં અનુક્રમે ૩૫ અને ૧૩૯ થઇ છે. આ વધારો ૨૦ ટકા જેટલો થયો છે. આમ આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં બેંકીગ પ્રવૃત્તિ સક્રિય રહી છે. બિન આદિવાસી વિસ્તારમાં સુરત શહેરનો સમાવેશ થાય છે. અને સુરત શહેરમાં જ સહકારી બેંકોની સંખ્યા ૨૨ અને રાષ્ટ્રીયકૃત બેંકોની સંખ્યા ૯૧ની છે. પરંતુ આદિવાસી વિસ્તારની સરખામણીમાં તો બિન આદિવાસી સુરત સિવાયના વિસ્તારમાં પણ બેંકીગ પ્રવૃત્તિ વિકાસ પામી છે. ત્યાં સહકારી બેંકોમાં ૪ નો અને રાષ્ટ્રીયકૃત બેંકોમાં ૧૭નો વધારો નોંધાયો છે. એ સુરત જિલ્લાના કોઇપણ વિસ્તાર કરતાં વધુ છે. અલબત્ત સુરત શહેર તેમજ બિન આદિવાસી વિસ્તારો જ્યાં વ્યાપારી ધંધાનું પ્રમાણ વધુ હોય તેથી બેંકીગ વ્યવસ્થા વધે એ સ્વાભાવિક છે પરંતુ આદિવાસી વિસ્તારમાં પણ ધંધાકીય માળખાના ફેરફાર સાથે બેંકીંગ વ્યવસ્થા વધારવી જોઇએ અને ખાસ કરી સહકારી બેંકોનું માળખુ સઘન બનાવવું જોઇએ.

કોઠો : ૩.૧૬.. ચાલુ..

| ક્રમ | વિસ્તાર | ૧૯૮૪-૮૫ વાહનવ્યવહાર: પાકા રસ્તા કિ.મિ | વાહનવ્યવહાર: કાચા રસ્તા કિ.મિ | સંદેશા વ્યવહાર ટપાલ: મુખ્ય કચેરી | ટપાલ: પેટા કચેરી | ટપાલ: શાખા | તાર ટપાલ: મુખ્ય કચેરી | તાર ટપાલ: પેટા કચેરી | તાર ટપાલ: શાખા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | | | |
| | માંડવી | ૧૦૦૮ | ૧૬૨ | ૧ | ૨૧ | ૧૫૧ | ૧ | ૧૭ | ૫ |
| | સોનગઢ | ૧૦૨૦ | ૧૦૧ | - | ૧૪ | ૭૫ | - | ૧૫ | ૯ |
| | કુલ | ૨૦૨૮ | ૨૬૩ | ૧ | ૩૫ | ૨૨૬ | ૧ | ૩૨ | ૧૪ |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૭૯૩ | ૨૨૫ | ૧ | ૬૨ | ૧૬૦ | ૨ | ૫૪ | ૧ |
| ૩ | સુરત જિલ્લો | ૨૮૨૧ | ૩૮૮ | ૨ | ૯૭ | ૩૮૬ | ૩ | ૮૬ | ૧૫ |

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર :-

વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર ગ્રામ વિકાસની પારાશીશી છે. વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર વિનાનો વિકાસ અધૂરો છે એટલું જ નહીં બીજા સમાજ સાથેનો નાતો જોડનાર તરીકે વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહાર પછાત વિસ્તારના વિકાસ માટે અતિ ઉપયોગી સાધનો છે. કોઠા નંબર ૩.૧૬ માં સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં રસ્તા અને તાર-ટપાલની સવલતોની વિગતો દર્શાવે છે. કોઠા જોતા વાહનવ્યવહારની દ્રષ્ટિએ દાયકામાં ઘણો એવો સુધારો થયો છે. આદિવાસી તેમજ બિન આદિવાસી બંને વિસ્તારોમાં કાચા રસ્તાની જગ્યાએ પાકા રસ્તાની સગવડો વધવા પામી છે. આદિવાસી વિસ્તારમાં ૧૯૭૫-૭૬ના ૮૨૩ કિ.મિ. પાકા અને ૧૯૯૯ કિ.મિ. કાચા રસ્તાની સગવડ હતી તે ૧૯૮૪-૮૫માં ૨૦૨૮ કિ.મિ. પાકા રસ્તા થયા અને ફક્ત ૨૬૩ કિ.મિ. કાચા રસ્તા રહયા છે. જેમાં માંડવી વિસ્તારમાં તો ફક્ત ૧૬૨ કિ.મિ. કાચા રસ્તા રહેવા પામ્યા છે. જયારે પાકા રસ્તામાં લગભગ બમણો વધારો થયો. અલબત્તમાં સોનગઢ પ્રાયોજનામાં ત્રણ ઘણો વધારો થયો છે. આમ છતાં હજુ પણ માંડવી પ્રાયોજનામાં ગામો બારેમાસ બસની સુવિધાથી વિમુખ રહેવા પામ્યા છે. જયારે બિન આદિવાસી વિસ્તારમાં રસ્તાની સગવડ સારી છે સાથે સાથે મોટાભાગે બધા જ ગામોને બસની સુવિધા પૂરી પડે છે.

સંદેશા વ્યવહારની દ્રષ્ટિએ ૧૯૭૫-૭૬માં આદિવાસી વિસ્તારમાં ૧ મુખ્ય પોસ્ટલ કચેરી ૩૭ પેટા કચેરીઓ અને ૨૬૬ શાખાઓ હતી. ટપાલ કચેરીઓમાં ૧ મુખ્ય ૨૨ પેટા કચેરી હતી. મુખ્ય કચેરી માંડવી પ્રાયોજનામાં આવેલા બારડોલી તાલુકામાં હતી. ૧૯૮૪-૮૫ માં એમાં ખાસ ફેરફાર થયો નહીં. પેટા કચેરીમાં ૭ નો ઘટાડો નોંધાયો. તેની સામે

તાર ટપાલની ભેગી કચેરીમાં ૪ વધી અને શાખાઓ ૧૪ વધવા પામી. આદિવાસી વિસ્તારના ગામો તેમની વચ્ચેનું અંતર અને વાહનવ્યવહારની સગવડો જોતા આ સવલતો અપૂરતી છે.

બિન આદિવાસી વિસ્તારમાં ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં ટપાલ તેમજ તાર ટપાલની મુખ્ય કચેરી પેટા કચેરી અને શાખાઓમાં ખાસ ફેરફાર નોંધાયો નથી. પરંતુ મૂળભૂત રીતે જ આદિવાસી વિસ્તાર કરતાં બિન આદિવાસી વિસ્તારમાં સંદેશા વ્યવહારની સગવડો લગભગ બમણી છે.

## કોઠો : ૩.૧૬

### સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારની સવલતો

૧૯૭૫-૭૬

| ક્રમ | વિસ્તાર | વાહનવ્યવહાર |  | સંદેશા વ્યવહાર |  |  |  |  |  |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  |  | ટપાલ |  |  | તાર-ટપાલ |  |  |
|  |  | પાકા રસ્તા કિ.મિ. | કાચા રસ્તા કિ.મિ | મુખ્ય કચેરી | પેટા કચેરી | શાખા | મુખ્ય કચેરી | પેટા કચેરી | શાખા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | આદિવાસી વિસ્તાર |  |  |  |  |  |  |  |  |
|  | માંડવી | ૫૦૫ | ૯૯૦ | ૧ | ૨૩ | ૧૫૦ | ૧ | ૧૮ | - |
|  | સોનગઢ | ૩૧૮ | ૫૦૮ | - | ૧૪ | ૧૧૬ | - | ૧૦ | - |
|  | કુલ | ૮૨૩ | ૧૧૯૮ | ૧ | ૩૭ | ૨૬૬ | ૧ | ૨૮ | - |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૪૬૯ | ૬૬૯ | ૧ | ૫૬ | ૧૬૪ | ૧ | ૪૧ | - |
| ૩ | સુરત જિલ્લો | ૧૨૯૨ | ૧૮૬૭ | ૨ | ૯૩ | ૪૩૦ | ૨ | ૬૯ | - |

ચાલુ..

## કોઠો : ૩.૧૭

સુરત જિલ્લામાં આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં આવેલી ઇસ્પિતાલ, દવાખાના અને કુટુંબ કલ્યાણ કેન્દ્રોની સવલતો

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૫-૭૬ ઇસ્પિતાલ | ૧૯૭૫-૭૬ દવાખાના | ૧૯૭૫-૭૬ કુટુંબ કલ્યાણ કેન્દ્રો | ૧૯૭૫-૭૬ પથારીની સગવડ | ૧૯૮૪-૮૫ ઇસ્પિતાલ | ૧૯૮૪-૮૫ દવાખાના | ૧૯૮૪-૮૫ કુટુંબ કલ્યાણ કેન્દ્રો | ૧૯૮૪-૮૫ પથારીની સગવડ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | | | |
| | માંડવી | ૪ | ૧૪ | ૯ | ૨૯૮ (૬.૬૨) | ૩ | ૨૧ | ૮ | ૧૩૪ (૨.૪૦) |
| | સોનગઢ | ૧ | ૨૦ | ૧૦ | ૮૩ (૧.૮૧) | ૨ | ૨૨ | ૧૦ | ૧૬૨ (૩.૦૭) |
| | કુલ | ૫ | ૩૪ | ૧૯ | ૩૮૧ (૪.૨૦) | ૫ | ૪૩ | ૧૮ | ૨૯૬ (૨.૭૨) |

ચાલુ..

કોઠો : ૩.૧૭.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૮ | ૧૮ | ૧૨ | ૯૬૪ (૧૦.૯૬) | ૧૧ | ૨૭ | ૧૮ | ૧૪૬૩ (૧૦.૪૧) |
| ૩ | સુરત જિલ્લો | ૧૭ | ૫૨ | ૩૧ | ૧૩૪૫ (૭.૫૩) | ૧૬ | ૭૦ | ૩૬ | ૧૭૫૯ (૭.૦૬) |

નોંધ : છેલ્લા ખાના કૌંસમાં દર્શાવેલા આંકડા દર ૧૦,૦૦૦ વ્યક્તિએ પથારીની સવલતો દર્શાવે છે.

આરોગ્ય :-

કોઠામાં દર્શાવ્યુ છે તે મુજબ ૧૯૭૫-૭૬માં આદિવાસી વિસ્તારમાં ૫ હોસ્પિટલ ૩૪ દવાખાના અને ૧૯ કુટુંબ કલ્યાણ કેન્દ્રોની સવલત હતી, તેમાં માંડવી પ્રાયોજનામાં હોસ્પિટલની સંખ્યા ઠીક છે. પણ દવાખાનાની સગવડ તો સોનગઢ પ્રાયોજના કરતાં પણ ઓછી છે. ૧૯૮૪-૮૫માં આદિવાસી વિસ્તારની સગવડોમાં ઝાઝો ફેર પડયો નથી. ઉલટું માંડવી પ્રાયોજનામાં તો ઇસ્પિતાલ અને કુટુંબ કલ્યાણ કેન્દ્રોની સંખ્યામાં ૧ નો ઘટાડો થયો છે. અલબત્ત દવાખાના વધ્યા છે જયારે સોનગઢ પ્રાયોજનામાં બધામાં થોડો વધારો થયો છે. પરંતુ વસ્તીના પ્રમાણમાં જોઇએ તો આ સવલત નહીંવત છે એટલું જ નહીં દર ૧૦ હજાર વ્યકિતએ ૧૯૭૫-૭૬માં પથારીની સગવડ માંડવી પ્રાયોજનામાં ૬.૬૨ હતી તે ૧૯૮૪-૮૫માં ઘટીને ૨.૪૦ થઇ છે. આમ વિકાસ કાર્યક્રમની સાથે સવલત વધવાને બદલે ઘટવા પામી છે. આમ દર દસ હજાર વ્યકિતએ હોસ્પિટલમાં માત્ર ૨ થી ૩ વ્યકિતઓ દાખલ થઇ શકે. બીજી બાજુ બિન આદિવાસી વિસ્તારનો વિચાર કરીએ તો આ લોકોના પ્રમાણમાં તેમને મળતી સગવડ ઠીક ગણી શકાય. અલબત્ત તે ઓછી તો છે જ. પરંતુ એમાં દાયકામાં વધારો થયો છે. હોસ્પિટલો ૮ હતી તેની ૧૧ થઇ. દવાખાના ૧૮ હતા તેના ૨૭ થયા અને કુટુંબકેન્દ્રો ૧૨ હતા તેના ૧૮ થયા. આમ સગવડોમાં ૩૭થી ટકાથી ૫૦ ટકા જેટલો વધારો થયો છે. ૧૦ હજાર વ્યકિતએ પથારીની સગવડ દાયકામાં ૦.૫૫ જેટલી ઘટી છે. કારણકે જેટલા પ્રમાણમાં વસતિ વધી તેટલા પ્રમાણમાં સગવડો ઉભી નથી થઇ પરંતુ માંડવી પ્રાયોજનામાં જે ૪ ટકા અને આદિવાસી વિસ્તારમાં ૧.૧૩ ટકા ઘટી છે તેના પ્રમાણમાં આ ઘટાડો નહિવત્ કહેવાય આના પરથી એટલું તારણ નીકળી શકે છે જિલ્લા દ્વારા વિકાસના

કાર્યક્રમો જે હાથમાં લેવાય છે તેનો મોટોભાગ બિન આદિવાસી વિસ્તારમાં ખેંચાઇ જાય છે. પ્રાયોજના દ્વારા પ્રયત્ન થાય તે જ લાભો આદિવાસી વિસ્તારને પ્રાપ્ત થતા હોય એવું આંકડાને આધારે કહી શકાય. સમગ્ર સુરત જિલ્લામાં આ સગવડો વધવા પામી છે. તેનો થોડો લાભ સોનગઢ પ્રાયોજનાને પ્રાપ્ત થયો છે પરંતુ માંડવી પ્રાયોજનામાં આ માટે ઘણું કરવાનુ બાકી રહે છે.

## કોઠો : ૩.૧૮

**સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં દાકતરો અને નર્સોની સગવડો**

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૫-૭૬ દાકતરો | દર દસ હજારે દાકતરી સગવડ | નર્સ | દર દસ હજારે નર્સની સગવડ | ૧૯૮૪-૮૫ દાકતર | દર દસ હજારે દાકતરી સગવડ | નર્સ | દર દસ હજારે નર્સની સગવડ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | | | |
| | માંડવી | ૩૬ | ૭.૯૯ | ૮૮ | ૧૯.૫૫ | ૩૨ | ૫.૬૨ | ૧૦૨ | ૧૮.૨૪ |
| | સોનગઢ | ૨૬ | ૫.૬૬ | ૭૭ | ૧૬.૮૩ | ૩૭ | ૭.૦૧ | ૧૪૦ | ૨૬.૫૨ |
| | કુલ | ૬૨ | ૬.૮૩ | ૧૬૫ | ૧૮.૧૮ | ૬૯ | ૬.૩૫ | ૨૪૨ | ૨૨.૨૬ |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૫૭ | ૬.૨૭ | ૨૩૯ | ૨૭.૧૮ | ૧૫૫ | ૧૧.૦૩ | ૫૧૮ | ૩૬.૮૫ |
| ૩ | સુરત જિલ્લો | ૧૧૯ | ૬.૬૦ | ૪૦૪ | ૨૨.૬૧ | ૨૨૪ | ૮.૯૮ | ૭૬૦ | ૩૦.૪૮ |

કોઠા નંબર ૩.૧૭માં આદિવાસી વિસ્તારમાં આરોગ્ય કેન્દ્ર ( હોસ્પિટલ, દવાખાના, કુટુંબ નિયોજન કેન્દ્ર ) ની માહિતી જોઇ હવે કોઠા નંબર ૩.૧૮માં આપણે જોઇશું કે આદિવાસી વિસ્તાર અને બિન આદિવાસી વિસ્તારમાં ડૉક્ટર અને નર્સની સગવડ કેવી છે ? ૧૯૭૫-૭૬માં આદિવાસી વિસ્તારના બધા આરોગ્યકેન્દ્ર મળી ૬૨ ડૉક્ટર અને ૧૩૫ નર્સ હતી અને તેમાં પણ માંડવી પ્રાયોજનામાં ૩૬ ડૉક્ટર અને ૮૮ નર્સ હતી. દર દસ હજારે વસ્તીએ લગભગ ૮ ડૉક્ટર અને ૧૯.૫૫ નર્સની સગવડ હતી તે સમય દરમ્યાન બિન આદિવાસી વિસ્તારમાં આ સગવડમાં જોઇએ તો ડૉક્ટર ઓછા હતા અને નર્સની સગવડ વધુ હતી. દર દસ હજાર વસ્તીને ૬.૨૭ ડૉક્ટર અને ૨૭.૧૮ નર્સ હતી. આમ ડૉક્ટરનીતો માંડવી પ્રાયોજના કરતાં પણ સગવડ ઓછી ગણી શકાય. પરંતુ દાયકામાં જેટલા પ્રમાણમાં બિન આદિવાસી વિસ્તારમાં ફેરફાર નોંધાયો એટલા પ્રમાણમાં આદિવાસી વિસ્તારમાં ફેરફાર નોંધાયો નથી. દાયકામાં આદિવાસી વિસ્તારમાં કુલ ૬ દાક્તરો વધ્યા પરંતુ માંડવી પ્રાયોજનામાં તો ૪ નો ઘટાડો નોંધાયો. નર્સમાં થોડો વધારો નોંધાયો છે. માંડવી પ્રાયોજનામાં તો ફક્ત ૧૪ નર્સ વધી છે પણ જેટલા પ્રમાણમાં વસતી વધી તેટલા પ્રમાણમાં તે વધી નથી એટલે દર દસ હજારની વસતિએ આ સગવડમાં લગભગ ૧.૩૧ ટકાનો ઘટાડો થયો છે.

બીજી બાજુ બિન આદિવાસી વિસ્તારમાં આ સગવડો આદિવાસી વિસ્તારના પ્રમાણમાં સારી એવી વધી છે. ડૉક્ટરોની સંખ્યા દસકામાં લગભગ ૧૭૨ ટકા વધી. ૫૭ દાક્તરો હતા તેના ૧૫૫ થયા અને નર્સમાં ૨૭૯ ( ૧૧૬.૭૪) નો વધારો નોંધાયો. એટલું જ નહીં વસ્તી વધારાની સામે

જોઈએ તો પણ સગવડ વધવા પામી છે. ૧૯૭૫-૭૬માં દસ હજારે વ્યક્તિએ અનુક્રમે ૬.૨૭ ડૉક્ટરો અને ૨૭.૧૮ નર્સની સગવડ હતી જયારે ૧૯૮૪-૮૫માં તે વધીને અનુક્રમે ૧૧.૦૩ ડૉક્ટરો અને ૩૬.૮૫ નર્સની સગવડ વધવા પામી છે આમ કોઠા નંબર ૩.૧૭ માં જે જોયું તેનું જ પુનરાવર્તન અહીયાં થાય છે કે આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસી વિસ્તારના પ્રમાણમાં આરોગ્યની સગવડો નહીંવત્ એટલું જ નહીં જે જિલ્લા કક્ષાએ સગવડો વધે છે તેનો મોટો ભાગ બિન આદિવાસી વિસ્તારને ફાળે જાય છે. સુરત જિલ્લાની સગવડો કોઠામાં બતાવી છે.

કોઠો : ૩.૧૯

સુરત જિલ્લાના આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં બાળક જન્મ મૃત્યુનું પ્રમાણ

| ક્રમ | વિસ્તાર | ૧૯૭૫-૭૬ જન્મ | ૧૯૭૫-૭૬ મૃત જન્મ | ૧૯૭૫-૭૬ બાળ મૃત્યુ દર | ૧૯૮૪-૮૫ જન્મ | ૧૯૮૪-૮૫ મૃતજન્મ | ૧૯૮૪-૮૫ બાળમૃત્યુ દર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આદિવાસી વિસ્તાર | | | | | | |
| | માંડવી | ૧૧૪૭૯ | ૬૧ | ૩૮૬ | ૧૦૮૮૪ | ૫૨ | ૧૭૩ |
| | સોનગઢ | ૯૦૬૦ | ૩૮ | ૨૪૫ | ૮૬૬૪ | ૫૭ | ૯૪ |
| | કુલ | ૨૦૫૩૯ | ૯૯ | ૬૩૧ | ૧૯૫૪૮ | ૬૯ | ૨૬૭ |
| ૨ | બિન આદિવાસી વિસ્તાર | ૨૬૩૦૩ | ૪૫૭ | ૧૪૬૭ | ૩૬૧૦૧ | ૫૭૧ | ૯૮૯ |
| ૩ | સુરત જિલ્લો | ૪૬૮૪૨ | ૫૫૬ | ૨૦૯૮ | ૫૫૬૪૯ | ૬૪૦ | ૧૨૫૬ |

કોઠા નંબર ૩.૧૯ના આંકડા પરથી માલુમ પડે છે કે ૧૯૭૫-૭૬માં આદિવાસી વિસ્તારમાં જન્મનું પ્રમાણ ૨૦૫૩૯ હતું તે ૧૯૮૪-૮૫માં ૧૯૫૪૮ થયું. માંડવી તેમજ સોનગઢ બંને પ્રાયોજનામાં ઘટવા પામ્યું. આમ જયારે બધે વસ્તીનું પ્રમાણ વધ્યું ત્યારે અહીં દાયકામાં ઘટયું છે. અલબત્ત વસતી ઘટી નથી. બીજી બાજુ બિન આદિવાસી વિસ્તારમાં જન્મદર ઊંચો રહયો છે. ૧૯૭૫-૭૬ માં ૨૬૩૦૩ હતો તેનો ૩૬૧૯૧ થયો એટલે લગભગ ૩૭.૨૫ ટકા જન્મ પ્રમાણ વધ્યો તેવી જ રીતે મૃત જન્મ પણ આદિવાસી વિસ્તારમાં ઘટવા પામ્યું છે. ૧૯૭૫-૭૬માં તે ૯૯ હતું તેનું ૬૯ થયું અને માંડવી પ્રાયોજનામાં ૬૧નું ૫૨ થયું. એટલે સોનગઢ પ્રાયોજના પ્રમાણમાં બહુ ફેરફાર નથી પણ ઘટયું તો છે જ. બીજી બાજુ મૃત જન્મ પણ બિન આદિવાસી વિસ્તારમાં ૧૧૪ નો વધારો નોંધાયો. બાળમૃત્યુ દરમાં એ જ સ્થિતિ છે તેમાં ઘણો ઘટાડો નોંધાયો છે. માંડવી પ્રાયોજનામાં તો ત્રીજા ભાગના મૃત્યુ નોંધાયા છે. બિન આદિવાસી વિસ્તારમાં પણ બાળમૃત્યુ તો ઘટવા પામ્યા જ છે. પરંતુ આદિવાસી વિસ્તારના પ્રમાણમાં તેનું પ્રમાણ ઓછું છે.

અહીં પ્રશ્ન થાય છે કે આદિવાસી વિસ્તાર બાળજન્મ મૃતજન્મ અને બાળમરણનું પ્રમાણ કેમ ઓછું થયું ? આનું મુખ્ય કારણ એ જણાય છે કે આદિવાસી વિસ્તારમાં હજુ પણ મોટે ભાગે પરંપરાગત રીતે જ દાયણો દ્વારા સુવાવડ થાય છે અને તેની નોંધ કરાવવા જવાની પરવા થતી નથી એટલે હકીકતમાં જેટલા જન્મ મૃત જન્મ કે મરણ પામ્યા એ બધાની નોંધ લેવાતી નથી અને એને કારણે બિન આદિવાસી વિસ્તાર કરતાં આ આંક ઘટવા પામ્યો છે. બીજું કારણ એ પણ છે કે જયાં શિક્ષણનો

પ્રચાર થયો છે તેવા વિસ્તારમાં કુટુંબ નિયોજનનો સ્વીકાર સારા પ્રમાણમાં થયો છે અને જન્મેલ બાળકની પુરતી કાળજી લેવાય છે તેથી બાળમરણનુ પ્રમાણ પણ ઘટયું છે એ ચોકકસ બાબત છે પરંતુ જેટલું આવે છે તેટલું હકીકતમાં નથી અને તેનું કારણ ઉપર જણાવ્યું છે.

# પ્રકરણ - ૪

## સર્વેક્ષણ માહિતી - ૧

આર્થિક
ધાર્મિક-સામાજિકક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો

- વિસ્તાર
- કુટુંબનું વિશ્લેષણ (અ) જાતિ પ્રમાણે
  (બ) વયજૂથ પ્રમાણે
  (ક) વૈવાહિક દરજ્જા પ્રમાણે
- શિક્ષણ
- વ્યવસાય
- આવક
- દેવું
- બચત

## પ્રકરણ - ૪

### સર્વેક્ષણ માહિતી - ૧

### આર્થિક - સામાજિકક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો

**વિસ્તાર :**

પ્રાયોજના મૂલ્યાંકન કરવાના હેતુમાંનો એક હેતુએ પણ હતો કે જે તે પ્રાયોજનામાં આવતા બધા જ તાલુકામાંથી માહિતી એકત્ર કરવી અને સાથે સાથે જે તે પ્રાયોજનામાં આવતા પોકેટસની પણ માહિતી લેવી. આ હેતુને ધ્યાનમાં રાખીને ૧૯૮૭-૮૮માં માંડવી પ્રાયોજનાનું કામ હાથ પર લીધું ત્યારે માંડવી તાલુકામાં આવેલી માંડવી, માંગરોલ, બારડોલી અને મહુવા એમ ચારે તાલુકામાંથી માહિતી એકત્ર કરી હતી. અને ૧૯૮૫-૮૬ દરમ્યાન લઘુ વિસ્તારના આયોજનનું કામ હાથ પર લીધું હતું ત્યારે માંડવી પ્રાયોજનામાં આવેલા પલસાણા અને કામરેજની જે માહિતી લીધી હતી તેનો પર આ મૂલ્યાંકનમાં ઉપયોગ કર્યો છે.

માંડવી પ્રાયોજનામાં આવેલા ચારે તાલુકામાંથી તાલુકા મથકથી ૧૫ કિ.મી. દૂર હોય એવા પાંચ ગામ અને પંદર કિ.મી.ની અંદર હોય એવા પાંચ ગામો એમ દસ ગામો નિદર્શન પધ્ધતિથી પસંદ કરવામાં આવ્યા અને દરેક ગામમાંથી વીસ આદિવાસી કુટુંબોને પસંદ કરી તેમની પાસેથી પ્રશ્નાવલી વ્દારા માહિતી એકત્ર કરી આમ ચાલીસ ગામમાંથી આઠસો કુટુંબોની માહિતી લીધી અને પોકેટસના આયોજન માટે દરેક તાલુકામાંથી પાંચ પાંચ ગામ પસંદ કર્યા હતા અને એ રીતે

પલસાણા અને કામરેજ મળીને ૧૦ ગામ પસંદ કર્યાં અને તેમાંથી ૨૦ કુટુંબો પ્રમાણે ૨૦૦ કુટુંબોની માહિતી એકત્ર કરી હતી. આમ કુલ ૫૦ ગામમાંથી ૧૦૦૦ કુટુંબોની માહિતી એકત્ર કરી છે આ સાથેના નકશામાં આ ગામોનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને કોઠા નંબર ૪.૧ માં જુદા જુદા તાલુકામાંથી પોકેટસમાંથી જે ગામો પસંદ કરવામાં આવ્યા તે ગામો તેની વસતિ અને તેમાં આવેલી આદિવાસી વસતીની માહિતી આપી છે.

આ પસંદ કરેલા ગામોમાંથી જે કુટુંબો નિદર્શન માટે પસંદ કર્યાં હતા તેમની પાસેથી મુખ્યત્વે કુટુંબની સામાન્ય માહિતી જમીન વિષયક માહિતી, વ્યવસાય રોજગારી, દેવું, બચત અંગેની માહિતી તેમજ છેલ્લા દસકાઓમાં શિક્ષણ, આરોગ્ય, પાણીની સગવડ આદિવાસી વિકાસના લીધેલા કામો તેમજ વિકાસની કાર્યક્રમમાં થયેલા ફેરફારો વિષે માહિતી એકત્ર કરી છે.

## કોઠો : ૪.૧

### સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલા ગામો અને એની વસતી

| તાલુકા / પોકેટ્સ | માંડવી | | | માંગરોલ | | | બારડોલી | | | મહુવા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામો | ગામ | વસતી | આદિ વસતી | ગામ | વસતી | આદિ વસતી | ગામ | વસતી | આદિ વસતી | ગામ | વસતી | આદિ વસતી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૫ | ૧ ઈસર | ૧૪૦૪ | ૧૪૦૧ | આંબલાડા | ૬૮૫ | ૬૪૩ | બાલ્દા | ૧૧૩૩ | ૧૯૯૯ | વેલણપુરા | ૨૧૮૦ | ૧૯૩૦ |
| કિ. | ૨ કરૂઠા | ૪૯૬ | ૪૯૬ | વાડી | ૩૧૪૫ | ૨૯૩૨ | મોટી | ૧૧૮૯ | ૬૪૪ | અનાવલ | ૪૨૩૩ | ૨૫૩૦ |
| મીથી | ૩ ધરમપુર | ૧૦૦૭ | ૯૫૭ | સામપુરા | ૩૦૬ | ૩૦૬ | ફલોદ ચીંરગામ | ૧૩૦૯ | ૯૪૨ | ડુંભડીતર | ૧૦૧૩ | ૭૬૦ |
| દૂર | ૪ તડકેશ્વર | ૭૪૧૦ | ૨૨૦૨ | દિણોદ | ૯૭૯ | ૪૦૫ | મઢી | ૫૯૦૭ | ૩૦૫૪ | મહુવરીયા | ૩૩૩૬ | ૩૩૧૭ |
| | ૫ બલેઠી | ૧૦૮૨ | ૧૦૭૮ | તરસાડી | ૬૫૩૮ | ૧૬૮૪ | નસૂરા | ૭૭૨ | ૫૨૯ | ઉમરા | ૩૬૨૯ | ૩૫૧૮ |

ચાલુ..

કોઠો : ૪.૧.૧ ચાલુ...

| તાલુકો/ પોઈંટ્સ | પલસાણા | | | કામરેજ | | |
|---|---|---|---|---|---|---|
| ગામો | ગામ | વસ્તી | આદિ વસ્તી | ગામ | વસ્તી | આદિ વસ્તી |
| | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | સેઢવ | ૩૭૬ | ૨૯૨ | વેલંજા | ૧૦૪૯ | ૫૨૮ |
| ૨ | દસ્તાન | ૧૮૬૯ | ૮૩૮ | દેલાડ | ૧૮૪૯ | ૧૩૫૭ |
| ૩ | જેતપુર | ૪૨૬ | ૩૧૫ | શામપુરા | ૨૪૪૯ | ૧૩૦૫ |
| ૪ | બારાસડી | ૧૧૭૬ | ૪૧૮ | મોરથાણા | ૧૩૫૪ | ૫૭૮ |
| ૫ | અંત્રોટી | ૨૦૬૨ | ૧૩૨૨ | ડુંગરા | ૨૦૫૨ | ૮૯૫ |

કોઠો : ૪.૧.. ચાલુ..

| ૧ | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ૬ | નરેણ | ૧૪૨૨ | ૧૪૧૩ | વડ | ૧૬૯૭ | ૧૬૦૭ | નોઝર | ૧૦૮૪ | ૪૦૪ | રાણત | ૧૦૩૩ | ૬૪૫ |
| ડિ | ૭ | ઘંટોડી | ૨૮૯૯ | ૨૮૫૮ | ઝખવાવ | ૩૦૩૧ | ૧૬૨૮ | હિંડોલિયા | XXXX ૩૨૯ | XXXX ૨૩૬ | પુના | ૧૧૦૫ | ૧૦૬૭ |
| મિથી અં | ૮ | વરેઠ | ૧૪૧૫ | ૧૩૫૨ | શાહ | ૭૭૯ | ૪૭૯ | મોતા | ૩૬૯૨ | ૨૭૨૬ | કરચલિયા | ૩૭૦૩ | ૧૮૩૬ |
| ૬ ૨ | ૯ | ઊાન | ૮૯૦ | ૪૬૦ | લવેર | ૧૫૫૩ | ૧૫૩૫ | હરિપુરા | ૧૭૩૧ | ૧૦૦૦ | કવિઠા | ૮૦૩ | ૫૨૭ |
| | ૧૦ | ખરેડા | ૬૯૭ | ૬૯૭ | નાની નરોલી | ૪૩૫૨ | ૧૩૬૯ | વરાડ | ૩૬૪૧ | ૨૧૯૯ | બોરિયા | ૧૫૩૯ | ૧૧૫૭ |

કોઠો : ૪.૨

સર્વેક્ષણ કરેલાં કુટુંબોનું જાતિ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | તાલુકાનું નામ પોકેટસ | ચૌધરી | હળપતિ રાઠવા | વસાવા | ગામીત | ઘોડિયા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ ચાલુ.. |
| ૧ | માંડવી | ૧૩૬ | ૧૭ | ૩૫ | ૧ | - |
| | | (૬૮.૦૦) | (૮.૫) | (૧૭.૫) | (૦.૫) | |
| ૨ | માંગરોલ | ૪૭ | ૬ | ૧૩૭ | ૯ | - |
| | | (૨૩.૫) | (૩.૦) | (૬૩.૫) | (૪.૫) | |
| ૩ | બારડોલી | ૬૪ | ૧૩૨ | - | ૪ | - |
| | | (૩૨.૦૦) | (૬૬.૦૦) | | (૨.૦૦) | |

ચાલુ..

કોઠો : ૪.૨.૩ ચાલુ..

| ક્રમ | તાલુકાનું નામ પાંડિટ્સ | કાંટવાળિયા ૮ | કાલિયા ૯ | નાચડા ૧૦ | અન્ય ૧૧ | કુલ ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૧ (૫.૫) | - | - | - | ૨૦૦ |
| ૨ | માંગરોલ | - | - | - | ૧ (૦.૫) | ૨૦૦ |
| ૩ | બારડોલી | - | - | - | - | ૨૦૦ |

ચાલુ..

કોઠો : ૪.૨.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ ચાલુ.. |
|---|---|---|---|---|---|---|
| ૪ | મહુવા | ૯<br>(૪.૫) | ૪૯<br>(૨૪.૫) | - | - | ૮૯<br>(૪૪.૫) |
| | કુલ<br>ટકા | ૨૫૬<br>(૩૨.૦૦) | ૨૦૪<br>(૨૫.૫) | ૧૭૨<br>(૨૧.૫) | ૧૪<br>(૧.૭૫) | ૮૯<br>[illegible] |
| ૫ | પલસાણા | ૯<br>(૯.૦૦) | ૮૭<br>(૮૭.૦૦) | - | - | - |
| ૬ | કામરેજ | - | ૯૨<br>(૯૨.૦૦) | ૩<br>(૩.૦૦) | ૪<br>(૫.૦૦) | - |
| | | ૨૬૫<br>(૨૬.૫) | ૩૮૩<br>(૩૮.૩) | ૧૭૫<br>(૧૭.૫) | ૧૯<br>(૧.૯) | ૮૯<br>(૮.૯) |

કોઠો : ૪.૨.૧ ચાલુ...

| | | | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | મહુવા | | ૭ | ૧૪ | ૨૯ | ૩ | ૨૦૦ |
| | | | (૩.૫) | (૭.૦૦) | (૧૪.૫) | (૧.૫) | |
| | | કુલ | ૧૮ | ૧૪ | ૨૯ | ૪ | ૮૦૦ |
| | | ટકા | (૨.૨૫) | (૧.૭૫) | (૩.૬૨) | (૦.૫) | |
| ૫ | પલસાણા | | - | - | ૪ | - | ૧૦૦ |
| ૬ | કામરેજ | | - | - | - | - | ૧૦૦ |
| | | | ૧૮ | ૧૪ | ૩૩ | ૪ | ૧૦૦૦ |
| | | | (૧.૮) | (૧.૪) | (૩.૩) | (૦.૪) | |

સર્વેક્ષણ કરેલા કુટુંબો કઇ કઇ આદિવાસી જાતિમાંથી પસંદ કરાયેલા છે તેની માહિતી કોઠા નંબર -૪.૨ માં આપવામાં આવી છે. કોઠા ઉપરથી જ ખ્યાલ આવે છે કે કયા વિસ્તારમાં કઇ જાતિની વસતી વધુ છે. માંડવીમાં ૧૩૬ ચૌધરી કુટુંબો છે માંગરોળમાં ૧૩૭ વસાવા કુટુંબો છે. બારડોલીમાં ૧૩૨ હળપતિ કુટુંબો અને મહુવામાં ૮૯ ધોડિયા કુટુંબો છે. જ્યારે લઘુ વિસ્તારમાં પલસાણામાં ૧૦૦ કુટુંબોમાંથી ૯૭ અને કામરેજમાં ૯૨ કુટુંબો છે આમ બારડોલી મહુવા, પલસાણા અને કામરેજ કે જ્યાં બિન આદિવાસી વસતીનું પ્રમાણ પણ સારું એવું છે. ત્યાં હળપતીની વસતી વિશેષ છે. અને માંડવી પ્રાયોજનામાં આદિવાસીઓની વસતીમાં હળપતીઓની વસતી પ્રમાણમાં વિશેષ છે. પસંદ કરેલા કુટુંબોમાંથી જ ૩૮.૨ ટકા હળપતી કુટુંબો છે. જ્યારે માંડવીમાં ચૌધરી અને માંગરોળમાં વસાવાની વસતી પ્રમાણમાં વધુ છે એટલે તેની ટકાવારી અનુક્રમે ૨૬.૫ અને ૧૭.૫ છે. આમ પસંદ કરેલા કુટુંબોમાં હળપતી ચૌધરી અને વસાવા મુખ્યત્વે છે. ત્યાર પછી ધોડિયા, નાયકા અને ગામીત આવે છે. આદિમજૂથ તરીકે ગણાતા કોટવાળિયા અને કોલચા પણ આ પ્રાયોજનામાં છે પરંતુ તેની વસતી જૂજ છે. બારડોલી અને માંગરોળમાં તો સર્વેક્ષણ કરેલા કુટુંબોમાં છે જ નહીં અને માંડવીમાં કોટવાળિયા અને મહુવા કોટવાળિયા અને કોલચા બંને છે જે અનુક્રમે ૨૦.૨૫ અને ૧.૭૫ ટકા છે. આ માહિતીનો અભ્યાસ કરીએ તે પહેલાં દરેક તાલુકામાંથી જે ગામો પસંદ કર્યા છે તેની ટૂંકમાં માહિતી મેળવી લઇએ.

## કોઠો : ૪.૩

### સર્વેક્ષણ કરેલા કુટુંબોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | તાલુકો/પોકેટ્સ નું નામ | કુટુંબ સંખ્યા | ૦ થી ૬ પુરુષ | ૦ થી ૬ સ્ત્રી | ૭ થી ૧૪ પુરુષ | ૭ થી ૧૪ સ્ત્રી | ૧૫ થી ૨૪ પુરુષ | ૧૫ થી ૨૪ સ્ત્રી | ૨૫ થી ૩૫ પુરુષ | ૨૫ થી ૩૫ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૦૨ | ૯૫ | ૧૧૧ | ૧૩૦ | ૧૩૧ | ૧૩૮ | ૧૦૭ | ૧૦૬ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૮૮ | ૮૫ | ૧૨૫ | ૧૧૨ | ૧૦૨ | ૧૧૦ | ૮૪ | ૮૫ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૭૫ | ૭૨ | ૧૧૫ | ૯૩ | ૧૦૫ | ૮૭ | ૧૦૭ | ૧૦૧ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૬૦ | ૬૭ | ૧૧૬ | ૧૦૩ | ૧૨૮ | ૧૦૨ | ૯૨ | ૧૦૨ |
| ૫ | પલસાણા | ૧૦૦ | ૪૫ | ૪૪ | ૬૦ | ૪૧ | ૫૧ | ૪૯ | ૫૨ | ૪૨ |
| ૬ | કામરેજ | ૧૦૦ | ૩૮ | ૩૭ | ૫૪ | ૬૨ | ૪૫ | ૩૯ | ૬૨ | ૬૮ |
| | કુલ | ૧૦૦૦ | ૪૦૮ | ૪૦૦ | ૫૮૧ | ૫૪૧ | ૫૬૨ | ૫૨૫ | ૫૦૪ | ૫૦૪ |

ચાલુ..

કોઠો : ૪.૩.. ચાલુ..

| ક્રમ | તાલુકો/પોકેટ્સનું નામ | ૩૬ થી ૫૯ | | ૬૦થી ઉપર | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| | | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | માંડવી | ૧૨૮ | ૧૧૦ | ૨૬ | ૧૭ | ૬૦૫ | ૫૯૬ | ૧૨૦૧ |
| ૨ | માંગરોલ | ૧૧૮ | ૧૦૨ | ૨૩ | ૧૮ | ૫૪૦ | ૫૧૧ | ૧૦૫૧ |
| ૩ | બારડોલી | ૧૨૨ | ૯૧ | ૨૫ | ૧૬ | ૫૪૯ | ૪૬૦ | ૧૦૦૯ |
| ૪ | મહુવા | ૧૪૫ | ૧૧૩ | ૨૫ | ૧૯ | ૫૬૬ | ૫૦૬ | ૧૦૭૨ |
| ૫ | પલસાણા | ૫૩ | ૫૬ | ૧૪ | ૧૧ | ૨૭૫ | ૨૪૪ | ૫૧૯ |
| ૬ | કામરેજ | ૩૫ | ૨૭ | ૯ | ૭ | ૨૪૩ | ૨૪૦ | ૪૮૩ |
| | કુલ | ૬૦૧ | ૪૯૯ | ૧૨૨ | ૮૮ | ૨૨૭૮ | ૨૫૫૭ | ૫૩૩૫ |

વયજૂથ પ્રમાણે વર્ગીકરણ :

કોઠા નંબર ૪.૩ માં પસંદ કરેલા કુટુંબોના સભ્યોનું વયજૂથ તેમજ સ્ત્રી પુરુષ જાતિ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ૪ તાલુકા અને બે પોકેટસ પસંદ કરેલા ૧૦૦૦ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૫૩૩૫ છે. આમ સરેરાશ ૫.૩ સભ્યનું કુટુંબ થયું. આ સભ્ય સંખ્યામાં ૨૭૭૮ પુરુષો અને ૨૫૫૭ સ્ત્રીઓ છે. એટલે ૧૦૦૦ પુરુષો ૯૨૦.૪૬ સ્ત્રીઓ છે. સુરત જિલ્લામાં તેનું પ્રમાણ ૯૨૪ નું છે અને પ્રાયોજનામાં તેનું પ્રમાણ ૯૮૨ નુ પ્રમાણ છે આમ માંડવી પ્રાયોજનામાં પુરુષ સ્ત્રીનું જે પ્રમાણ છે તેના પ્રમાણમાં સર્વેક્ષણ કુટુંબોમાં ઓછું છે. બીજી હકીકત અહીં એ જોવા મળી છે. સામાન્ય રીતે આદિવાસીઓમાં પુરુષ કરતાં સ્ત્રીનું પ્રમાણ વધુ હોય છે. અથવા સરખું હોય છે પણ અહીયાં માંડવી પ્રાયોજના તેમજ સર્વેક્ષણ કરેલા કુટુંબોમાં તે ઓછું જોવા મળે છે.

વયજૂથ પ્રમાણે જોતા એમાં પંદર વર્ષથી નીચેના ૯૮૯ પુરુષો અને ૯૪૧ સ્ત્રીઓ છે આમ કુલ વસ્તીના ૩૬.૧૮ ટકા તો બાળકો અને કિશોરો છે તેવી રીતે ૬૦ વર્ષથી ઉપરના ૧૨૨ પુરુષો અને ૮૮ સ્ત્રીઓ એટલે કુલ વસ્તીના ૩.૯૫ ટકા વૃધ્ધો છે આમ ૪૦.૧૩ ટકા લોકો તો સર્વપણે આશ્રિત લોકો છે જયારે ૧૫ થી ૨૪ માં ૫૬૨ પુરુષો એ ૫૨૫ સ્ત્રીઓ છે અને ૨૫ થી ૬૦ માં ૧૧૦૧ પુરુષો એ ૧૦૦૩ સ્ત્રીઓ છે જે કમાનાર વર્ગ તરીકે ઓળખી શકાય જેની ટકાવારી ૩૯.૪૪ ટકા થાય છે.

જુદા જુદા તાલુકાવાર વર્ગીકરણ જોઈએ તો જણાશે કે માંડવી તાલુકામાં કુલ ૧૨૦૧ વ્યકિતઓ છે તેમાં ૧૫ વર્ષથી નીચેના ૨૧૩ પુરુષો અને ૨૨૨ સ્ત્રીઓ છે જે કુલ વસ્તીના ૩૬.૨૨ ટકા છે. ૬૦ વર્ષ ઉપરના વયજૂથમાં ૨૬ પુરુષો અને ૧૭ સ્ત્રીઓ છે.

જે કુલ વસ્તીના ૩.૫૮ ટકા થાય છે. આમ ૩૯.૮૦ લોકો સંપૂર્ણપણે આશ્રિત છે બાકીના જે ૬૦.૨૦ ટકા રહયા તેમાં ૨૫ થી ૫૯ વર્ષ સુધીનો જે કમાનાર વર્ગ છે તેની સંખ્યા ૪૫૧ છે જે કુલ વસ્તીના ૩૭.૫૫ ટકા થાય છે. તેવી જ રીતે માંગરોલ તાલુકામાં ૧૦૫૧ વ્યકિતઓમાં ૧૫ વર્ષથી નીચેના વયજૂથમાં ૨૧૩ પુરુષો અને ૧૯૭ સ્ત્રીઓ એટલે કુલ વસ્તીના ૩૯.૦૧ ટકા છે અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં ૨૩ પુરુષો અને ૧૮ સ્ત્રીઓ જે કુલ વસ્તીના ૩.૯૦ ટકા છે. આમ ૪૨.૯૧ ટકા સંપૂર્ણપણે આશ્રિત છે. બાકીના ૫૭.૦૯ ટકામાં ૨૫ થી ૫૯ વયજૂથમાં આવનારા ૩૭.૦૧ ટકા લોકો છે. બારડોલી તાલુકામાં બાળકો કિશોરો અને વૃધ્ધોની સંખ્યા કોઠામાં આપવામાં આવી છે તે મુજબ ૧૫ વર્ષથી નીચેના વયજૂથની ટકાવારી ૩૫.૧૮ છે અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથની ટકાવારી ૪.૦૬ ટકા છે. આમ પૂર્ણ આશ્રિત ૩૯.૨૪ ટકા છે અને ૨૫ થી ૫૯ ના વયજૂથમાં ૪૧.૭૨ ટકા છે. મહુવામાં ૧૫ વર્ષથી નીચેના વયજૂથમાં ૩૨.૨૮ ટકા છે. જયારે ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં ૪.૧૦ ટકા આમ ૩૬.૩૮ ટકા સંપૂર્ણપણે આશ્રિત કહેવાય. બાકીના ૬૩.૬૨ ટકામાં ૨૫ થી ૫૯ના વયજૂથના ૪૨.૧૬ ટકા છે. પલસાણા અને કામરેજમાં અનુક્રમે ૧૫ વર્ષથી નીચેના વયજૂથમાં ૩૬.૬૧ અને ૩૯.૩૮ ટકા અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં ૫.૦૧ અને ૩.૨૯ ટકા છે. આમ પલસાણા અને કામરેજમાં અનુક્રમે ૪૧.૬૨ અને ૪૨.૬૭ ટકા છે. જયારે કમાનાર વર્ગ ૨૫ અને ૫૯ વયજૂથના અનુક્રમે ૩૯.૧૧ અને ૩૯.૫૯ ટકા છે.

આ આંકડાઓને આધારે કહી શકાય છે. માંડવી પ્રાયોજનમાં સમગ્ર વિસ્તારમાં જુદા જુદા વયજૂથમાં સખ્યાનું પ્રમાણ લગભગ સરખી રીતે વહેંચાયેલું છે. એટલે કે આશ્રિત અને કમાનારનું પ્રમાણ લગભગ સરખું છે. સ્ત્રી અને પુરુષના પ્રમાણમાં પણ ખાસ ફેરફાર જોવા મળતો નથી.

## કોઠો : ૪.૪

### સર્વેક્ષણ કરેલા કુટુંબોનું વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | તાલુકા/ પોકેટ્સ | પરણિત | | અપરણિત | | છૂટાછેડા | | વિધુર | વિધવા | ત્યક્તા | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | | | | પુરુષ | સ્ત્રી | |
| ૧ | માંડવી | ૨૮૭ | ૨૮૨ | ૩૧૦ | ૩૦૪ | - | - | ૮ | ૧૦ | - | ૬૦૫ | ૫૯૬ | ૧૨૦૧ |
| ૨ | માંગરોલ | ૨૨૯ | ૨૩૩ | ૨૯૮ | ૨૫૭ | - | - | ૧૩ | ૨૦ | ૧ | ૫૪૦ | ૫૧૧ | ૧૦૫૧ |
| ૩ | બારડોલી | ૨૬૯ | ૨૪૨ | ૨૯૮ | ૨૦૪ | ૨ | ૨ | ૧૦ | ૧૨ | - | ૫૪૯ | ૪૬૦ | ૧૦૦૯ |
| ૪ | મહુવા | ૨૭૪ | ૨૫૨ | ૨૮૪ | ૨૪૦ | - | - | ૮ | ૧૪ | - | ૫૬૬ | ૫૦૬ | ૧૦૭૨ |
| ૫ | પલસાણા | ૧૩૩ | ૧૨૫ | ૧૩૦ | ૧૦૫ | ૩ | ૩ | ૯ | ૧૦ | ૧ | ૨૭૫ | ૨૪૪ | ૫૧૯ |
| ૬ | કામરેજ | ૧૧૮ | ૧૨૩ | ૧૧૭ | ૧૧૧ | ૧ | ૧ | ૭ | ૯ | | ૨૪૩ | ૨૪૦ | ૪૮૩ |
| | કુલ | ૧૩૧૦ | ૧૨૫૭ | ૧૪૦૭ | ૧૨૨૧ | ૬ | ૬ | ૫૫ | ૭૫ | ૨ | ૨૭૭૮ | ૨૫૫૭ | ૫૩૩૫ |

## વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ :

કોઠા નંબર ૪.૪ માં સર્વેક્ષણ હેઠળ આવરી લીધેલા કુટુંબોનું વૈવાહિક દરજ્જા પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું છે. સર્વેક્ષણ માટે પસંદ કરેલા કુટુંબોમાં કુલ સભ્ય સંખ્યા ૫૩૩૫ છે જેમાં ૨૭૭૮ પુરુષો અને ૨૫૫૭ સ્ત્રીઓ છે એમાંથી ૧૩૧૦ પુરુષો (૪૭.૧૫ %) અને ૧૨૫૭ સ્ત્રીઓ ( ૪૯.૧૬ ટકા ) સ્ત્રીઓ પરણિત છે, ૧૪૦૭ ( ૫૦.૬૫ ટકા ) પુરુષો અને ૧૨૨૧ ( ૪૭.૭૫ ટકા ) સ્ત્રીઓ અપરણિત છે. ૬ પુરુષ અને ૬ સ્ત્રી એમ કુલ ૧૨ છૂટાછેડાવાળા છે જયારે ૫૫ ( ૧.૯૮ ટકા )પુરુષો વિધુર ૭૫ ( ૨.૯૩ ટકા ) સ્ત્રીઓ વિધવા છે. જયારે ૧૦૦૦ કુટુંબોમાં ફકત ૨ સ્ત્રીઓ જ ત્યકતા છે.

ઉપરના વિશ્લેષણ પરથી ખ્યાલ આવે છે કે આદિવાસીઓમાં લગભગ પરણિત, અપરણિતનું પ્રમાણ સરખું જેવું જ છે. પરંતુ વધારે ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે ત્યાં વિધુર અને વિધવા છુટાછેડા અને ત્યકતાનું પ્રમાણ નહીંવત્ છે. એનું કારણ એ છે કે આ સમાજમાં પુનઃલગ્ન એ સામાન્ય બાબત છે સાથે સાથે પુરુષ અને સ્ત્રી બન્નેને ફરી લગ્ન કરવાનો સરખો જ હકક છે તેથી છુટાછેડા કે ત્યકતા બનેલ સ્ત્રી ફરી લગ્ન કરે છે અને તેથી તેનું પ્રમાણ નહીંવત્ રહે છે. ફકત ઉંમરલાયક થાય અને પછી વિધુર વિધવા બને અથવા ટૂંકાગાળામાં જ ત્યકતા કે છૂટાછેડા લીધા હોય તેવી જ વ્યકિતઓ જ ગણતરીમાં આવે, ભાગ્યે જ ઉંમરલાયક વ્યકિત અપરણિત જોવા મળે અને સ્ત્રીઓનો દરજ્જો પુરુષો જેટલો જ છે જે સવર્ણ સમાજ કરતાં જુદી ભાત પાડતી બાબત દેખાય છે.

## કોઠો : ૪.૫

### સર્વેક્ષણ કરેલા કુટુંબોનું શૈક્ષણિક સ્તર ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭

| ક્રમ | તાલુકા | ૧૯૭૫-૭૬ અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | ઉચ્ચ | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | માંડવી | ૩૦૯ | ૩૪૮ | ૧૫૬ | ૭૩ | ૧૩ | ૪ | ૫ | ૨ | ૪૮૭ | ૪૨૭ | ૯૧૦ |
| ૨ | માંગરોલ | ૩૧૫ | ૩૭૯ | ૧૦૪ | ૪૨ | ૨૦ | ૩ | ૪ | ૨ | ૪૪૩ | ૪૨૬ | ૮૬૯ |
| ૩ | બારડોલી | ૨૮૪ | ૩૦૮ | ૧૧૫ | ૫૧ | ૧૯ | ૧૧ | ૪ | ૫ | ૪૨૨ | ૩૭૫ | ૭૯૭ |
| ૪ | મહુવા | ૨૬૭ | ૩૦૭ | ૧૦૪ | ૫૮ | ૩૭ | ૨૨ | ૧૪ | ૪ | ૪૨૨ | ૩૯૧ | ૮૧૩ |
| | કુલ | ૧૧૭૫ | ૧૩૪૨ | ૪૭૯ | ૨૨૪ | ૮૯ | ૪૦ | ૨૭ | ૧૩ | ૧૭૭૦ | ૧૬૧૯ | ૩૩૮૯ |

ચાલુ...

કોઠો : ૪.૫.. ચાલુ..

| ક્રમ | તાલુકા | ૧૯૮૫-૮૬ અભણ પુરુષ | સ્ત્રી | પ્રાથમિક પુરુષ | સ્ત્રી | માધ્યમિક પુરુષ | સ્ત્રી | ઉચ્ચ પુરુષ | સ્ત્રી | કુલ પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૧ | માંડવી | ૩૭૨ | ૪૪૪ | ૧૯૩ | ૧૨૬ | ૩૦ | ૨૧ | ૧૦ | ૫ | ૬૦૫ | ૫૯૬ | ૧૨૦૧ |
| ૨ | માંગરોલ | ૩૦૬ | ૩૮૧ | ૧૭૫ | ૧૦૩ | ૪૬ | ૨૪ | ૧૩ | ૩ | ૫૪૦ | ૫૧૧ | ૧૦૫૧ |
| ૩ | બારડોલી | ૨૭૬ | ૩૧૩ | ૨૧૫ | ૧૧૮ | ૪૭ | ૨૪ | ૧૧ | ૫ | ૫૪૯ | ૪૬૦ | ૧૦૦૯ |
| ૪ | મહુવા | ૨૯૦ | ૩૩૮ | ૧૯૦ | ૧૨૧ | ૭૦ | ૪૦ | ૧૬ | ૭ | ૫૬૬ | ૫૦૬ | ૧૦૭૨ |
| | | ૧૨૪૪ | ૧૪૭૬ | ૭૭૩ | ૪૬૮ | ૧૯૩ | ૧૦૯ | ૫૦ | ૨૦ | ૨૨૬૦ | ૨૦૭૩ | ૪૩૩૩ |
| | | | | | | | | | | ૫૨.૧૬ | ૪૭.૮૪ | |

શિક્ષણ :

કોઇપણ સમાજના વિકાસના સ્વરૂપને સમજવા માટે તે સમાજમાં શિક્ષણનું સ્તર કેવુ છે તે જાણવું મહત્ત્વનું છે. કારણકે શિક્ષણ એ વિકાસના પાયામાં રહેલું છે. તેથી પ્રાયોજનાના મૂલ્યાંકનમાં ~~પ્રાયોજનાના મૂલ્યાંકનમાં~~ પ્રાયોજના શરૂ થઇ ત્યારે અને ત્યારપછીના દસ વર્ષોમાં શિક્ષણમાં શું ફેરફાર થયો તે જાણવો જરૂરી છે. આ માહિતી કોઠા નંબર ૪.૫ માં આપવામાં આવી છે. અગાઉ જણાવ્યું તે મુજબ કામરેજ પલસાણા લઘુ વિસ્તાર હોવાથી તેનું સર્વેક્ષણ પ્રાયોજના મૂલ્યાંકનના સર્વેક્ષણ સાથે કર્યું ન હતું. તેથી તેના ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ એમ બંને આંકડા ઉપલબ્ધ ન હોવાથી તેનો સમાવેશ કર્યો નથી. માંડવી, માંગરોલ, બારડોલી અને મહુવા તાલુકાના પસંદ કરેલા કુટુંબોના શિક્ષણના આંકડા રજૂ કર્યા છે. ૧૯૭૫-૭૬માં આ ચાર તાલુકાઓમાંના પસંદ કરેલા કુટુંબોમાંની કુલ ૩૩૮૯ વ્યકિતઓમાંથી ૮૭૨ વ્યકિતઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું જયારે ૨૫૧૭ વ્યકિત અભણ હતી. આમ પસંદ કરેલા કુટુંબોમાં પ્રાથમિક શિક્ષણ લીધું હોય તેવા શિક્ષણનું પ્રમાણ ફકત ૨૫.૭૩ ટકા શિક્ષણ લીધું હતું. સ્ત્રી શિક્ષણનું પ્રમાણ જોઇએ તો કુલ ૧૬૧૯ સ્ત્રીઓમાંથી માત્ર ૨૦૭ સ્ત્રીઓ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું એટલે માત્ર ૧૭ ટકા સ્ત્રીઓ જ શિક્ષિત હતી. શિક્ષિત વ્યકિતઓમાં પણ મોટાભાગની વ્યકિતઓએ પ્રાથમિક શિક્ષણ લીધું છે. ૮૭૨ વ્યકિતઓમાંથી ૭૦૩ વ્યકિતઓએ પ્રાથમિક શિક્ષણ એટલે ૮૦.૬૧ ટકાએ પ્રાથમિક શિક્ષણ બાકીના ૧૯.૩૯ ટકાએ જ માધ્યમિક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

૧૯૮૫-૮૬માં આ ચાર તાલુકાઓના પસંદ કરેલા કુટુંબોનુ શિક્ષણનું પ્રમાણ ૩૭.૨૩ ટકા છે. કુલ ૪૩૩૩ વ્યકિતઓ પૈકી ૧૬૧૩ વ્યકિતઓ શિક્ષિત છે જયારે ૨૭૨૦ વ્યકિતઓ

વ્યકિતઓ અભણ છે. આમ કુલ શિક્ષણમાં ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૧.૫ ટકાનો વધારો નોંધાયો છે.

૧૯૮૬-૮૭ સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ૨૮.૭૯ ટકા છે. કુલ ૨૦૭૩ સ્ત્રીઓમાંથી ૫૯૭ સ્ત્રીઓ શિક્ષિત છે. શિક્ષિત વ્યકિતઓમાં ૧૨૪૧ વ્યકિતઓએ પ્રાથમિક શિક્ષણ લીધુ છે. આમ ૭૭ ટકાએ પ્રાથમિક શિક્ષણ લીધું છે.

આ આંકડાઓને આધારે કહી શકાય કે ૧૯૭૫-૭૬ની સરખામણીમાં ૧૯૮૫-૮૬ માં શિક્ષણના પ્રમાણમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. કુલ શિક્ષણમાં ઉપર જણાવ્યું તે મુજબ ૧૧.૫ ટકાનો વધારો નોંધાયો છે. સ્ત્રી શિક્ષણમાં લગભગ ૧૨ ટકા જેટલો વધારો નોંધાયો છે અને માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણમાં પણ ૩.૬૭ ટકાનો વધારો નોંધાયો છે. વળી માધ્યમિક શિક્ષણમાં તો સ્ત્રીઓનાં શિક્ષણ લગભગ બમણું થયું છે. આમ પ્રાયોજનાના શરૂ થયા પછી અને આદિવાસી વિકાસના કાર્યોમાં આશ્રમશાળા છાત્રાલયો અને શિક્ષણની બીજી સવલતો આદિવાસીઓને પૂરી પાડવામાં આવી તેનાથી આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર ચોકકસ પ્રકારે ઊંચું ગયું છે. વળી ૧૯૮૧ના આંકડા પ્રમાણે તો સમગ્ર આદિવાસી તાલુકામાં માંડવી પ્રાયોજનામાં આવેલા મહુવા તાલુકાનું શિક્ષણનું પ્રમાણ ઊંચામાં ઊંચું છે અને તે ૩૦ ટકા છે જે સામાન્ય ટકાવારીની લગભગ નજીક છે. હજુ પણ આ વિસ્તારના હળપતિઓમાં શિક્ષણ તરફની જાગૃત્તિ ઓછી છે અને પરિણામ સ્વરૂપ ટકાવારી ઓછી આવે છે.આ વિસ્તારના ધોડિયા, ચૌધરી, ગામીત, વસાવામાં શિક્ષણનું પ્રમાણ સારું વધ્યું છે. હળપતી કોટવાળિયા અને કોલધામાં હજુ પણ આ માટે પ્રયત્ન કરવાની જરૂર છે. ચર્ચા પછીના પ્રકરણમાં કરીશું.

## કોઠો : ૪.૬

### ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭માં શૈક્ષણિક સગવડોની પરિસ્થિતિમાં થયેલા ફેરફારો

| ક્રમ | તાલુકો | સર્વેક્ષણ કુટુંબો | પ્રાથમિક શિક્ષણ: વધુ સારું | પ્રાથમિક શિક્ષણ: ખાસ ફેરફાર નથી | પ્રાથમિક શિક્ષણ: ખરાબ | પ્રાથમિક શિક્ષણ: ખરાબ નથી | પ્રાથમિક શિક્ષણ: જવાબ આપ્યા નથી | માધ્યમિક શિક્ષણ: વધુ સારું | માધ્યમિક શિક્ષણ: ખાસ ફેરફાર નથી | માધ્યમિક શિક્ષણ: ખરાબ | માધ્યમિક શિક્ષણ: ખરાબ નથી | માધ્યમિક શિક્ષણ: લાગુ પડતું | માધ્યમિક શિક્ષણ: જવાબ આપ્યા નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૪૩ | ૫૪ | - | ૩ | - | ૪૩ | ૩૨ | ૫ | - | ૧૨૦ | - |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૬૮ | ૨૧ | ૪ | ૧ | ૬ | ૨૦ | - | - | - | ૧૮૦ | - |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૬૫ | ૩૫ | - | - | - | ૪૦ | ૪૦ | - | ૨૪ | ૯૬ | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૪૪ | ૫૧ | ૧ | - | ૪ | ૯ | ૩૧ | - | - | ૧૬૦ | - |
| | કુલ | ૮૦૦ | ૬૨૦ | ૧૬૧ | ૫ | ૪ | ૧૦ | ૧૧૨ | ૧૦૩ | ૫ | ૨૪ | ૫૫૬ | |
| | ટકા | | ૭૭.૫૦ | ૨૦.૧૩ | ૦.૬૨ | ૦.૫૦ | ૧.૨૫ | ૧૪.૦૦ | ૧૨.૮૮ | ૦૦.૬૨ | ૩.૦૦ | ૬૯.૫૦ | |

શાળામાં આવતા શિક્ષકોની નિયમિતતા અને રહેઠાણ અંગેની માહિતી માહિતીદાતાઓ પાસેથી મેળવતા એવું માલુમ પડયું છે કે ૮૦૦ માંથી ૩૨૪ ( ૪૦.૫ ટકા ) એ જણાવ્યું છે કે શિક્ષકો ગામમાં રહેતા નથી. જયારે ૨૪૯(૩૧.૧૨ ટકા ) એ જણાવ્યું કે શિક્ષકો ગામમાં રહેતા નથી. બાકીનાએ ખબર નથી. આમ મોટાભાગના શિક્ષકો ગામમાં રહેતા નથી. એટલે બહારગામમાંથી આવજાવ કરે છે એટલે સ્વાભાવિક છે કે એની થોડીઘણી શિક્ષણ પર અસર પડતી જ હોય છે. પરંતુ સાથે સાથે મોટાભાગના એટલે કે ૬૭૬ (૮૪.૫૦ ) ટકાએ જણાવ્યું કે નિયમિતપણે આવે છે એટલે કે આજુબાજુના ગામમાંથી જ શિક્ષકો રહેતા હશે.

આમ માંડવી પ્રાયોજનામાં એક ખાસ બાબત એ જોવા મળે છે કે બીજા આદિવાસી વિસ્તારમાં શિક્ષકોની અનિયમિતતાની જે ફરિયાદ સાંભળવા અને જાણવા મળે છે તે અહીં જોવા મળતી નથી અને તેના પરિણામસ્વરૂપ પણ બીજા આદિવાસી વિસ્તારના પ્રમાણમાં અહીંયા શિક્ષણનો દર ઊંચો જોવા મળે છે.

અગાઉ આપણે સર્વેક્ષણ કરેલા કુટુંબોમાં છેલ્લા દાયકામાં શિક્ષણના સ્તરમાં શું પરિવર્તન આવ્યું તે તપાસ્યું પરંતુ સર્વેક્ષણ કરેલા કુટુંબોનો શિક્ષણમાં આવેલા પરિવર્તન માટે શું અભિપ્રાય છે તે જાણવાનો પણ પ્રશ્ન કર્યો હતો એમાંથી જે માહિતી ઉપલબ્ધ થઇ હતી તે કોઠા નંબર ૪.૬ માં દર્શાવવામાં આવી છે.

સર્વેક્ષણ કરેલા ગામોમાં મોટાભાગના ગામોમાં માધ્યમિક શાળા ન હતી. ફકત ગામમાં જ હતી. વળી આદિવાસીઓમાં માધ્યમિક શિક્ષણનું પ્રમાણ પણ ઓછું તેથી માધ્યમિક શિક્ષણ અંગેના અભિપ્રાયમાં ફકત ૨૪૪ અભિપ્રાય મળ્યા છે. અને પ્રાથમિક શિક્ષણમાં ૭૯૦ અભિપ્રાય મળ્યા.

પ્રાથમિક શિક્ષણની પરિસ્થિતિમાં કેવો ફેરફાર થયો છે એના જવાબમાં ૬૨૦ એટલે કે ૭૭.૫૦ ટકાએ જણાવ્યું કે વધુ સારું થયું છે. ૧૬૧ એટલે ૨૦.૧૩ ટકાને તેમાં ખાસ ફેરફાર જણાયો નથી. ફકત ૫ વ્યકિતએ જણાવ્યું છે કે પ્રાથમિક શિક્ષણ બગડયું છે તેમાં પણ માંગરોલ તાલુકાના ૪ અને મહુવા તાલુકાના એક કુટુંબનો સમાવેશ થાય. તેવી જ રીતે માઘ્યમિક શિક્ષણ અંગે જેમણે અભિપ્રાય આપ્યો છે તેમાંથી ૧૧૨ ( ૧૪ ટકા ) એ જણાવ્યું છે કે વધુ સારું થયું છે અને ૧૦૩ ( ૧૨.૮૮ ટકા ) મત મુજબ ફેરફાર થયો નથી. માંડવી તાલુકામાંથી ૫ વ્યકિતનો મત મુજબ ખરાબ છે. આમ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સુધારો થયેલો માલુમ પડે છે. માઘ્યમિક શિક્ષણની ટકાવારી ઓછી એટલે એમાં થયેલો સુધારો પણ ઓછો માલુમ પડે છે. તેમ છતાં કોઠા નંબર ૪.૫ અને ૪.૬ ના આધારે કહી શકાય કે છેલ્લા દાયકામાં શિક્ષણની પરિસ્થિતિમાં નોંધપાત્ર વધારો થયો છે.

## કોઠો : ૪.૮

સર્વેક્ષણ કરેલા કુટુંબોના સભ્યોના ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાનના વ્યવસાય સંબંધી માહિતી

| ક્રમ | તાલુકો | ખેતી ૧૯૮૬-૮૭ | ખેતી ૧૯૭૫-૭૬ | નોકરી ૧૯૮૬-૮૭ | નોકરી ૧૯૭૫-૭૬ | ખેતમજૂરી ૧૯૮૬-૮૭ | ખેતમજૂરી ૧૯૭૫-૭૬ | અન્ય મજૂરી ૧૯૮૬-૮૭ | અન્ય મજૂરી ૧૯૭૫-૭૬ | વ્યાપાર-ઉદ્યોગ ૧૯૮૬-૮૭ | વ્યાપાર-ઉદ્યોગ ૧૯૭૫-૭૬ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | માંડવી | ૧૮૮<br>૧૫.૬૫ | ૧૫૩<br>૧૬.૮૧ | ૧૫<br>૧.૨૫ | ૪<br>૦.૪૪ | ૧૫૫<br>૧૨.૯૧ | ૧૩૬<br>૧૪.૯૫ | ૨૭<br>૨.૨૬ | ૨૨<br>૨.૪૨ | ૨૬<br>૨.૧૬ | ૧<br>૦.૧૧ |
| ૨ | માંગરોલ | ૧૬૧<br>૧૫.૩૨ | ૧૫૪<br>૧૭.૭૨ | ૨૨<br>૨.૦૯ | ૧૩<br>૧.૫૦ | ૨૨૬<br>૨૧.૫૦ | ૧૬૧<br>૧૮.૫૩ | ૮<br>૦.૭૬ | - | ૨૩<br>૨.૧૯ | ૬<br>૦.૬૯ |

ચાલુ...

ચાલુ...

કોઠો : ૪.૮.. ચાલુ..

| ક્રમ | તાલુકો | પશુપાલન | | કામ ન કરનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ |
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | માંડવી | ૧૧૮ | ૨૭ | ૬૭૨ | ૫૬૭ | ૧૨૦૧ | ૯૧૦ |
| | | ૯.૮૨ | ૨.૯૭ | ૫૫.૯૫ | ૬૨.૩૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨ | માંગરોલ | ૧૬૫ | ૧૦૦ | ૪૪૬ | ૪૩૫ | ૧૦૫૧ | ૮૬૯ |
| | | ૧૫.૭૦ | ૧૧.૫૧ | ૪૨.૪૪ | ૫૦.૦૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ચાલુ..

કોઠો : ૪.૮.. ચાલુ..

| ક્રમ | તાલુકો | ખેતી | | નોકરી | | ખેતમજૂરી | | અન્ય મજૂરી | | વ્યાપાર-ઉદ્યોગ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ ચાલુ.. |
| ૩ | બારડોલી | ૧૨૫ | ૧૨૪ | ૩૧ | ૧૦ | ૨૬૪ | ૨૬૬ | ૧૨ | ૯ | ૩૬ | ૫ |
| | | ૧૨.૩૯ | ૧૫.૫૬ | ૩.૦૭ | ૧.૨૫ | ૨૬.૧૬ | ૩૩.૩૮ | ૧.૧૯ | ૧.૧૩ | ૩.૫૭ | ૦.૬૩ |
| ૪ | મહુવા | ૭૮ | ૬૦ | ૨૦ | ૧૧ | ૨૦૭ | ૧૬૮ | ૧ | ૨ | ૪૨ | ૭ |
| | | ૭.૨૮ | ૭.૩૮ | ૧.૮૭ | ૧.૩૫ | ૧૯.૩૧ | ૨૦.૬૬ | ૦.૦૯ | ૦.૨૫ | ૩.૯૨ | ૦.૮૬ |
| | કુલ | ૫૫૨ | ૪૯૧ | ૮૮ | ૩૮ | ૮૫૨ | ૭૩૧ | ૪૮ | ૩૩ | ૧૨૭ | ૧૯ |
| | | ૧૨.૭૦ | ૧૪.૫૯ | ૨.૦૩ | ૧.૧૨ | ૧૯.૬૬ | ૨૧.૫૭ | ૧.૧૧ | ૦.૯૭ | ૨.૯૩ | ૦.૫૬ |

કોઠો : ૪.૮.. ચાલુ..

| ક્રમ | તાલુકો | પશુપાલન | | કામ ન કરનાર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ |
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૩ | બારડોલી | ૧૦૦ | ૩૩ | ૪૪૧ | ૩૫૦ | ૧૦૦૯ | ૭૯૭ |
| | | ૯.૯૧ | ૪.૧૪ | ૪૩.૭૧ | ૪૩.૯૧ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪ | મહુવા | ૧૦૧ | ૪૮ | ૬૨૩ | ૫૧૭ | ૧૦૭૨ | ૮૧૩ |
| | | ૯.૪૨ | ૫.૯૧ | ૫૮.૧૧ | ૬૩.૫૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | કુલ | ૪૮૪ | ૨૦૮ | ૨૧૮૨ | ૧૮૬૯ | ૪૩૩૩ | ૩૩૮૯ |
| | | ૧૧.૧૭ | ૬.૧૪ | ૫૦.૩૬ | ૫૫.૧૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

વ્યવસાય અને રોજગારી :

૧૯૭૫-૭૬માં સંકલિત આદિજાતી વિકાસ કાર્યક્રમ હેઠળ પ્રાયોજના જે શરૂ કરવામાં આવી તેનો ખાસ ઉદ્દેશ તેમની આવક વધે તેમજ તેને પૂરતા પ્રમાણમાં વ્યવસાય અને રોજગારી પ્રાપ્ત થાય. આ હેતુ કેટલા પ્રમાણમાં સિદ્ધ થયો છે તે જાણવું અત્યંત જરૂરી છે. કોઠા નંબર        માં ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ ના દાયકા દરમ્યાન પ્રાયોજના દ્વારા જે જે પ્રયત્નો તેના પરિણામ સ્વરૂપ વ્યવસાય અને રોજગારીમાં તફાવત પડયો છે કે નહીં તેનો તુલનાત્મક ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે.

કોઠામાં બતાવ્યા મુજબ સર્વેક્ષણ કરેલા ૮૦૦ કુટુંબોમાં ૧૯૭૫-૭૬ માં ૩૩૮૯ વ્યકિતઓ હતી જયારે ૧૯૮૬-૮૭માં તેની સંખ્યા ૪૩૩૩ હતી. ૧૯૭૫-૭૬માં કામ કરનારની સંખ્યા ૧૫૨૦ એટલે કે ૪૪.૮૫ ટકા હતી જયારે ૧૯૮૫-૮૬માં તે સંખ્યા ૨૧૫૧ એટલે કે ૪૯.૬૪ ટકા હતી આમ દસ વર્ષોમાં કામ કરનારની સંખ્યામાં લગભગ ૫ ટકા જેટલો વધારો નોંધાયો છે. અલબત્ત ~~xxxxx~~ વ્યવસાય પ્રમાણે જોઈએ તો તેમાં તફાવત છે ખેતી અને ખેતમજૂરી કે જેમાં આદિવાસીનો મોટો ભાગ રોજગારી મેળવે છે. તેની ટકાવારી ઘટી છે. બીજીબાજુ નવા ઉદ્યોગધંધા, પશુપાલન, નોકરી વગેરેમાં વ્યવસાયની તક વધી છે. તાલુકાવાર જુદા જુદા ધંધામાં કામ કરનાર અને ન કરનારનું વિશ્લેષણ જોઈએ.

માંડવી તાલુકામાં પસંદ કરેલા ૨૦૦ કુટુંબોમાં ૧૯૭૫-૭૬ દરમ્યાન ૯૧૦ સભ્યો હતા તેમાંથી ૧૫૩ ખેતીમાં, ૧૩૬ ખેતમજૂરીમાં અને ૨૭ પશુપાલનમાં રોકાયેલા જયારે ૨૭ સભ્યો અન્ય કામમાં રોકાયેલા હતા. ૫૬૭ સભ્યો કોઈપણ કામમાં રોકાયેલા ન હતા. ૧૯૮૬-૮૭માં કુલ ૧૨૦૧ વ્યકિતઓમાંથી

૧૮૮ ખેતીમાં ૧૫૫ ખેતમજૂરીમાં અને ૧૧૮ પશુપાલનમાં રોકાયેલી હતી. ૬૮ વ્યકિતઓ કુટીર ઉદ્યોગ, વ્યાપાર તેમજ અન્ય વ્યવસાયમાં રોકાયેલી હતી જ્યારે ૬૭૨ વ્યકિતઓ કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલી ન હતી. આમ ૩૮.૩૨ ટકા વ્યકિતઓ ખેતીને લગતા કામમાં અને ૫.૭૦ ટકા વ્યકિત અન્ય પ્રકારના કામમાં રોકાયેલી હતી જ્યારે ૬૭૨ વ્યકિતઓ કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલી ન હતી. આમ ૩૮.૩૨ ટકા વ્યકિતઓ ખેતીને લગતા કામમાં અને ૫.૭૦ ટકા વ્યકિતઓ અન્ય પ્રકારના કામમાં રોકાયેલી હતી જ્યારે ૫૫.૯૨ ટકા લોકો કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલા ન હતાં. આ રીતે માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૩૭.૭૦ ટકા લોકો કામ કરનારા હતા. જ્યારે ૧૯૮૫-૮૬માં ૪૪.૦૮ ટકા લોકો કામ કરનારા હતા. એટલે ૧૯૭૫-૭૬ પછી અને ૧૯૮૬-૮૭ પહેલાં એમ એક દાયકામાં માંડવી તાલુકામાં રોજગારીની દ્રષ્ટિએ ૭ થી ૮નો વધારો થયો છે. XXXX એમ કહી શકાય.

માંગરોલ તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૮૬૯ વ્યકિતઓમાંથી ૧૫૪ ખેતીના કામમાં, ૧૬૧ ખેતમજૂરીમાં અને ૧૦૦ વ્યકિતઓ પશુપાલનમાં રોકાયેલી હતી એટલે કે ૪૨૫ વ્યકિતઓ ખેતી અને ખેતીની આનુષાંગિક લગતા વ્યવસાયમાં રોકાયેલી હતી અને ૧૯ વ્યકિતઓ વ્યાપાર ઉદ્યોગ, કુટીર ઉદ્યોગ નોકરી વગેરેમાં કામ કરતી હતી જ્યારે ૪૩૫ વ્યકિતઓ કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલી ન હતી ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો ૪૮.૦૭ ટકા લોકો ખેતીને લગતા કામમાં અને ૧.૧૮ ટકા લોકો અન્ય કામમાં રોકાયેલા હતા જ્યારે ૫૦.૦૫ ટકા લોકો આશ્રિત હતા. ૧૯૮૫-૮૬માં ૧૦૫૧ વ્યકિતઓમાંથી ૧૬૧ ખેતીમાં, ૨૨૬ ખેત મજૂરીમાં અને ૧૬૫ પશુપાલનમાં રોકાયેલી હતી જ્યારે ૫૩ વ્યકિતઓ અન્ય કામગીરી સાથે સંકળાયેલી હતી જ્યારે ૪૪૬

વ્યક્તિઓ કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલી ન હતી.

ટકાવારી પ્રમાણે જોતા ૫૨.૫૪ ટકા લોકો ખેતી અને તેને આનુષાંગિક વ્યવસાયમાં છે, ૫.૦૦ ટકા લોકો અન્ય વ્યવસાયમાં છે જ્યારે ૪૨.૪૨ ટકા લોકો કોઇપણ પ્રકારના કામમાં સંકળાયેલા નથી. આમ ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ની તુલના કરતાં માલુમ પડે છે કે માંગરોલ તાલુકામાં પણ દાયકામાં ૭ થી ૮ ટકા રોજગારીમાં વધારો થયો છે.

બારડોલી તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૭૯૭ વ્યક્તિઓમાંથી ખેતી, ખેતમજૂરી અને પશુપાલનમાં ૪૨૩ વ્યક્તિઓ રોકાયેલી છે. ૨૭ વ્યક્તિઓ અન્ય કામમાં રોકાયેલી છે જ્યારે ૩૪૭ વ્યક્તિઓ કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલી નથી ટકાવારીની દ્રષ્ટિએ ૫૩.૦૯ ટકા લોકો ખેતીને લગતા કામમાં જોડાએલા છે.૩ ટકા અન્ય પ્રકારના કામમાં છે જ્યારે ૪૩.૯૧ ટકા લોકો કોઇપણ પ્રકારના કામમાં રોકાયેલા નથી.૧૯૮૫-૮૬માં ૧૦૦૯ વ્યક્તિઓમાંથી ૧૨૫ ખેતીમાં ૨૬૪ ખેતમજૂરીમાં અને ૧૦૦ પશુપાલનમાં રોકાયેલી છે. ૭૪ વ્યક્તિઓ અન્ય કામમાં જોડાયેલી છે. એટલે ૪૮.૪૬ ટકા ખેતીમાં અને ૭.૮૩ ટકા લોકો અન્ય પ્રકારના કામમાં રોકાયેલા છે. ૪૩.૭૧ લોકો કોઇ કામગીરી કરતા નથી આમ ૭૬ થી ૮૬ ના દાયકામાં બારડોલી તાલુકામાં રોજગારીની દ્રષ્ટિએ ખેતી અને તેના આનુષાંગિક વ્યવસાયમાં પાંચેક ટકાનો ઘટાડો નોંધાયો છે.જ્યારે અન્ય વ્યવસાયમાં પાંચેક ટકાનો વધારો નોંધાયો છે એટલે એ દાયકા દરમ્યાન આ તાલુકામાં રોજગારીનું પ્રમાણ જળવાઇ રહેલું છે. પરંતુ ખેતીમાંથી ઘટાડો થયો. એનો અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ એ અર્થ કરી શકાય કે ખેતીમાં જરૂર કરતાં વધુ રોકાયેલા હતા એટલે જે પ્રછન્ન બેકારી હતી તે બીજા વ્યવસાયમાં જવાથી તે ઘટવા પામી છે. આમ ટકાવારીની દ્રષ્ટિએ રોજગારી વધી નથી પણ તેની તકો તો વધવા પામી જ છે.

બારડોલી તાલુકાની જેમ જ મહુવા તાલુકામાં ૧૯૭૫-૭૬માં કુલ ૮૧૩ વ્યકિતમાંથી ખેતી, ખેતમજૂરી અને પશુપાલનમાં ૨૭૬ વ્યકિતઓ કામ કરતી હતી જયારે બાકીના વ્યવસાયમાં ૨૦ વ્યકિતઓ કામ કરતી હતી આમ કુલ ૩૬.૪૧ ટકા લોકો કામ કરતા હતા જયારે ૬૩.૫૯ ટકા લોકો કામ વગરના હતા. જયારે ૧૯૮૬માં ખેતી અને તેના આનુષાંગિક વ્યવસાયમાં કુલ ૩૮૬ વ્યકિત રોકાયેલી હતી.જયારે અન્ય વ્યવસાયમાં ૬૩ વ્યકિત રોકાયેલી હતી. ટકાવારીની રીતે ૪૧.૮૯ ટકા લોકો વ્યવસાય કરતા હતા જયારે ૫૮.૧૧ ટકા લોકો કોઈપણ પ્રકારનો વયવસાય કરતાં ન હતા. આમ મહુવા તાલુકામાં પણ ૭૬-૮૬ ના દાયકા દરમ્યાન પાંચ ટકાનો વધારો થયો છે. જેમાં ખેતી અને તેના આનુષાંગિક વ્યવસાય કરતાં બીજા વ્યવસાયમાં સારો વધારો નોંધાયો છે.

આમ ચારેય તાલુકામાં બારડોલી તાલુકા સિવાય રોજગારીમાં દાયકામાં વધારો નોંધાયો છે. એટલું જ નહીં ખેતી પરનું ભારણ ધીરે ધીરે ઓછું થતું ગયું છે. તે સ્પષ્ટ દેખી શકાય છે વસતિ વધારાને કારણે સંખ્યા વધુ લાગે છે પણ ટકાવારીની દ્રષ્ટિએ તે ઘટવા જ પામ્યું છે.

## કોઠો : ૪.૯

**સર્વેક્ષણ કરેલા કુટુંબોની ૧૯૮૬-૮૭ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન કુલ, કુટુંબદીઠ અને માથાદીઠ માસિક આવક**

કમાનાર

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા ૧૯૮૬-૮૭ | કુલ સભ્ય સંખ્યા ૧૯૭૫-૭૬ | કમાનાર પુરુષ | કમાનાર સ્ત્રી | કમાનાર કુલ | ૧૯૮૫-૮૬ કુલ માસિક આવક રૂ. | કુટુંબદીઠ માસિક આવક રૂ. | માથાદીઠ માસિક આવક રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૨૦૧ | ૯૧૦ | ૩૬૦ | ૧૬૯ | ૫૨૯ | ૧૫૮૯૮૦ | ૭૯૯.૯૦ | ૧૩૨.૩૭ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૦૫૧ | ૮૬૯ | ૩૪૬ | ૨૫૯ | ૬૦૫ | ૧૪૭૫૬૫ | ૭૪૮.૫૮ | ૧૪૦.૫૪ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૦૦૯ | ૭૯૭ | ૩૪૧ | ૨૨૭ | ૫૬૮ | ૧૫૪૨૭૫ | ૭૭૧.૬૩ | ૧૫૨.૯૫ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૦૭૨ | ૮૧૩ | ૨૯૮ | ૧૫૧ | ૪૪૯ | ૨૨૪૫૦૫ | ૧૧૨૨.૫૩ | ૨૦૯.૪૩ |
| | કુલ | ૮૦૦ | ૪૩૩૩ | ૩૩૮૯ | ૧૩૪૫ | ૮૦૬ | ૨૧૫૧ | ૬૯૫૫૨૫ | ૮૬૯.૪૧ | ૧૬૦.૫૨ |

ચાલુ..

કોઠો : ૪.૯ ચાલુ..         આવક

| ક્રમ | તાલુકા | ખેતી ૧૯૮૫-૮૬ પુરુષ ૧૮ | સ્ત્રી ૧૯ | કુલ ૨૦ | આવક ૨૧ | ૧૯૭૫-૭૬ પુરુષ ૨૨ | સ્ત્રી ૨૩ | કુલ ૨૪ | આવક ૨૫ ચાલુ.. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૩૪ | ૫૪ | ૧૮૮ | ૮૬૭૫૦ | ૧૧૦ | ૪૩ | ૧૫૩ | ૪૩૯૦૫ |
| ૨ | માંગરોલ | ૮૯ | ૭૨ | ૧૬૧ | ૫૭૬૦૦ | ૮૪ | ૭૦ | ૧૫૪ | ૩૭૦૫૦ |
| ૩ | બારડોલી | ૮૩ | ૪૨ | ૧૨૫ | ૪૮૮૪૦ | ૯૫ | ૨૯ | ૧૨૪ | ૩૬૯૮૫ |
| ૪ | મહુવા | ૬૫ | ૧૩ | ૭૯ | ૧૨૦૭૫૦ | ૬૦ | - | ૬૦ | ૭૪૯૫૦ |
| | કુલ | ૩૭૧ | ૧૮૧ | ૫૫૨ | ૩૧૩૯૪૦ | ૩૪૯ | ૧૪૬ | ૪૯૫ | ૧૮૭૮૯૦ |

કોઠો : ૪.૯ ... ચાલુ..

| ક્રમ | તાલુકા | નોકરી ૧૯૮૫-૮૬ પુરુષ ૨૬ | સ્ત્રી ૨૭ | કુલ ૨૮ | આવક ૨૯ | ૧૯૭૫-૭૬ પુરુષ ૩૦ | સ્ત્રી ૩૧ | કુલ ૩૨ | આવક ૩૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૪ | ૧ | ૧૫ | ૧૬૬૫૦ | ૩ | - | ૩ | ૧૦૦૦ |
| ૨ | માંગરોલ | ૨૧ | ૧ | ૨૨ | ૧૯૪૩૫ | ૧૩ | - | ૧૩ | ૬૯૦૦ |
| ૩ | બારડોલી | ૩૧ | - | ૩૧ | ૧૬૬૫૦ | ૧૦ | - | ૧૦ | ૬૦૫૦ |
| ૪ | મહુવા | ૧૯ | ૧ | ૨૦ | ૨૨૬૪૦ | ૧૧ | - | ૧૧ | ૬૭૩૦ |
| | કુલ | ૮૫ | ૩ | ૮૮ | ૭૫૩૭૫ | ૩૭ | - | ૩૭ | ૨૦૬૮૦ |

ચાલુ..

કોઠો : ૪.૯.. ચાલુ..

| ક્રમ | તાલુકા | ખેતમજૂરી ૧૯૮૫-૮૬ પુરુષ ૩૪ | સ્ત્રી ૩૫ | કુલ ૩૬ | આવક ૩૭ | ૧૯૭૫-૭૬ પુરુષ ૩૮ | સ્ત્રી ૩૯ | કુલ ૪૦ | આવક ૪૧ ચાલુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૮૧ | ૭૪ | ૧૫૫ | ૧૭૬૧૦ | ૭૯ | ૫૭ | ૧૩૬ | ૧૧૭૦૫ |
| ૨ | માંગરોલ | ૧૨૩ | ૧૦૩ | ૨૨૬ | ૩૪૭૫૦ | ૯૧ | ૭૦ | ૧૬૧ | ૨૦૧૯૫ |
| ૩ | બારડોલી | ૧૨૬ | ૧૩૮ | ૨૬૪ | ૪૭૩૦૫ | ૧૪૫ | ૧૨૧ | ૨૬૬ | ૪૧૨૬૫ |
| ૪ | મહુવા | ૧૧૨ | ૯૫ | ૨૦૭ | ૪૧૩૭૫ | ૧૦૧ | ૬૭ | ૧૬૮ | ૩૧૭૩૦ |
| | કુલ | ૪૪૨ | ૪૧૦ | ૮૫૨ | ૧૪૧૦૦૦ | ૩૬૬ | ૩૧૫ | ૭૩૧ | ૧૦૪૮૯૫ |

કોઠો : ૪.૯ ચાલુ...

| ક્રમ | તાલુકો | અન્ય મજૂરી 1985-86 પુરુષ ૪૨ | સ્ત્રી ૪૩ | કુલ ૪૪ | આવક ૪૫ | 1975-76 પુરુષ ૪૬ | સ્ત્રી ૪૭ | કુલ ૪૮ | આવક ૪૯ ચાલુ... |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૪ | ૧૩ | ૨૭ | ૩૯૪૦ | ૧૭ | ૫ | ૨૨ | ૬૪૨૦ |
| ૨ | માંગરોલ | ૬ | ૨ | ૮ | ૪૮૯૦ | - | - | - | - |
| ૩ | બારડોલી | ૧૦ | ૨ | ૧૨ | ૭૭૫૦ | ૫ | ૪ | ૯ | ૨૦૩૦ |
| ૪ | મહુવા | ૧ | - | ૧ | ૨૦૦ | ૨ | - | ૨ | ૪૦૦ |
| | કુલ | ૩૧ | ૧૭ | ૪૮ | ૧૬૭૮૦ | ૨૪ | ૯ | ૩૩ | ૮૮૫૦ |

કોઠો : ૪.૯.. ચાલુ..

| | | વેપાર-ઉદ્યોગ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૮૫-૮૬ | | | | ૧૯૭૫-૭૬ | | | | |
| ક્રમ | તાલુકો | પુરુષ ૫૦ | સ્ત્રી ૫૧ | કુલ ૫૨ | આવક ૫૩ | પુરુષ ૫૪ | સ્ત્રી ૫૫ | કુલ ૫૬ | આવક ૫૭ | ચાલુ.. |
| ૧ | માંડવી | ૨૩ | ૩ | ૨૬ | ૬૮૨૦ | ૨ | - | ૨ | ૩૦૦ | |
| ૨ | માંગરોળ | ૨૨ | ૧ | ૨૩ | ૧૩૨૫૦ | ૬ | - | ૬ | ૩૦૫૦ | |
| ૩ | બારડોલી | ૩૨ | ૪ | ૩૬ | ૧૬૩૮૦ | ૫ | - | ૫ | ૧૦૦૦ | |
| ૪ | મહુવા | ૪૦ | ૨ | ૪૨ | ૧૮૯૧૦ | ૭ | - | ૭ | ૨૩૫૦ | |
| | કુલ | ૧૧૭ | ૧૦ | ૧૨૭ | ૫૫૩૬૪ | ૨૦ | - | ૨૦ | ૬૬૦૦ | |

કોઠો : ૪.૯ ચાલુ…

| | | પશુપાલન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૮૫-૮૬ | | | | ૧૯૭૫-૭૬ | | |
| ક્રમ | તાલુકો | પુરુષ | સ્ત્રી | કુલ | આવક | પુરુષ | સ્ત્રી | કુલ | આવક |
| | | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ | ૬૪ | ૬૫ |
| ૧ | માંડવી | ૯૪ | ૨૪ | ૧૧૮ | ૨૭૨૧૦ | ૨૭ | - | ૨૭ | ૩૫૩૫ |
| ૨ | માંગરોલ | ૮૫ | ૮૦ | ૧૬૫ | ૧૭૬૪૦ | ૫૨ | ૪૮ | ૧૦૦ | ૭૫૭૫ |
| ૩ | બારડોલી | ૫૮ | ૪૨ | ૧૦૦ | ૧૭૩૫૦ | ૧૮ | ૧૫ | ૩૩ | ૫૦૬૫ |
| ૪ | મહુવા | ૬૧ | ૪૦ | ૧૦૧ | ૨૦૬૩૦ | ૩૩ | ૧૫ | ૪૮ | ૬૫૭૫ |
| | કુલ | ૨૯૮ | ૧૮૬ | ૪૮૪ | ૮૨૮૩૦ | ૧૩૦ | ૭૮ | ૨૦૮ | ૨૨૭૫૦ |

આવક :

પસંદ કરેલા કુટુંબોના સભ્યોનો વ્યવસાય અગાઉ જોયું તેમ મુખ્યત્વે ખેતી, ખેતમજૂરી, વ્યાપાર ઉદ્યોગ, કુટીરઉદ્યોગ પશુપાલન છે પરંતુ આ વ્યવસાયમાંથી માસિક કેટલી આવક પ્રાપ્ત કરે છે. તેની માહિતી કોઠા નંબર ૪.૮ માં આપવામાં આવી છે. આ કોઠા ને આધારે તાલુકાવાર તેનું નિરૂપણ કરવાથી સ્પષ્ટ ચિત્ર મળી શકશે.

માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૨૦૦ કુટુંબોની કુલ ૯૧૦ વ્યક્તિઓમાંથી ૧૫૩ વ્યક્તિઓ ખેતીમાં કામ કરતી હતી જેમની આવક રૂા. ૪૩૯૦૫ હતી. ૫ વ્યક્તિઓ નોકરી અને અન્ય વ્યાપાર જ કરતી હતી જેમની આવક રૂા.૧૩૦૦ હતી. ૧૭૬ વ્યક્તિઓ ખેતમજૂરી કરતી હતી જેમની આવક રૂા.૪૩૯૦૫ હતી ૨૨ વ્યક્તિઓ અન્ય મજૂરી કરતી હતી તેમની આવક રૂા.૬૪૨૦ હતી. ૨૭ વ્યક્તિઓ પશુપાલનનું કામ કરતી હતી એમની આવક રૂા.૩૫૩૫ હતી આમ માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬ માં જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલી કુલ ૩૪૩ વ્યક્તિઓની કુલ આવક રૂા.૬૭૮૬૫ હતી એટલે કુટુંબદીઠ રૂા.૩૩૪.૩૩ અને માથાદીઠ માસિક આવક રૂા.૭૩.૪૮ હતી.

માંગરોલ તાલુકામાં ૧૯૭૫-૭૬માં કુલ ૮૬૯ વ્યક્તિઓમાંથી કોઠામાં બતાવ્યું તે મુજબ ૪૩૪ વ્યક્તિઓ એક યા બીજા વ્યવસાયમાં જોડાયેલી હતી તેમની કુલ માસિક આવક રૂા.૭૪૭૭૦ હતી. જે કુટુંબદીઠ રૂા.૩૭૭.૮૫ અને માથાદીઠ રૂા.૮૬.૦૪ હતી. બારડોલી તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૭૯૭ વ્યક્તિઓમાંથી ૪૪૭ વ્યક્તિઓ કામ કરતી હતી અને એમની કુલ માસિક આવક રૂા.૯૨૩૯૫ હતી જે કુટુંબદીઠ રૂા.૪૩૧.૯૮ અને માથાદીઠ રૂા. ૧૧૫.૯૩ થાય છે. મહુવા તાલુકામાં ૮૧૩ વ્યક્તિઓમાંથી

રોજગાર મેળવતી કુલ ૨૯૬ વ્યક્તિઓ હતી જેમની કુલ માસિક આવક રૂા.૧૨૨૭૩૫ હતી જે કુટુંબદીઠ રૂા.૬૧૩૬૮ અને માથાદીઠ આવક રૂા.૧૫૦.૯૭ હતી. બીજા તાલુકાઓની સરખામણીમાં મહુવા તાલુકાની માથાદીઠ આવક વધુ છે એનું કારણ મહુવા તાલુકો સપાટ મેદાનમાં આવેલો છે એની ઘણીખરી જમીન ફળદ્રુપ છે એટલે જેની પાસે જમીન છે તેમને ઉત્પાદન સારું થાય છે. વળી જાગૃત વસતા હોવાથી ઉત્પાદન માટેના આધુનિક ખેતવિષાયક સાધનોનો પણ ઉપયોગ કરે છે. ત્યાં શિક્ષણનો દર ઊંચો એટલે નોકરી કરનાર વર્ગ પણ છે. એટલે તેઓ નોકરી કરવા અન્ય સાથે સાથે આ તાલુકામાંથી ઘણા આદિવાસીઓ નવસારી અથવા તો નજીકમાં જ્યાં હીરાની ઘંટી ચાલે છે ત્યાં હીરા ઘસવાનું કામ કરી તેમાંથી સારી આવક મેળવે છે. કુટીર ઉદ્યોગની તાલીમમાં પણ ગયા છે. આમ મુખ્ય કારણ તો તેમનામાં આવેલું શિક્ષણ અને તે દ્વારા આવેલી જાગૃત્તિ જ છે.

૧૯૮૫-૮૬ના આંકડા જોતાં માંડવીમાં ૨૦૦ કુટુંબના ૧૨૦૧ સભ્યોમાંથી ૧૮૮ વ્યક્તિઓ ખેતીના કામમાં જોડાયેલી હતી. જેમની માસિક આવક રૂા.૮૬૭૫૦ થતી હતી. ૧૫ વ્યક્તિઓ નોકરીમાં હતી જેમની આવક રૂા.૧૬૬૫૦ હતી. ૧૫૫ વ્યક્તિઓ ખેતમજૂરી કરતી હતી અને તેમની આવક રૂા.૧૭૬૧૦ હતી. ૨૭ વ્યક્તિઓ પરચુરણ કામમાં જોડાઇને રૂા.૩૯૪૦ આવક મેળવતી હતી. ૨૬ વ્યક્તિઓ વેપાર ઉદ્યોગમાંથી રૂા.૬૮૨૦ મેળવતા હતા. જ્યારે ૧૧૮ વ્યક્તિનો પશુપાલનમાંથી રૂા.૨૭૨૧૦ કમાતા હતા. આમ ૧૨૦૧ વ્યક્તિઓમાંથી ૫૨૯ વ્યક્તિઓ એક યા બીજા કામોમાંથી મહિને રૂા.૧૫૮૯૮૦ મેળવતી હતી એમની કુટુંબદીઠ માસિક આવક રૂા.૭૯૯.૯૦ અને વ્યક્તિદીઠ આવક રૂા.૧૩૨.૩૭ થતી હતી.

એ જ રીતે માંગરોલ તાલુકામાં ૧૯૮૬-૮૭માં પસંદ કરેલા ૨૦૦ કુટુંબોના ૧૦૫૧ સભ્યોમાંથી ૬૦૫ સભ્યો એક યા બીજા કામો દ્વારા મહિને રૂા.૧૪૭૫૬૫ ની કમાણી કરતા હતા. જેમાંથી કુટુંબદીઠ આવક રૂા.૭૪૮.૫૮ થતી હતી. અને માથાદીઠ આવક રૂા.૧૪૦.૫૪ થતી હતી. બારડોલી તાલુકામાં ૨૦૦ કુટુંબના ૧૦૦૯ સભ્યો પૈકી ૫૬૮ સભ્યોની માસિક આવક રૂા.૧૫૪૨૭૫ હતી જેના દ્વારા કુટુંબદીઠ આવક રૂા.૭૭૧.૬૩ અને માથાદીઠ આવક રૂા.૧૫૨.૯૫ થતી હતી. મહુવા તાલુકામાં પસંદ કરેલા ૧૦૭૨ વ્યક્તિઓમાંથી ૪૪૯ વ્યક્તિઓની માસિક આવક રૂા.૨૨૪૫૦૫ હતી અને કુટુંબદીઠ તથા માથાદીઠ આવક અનુક્રમે રૂા.૧૧૨૨.૫૩ અને રૂા.૨૦૯.૪૩ હતી. ૧૯૮૬-૮૭માં પણ મહુવા તાલુકામાં અન્ય તાલુકાની સરખામણીમાં આવકનું ધોરણ ઊંચું રહ્યું છે. મહુવા તાલુકાના ઘણાંખરાં આદિવાસીઓ નવસારી જેવા પડોશના શહેરમાં તેમજ કરચલીયા, ઝેરવાવરા, બારડોલી જેવા જગ્યાએ પણ હીરાની ઘંટી ચાલે છે. અને તેમાંથી સારી એવી આવક મેળવે છે અને અગાઉ કહ્યું તેમ ખેતીમાં પણ ઉત્પાદન સારું છે. ખેતમજૂરીમાં પણ બીજી અન્ય મજૂરી મળી રહેતા ઊંચા દરે જ ખેતમજૂર મળે એટલે ત્યાં કાયદાકીય રીતે નક્કી કરેલા મજૂરીના દર મળે છે તેનાથી પણ બીજા મજૂરો કરતાં તેમની આવક સારી છે વળી શિક્ષણનો દર ઊંચો છે એથી માધ્યમિક શિક્ષણ પછી તાલીમ લઇ ચલાવતા ઉદ્યોગમાં પણ થોડાક જાય છે. ધોડિયા જાતિની વસતી આ તાલુકામાં સારી છે તેઓ શિક્ષણ લઇ શિક્ષણનો વ્યવસાય પસંદ કરે છે તે પણ અહીં જોવા મળે છે આમ આવકના બધી બાજુના જે સાધનો છે તે બધામાં જ આદિવાસીઓને માટેની તકો છે તેથી સારી આવક મેળવે છે.

૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ ની માથાદીઠ આવક સરખાવતા માલુમ પડે છે કે ૭૬ થી ૮૬ ના દાયકા દરમ્યાન માથાદીઠ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે અને તે લગભગ દોઢગણો છે. અલબત્ત મોંઘવારી વધી અને રૂપિયાનું મૂલ્ય ઘટયું તે પ્રમાણે તે વધારે વધી છે એવું તો ન જ કહેવાય પરંતુ એટલું ચોકકસપણે કહી શકાય કે આ દાયકામાં રોજગારીની તકો વધી છે અને તેટલા પ્રમાણમાં આવક પણ વધવા પામી છે. આદિવાસી વિકાસ માટેના કાર્યક્રમોની અસરને લીધે આ થઇ શકયું છે એમ કહેવામાં અતિશયોકિત નથી.

કોઠો : ૪.૧૦

દેવું

૧૯૮૫-૮૬

| ક્રમ | તાલુકો | કુલ કુટુંબો | દેવાદાર કુટુંબો | કયા હેતુ માટે ઉત્પાદકીય રૂા. | કયા હેતુ માટે બીન ઉત્પાદકીય રૂા. | કુલ રૂા. | કોની પાસેથી સહકારી મંડળી | કોની પાસેથી સરકારી | શાહુકાર | કુટુંબદીઠ માસિક દેવું રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૭૮ | ૨૮૭૭૭૫ (૭૫) | ૪૭૮૦ (૩) | ૨૯૨૫૫૫ | ૭૨ | ૩ | ૩ | ૪૦.૬૫ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૫૬ | ૨૯૩૭૦૦ (૪૬) | ૧૦૦૦૦ (૧૦) | ૩૦૩૭૦૦ | ૨૮ | ૧૫ | ૧૩ | ૪૨.૨૦ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૮૯ | ૩૯૬૨૮૯ (૫૩) | ૫૮૩૩૦ (૩૬) | ૪૫૪૬૧૯ | ૪૦ | ૧૮ | ૪૧ | ૬૩.૧૫ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૮૨ | ૪૦૮૧૪૫ (૬૨) | ૧૯૯૦૦ (૨૦) | ૪૨૮૦૮૫ | ૨૨ | ૩૬ | ૨૪ | ૬૧.૬૫ |
| | કુલ | ૮૦૦ | ૩૦૫ | ૧૩૮૫૯૦૯ | ૯૩૦૧૦ | ૧૪૭૮૯૧૯ | | | | ૫૧.૯૦ |

ચાલુ...

કોઠો : ૪.૧૦ ચાલુ

| ક્રમ | તાલુકો | દેવાદાર કુટુંબો | કયા હેતુ માટે ઉત્પાદકીય રૂા. | બીન ઉત્પાદકીય રૂા. | કુલ રૂા. | કોની પાસેથી સહકારી મંડળી | સરકાર | શાહુકાર | કુટુંબદીઠ માસિક દેવું રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૭૫-૭૬ | | | | | | |
| | | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | માંડવી | ૪૩ | ૧૧૨૨૭૦ (૩૭) | ૧૦૨૩૦ (૬) | ૧૨૨૫૦૦ | ૨૨ | ૧૬ | ૫ | ૧૭.૦૦ |
| ૨ | માંગરોલ | ૪૨ | ૧૬૬૩૫૦ (૩૭) | ૨૬૫૦ (૫) | ૧૬૯૦૦૦ | ૨૪ | ૧૨ | ૬ | ૨૩.૪૫ |
| ૩ | બારડોલી | ૩૭ | ૫૫૫૦૦ (૨૭) | ૧૮૧૦૦ (૧૦) | ૭૩૬૦૦ | ૯ | ૮ | ૨૧ | ૧૦.૨૦ |
| ૪ | મહુવા | ૩૬ | ૭૧૯૦૦ (૧૭) | ૨૨૧૫૦ (૧૯) | ૯૪૦૫૦ | ૫ | ૯ | ૨૨ | ૧૩.૦૫ |
| | કુલ | ૧૫૮ | ૪૦૬૦૨૦ | ૫૩૧૩૦ | ૪૫૯૧૫૦ | | | | ૧૫.૯૪ |

## દેવું :

અગાઉ સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલા કુટુંબોની કુલ આવક, કુટુંબદીઠ અને માસિક આવક જોઇ. કેટલીકવાર જુદા જુદા ખર્ચને પહોંચી વળવા અને આવક રોજગારી માટે સાધન ઊભુ કરવા ઉત્પાદકીય રીતે પણ નાણાંકીય જોગવાઇ કરવાની જરૂર રહે છે. આ નાણાંકીય જોગવાઇ કયાં તો લોન સ્વરૂપે અથવા બીજા કોઇ પાસે ઉછીના નાણાં લઇને કરવામાં આવે છે. આવી જોગવાઇને આપણે દેવામાં ગણીએ છીએ.

કોઠા નંબર ૪.૧૦ માં ૧૯૮૫-૮૬ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન જુદા જુદા તાલુકામાંથી પસંદ કરેલા કુટુંબો પૈકી કેટલા કુટુંબોએ કયા હેતુ માટે અને કયાંથી કેટલી રકમ દેવા પેટે લીધી છે તેની માહિતી દર્શાવવામાં આવી છે. અહીં દેવાના મુખ્ય હેતુઓ દર્શાવ્યા છે. ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય ખેતીના કામ માટે કે અન્ય રીતે ઉત્પાદક સાધનોની ખરીદી માટે દેવું કર્યું હોય તો તે ઉત્પાદકીય હેતુ માટે ગણવામાં આવ્યું છે. અને જો ઘરખર્ચ માટે કે સામાજિક પ્રસંગો માટે દેવું કર્યું હોય તો તેને બિન ઉત્પાદકીય હેતુ માટે ગણવામાં આવ્યું છે. દેવા પેટે લીધેલ રકમ મહદ્અંશે સરકારી મંડળી પાસેથી સરકારી બેંક કે નિગમ પાસેથી અથવા નાણાં ધીરધાર શાહુકાર પાસેથી મેળવવામાં આવી છે. આ રકમ ઘણું ટૂંકી મુદત મધ્યમ મુદ્દલ અને લાંબી મુદતની હોઇ શકે. સરકારી મંડળી આ રકમ ઉપર ૧૦ થી ૧૨ ટકા અને જે ઓછા વ્યાજની લોન હોય તો ૪ ટકા દર લે છે. સરકારી બેંકો પણ ૧૦ ટકાથી ઓછા દરે વ્યાજ લે છે જયારે શાહુકારો ૧૪ થી ૨૫ ટકા જેટલું વ્યાજ લે છે.

કોઠામાં દર્શાવેલી માહિતીના આધારે માંડવી તાલુકામાં ૧૯૮૫-૮૬.માં ૭૮ કુટુંબોએ એક યા બીજા કારણસર દેવું કર્યું હતું. તેમાં ૭૫ કુટુંબે ઉત્પાદકીય હેતુ માટે અને ૩ કુટુંબોએ બિન ઉત્પાદકીય હેતુ માટે દેવું કર્યું છે. આ દેવાની કુલ રકમ ૨૯૨૫૫૫ રૂ. છે. કુલ દેવાના પ્રમાણમાં બિન ઉત્પાદકીય દેવુ માત્ર ૪૭૮૦ ( ૧.૬૩ ટકા ) છે. મોટાભાગનું દેવું બેંક કે સરકારી મંડળીમાંથી કરવામાં આવ્યુ છે. કારણકે સરકાર દ્વારા જે કંઇ રાહત અપાય છે કે સહકારી મંડળી કે બેંક દ્વારા રાહતદરે લોનના સ્વરૂપમાં અપાય છે એટલે તેનુ દેવું મોટું છે. ફક્ત પાંચ કુટુંબોએ જ શાહુકાર પાસેથી પૈસા લીધા છે. આમ ધીરે ધીરે આદિવાસીઓ શાહુકારની ચુંગાલમાંથી છૂટવા માંડયા છે. કુટુંબદીઠ માસિક દેવું જોઇએ તો માત્ર ૪૦.૬૫ જેટલું થાય છે. અગાઉ જોયું તે પ્રમાણે ૧૯૮૫-૮૬માં કુટુંબદીઠ માસિક આવક રૂ.૭૯૯.૯૦ છે એના પ્રમાણમાં આ દેવુ ઓછું ગણી શકાય. એટલે કે જે કુટુંબોએ દેવુ કર્યુ છે એ કુટુંબો દેવુ ભરપાઇ કરવા માટે સક્ષમ છે. ૧૯૭૫-૭૬ માં માંડવી તાલુકામાં ૪૩ કુટુંબોએ દેવું કર્યુ હતુ જેની કુલ રકમ ૧૨૨૫૦૦ હતી. પણ તેમાં બિન ઉત્પાદકીય હેતુ માટેનું ૫ કુટુંબોનુ દેવું ૧૦૨૩૦ ( ૮.૩૫ ટકા ) છે. ૩૮ કુટુંબોએ ઉત્પાદન હેતુ માટે ૧૧૨૨૭૦ નું દેવું કર્યું હતું. અહીંયા ૬ કુટુંબોએ શાહુકાર પાસેથી દેવું કર્યુ છે. જ્યારે ૩૭ કુટુંબોએ સહકારી મંડળી, સગા વહાલા કે બેંકમાંથી લોન લીધી છે. ૧૯૭૫-૭૬માં કુટુંબદીઠ દેવું ૩.૧૭ હતું. અલબત્ત ત્યારે કુટુંબદીઠ આવક ફક્ત રૂ.૩૩૪.૩૩ હતી. આમ ૧૯૭૫-૭૬ની સરખામણીમાં આવક અને દેવું બન્ને વધ્યા છે. પરંતુ તફાવત એટલો પડયો છે કે ઉત્પાદકીય દેવાનુ પ્રમાણ વધ્યુ છે જ્યારે બિન ઉત્પાદકીય દેવું ઘટવા પામ્યું છે.

માંગરોલ તાલુકામાં ૧૯૮૫-૮૬માં ૫૬ કુટુંબોએ દેવું કર્યું છે. જેમાં ૪૬ કુટુંબોએ ૨૯૩૭૦૯ નું ઉત્પાદકીય હેતુ માટે

અને ૧૦ કુટુંબોએ બિન ઉત્પાદકીય હેતુ માટે રૂ.૧૦૦૦૦ (૩.૨૯ ટકા ) નું દેવું કર્યું છે. આમાં ૧૩ કુટુંબોએ શાહુકાર પાસેથી પૈસા લીધા છે. કુટુંબદીઠ દેવું રૂ.૪૨.૨૦ થાય છે. ૧૯૭૫-૭૬માં ૪૨ કુટુંબોએ એક યા બીજા કારણોએ રૂ.૧૬૯૦૦૦ નું દેવું કર્યું હતું એમાં રૂ.૧૬૬૩૫૦ રૂ. ઉત્પાદકીય હેતુ માટે અને ૫ કુટુંબોએ રૂ.૨૬૫૦ બિન ઉત્પાદકીય હેતુ માટે દેવું કર્યું હતું. ૧૯૭૫-૭૬માં કુટુંબદીઠ દેવું રૂ.૨૩.૪૫ થાય છે. પરંતુ ૧૯૮૬-૮૭માં કુટુંબદીઠ આવક ૭૪૮.૫૮ હતી જ્યારે ૧૯૭૫-૭૬માં ૩૭૩.૯૫ હતી.

બારડોલી તાલુકામાં ૧૯૮૫-૮૬માં ૨૦૦ કુટુંબો પૈકી ૮૯ કુટુંબોએ દેવું કર્યું હતું. એમાં ૫૩ કુટુંબોએ ઉત્પાદકીય હેતુ માટે રૂ.૩૯૬૨૮૯ અને ૩૬ કુટુંબોએ બિન ઉત્પાદકીય હેતુ માટે રૂ.૫૮૩૬૦ નું દેવું કર્યું હતું. એમાંથી ૪૧ કુટુંબોએ શાહુકાર પાસેથી દેવું લીધું હતું.૧૯૮૫-૮૬માં કુટુંબદીઠ દેવું રૂ.૬૩.૧૫ હતી. જ્યારે કુટુંબદીઠ આવક રૂ.૭૭૧.૬૩ હતી.૧૯૭૫-૭૬માં ૩૦ કુટુંબોએ રૂ.૭૩૬૦૦ ૪ નું દેવું કર્યું હતું એમાં ૨૧ કુટુંબોએ તો શાહુકાર કે વેપારી પાસેથી રકમ લીધી હતી. એમાં બિન ઉત્પાદકીય દેવું રૂ.૧૮૧૦૦ ( ૨૪.૫૯ ટકા ) હતું પરંતુ કુટુંબની દ્રષ્ટિએ જોઇએ તો કુટુંબદીઠ કુલ દેવું રૂ.૧૦.૨૦ હતું. જ્યારે ૧૯૭૫-૭૬માં કુટુંબની આવક રૂ. ૪૬૧.૯૮ હતી.

મહુવા તાલુકામાં ૧૯૮૫-૮૬ના ગાળા દરમ્યાન ૮૨ કુટુંબોએ કુલ રૂ.૪૪૩૯૪૫ દેવું કર્યું હતું. એમાંથી ૨૪ કુટુંબોએ શાહુકાર, વેપારી અને સગાવહાલા પાસેથી રકમ લીધીી હતી. આ તાલુકામાં ૨૦ કુટુંબોએ રૂ.૧૯૯૦૦ ( ૪.૪૮ ટકા )નું બિન ઉત્પાદકીય દેવું કર્યું હતું. અહીંયા કુટુંબદીઠ દેવું ૬૧.૬૫ રૂ. થાય છે.અલબત્ત કુટુંબદીઠ આવક રૂ.૧૧૨૨.૫૩ હતી. ૧૯૭૫-૭૬માં ૩૬ કુટુંબોએ રૂ.૯૪૦૦૫૦ નું દેવું કર્યું હતું. એમાં

૧૯ કુટુંબોએ રૂા.૨૨૧૫૦ ( ૨૩.૫૫ ટકા ) નું બિન ઉત્પાદકીય હેતુ માટે દેવું કર્યુ હતું. તેમાંથી ૨૨ કુટુંબોએ તો શાહુકાર કે વેપારી પાસેથી લોન લીધી હતી. મહુવા તાલુકામાં સર્વેક્ષણ કરેલા કુટુંબોનું ૧૯૭૫-૭૬માં કુટુંબદીઠ દેવુ ૧૩.૦૫ રૂા. હતું. જયારે આવક રૂા.૬૧૩૬૮ હતી.

સમગ્ર રીતે જોતાં કુલ ૮૦૦ કુટુંબોને ૧૯૮૫-૮૬ માં ૩૦૫ કુટુંબોએ રૂા.૧૪૯૪૮૧૯ રૂા. નુ દેવુ કર્યુ હતુ. જેમાં બિન ઉત્પાદકીય દેવુ રૂા. ૯૩૦૧૦ હતું. અને કુટુંબદીઠ દેવું ૫૧.૯૦ રૂા. હતું જયારે ૧૯૭૫-૭૬માં ૧૫૮ કુટુંબોએ રૂા.૪૫૯૧૫૦નું દેવુ કર્યુ હતુ.જેમાં બિન ઉત્પાદકીય હેતુ માટેનુ દેવું રૂા.૫૩૧૩૦ (૧૧.૫૭ ટકા ) હતુ અને કુટુંબદીઠ દેવું રૂા.૧૫.૯૪ થતુ હતું.

# કોઠો : ૪.૧૧

## બચત

| તાલુકો | કુલ કુટુંબો | ૧૯૮૫-૮૬ બચત કરનાર કુટુંબો | ૧૯૮૫-૮૬ બચતની રકમ રૂા. વાર્ષિક | ૧૯૮૫-૮૬ કુટુંબદીઠ બચત રૂા. માસિક | ૧૯૭૫-૭૬ બચત કરનાર કુટુંબો | ૧૯૭૫-૭૬ બચતની રકમ રૂા. | ૧૯૭૫-૭૬ કુટુંબદીઠ બચત રૂા. (માસિક) |
|---|---|---|---|---|---|---|---|
| માંડવી | ૨૦૦ | ૩૮ | ૪૫૦૩૫ | ૧૮.૭૭ | - | - | - |
| માંગરોલ | ૨૦૦ | ૩૫ | ૧૧૮૭૦૦ | ૪૯.૪૬ | ૫ | ૬૫૫૦ | ૨.૭૨ |
| બારડોલી | ૨૦૦ | ૪૦ | ૨૪૩૫૫૦ | ૧૦૧.૪૮ | ૧૧ | ૯૨૦૦ | ૩.૮૩ |
| મહુવા | ૨૦૦ | ૩૯ | ૪૩૮૧૦ | ૧૮.૨૫ | ૬ | ૬૬૨૫ | ૨.૭૬ |
| કુલ | ૮૦૦ | ૧૫૨ | ૪૫૧૦૯૫ | ૪૬.૯૯ | ૨૨ | ૨૨૩૭૫ | ૨.૩૩ |

બચત :

અગાઉ સર્વેક્ષણ હેઠળ લીધેલા કુટુંબોની આવક અને દેવા સંબંધી વિગતો જોઇ ગયા. આવકની સરખામણીમાં બીજા તાલુકાના પ્રમાણમાં અહીં દેવાનું પ્રમાણ ચિંતાજનક નથી. પરંતુ સાથે સાથે એ જાણી લેવું જરૂરી છે કે માંડવી પ્રાયોજનામાં આવેલા કુટુંબો દેવાની સાથે સાથે તેમનું બચત સંબંધી દેવું વલણ છે તેની વિગત તપાસીશું કોઠા નંબર ૪.૧૧ માં પસંદ કરેલા કુટુંબોએ, કેટલી બચત કરી છે અને કુટુંબદીઠ માસિક કેટલી બચત થઇ છે તેની વિગતો દર્શાવી છે. એ મુજબ માંડવી તાલુકામાં ૨૦૦ કુટુંબો પૈકી ૧૯૮૫-૮૬ માં ૩૮ કુટુંબોએ કુલ વાર્ષિક રૂા.૪૫૦૩૫ ની બચત કરી હતી એ ઉપરથી કુટુંબદીઠ માસિક બચત રૂા.૧૮.૭૭ થાય છે. ૧૯૭૫-૭૬ દરમ્યાન કોઇ પણ કુટુંબે બચત કરી હોય એવું નોંધાયું નથી. આ આંકડાને આધારભૂત ગણીને કહી શકાય કે કુટુંબદીઠ દેવાનો બોજ છે તે પ્રમાણે બચતનું પ્રમાણ ઘણું ઓછું કહી શકાય. માંગરોલ તાલુકામાં ૧૯૮૫-૮૬માં ૩૫ કુટુંબોએ ૧૧૮૭૦૦ ની વાર્ષિક બચત કરી હતી જે કુટુંબદીઠ બચત રૂા.૪૯.૪૬ બતાવે છે. જ્યારે કુટુંબદીઠ દેવાનો બોજ છે. માંડવી કરતાં માંગરોલમાં દેવા અને બચત બંનેની સ્થિતિ સામાન્ય રહી છે. બીજુ કે માંગરોલ તાલુકામાં ૧૯૭૫-૭૬મા પાંચ કુટુંબોએ રૂા.૬૫૫૦ની બચત કરી હતી જે કુટુંબદીઠ માસિક બચત રૂા.૨.૭૨ની કહી શકાય. અને એ રીતે ૧૯૭૫-૭૬ કરતાં ૧૯૮૫-૮૬માં બચતનું વલણ સુધર્યું છે એમ કહી શકાય.

સૌથી વધુ બચત બારડોલી તાલુકામાં થઇ છે. આ તાલુકામાં ૪૦ કુટુંબોએ ૨૪૩૫૫૦ રૂા. વાર્ષિક બચત કરી હતી

જે કુટુંબદીઠ માસિક બચત રૂ. ૧૦૧.૪૮ થાય છે. અલબત્ત બારડોલી તાલુકામાં દેવાનું પ્રમાણ પણ ઊંચું રહયું છે. પરંતુ બચતના પ્રમાણમાં દેવું વધારે કહી ન શકાય કારણકે બચત વાર્ષિક છે. જયારે દેવું ત્રિવાર્ષિક તેથી વધારે વખતનું પણ હોઇ શકે. અને એ રીતે હળપતિની વધુ વસતિ ધરાવતા આ તાલુકાની સ્થિતિ સંતોષજનક કહી શકાય.

મહુવા તાલુકામાં ૧૯૮૫-૮૬માં ૩૯ કુટુંબોએ વાર્ષિક રૂ.૪૩૮૧૦ ની બચત નોંધાવી છે જે કુટુંબદીઠ બચત રૂ.૧૮.૨૫ બનાવે છે.૧૯૭૫-૭૬માં ફકત ૬ કુટુંબોએ રૂ.૬૬૨૫ ની બચત કરી હતી જે કુટુંબદીઠ માસિક બચત રૂ.૨.૭૬ જેટલી થાય છે.

સમગ્ર રીતે જોતા ૧૯૮૫-૮૬માં કુટુંબદીઠ માસિક બચતનું પ્રમાણ ૧૬.૯૯ જેટલું રહયું છે. ૧૯૭૫-૭૬ દરમ્યાન બધા જ તાલુકાઓમાં બચતનું વલણ નહિવત્ જોવા મળે છે. એટલે ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ દરમ્યાન બચત કરવાનું વલણ વધવા પામ્યું છે એટલું જ નહીં પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલાવવાની બાબતના પ્રશ્નમાં પણ ૫૦ ટકાએ જવાબ નહોતા આપ્યા પણ જેમણે જણાવ્યું હતું. તેવા ૪૦૦ કુટુંબોમાંથી ૧૯૭૫-૭૬માં ફકત ૩૭ કુટુંબોએ પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલાવ્યું હતું. જયારે ૧૯૮૫-૮૬માં ૧૪૧ કુટુંબોએ પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલાવ્યું હતું. આથી બચત તરફનું વલણ વધ્યું જ છે એમ ચોકકસપણે કહી શકાય.

## પ્રકરણ - ૫

## સર્વેક્ષણ માહિતી - ૨

## આર્થિક - સામાજિક ક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો

- જમીન
- પાક
- રહેઠાણ
- ખરીદ વેચાણ
- આરોગ્ય
- પાણીની સવલત
- વિકાસની પ્રક્રિયા

## પ્રકરણ - ૫

### સર્વેક્ષણ માહિતી - ૨

### આર્થિક - સામાજિક ક્ષેત્રે વિકાસ કાર્યક્રમોની અસરો

કોઠા નંબર ૫.૧ માંડવી પ્રાયોજનાના ચાર તાલુકાઓ માંથી પસંદ કરેલા કુટુંબો પૈકી ૧૯૮૫-૮૬ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન કેટલા કુટુંબો પાસે કેટલી અને કેવા પ્રકારની જમીન હતી તેની વિગત દર્શાવે છે.

માંડવી તાલુકામાં ૨૦૦ કુટુંબોમાંથી ૧૨૪ ( ૬૨ ટકા ) કુટુંબો ખાતેદાર હતા, એટલે કે જમીન ધારકતા ધરાવતા હતા એ કુટુંબો પાસે કુલ ખેતીલાયક ૫૭૯ એકર ૧૨ ગૂંઠા જમીન હતી. એમાંથી ૬૭ ( ૧૧.૫૭ ટકા ) એકર પિયત અને ૫૧૨.૧૨(૮૮.૪૩ ટકા ) એકર બિન પિયત જમીન ખેતી માટે હતી. ૧૯૭૫-૭૬ દરમ્યાન એ કુટુંબો પાસે ખેતીલાયક ૫૬૪.૩૨ એકર જમીન હતી. એમાં ૫૨૦ એકર - ૩૨ ગૂંઠા ( ૯૨.૨૦ ટકા ) બિનપિયત ખેતી માટેની જમીન હતી. જમીન ધારકતાની દ્રષ્ટિએ ગણીએ તો મોટા ભાગના કુટુંબો ૭.૫ એકરથી ઓછી જમીન ધરાવે છે. ૭.૫ એકરથી વધારે જમીન ધરાવનારા ૨૫ ( ૨૦.૧૬ ટકા) કુટુંબો છે જેની વિગત કોઠા નંબર ૫.૨ માં છે. પિયત દ્રષ્ટિએ ગણીએ તો બહુ થોડી જમીન પિયતની હતી અને ૧૯૭૫-૭૬ ના પ્રમાણમાં પિયતની જમીનમાં ફક્ત ૩.૬૭ ટકાનો વધારો નોંધાયો છે.

માંગરોલ તાલુકામાં ૨૦૦ કુટુંબોમાંથી ૮૩ કુટુંબો ખાતેદાર હતા જેમની પાસે ૧૯૮૫-૮૬ માં ખેતી હેઠળ ૬૩૭ એકર-૨૩ ગૂંઠા જમીન હતી. એમાંથી ૪૭૨.૦૮ એકર ( ૭૪.૦૮ ટકા ) જમીન બીનપિયત ખેતી માટેની હતી, પિયત જમીન ફક્ત

XXXXX

૨૫.૯૨ ટકા હતી. ૧૯૭૫-૭૬માં ૬૩૭.૨૩ એકર જમીન હતી તે બધીજ બિન પિયત હતી. ધારકતાની દ્રષ્ટિએ લગભગ ૫૦ કુટુંબો પાસે ૭.૫ એકરથી ઓછી જમીન હતી. જ્યારે ૩૩ ( ૩૯.૭૫ ટકા ) કુટુંબો પાસે ૭.૫ એકરથી વધારે જમીન હતી. આમ વધુ જમીન હતી પરંતુ આ વિસ્તારની જમીન ખાસ ફળદ્રુપ ન હોવાને લીધે જમીનની ધારકતા વધારે હોવા છતાં તેમની ખેતીમાંથી મળતી આવકનું સ્તર નીચું જ રહેવા પામ્યું છે. વળી પિયતનું પ્રમાણ પણ ઓછું તેથી મોસમી ખેતી જ થવાથી બારેમાસ કામ મળી ન રહે.

બારડોલી તાલુકામાં ૬૭ કુટુંબો પાસે ૧૯૮૫-૮૬ દરમ્યાન કુલ ૨૬૯ એકર અને ૧૮ ગૂંઠા જમીન હતી જે પૈકી ૨૫૧ એકર અને ૩૩ ગૂંઠા ખેતી હેઠળ હતી. જેમાંથી ૧૨૯.૦ ( ૫૧.૩૩ ટકા) એકર પિયત વાળી અને ૧૨૨.૩૩ (૪૮.૬૭ ટકા ) બિનપિયત વાળી ખેતી હતી. ૧૯૭૫-૭૬માં એ કુટુંબો પાસે ખેતી હેઠળ ૨૩૫.૦૨ એકર જમીન હતી જેમાંથી ૭૩ એકર ૩૪ ગૂંઠા (૩૧.૩૫ ટકા ) પિયતવાળી અને ૧૬૧ એકર ૦૮ ગૂંઠા ( ૬૮.૬૫ ટકા) બિનપિયત જમીન હતી. આમ ૧૯૭૫-૭૬ કરતાં પિયત જમીનમાં લગભગ ૨૦ ટકાનો વધારો નોંધાયો છે. બારડોલી તાલુકામાં ૫૫ કુટુંબો ( ૮૨.૦૯ ટકા ) પાસે ૭ એકરથી ઓછી જમીન હતી. ફકત ૧૨ કુટુંબો ૭ એકરથી વધુ જમીન હતી. આમ અન્ય તાલુકાની સરખામણીમાં બારડોલી તાલુકાની ખાતેદારની સંખ્યા ઓછી છે. તેમજ જમીન ધારકતાનું કદ પણ ઓછું છે. પરંતુ બારડોલી તાલુકો ફળદ્રુપ અને રોકડિયા પાક માટે યોગ્ય હોવાથી એની ખેતીની આવકમાં ઝાઝો ફેર પડતો નથી. વળી અહીંના આદિવાસીને બીજા વ્યવસાયની તક મળતી હોવાથી ખેતી કરનાર પણ ઓછો વર્ગ રહ્યો છે.

મહુવા તાલુકામાં ૭૫ કુટુંબો ખાતેદાર હતાં ૧૯૮૫-૮૬માં એમની ખેતી હેઠળ કુલ જમીન ૨૮૧.૩૨ એકર ગૂંઠા હતી જેમાં ૧૩૨.૦૮ ( ૪૬.૯૫ ) પિયત અને ૧૪૯.૨૪ ( ૫૩.૦૫) બિનપિયત જમીન હતી આમ બારડોલી તાલુકાની જેમ અહીંયા પણ પિયત માં ટેની સારી સગવડ છે.૧૯૭૫-૭૬માં કુલ એકર ખેતી હેઠળ જમીન ૨૬૫ એકર ૧૨ ગૂંઠા હતી જેમાં ૬૭ એકર ૦૮ ગૂંઠા ( ૨૫.૩૦ ટકા ) જમીન પિયત અને ૧૯૮ એકર ૦૪ ગૂંઠા ( ૭૪.૭૦ ટકા ) જમીન બિનપિયત હતી. આમ ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં પિયત જમીનમાં લગભગ ૨૫ ટકાનો વધારો નોંધાયો છે.

મહુવા તાલુકામાં ૭૫ માંથી ૬૫ ( ૮૬.૬૭ ટકા ) પાસે ૭.૫ એકરથી ઓછી જમીનની ધારકતા હતી. ફકત ૧૦ કુટુંબો પાસે જ ૭ એકરથી વધુ જમીન હતી પરંતુ બારડોલીની જેમ અહીં જમીનની ધારકતા ઓછી હોવા છતાં ફળદ્રુપતા સિંચાઇની વ્યવસ્થાને કારણે ખેતીમાંથી ઉપજ લઇ શકાય તેમ હોય છે.

પ્રાયોજનામાં છેલ્લા દસ વર્ષોમાં સર્વેક્ષણના કુટુંબોમાં જમીન ધારકતામાં ખાસ નોંધનીય ફેરફાર થયો નથી. પરંતુ પિયતની સગવડમાં નોંધનીય ફેરફાર થયો છે.

## કોઠો : ૫.૧

### જમીન વિષયક માહિતી

| ક્રમ | તાલુકો | કુલ કુટુંબો | ખાતેદાર કુટુંબો | ૧૯૮૫-૮૬ કુલ જમીન એ. ગું | ૧૯૮૫-૮૬ ખેતી હેઠળ એ. ગું. | ૧૯૮૫-૮૬ પિયત એ. ગું | ૧૯૮૫-૮૬ બીન પિયત એ. ગું | ૧૯૭૫-૭૬ કુલ જમીન એ. ગું | ૧૯૭૫-૭૬ ખેતી હેઠળ એ. ગું | ૧૯૭૫-૭૬ પિયત એ. ગું | ૧૯૭૫-૭૬ બીન પિયત એ. ગું. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૨૪ | ૬૩૯-૧૮ | ૫૭૯-૧૨ | ૬૭-૦ | ૫૧૨-૧૨ | ૬૧૦-૦૫ | ૫૬૪-૩૨ | ૪૪-૦૦ | ૫૨૦-૩૨ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૮૩ | ૬૬૧-૨૩ | ૬૩૭-૨૩ | ૧૬૫-૧૫ | ૪૭૨-૦૮ | ૬૬૧-૨૩ | ૬૩૭-૨૩ | - | ૬૩૭-૨૩ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૬૭ | ૨૬૯-૧૮ | ૨૫૧-૩૩ | ૧૨૯-૦૦ | ૧૨૨-૩૩ | ૨૫૨-૧૦ | ૨૩૫-૦૨ | ૭૩-૩૪ | ૧૬૧-૦૮ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૭૫ | ૩૦૭-૩૦ | ૨૮૧-૩૨ | ૧૩૨-૦૮ | ૧૪૯-૨૪ | ૩૦૦-૧૦ | ૨૬૫-૧૨ | ૬૭-૦૮ | ૧૯૮-૦૭ |
| | કુલ | ૮૦૦ | ૩૪૯ | ૧૮૭૮-૦૯ | ૧૭૪૯-૦૦ | ૪૯૩-૨૩ | ૧૨૫૫-૭૭ | ૧૮૨૪-૦૮ | ૧૭૦૨-૩૨ | ૧૮૫-૦૨ | ૧૫૧૭-૩૦ |

કોઠો : ૫.૨

સર્વેક્ષણ કરેલા કુટુંબોનું જમીનની ધારકતા પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | તાલુકા | ખાતેદારની સંખ્યા | જમીનની ધારકતા ૦ થી ૦.૫ | ૦.૬ થી ૨.૪ | ૨.૫ થી ૪.૯ | ૫.૦થી૭.૪ | ૭.૫થી ૯.૯ | ૧૦થી૧૪.૪ | ૧૫થી ઉપર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૨૪ | - | ૩૫ | ૩૪ | ૩૦ | ૪ | ૧૩ | ૮ |
| ૨ | માંગરોલ | ૮૩ | - | ૧૦ | ૨૪ | ૧૫ | ૧૩ | ૧૨ | ૯ |
| ૩ | બારડોલી | ૬૭ | ૪ | ૩૦ | ૨૦ | ૧ | ૩ | ૬ | ૩ |
| ૪ | મહુવા | ૭૫ | ૧ | ૨૭ | ૨૩ | ૧૩ | ૪ | ૫ | ૧ |

પાકો :

કોઠા નંબર ૫.૩ માં ૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ દરમ્યાન સર્વેક્ષણ કરાયેલ કુટુંબોના ખાતેદારો દ્વારા લેવાયેલા પાકોની વિગત દર્શાવે છે. અગાઉ જોયું તેમાં ૧૯૮૬-૮૭માં માંડવી તાલુકામાં ૧૨૪ ખાતેદારો હતા જેમાંથી મોટાભાગના ખેડૂતો ડાંગર, જુવાર અને તુવેરનો પાક લે છે. ૩૫ જેટલા ખેડૂતો શેરડી મગફળી જેવા રોકડિયા પાક મેળવે છે. ૧૯૭૫-૭૬માં શેરડીનો પાક લેનાર કુટુંબો ફક્ત ૧૩ હતા. તે વધીને ૧૯૮૫-૮૬ માં ૩૫ થયા. આમ પિયતની સગવડ વધવાની સાથે સાથે રોકડિયા પાક તરફનું વલણ પણ વધવમ પામ્યું છે. કપાસ અને શાકભાજી પણ વાવેતર કરનાર કુટુંબો જોવા માંગરોલ તાલુકામાં ૮૩ ખાતેદારોમાંથી લગભગ ૮૩ ખાતેદારોમાંથી લગભગ બધા જ ખાતેદારો તુવર જુવાર તથા ડાંગરનો પાક મેળવે છે. માંગરોલ તાલુકાની જમીન શેરડીના પાકને અનુકૂળ ન હોવાથી ત્યાં શેરડીનું વાવેતર બિલકુલ નથી. ત્યાં તુવેરનો પાક સારામાં સારો લેવામાં આવે છે. ૧૯૭૫-૭૬માં કઠોળ જેવા ધાન્યનો પાક લેનારાં ૪૫ કુટુંબો હતા તે ૧૯૮૫-૮૬માં ઘટીને ૧૮ થયા આમ કઠોળના પાકમાંથી મળતી આવક ઓછી હોય છે એવું જાણવા મળે છે. કેટલાક કુટુંબો ઘઉં જેવા પાક લેતા થયા છે.

બારડોલી તાલુકામાં ૬૭ કુટુંબો ખાતેદાર છે તેમાંથી મોટાભાગના ડાંગર, જુવાર, તુવેર લે છે. પરંતુ ૩૪ એટલે લગભગ ૫૦ ટકા કુટુંબો શેરડી પકવે છે. વળી આ વિસ્તારમાં પિયતની સગવડ હોવાને કારણે કેળા અને શાકભાજી પણ કેટલાક કુટુંબો દ્વારા કરવામાં આવે છે. એવું અમને સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું છે.

મહુવા તાલુકાના ૭૫ ખાતેદાર કુટુંબો પૈકી પચાસ ટકા ઉપરના ખાતેદારો જેઓ મોસમી પાક લેનારા છે. તેઓ ખાતેદારો જેઓ મોસમી પાક લેનારા છે. તેઓ ડાંગર જુવાર અને તુવેરનો પાક મેળવે છે. જ્યારે ૩૩ કુટુંબો શેરડી પકવે છે. ૧૯૭૫-૭૬માં ડાંગર, જુવાર અને તુવેરનો પાક લેનાર કુટુંબો જે હતા તેમાં પણ ૧૯૮૫-૮૬માં વધારો નોંધાયો છે પરંતુ નોંધપાત્ર બાબત એ છે કે કઠોળ શાકભાજી અને શેરડીનું વાવેતર વધ્યું છે. જેમને પિયતની સગવડ છે તેઓ બે કે તેથી વધુ પાક લે છે અને તેથી દરેક પાક લેનારની સંખ્યા ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં વધવા પામી છે.

ટૂંકમાં માંડવી પ્રાયોજના વિસ્તારમાં જ્યાં પિયતની સગવડ થઇ ત્યાં રવિ ખરીફ અને ચોમાસું ત્રણે પાક લેવાય છે. અને રોકડિયા પાક તરફનું વલણ ધીરે ધીરે વધવા પામ્યું છે.

કોઠો : ૫.૩

૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન લેવાતા પાકો સંબંધી

| ક્રમ | તાલુકો | ખેતી કરનાર કુટુંબો | ડાંગર | જુવાર | તુવેર | શેરડી | ૧૯૮૫-૮૬ લેવાયેલ પાકો મગફળી | કઠોળ | તેલીબીયાં | શાકભાજી અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | માંડવી | ૧૨૪ | ૫૪ | ૧૧૨ | ૯૦ | ૩૫ | ૧૫ | ૧૭ | ૧૧ | ૧૩ |
| ૨ | માંગરોલ | ૮૩ | ૬૨ | ૭૩ | ૮૩ | - | ૪૩ | ૧૮ | ૨(કપાસ) | ૯ |
| ૩ | બારડોલી | ૬૭ | ૩૮ | ૨૭ | ૧૯ | ૩૪ | ૧ | ૨૩ | - | ૭ |
| ૪ | મહુવા | ૭૫ | ૫૬ | ૪૫ | ૩૪ | ૩૩ | ૨ | ૯ | - | ૧૪ |

ચાલુ..

નોંધ : એક કરતાં વધુ પાક ખરીફ રવિ અને ચોમાસુમાં લેવાય તેથી સરવાળો કુલ બરાબર થશે નહીં ટકાવારી પણ કાઢી નથી.

કોઠો : ૫.૩.. ચાલુ..

| ક્રમ | તાલુકો | ડાંગર કોદરા | જુવાર | તુવેર | શેરડી | મગફળી | કઠોળ | તેલીબીયાં | શાકભાજી અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૫-૭૬ લેવાયેલ પાકો | | | | | | | |
| | | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | માંડવી | ૩૩ | ૯૦ | ૬૬ | ૧૩ | ૫ | ૧૯ | ૩૪ (૧૯ કપાસ) | ૪૨ |
| ૨ | માંગરોલ | ૨૨ | ૭૧ | ૬૯ | ૧ | ૨૭ | ૪૯ | ૧૦ (કપાસ) | ૪ |
| ૩ | બારડોલી | ૩૪ | ૩૧ | ૨૮ | ૧૫ | - | ૧૫ | - | ૨ |
| ૪ | મહુવા | ૩૭ | ૩૬ | ૨૩ | ૧૩ | ૫ | ૩ | - | ૯ |

## રહેઠાણ ઘર :

કોઠા નંબર ૫.૪ સર્વેક્ષણના ૮૦૦ કુટુંબોના તાલુકાવાર રહેઠાણની બાબતો દર્શાવે છે. ખાસ કરીને એ કુટુંબો રહેઠાણ માટે જે ઘરનો ઉપયોગ કરે છે તે પોતાની જમીનમાં છે. રહેવા લાયક છે ? કાચું છે ? પાકું છે વગેરે માહિતી પૂરી પાડે છે. ચારે તાલુકાની વિગતો તપાસતાં સ્પષ્ટ જોઇ શકાય છે કે ૮૦૦ કુટુંબોમાંથી ૫૦૮ કુટુંબો ( ૬૩.૫૦ ટકા )ને પોતાની જમીનમાં ઘર છે. મોટાભાગના એટલે ૭૦.૭૫ ટકાને વારસાગત ઘર મળ્યું છે એટલે બાપદાદાના વખતથી આવતી જમીન અથવા તો બીજા કોઇ દ્વારા કે સરકાર દ્વારા ભૂતકાળમાં મળેલી જમીનમાં ઘર બાંધ્યું છે તેથી વારસાગત ઘરની સંખ્યા વધી જાય છે. કારણકે ઘર બાંધવા માટેની સરકારી જમીન મેળવેલ ૨૧૪ ( ૨૬.૭૫ ટકા ) કુટુંબો છે જ્યારે સરકારી સહાયથી બાંધેલ ઘર ૧૭૭ ( ૨૨.૧૩ ટકા ) છે. દરેક તાલુકામાંથી ૨૦ થી ૭૫ કુટુંબોને સરકાર તરફથી ઘર માટે જમીન મળી છે. પોતાની બચતમાંથી ફક્ત ૭.૧૨ ટકાએ જ ઘર બંધાવ્યું છે.

ઘરના પ્રકારની દ્રષ્ટિએ જોઇએ તો ફક્ત ૧૨.૭૫ ટકા કુટુંબો પાસે પાકું ઘર છે. બાકીના ૫૭.૩૮ ટકા અને ૨૯.૮૭ ટકા અનુક્રમે કાચા અને અર્ધ પાકા ઘરમાં રહે છે. રહેણાંક અને કોઢાર બંને હોય તેવા પણ ઓછા કુટુંબો છે. મોટાભાગ પાસે રહેણાંકના ઘર છે. તેવી જ રીતે ૬૩ ટકા કુટુંબોના ઘર ૧૯૭૦ પહેલાના છે. ૨૬.૫૦ ટકાએ ૮૦ પછી ઘર બંધાવ્યા છે. આમ વારસાગત રીતે ૭૦ પહેલા પોતાની માલિકીના ઘરવાળા વધુ કુટુંબો છે. તાલુકાવાર માહિતી કોઠામાં આપવામાં આવી છે.

## કોઠો : ૫.૪

### સર્વેક્ષણ કુટુંબોના રહેઠાણ-ઘર સંબંધી માહિતી

| ક્રમ | તાલુકો | કુટુંબો | ઘરથાળની જમીન | | | ઘરનો પ્રકાર | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પોતાની | બીજાની | સરકારી | રહેણાંક | કોઠાર | ભેગુ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૧૨ | ૧૨ | ૭૬ | ૧૬૩ | ૧૩ | ૨૪ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૪૭ | ૧૦ | ૪૩ | ૫૭ | ૧૨૨ | ૨૧ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૭૪ | ૫૧ | ૭૫ | ૧૭૪ | ૨૪ | ૨ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૭૫ | ૫ | ૨૦ | ૧૨૧ | ૩૩ | ૪૬ |
| | કુલ | ૮૦૦ | ૫૦૮ | ૭૮ | ૨૧૪ | ૫૧૫ | ૧૯૨ | ૯૩ |
| | ટકા | ૧૦૦ | ૬૩.૫૦ | ૯.૭૫ | ૨૬.૭૫ | ૬૪.૩૭ | ૨૪.૦૦ | ૧૧.૬૩ |

ચાલુ..

કોઠો : ૫.૪ ચાલુ..

| ક્રમ | તાલુકો | ઘરનાં બાંધકામનો પ્રકાર | | | ઘર બાંધકામ વર્ષ | | | ઘરની માહિતી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કાચુ | પાકુ | મિશ્ર | ૭૦પહેલાં | ૭૦થી ૮૦ | ૮૦થી પછી | વારસાગત | સરકારી સહાય | પોતાની બચત |
| | | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | માંડવી | ૧૨૬ | - | ૭૪ | ૧૨૮ | ૨૨ | ૫૦ | ૧૨૫ | ૬૭ | ૮ |
| ૨ | માંગરોલ | ૧૫૪ | ૮ | ૩૮ | ૧૩૨ | ૧૮ | ૫૦ | ૧૫૨ | ૨૬ | ૨૨ |
| ૩ | બારડોલી | ૮૧ | ૬૦ | ૫૯ | ૧૨૦ | ૧૨ | ૬૮ | ૧૨૪ | ૬૬ | ૧૦ |
| ૪ | મહુવા | ૯૮ | ૩૪ | ૬૮ | ૧૨૪ | ૩૨ | ૪૪ | ૧૬૫ | ૧૮ | ૧૭ |
| | કુલ | ૪૫૯ | ૧૦૨ | ૨૩૯ | ૫૦૪ | ૮૪ | ૨૧૨ | ૫૬૬ | ૧૭૭ | ૫૭ |
| | ટકા | ૫૭.૩૮ | ૧૨.૭૫ | ૨૯.૮૭ | ૬૩.૦૦ | ૧૦.૫૦ | ૨૬.૫૦ | ૭૦.૭૫ | ૨૨.૧૩ | ૭.૧૨ |

## કોઠો : ૫.૫

### જમીન ખરીદ વેચાણની માહિતી

| ક્રમ | તાલુકો | જમીન ખરીદી: કુટુંબો | જમીન ખરીદી: જમીન (એકરમાં) | જમીન ખરીદી: કિંમત રૂા.માં | જમીન વેચાણ: કુટુંબો | જમીન વેચાણ: જમીન એકરમાં | જમીન વેચાણ: કિંમત રૂા.માં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૧૭ | ૭૧.૫૯ | ૨૫૪૩૦ | - | - | - |
| ૨ | માંગરોલ | ૨ | ૨૪.૩૩ | ૫૮૦૦૦ | ૧ | ૨.૦૦ | ૭૦૦૦ |
| ૩ | બારડોલી | ૧૬ | ૭૫.૨૫ | ૨૭૩૨૦૦ | ૨ | ૧૧.૦૦ | ૩૩૦૦૦ |
| ૪ | મહુવા | ૪ | ૩૧.૦૦ | ૨૪૬૦૦ | ૧ | ૪.૦૦ | ૭૨૦૦ |
| | કુલ | ૩૯ | ૨૦૨.૧૭ | ૩૮૧૨૩૦ | ૪ | ૧૭.૦૦ | ૪૭૨૦૦ |

## મિલકત : ખરીદ - વેચાણ :

કઠોદા નંબર ૫.૫ માં બતાવ્યા મુજબ માંડવી તાલુકામાં ૧૫ કુટુંબોએ ૭૧.૫૯ એકર જમીન ૨૫૪૩૦ રૂ.માં ખરીદી તેમાં ઘંટોલીમાં ૧ કુટુંબે ૪ એકર જમીન રૂ.૧૮૦૦૦ માં ખરીદી ઇસરમાં એક કુટુંબે ૫.૩૦ એકર જમીન રૂ.૫૮૩૦માં ખરીદી માં ગણોતધારા હેઠળ જ કુટુંબોને ૧૧.૨૯ એકર જમીન રૂ.૧૬૦૦ માં મળી હતી. જ્યારે કરૂઠામાં ૧૧ કુટુંબોને ૫૧ એકર જમીન સરકાર તરફથી મળી હતી.

માંગરોલ તાલુકામાં લવેટ ગામે એક ખાતેદારે ૮.૩૩ એકર જમીન રૂ.૧૮૦૦૦ માં ખરીદી હતી. ચાખવાડામાં જ એક ખાતેદારે ૧૬ એકર જમીન રૂ.૪૦૦૦૦ માં ખરીદી હતી. માંગરોલ માં એક ખાતેદારે રોડ માટે સરકારને ૨ એકર જમીન રૂ.૭૦૦૦ માં વેચી હતી.

બારડોલી તાલુકામાં હરીપુરામાં એક કુટુંબે ૩ એકર જમીન રૂ.૩૨૦૦માં ખરીદી છે. બાલદામાં એક ખાતેદારે ૧૦ એકર જમીન રૂ.૧૪૦૦૦માં ખરીદી અન્ય ૧૪ કુટુંબોને સરકાર દ્વારા ૬૧.૨૫ એકર જમીન રૂ.૨૫૬૦૦ ની કિંમતની મળી છે. તેમાં બે ખાતેદારે પારસી પાસેથી મેળવી તેમાં કિંમત આપવી પડે છે. હિંડોલિયામાં એક ખાતેદારે ૧૦ એકર જમીન રૂ.૨૬૦૦૦ માં વેચી હતી અને હરીપુરામાં એક ખાતેદારે ૧૯૮૬માં એક એકર જમીન રૂ.૭૦૦૦ માં વેચી હતી. આમ બારડોલી તાલુકાનું ખરીદવેચાણ ૧૯૮૦ થી ૧૯૮૬ દરમ્યાન થયું છે. ખરીદી માટે ભાગે સરકારી કાયદા મુજબ ગણોતધારા હેઠળ પ્રાપ્ત થઇ છે.

મહુવા તાલુકામાં મહુવરીયા ગામના બે ખાતેદારોએ ૨૩ એકર જમીન રૂ.૬૬૦૦માં ખરીદી હતી. બોરિયામાં એક

ખાતેદારે ચાર એકર જમીન રૂા.૭૨૦૦માં સરકારને વેચી હતી કાવિઠામાં એક ખાતેદારે ૪ એકર જમીન રૂા.૮૦૦૦ માં ખરીદ કરી હતી. અને બીજા એક ખાતેદાર ચાર એકર જમીન રૂા.૧૦૦૦૦ માં મેળવી હતી.

પ્રાયોજનામાં જે જમીનો ખરીદાઇ તે મોટેભાગે ગણોતધારા હેઠળ વેચાયેલી જમીન અથવા સરકાર દ્વારા મળેલ જમીન છે જે જમીન વેચવામાં આવી છે તેમાં સરકારી રસ્તા કે બીજા કામ માટે જરૂર પડી ત્યારે વેચાઇ છે. અથવા બે કુટુંબોને આર્થિક સંકળામણને કારણે જમીન વેચવી પડી છે.

<u>ખરીદી :</u>

<u>વ્યવસાય અને હુન્નરના સાધનો :</u>

કોઠા નંબર ૫.૬માં સર્વેક્ષણ હેઠળના ચાર તાલુકાના આઠસો કુટુંબો દ્વારા ૧૯૭૬ થી ૧૯૮૬ દરમ્યાનના દાયકામાં થયેલા સાધનોની ખરીદીની વિગતો દર્શાવવામાં આવી છે. આ ખરીદીમાં મુખ્યત્વે વ્યવસાયના સાધનો ભારવાહક ઢોર(બળદ) ઇલેકટ્રીકપંપ, ઓઇલ એન્જીન અને સીવવાના સંચાનો સમાવેશ કરવામાં આવ્યો છે. માંડવી અને માંગરોલ તાલુકામાં ભારવાહક ઢોર ( બળદ)ની ખરીદી સારી છે. કારણકે આ તાલુકામાં આદિવાસીનું પ્રમાણ સારું છે. અને અહીંના આદિવાસીઓમાં ચૌધરી અને વસાવા છે તેમાં જે ખેતી કરે છે તેમને ખેતી માટે બળદની જરૂર પડે જ અને નિગમ દ્વારા પ્રાયોજના મારફત તેમને બળદો આ દાયકામાં આપવામાં આવ્યા છે. જ્યારે બારડોલી મહુવામાં હળપતિની વસતિ વધુ છે. તેઓ મોટેભાગે ~~xxx~~ જમીન વિહોણા હોય છે અને ખેતમજૂરી તરીકે કામગીરી

બજાવતા હોય છે. તેમને ભારવાહક ઢોરની ખાસ જરૂર નથી એટલે બારડોલી મહુવા તેનું પ્રમાણ ઓછું છે. ચારે તાલુકામાં કુલ ૭,૪૯,૧૦૦ રૂ.ના બળદ લેવામાં આવ્યા છે. મહુવા તાલુકામાં ઇલેકટ્રીક પંપની ખરીદી મહત્ત્વની બની છે કારણકે ત્યાં જેમની પાસે જમીન છે તેવા મોટા ખેડૂતોને વીજળી તેમજ સિંચાઇમાં સગવડ છે એટલે રાહતદરે આવા સાધન અપાતા હોય તેમનો લાભ લે તે સ્વાભાવિક છે. ખેતી માટે આ સાધનો ઘણા ઉપયોગી છે. બારડોલી તાલુકામાં ૨૭ સીવવાના સંચા અપાયા છે આનું કારણ બારડોલી તાલુકો જાગ્રત છે ત્યાં આદિવાસીમાં રક્ષણ છે તેથી દરજીની તાલીમ લઇ આ ઉદ્યોગ અપનાવવા તરફનું વલણ રહયું છે અને તે દ્વારા સ્વરોજગારી મેળવે છે. આમાં યુવકો અને યુવતીઓ બન્નેનો તાલીમ લીધી છે. તાલુકાવાર વ્યવસાયના સાધનોની માહિતી કોઠામાં દર્શાવામાં આવી છે.

<u>પશુ ખરીદી :</u>

કોઠા નંબર ૫.૭ પશુઓની ખરીદી અંગેની માહિતી દર્શાવે છે. પશુઓની ખરીદીમાં ગાય, ભેંસ, બકરી, મરઘાં અને પાડી રેલ્લીનો સમાવેશ થાય છે. માંડવી તાલુકામાં ૧૯૭૫-૮૬ સુધીમાં રૂા.૯૦૬૦૦માં ૮૧ ગાય, રૂા.૩૯૦૪૦૦ માં ૧૫૫ ભેંસની ખરીદી કરી છે તે ઉપરાંત રૂા.૬૮૧૫૦માં ૩૬ બકરી ૫૧૬ મરઘાં અને ૬૨ પાડી રેલ્લીની ખરીદી કરવામાં આવી છે. માંગરોલ તાલુકામાં કુલ રૂા.૪૫૨૬૨૦માં ૧૨૬૦ દૂધાળા ઢોર ખરીદ્યા હતાં જ્યારે બારડોલીમાં રૂા.૨૧૮૮૨૫માં ૪૧૩ દૂધાળા ઢોર ખરીદ્યા અને મહુવા તાલુકામાં રૂા.૩૦૯૫૩૦માં ૪૪૮ દૂધાળા ઢોર ખરીદ્યા હતાં.

કોઠા નંબર ૫.૮ માં માંજરોખ અને ઘરવખરીના સાધનોની ખરીદીની માહિતી પૂરી પાડે છે. એમાં ઘરવખરીના સાધનો

( કબાટ, પલંગ, ટેબલ, ફાનસ વગેરે ) વાસણ ઘરેણા દિવાલ ઘડિયાળ કોઠા ઘડિયાળનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીયાં ચારે તાલુકાના ૮૦૦ કુટુંબો દ્વારા કુલ રૂા.૪૨૨૪૦૦ની ઘરવખરીની રૂા.૬૩૯૫૪૫ ના વાસણ, રૂા.૬૨૯૨૫૦ના ઘરેણાં અને રૂા.૧૧૪૩૪૭ના ઘડિયાળની ખરીદી થઇ હતી. ઘડિયાળ જેવી વસ્તુ દરેક કુટુંબમાં હોય એ ઇચ્છનીય છે તેમ છતાં પણ ૫૦ ટકાથી પણ ઓછા કુટુંબો પાસે છે. લગભગ બધા જ કુટુંબોમાં વાસણની ખરીદી થઇ છે. ઘરેણાંની ખરીદી પણ પ્રમાણમાં સારી કહી શકાય. એવી રૂા.૬૨૯૨૫૦ની કરવામાં આવી છે. છ લગભગ ઘરવખરીના સાધનોમાં દરેક ઘરમાં ખાટલો, ફાન્સની સગવડ છે.

કોઠા નંબર ૫.૯ માં ગાડું, મોટરસાયકલ, સાયકલ રેડિયો, ટી.વી. વગેરેની ખરીદી દર્શાવે છે. ચારે તાલુકામાં કુલ ૮૦૦ કુટુંબોમાં ૮૮ ગાડાં, ૩૧ મોટર સાયકલ, ૩૦૭ સાયકલ અને ૨૩૦ રેડિયો અને ટી.વી.ની ખરીદી થઇ છે. જેની કિંમત રૂા.૫૬૯૨૪૭ જેટલી થાય છે. રેડિયો તો લગભગ બધા જ ઘરોમાં હોય એવી છાપ અહીયાં ખોટી પડે છે. ૮૦૦ કુટુંબોમાંથી ફક્ત ૨૩૦ કુટુંબોમાં જ રેડિયો છે. આ બધા જ સાધનો વિકાસ તેમજ પ્રગતિના ચાલક બળ છે. એટલે એની ખરીદી એના પ્રમાણના આધારે પ્રગતિનો ખ્યાલ આવી શકે છે.

ખરીદી સાથે છેલ્લા દસ વર્ષોમાં આદિવાસી કુટુંબો દ્વારા જે સાધનોનું વેચાણ થયું તે જાણવું જરૂરી છે. પરંતુ આ ચારેય તાલુકામાં ખાસ વેચાણ જોવા મળતું નથી. ફક્ત ત્રણ થી ચાર કુટુંબો દ્વારા થોડીક બકરી તેમજ થોડાક મરઘાંનું વેચાણ થયું છે. વેચાણ નથી થયું એની પાછળ બે ત્રણ બાબતો ગણાવી શકાય એક તો કે તેમની પાસે આવક મળી શકે તેવું વેચવાનું સાધન ન હોય બીજું કે તેમના ખર્ચ માટે પુરતી આવક મળી રહેતી હોય તેથી પણ વેચતા ન હોય.

કોઠો : ૪.૫.૬

વ્યવસાય અને હુન્નર ઉદ્યોગને લાગતા સાધનોની ખરીદી ૧૯૭૫-૭૬ થી ૧૯૮૫-૮૬ દરમ્યાન

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | વ્યવસાયના સાધનો |  | ભારવાહક ઢોર |  | ઇલેક્ટ્રીક પંપ |  | ઓઇલ એન્જીન |  | સીવવાનો સંચો |  |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
|  |  |  | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત |
| ૧ | માંડવી | ૨૦૦ | ૫૦ | ૨૮૩૮૦ | ૧૩૦ | ૨૯૯૧૦૦ | ૨ | ૨૧૦૦૦ | ૧૧ | ૬૦૦૦૦ | ૧ | ૫૦૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૭૧ | ૩૫૯૦૦ | ૧૬૨ | ૨૩૯૮૦૦ | ૧ | ૪૦૦૦ | - | - | ૫ | ૧૯૦૦ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૫ | ૪૩૦૦ | ૩૭ | ૭૧૦૦૦ | ૨ | ૧૪૦૦૦ | ૯ | ૪૧૧૦૦ | ૨૬ | ૧૨૦૦૦ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૦ | ૩૧૬૧૦ | ૭૪ | ૧૩૯૨૦૦ | ૧૦ | ૪૭૪૦૦ | ૧૪ | ૫૧૫૦૦ | - | - |
|  | કુલ | ૮૦૦ | ૧૪૬ | ૧૦૦૨૬૦ | ૪૦૩ | ૭૪૯૧૦૦ | ૧૫ | ૮૬૪૦૦ | ૩૪ | ૧૫૨૬૦૦ | ૩૨ | ૧૪૪૦૦ |

## કોઠો : ૫.૭

### પશુઓની ખરીદી ૧૯૭૫-૭૬ થી ૧૯૮૫-૮૬ દરમ્યાન

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ગાય | | ભેંસ | | બકરી | | મરઘાં | | પાડી-રેલ્લી વગેરે | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત |
| ૧ | માંડવી | ૨૦૦ | ૮૧ | ૯૦૬૦૦ | ૧૫૫ | ૩૯૦૪૦૦ | ૩૯ | ૧૮૧૫૦ | ૫૧૬ | ૩૦૨૦૦ | ૬૨ | ૨૧૪૦૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૭૮ | ૧૦૬૮૫૦ | ૧૧૫ | ૨૯૧૪૦૦ | ૪૮ | ૧૩૧૫૦ | ૨૫૮ | ૧૨૧૨૫ | ૬૧ | ૨૭૦૦૦ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૪૫ | ૫૪૯૦૦ | ૬૮ | ૧૪૪૯૦૦ | ૨૦ | ૭૧૦૦ | ૨૬૨ | ૧૨૧૭૫ | ૧૮ | ૧૦૭૫૦ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૬ | ૪૧૨૦૦ | ૧૧૯ | ૨૩૬૨૧૦ | ૫૧ | ૧૧૪૫૦ | ૨૨૪ | ૬૬૭૦ | ૨૮ | ૧૪૦૦૦ |
| | કુલ | ૮૦૦ | ૨૩૦ | ૨૯૩૫૫૦ | ૪૫૭ | ૧૦૫૧૯૧૦ | ૧૫૮ | ૪૯૮૫૦ | ૧૨૬૦ | ૬૧૧૭૦ | ૧૬૯ | ૭૩૧૫૦ |

કોઠો : ૫.૮

સુખસગવડ અને મોજશોખના વસાવેલ સાધનો ૧૯૭૫-૭૬ થી ૧૯૮૫-૮૬

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ઘરવખરીના સાધનો ટેબલ, ખુરશી, ખાટલો, કબાટ, પ્રાયમસ, ફાનસ સંખ્યા (વસ્તુ) | કિંમત | વાસણ સંખ્યા (કુટુંબ) | કિંમત | ઘરેણાં સંખ્યા (કુટુંબો) | કિંમત | દિવાલ ઘડિયાળ સંખ્યા વસ્તુ | કિંમત | કાંડા ઘડિયાળ સંખ્યા | કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | [illegible] | | [illegible] | [illegible] | | | | | | | | |
| ૧ | માંડવી | ૨૦૦ | ૫૬૧ | ૧૪૫૪૦૦ | ૧૭૯ | ૧૫૩૮૧૦ | ૯૪ | ૨૦૯૦૫૦ | ૩૧ | ૬૨૧૦ | ૭૯ | ૨૧૨૦૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૪૭૭ | ૧૪૩૯૬૦ | ૧૨૮ | ૧૩૦૩૬૦ | ૧૦૬ | ૧૫૩૩૫૦ | ૨૮ | ૭૨૪૫ | ૪૫ | ૧૧૭૮૫ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૬૩૧ | ૧૪૨૩૧૦ | ૧૮૧ | ૨૦૨૨૪૫ | ૧૨૯ | ૨૮૦૬૦૦ | ૧૮ | ૩૬૯૦ | ૯૫ | ૨૬૪૭૫ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૫૧૨ | ૧૨૧૬૯૦ | ૧૯૯ | ૧૫૩૧૩૦ | ૧૧૪ | ૧૮૬૨૫૦ | ૪૦ | ૯૧૧૦ | ૮૦ | ૨૮૬૩૨ |
| | કુલ | ૮૦૦ | ૨૧૮૩ | ૪૨૨૫૦૦ | ૬૧૬ | ૬૩૯૫૪૫ | ૪૪૩ | ૬૨૯૨૫૦ | ૩૬૫ | ૨૬૨૫૫ | ૨૧૯ | ૮૮૦૯૨ |

કોઠો : ૫.૯

વાહનવહેવાર અને સંદેશા વ્યવહારના સાધનોની ખરીદી

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ગાડું | | મોટર સાયકલ લ્યુના | | સાયકલ | | રેડિયો | | અન્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત | સંખ્યા | કિંમત |
| ૧ | માંડવી | ૨૦૦ | ૨૬ | ૭૨૦૦૦ | ૧૭ | ૧૦૨૭૦૦ | ૯૬ | ૫૭૮૭૦ | ૬૯ | ૨૨૨૫૫ | | |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૨૭ | ૧૧૪૦૦૨ | ૧ | ૧૩૦૦૦ | ૬૩ | ૪૧૧૨૦ | ૪૯ | ૨૦૦૭૫ | | |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૨ | ૧૦૩૦૦ | ૧૦ | ૭૭૫૦૦ | ૬૬ | ૩૭૦૦૦ | ૫૨ | ૧૯૨૩૫ | ૨ ટી.વી. | ૯૦૦૦ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૩ | ૭૧૫૦૦ | ૩ | ૨૮૦૦૦ | ૮૨ | ૪૬૬૯૦ | ૬૦ | ૭૭૦૦૦ | | |
| | કુલ | ૮૦૦ | ૮૮ | ૨૬૭૮૦૨ | ૩૧ | ૨૨૧૨૦૦ | ૩૦૭ | ૧૮૨૬૮૦ | ૨૩૦ | ૧૩૮૫૬૫ | | |

આરોગ્ય :

આરોગ્યની બાબતમાં આદિવાસીઓના વલણ અંગે પ્રારંભમાં ઉલ્લેખ કર્યો છે. અહીં સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલા કુટુંબોના આરોગ્ય અંગે તથા એ અંગેની એમની જાણકારી અંગેની વિગતો તપાસીશું. કોઠા નંબર ૫.૧૦ માં જુદી જુદી તાલુકાઓમાં વસતા કુટુંબોમાં કયા પ્રકારના રોગો સામાન્ય રીતે જોવા મળે છે તેની વિગતો દર્શાવી છે એની વિગતોને આધારે કહી શકાય કે મોટેભાગે આદિવાસી કુટુંબોમાં શરદી, ઉધરસ, તાવ, ટાઢિયો તાવ, ઝાડા ઉલટી અને ચામડીના રોગો જોવા મળે છે.સામાન્ય રીતે આ બધા રોગો ત્રણે ઋતુમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળે છે. બાળરોગો છે પણ તેનું પ્રમાણ અલ્પ છે. મોટી ઉધરસ પણ જોવા મળે છે. ચોમાસામાં ઓરી, અછબડા પણ નીકળે છે.

માંડવી તાલુકામાં ૨૦૦ કુટુંબોમાંથી મોટાભાગના કુટુંબો ઉધરસ તાવ, શરદી અને ખસ, ખરજવાના રોગોથી પીડાતા માલુમ પડે છે. રતાંધણાપણું કે ઝાડા ઉલટી જેવા રોગો પણ કેટલાક કુટુંબોમાં જોવા મળે છે પણ એનું પ્રમાણ ઘણું ઓછું છે. માંગરોલ તાલુકામાં માંદગીનું પ્રમાણ ઓછું લાગે છે જયાં શરદી ઉધરસ અને તાવ કવચિત જણાય છે. આ માહિતીને આધારે તો કહી શકાય કે માંગરોલ તાલુકાના આદિવાસીઓનું સ્વાસ્થ્ય ઘણું સારું કહી શકાય. બારડોલી તાલુકામાં ૨૦૦ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબો શરદી , ઉધરસ કે તાવથી પીડાતા માલુમ પડે છે.ઉપરાંત ઉલટી, ચામડીના રોગ પણ જોવા મળે છે. મહુવા તાલુકામાં પણ માંદગીનું પ્રમાણ ઓછું છે. ૨૫ ટકા કુટુંબોમાં બીમારી જોવા મળે છે અને તે મહદઅંશે શરદી, ઉધરસ અને તાવના છે.

કોઠા નંબર ૫.૧૧ માં માંદગી દરમ્યાન કોની સારવાર

લેવામાં આવે છે તેની વિગત દર્શાવી છે. આ માહિતી ૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ એમ બે તબક્કે નોંધવામાં આવી છે. જે ઘણી રસપ્રદ છે. ૧૯૭૫-૭૬માં માંદગી દરમ્યાન મોટાભાગના કુટુંબો ભૂવાભગતની સારવાર લેતા હતા અને આ માટે તેમને ૧૦ કિ.મિ.થી વધારે અંતરે જવું પડે તો પણ જતાં હતાં. ૧૯૮૫-૮૬માં આ પરિસ્થિતિના મોટો સુધારો થયેલો જોવા મળે છે. ભગત ભૂવાનું પ્રમાણ ઘણું ઓછું થયું છે અને દવાખાનાનો ઉપયોગ સારા પ્રમાણમાં વધેલો જોવા મળે છે.

માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬ દરમ્યાન બસો કુટુંબોમાંથી ૧૨૧ કુટુંબો ભૂવાભગતની સારવાર લેતા હતા જ્યારે ૧૯૮૫-૮૬માં માત્ર ૩૨ કુટુંબો જ ભૂવા ભગતની સારવાર લીધી છે. બાકીના ૧૬૮ કુટુંબોએ ડૉકટરની સારવાર લેતા થયા. એજ રીતે માંગરોલ બારડોલી અને મહુવામાં તાલુકામાં પણ આ પરિવર્તન સ્પષ્ટપણે કોઠો જોતા માલુમ પડે છે.

કોઠા નંબર ૫.૧૨ આરોગ્યકેન્દ્ર અંગેની જાણકારીની વિગતો દર્શાવે છે. માંડવી તાલુકાના ૨૦૦ કુટુંબોમાંથી ૧૫૧ કુટુંબોને પોતાના ગામમાં કે નજીકમાં આરોગ્ય કેન્દ્રની સગવડ છે તેની જાણકારી નથી. માત્ર ૨૯ કુટુંબોને જ એની જાણકારી છે. એ જ રીતે માંગરોલ, બારડોલી અને મહુવા તાલુકામાં પણ મોટાભાગના કુટુંબોને પ્રાથમિક આરોગ્યકેન્દ્ર કે પેટા કેન્દ્ર છે તેની જાણકારી નથી. અલબત્ત એ તાલુકાઓમાં ૫૦ ટકા જેટલા કુટુંબોને ખાનગી દવાખાના છે કે નહીં તેની જાણકારી છે. એનો અર્થ એ થાય છે કે સરકાર દ્વારા ચલાવાતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સગવડો વિષે પૂરતા પ્રચારની કરવાની જરૂર છે.

કોઠા નંબર ૫.૧૩માં સરકારી દવાખાનાની સવલતો અંગેની માહિતી છે. જોકે મોટાભાગના કુટુંબોએ એ સવલતો અંગે સંતોષ વ્યકત કર્યા છે. કે સરકારી દવાખાનામાં ડોકટર નિયમિત મળે છે. દવા નિયમિત મળે છે અને દવાખાનું બરોબર ચાલે છે તેમ છતાં જે થોડા કુટુંબોએ લાભગ ટકાએ આ અસંતોષ વ્યકત કર્યા છે એ અંગે ઘટતું થવું જોઇએ.

કોઠા નંબર ૫.૧૪ માં સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલા કુટુંબોમાં કુટુંબ કલ્યાણ કેન્દ્રો અંગેની જાણકારી વિષે માહિતી દર્શાવવામાં આવી છે. માંડવી માંગરોલ, બારડોલી અને મહુવા તાલુકાના ૮૦૦ કુટુંબોમાંથી મોટાભાગના (૬૭૬) કુટુંબોને એ અંગેની જાણકારી છે. લાભગ પચાસ ટકા કુટુંબો એ કુટુંબ નિયોજન અપનાવ્યુ છે. એમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની જાગૃતતા કે સભાનતા વિશેષ માલુમ પડે છે. કુલ ૮૦૦ કુટુંબોમાંથી ૩૩૪ પુરુષોએ નસબંધી કરાવી છે. જ્યારે ૯૭ સ્ત્રીઓએ નસબંધી કરાવી છે. જો કુટુંબ નિયોજનનો પ્રસાર અને જાણકારી યોગ્ય રીતે પ્રસારવામાં આવી હોય તો બીજી ૯૨ વ્યકિતઓએ એનો લાભ લીધો હોત.

કોઠો : ૫.૧૦

રોગોના નામ

| ક્રમ | તાલુકાનું નામ | કુટુંબ સંખ્યા | શરદી હા | શરદી ના | શરદી જવાબ નથી | ઉધરસ હા | ઉધરસ ના | ઉધરસ જવાબ નથી | તાવ હા | તાવ ના | તાવ જવાબ નથી | ઝાડા ઉલટી પેટમાં ચૂંક હા | ઝાડા ઉલટી પેટમાં ચૂંક ના | ઝાડા ઉલટી પેટમાં ચૂંક જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૬૪ | ૧૦૨ | ૩૪ | ૧૧૨ | ૬૭ | ૨૧ | ૧૧૨ | ૬૭ | ૨૧ | ૨૨ | ૧૪૭ | ૩૧ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૩ | ૧૯૩ | ૪ | ૩ | ૧૯૩ | ૪ | ૩ | ૧૯૨ | ૫ | - | ૧૯૫ | ૫ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૯૫ | ૧૭૫ | - | ૭૩ | ૧૦૭ | - | ૯૨ | ૧૦૭ | ૧ | ૬૯ | ૧૩૧ | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૯ | ૯૧ | ૮૦ | ૨૧ | ૯૯ | ૮૦ | ૧૬ | ૧૦૪ | ૮૦ | ૧૬ | ૧૦૪ | ૮૦ |
| | કુલ | | ૧૯૧ | ૪૯૧ | ૧૧૮ | ૨૦૯ | ૪૮૬ | ૧૦૫ | ૨૩૫ | ૪૫૮ | ૧૦૭ | ૧૦૭ | ૫૭૭ | ૧૧૬ |

ચાલુ.

કોઠો : ૫.૧૦.. ચાલુ..

| ક્રમ | તાલુકા | ખસ ખરજવું દાદર | | | ઢાઢિયો તાવ | | | રતાંધણાપણું | | | માટી ઉધરસ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | જવાબ નથી | હા | ના | જવાબ નથી | હા | ના | જવાબ નથી | હા | ના | જવાબ નથી |
| | | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ ચાલુ.. |
| ૧. | માંડવી | ૨૨ | ૧૪૮ | ૩૦ | ૫૪ | ૧૦૮ | ૩૮ | ૧૧ | ૬૯ | ૩૦ | ૩૧ | ૧૩૯ | ૩૦ |
| ૨ | માંગરોલ | - | ૧૯૫ | ૧૫ | - | ૧૯૫ | ૫ | - | ૧૯૫ | ૫ | - | ૧૯૫ | ૫ |
| ૩ | બારડોલી | ૧૩ | ૧૮૭ | - | ૪૪ | ૧૫૬ | - | - | ૧૫૬ | - | - | ૨૦૦ | - |
| ૪ | મહુવા | ૧૬ | ૧૦૪ | ૮૦ | ૩૭ | ૮૩ | ૮૦ | ૮ | ૧૧૨ | ૮૦ | - | ૨૦૦ | ૯૦ |
| | | ૫૧ | ૫૩૪ | ૨૧૫ | ૧૩૫ | ૫૪૨ | ૧૨૩ | ૧૯ | ૬૬૬ | ૧૧૫ | ૪૭ | ૬૩૮ | ૧૧૫ |

કોઠો : ૫.૧૦.ચાલુ.

| ક્રમ | તાલુકા | લુલા લંગડા હા | લુલા લંગડા ના | લુલા લંગડા જવાબ નથી | બહેરા મુંગા આંધળા હા | બહેરા મુંગા આંધળા ના | બહેરા મુંગા આંધળા જવાબ નથી | આંરી અછબડા હા | આંરી અછબડા ના | આંરી અછબડા જવાબ નથી | બાળપણના રોગ હા | બાળપણના રોગ ના | બાળપણના રોગ જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ |
| ૧ | માંડવી | ૩ | ૧૬૭ | ૩૦ | ૧૧ | ૧૭૯ | ૧૦ | ૨૫ | ૧૩૫ | ૪૦ | ૪૪ | ૧૪૬ | ૧૦ |
| X | XXXXXX | - | XXX | XX | - | XXX | X | - | XXX | X | - | XXX | X |
| ૨ | માંગરોલ | - | ૧૯૬ | ૪ | - | ૧૯૬ | ૪ | - | ૧૯૬ | ૪ | - | ૧૯૬ | ૫ |
| ૩ | બારડોલી | ૧૯ | ૧૮૧ | - | ૪ | ૧૯૬ | - | - | ૨૦૦ | - | ૨૧ | ૧૭૯ | - |
| ૪ | મહુવા | ૩ | ૧૦૭ | ૮૦ | ૧ | ૧૧૯ | ૮૦ | - | ૧૨ | ૮૦ | - | ૧૨૦ | - |
| | કુલ | ૨૫ | ૬૬૧ | ૧૧૪ | ૧૬ | ૬૯૦ | ૯૪ | ૨૫ | ૬૫૧ | ૧૨૪ | ૬૫ | ૬૪૧ | ૯૪ |

## કોઠો : ૫.૧૧

**સર્વેક્ષણ કરેલા કુટુંબો ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન માંદગીમાં કોની દવા કરાવતા હતા અને તેનું ઘરથી કેટલું અંતર હતું તે માહિતી આપતો કોઠો**

| | | | | ૪ માંદા પડો ત્યારે કોની દવા કરાવો છો. ૧૯૮૬-૮૭ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ભુવા ભગત | સરકારી દવાખાનું | ખાનગી દવાખાનું | વૈદ્ય | બાંયા | કંઇ નહીં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૩૨ | ૧૦૯ | ૯૫ | - | - | - |
| ૨ | માંગરોળ | ૨૦૦ | ૩૧ | ૭૬ | ૧૧૮ | ૫ | ૪ | ૭ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૮૭ | ૧૧૩ | ૯૯ | ૩૦ | ૬ | ૨ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૪૮ | ૭૭ | ૭૭ | - | - | - |

ચાલુ...

કોઠો : ૫.૧૧ ... ચાલુ..

| ક્રમ | તાલુકો | માંદા પડો ત્યારે કોની દવા કરાવો છો 1975-76 | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ભુવા ભગત | સરકારી દવાખાનું | ખાનગી દવાખાનું | વૈદ્ય | ભોયા | કંઇ નહી | |
| | | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ચાલુ.. |
| ૧ | માંડવી | ૧૨૧ | ૬૪ | ૧૮ | ૧૬ | - | - | |
| ૨ | માંગરોલ | ૧૧૬ | ૭૧ | ૪૬ | ૨૯ | ૫ | - | |
| ૩ | બારડોલી | ૧૪૯ | ૩૫ | ૬૨ | ૪૪ | - | ૨ | |
| ૪ | મહુવા | ૧૪૮ | ૧૯ | ૫૪ | ૧ | - | ૧ | |

કોઠો : ૫.૧૧.. ચાલુ..

| ક્રમ | તાલુકો | તે સ્થળનું ઘરથી અંતર કેટલું છે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૦ થી ૧ કિ.મિ. | ૧ થી ૩ કિ.મિ. | ૩ થી ૫ કિ.મિ. | ૫ થી ૭ કિ.મિ. | ૭ થી ૧૦ કિ.મિ. | ૧૦ થી વધુ |
| | | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૧ | માંડવી | ૮૦ | ૪૦ | ૪૮ | ૨ | ૬ | ૪૪ |
| ૨ | માંગરોળ | ૭૬ | ૧૯ | ૨૫ | ૨૦ | ૪૦ | ૨૦ |
| ૩ | બારડોલી | ૧૩૯ | ૪૪ | ૧ | ૧૯ | ૨ | ૬ |
| ૪ | મહુવા | ૭૪ | ૭૩ | ૩૧ | ૬ | ૧ | ૧૫ |

કોઠો : પ.૧૧... ચાલુ..

| ક્રમ | તાલુકો | તે સ્થળનું ઘરથી અંતર કેટલું છે. ૧૯૭૫-૭૬ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૦ થી ૧ કિ.મિ. | ૧થી ૩ કિ.મિ. | ૩ થી ૫ કિ.મિ. | ૫ થી ૭ કિ.મિ. | ૭ થી ૧૦ કિ.મિ. | ૧૦ થી વધુ |
| | | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૧ | માંડવી | ૬૯ | ૩૪ | ૫ | ૩ | ૫ | ૪૨ |
| ૨ | માંગરોલ | ૧૧૪ | - | ૨૭ | ૨૦ | ૪૦ | ૨૦ |
| ૩ | બારડોલી | ૧૭૨ | ૨૧ | ૫ | ૧ | - | - |
| ૪ | મહુવા | ૧૨૫ | ૩૪ | ૩૯ | ૨ | - | - |

## કોઠો : ૫.૧૨

સર્વેક્ષણ કરેલા કુટુંબો દ્વારા પ્રાથમિક તેમજ અન્ય આરોગ્યકેન્દ્રની સગવડ અંગેની જાણકારી સંબંધી માહિતી

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | આરોગ્ય કેન્દ્ર: પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે. – હા | ના | જવાબ નથી | પેટા કેન્દ્ર છે. – હા | ના | જવાબ નથી | અન્ય દવાખાના છે – હા | ના | જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | ૨૦૦ | ૨૯ | ૧૫૧ | ૨૦ | ૪૩ | ૧૧૭ | ૪૦ | ૪૨ | ૯૮ | ૬૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૭૪ | ૧૨૬ | - | ૬૪ | ૧૧૬ | - | ૧૦૦ | ૬૦ | ૪૦ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૦૧ | ૯૯ | - | ૮૩ | ૧૧૭ | - | ૧૦૦ | ૧૦૦ | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૭૪ | ૧૧૦ | ૧૬ | ૮૪ | ૫૫ | ૬૧ | ૧૦૪ | ૧૬ | ૮૦ |

## કોઠો : ૫.૧૩

સર્વેક્ષણ કરેલા કુટુંબોને સરકારી દવાખાના દ્વારા મળતી સવલતો અંગેનું મંતવ્ય

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | સરકારી દવાખાના બરોબર ચાલે છે. | | | સરકારી દવાખાનામાં ડોકટર નિયમિત આવે છે. | | | સરકારી દવાખાનામાંથી દવા નિયમિત મળે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | જવાબ નથી | હા | ના | જવાબ નથી | હા | ના | જવાબ નથી |
| ૧ | માંડવી | ૨૦૦ | ૬૬ | ૭૪ | ૬૦ | ૭૮ | ૬૨ | ૬૦ | ૭૮ | ૧૦૨ | ૨૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૮૪ | ૧૬ | - | ૧૮૪ | ૧૬ | - | ૧૮૪ | ૧૬ | - |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૧૮ | ૮૧ | ૧ | ૧૪૬ | ૫૩ | ૧ | ૧૩૯ | ૬૦ | ૧ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૪૦ | ૩૮ | ૨૨ | ૧૪૪ | ૪૦ | ૧૬ | ૧૩૭ | ૪૭ | ૧૬ |

## કોઠો : ૫.૧૪

### સર્વેક્ષણ કરેલા કુટુંબોની કુટુંબ નિયોજન અંગેની માહિતી

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | કુટુંબમાં કુટુંબનિયોજનની જાણકારી | | કેટલા કુટુંબોમાં કુટુંબનિયોજન અપનાવ્યું છે. | | | જેમણે અપનાવ્યું છે તેણે કયા પ્રકારનું અપનાવ્યું છે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા પુ | સ્ત્રી | ના | ગર્ભ નિરોધ સાધન | ગર્ભ નિરોધ ગોળી | પુરુષ નસબંધી | સ્ત્રી નસબંધી | અન્ય | માહિતી નથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૭૮ | ૨૨ | ૧૧૨ | ૨૯ | ૫૯ | - | - | ૮૮ | ૨૧ | ૮ | ૨૪ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૬૧ | ૩૯ | ૭૫ | ૩૩ | ૯૨ | ૫ | ૪ | ૭૦ | ૨૧ | ૨ | ૬ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૫૯ | ૪૧ | ૧૦૫ | ૨૬ | ૬૮ | - | ૧૨ | ૧૦૫ | ૪ | ૪ | ૭ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૭૮ | ૨૨ | ૮૦ | ૫૭ | ૬૩ | ૯ | ૧ | ૭૧ | ૫૧ | ૫ | - |
| | | ૮૦૦ | ૬૭૬ | ૧૨૪ | ૩૭૨ | ૧૪૬ | ૨૮૨ | ૧૪ | ૧૭ | ૩૩૪ | ૯૭ | ૧૯ | ૩૭ |

ચાલુ..

કોઠો : ૫.૧૪ ચાલુ.

| ક્રમ | તાલુકો | કેટલા વર્ષોથી અપનાવ્યું છે. | | | | | જેણે કુટુંબનિયોજન નથી અપનાવ્યું તેના કારણો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | છેલ્લા ૧ વર્ષોથી | ૨થી ૫ વર્ષો | ૫થી ૧૦ વર્ષો | ૧૦થી વધુ વર્ષો | માહિતી નથી | માહિતીનો અભાવ | સાધનનો અભાવ | કુદરતી | ફનની | ખર્ચાળ | બાબો નથી | અન્ય |
| | | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૧ | માંડવી | ૨૧ | ૬૪ | ૨૯ | ૧૫ | ૨ | ૨૨ | - | ૧૫ | ૧૮ | - | ૨ | ૨ |
| ૨ | માંગરોલ | ૫૬ | ૧૦ | ૮ | ૩૪ | - | ૩૯ | - | - | ૧૬ | ૨૬ | ૮ | ૩ |
| ૩ | બારડોલી | ૩૬ | ૪૨ | ૩૦ | ૨૪ | - | ૯ | ૪ | ૩૨ | ૧૩ | - | ૬ | ૪ |
| ૪ | મહુવા | ૪૭ | ૩૦ | ૧૭ | ૨૮ | ૧૫ | ૨૨ | ૬ | ૭ | ૧૭ | ૭ | - | ૪ |
| | કુલ | ૧૬૦ | ૧૪૬ | ૮૪ | ૧૧૧ | ૧૭ | ૯૨ | ૧૦ | ૫૪ | ૬૪ | ૩૩ | ૧૬ | ૧૩ |

પાણીની સગવડ :

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીની તંગી વરતાતી જોવા મળે છે. પાણી એ સૌ કોઇ માટે અનિવાર્ય જરૂરિયાત હોઇ એની સગવડો બધા માટે ઉપલબ્ધ થવી જ જોઇએ. કોઠા નંબર ૫.૧૫ માં સર્વેક્ષણ હેઠળ પસંદ કરેલ કુટુંબો માટે પાણીની સગવડ કેવી છે તેની વિગત દર્શાવે છે. એ રીતે માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬ દરમ્યાન ૨૦૦ કુટુંબોમાંથી ૯૭ કુટુંબોને કુવા દ્વારા પીવાના પાણીની સગવડ મળતી હતી જ્યારે ૧૯૮૫-૮૬માં ૧૩૧ કુટુંબોને તે સગવડ પ્રાપ્ત થઇ છે. કેટલાક સ્થળોએ નદી તળાવ અને નહેરની સગવડને લીધે આપોઆપ જ પાણીની સવલત ઉપલબ્ધ બની છે. તેમ છતાં હજુ પણ જે પચાસેક કુટુંબોને કાચા કુવા દ્વારા પાણી મળે છે તેમને પાકા કુવા દ્વારા કે ટ્યુબવેલ દ્વારા પાણી મળે એવી સગવડ થવી જોઇએ. કોઠા નંબર ૫.૧૬ પાણીની સવલતો કયા માધ્યમ દ્વારા ઉપલબ્ધ બને છે તેની વિગત દર્શાવે છે. મોટેભાગે આ સગવડો ગ્રામપંચાયત દ્વારા થતી જોવા મળે છે.૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ દરમ્યાન કુલ ૮૦૦ કુટુંબોમાંથી ૩૯૬ કુટુંબોને ગ્રામ પંચાયત તરફથી એ સવલત મળતી હતી એમ જોવા મળે છે. લગભગ ૧૫૦ કુટુંબોને સરકારી માધ્યમો દ્વારા એ સવલત મળતી હતી જ્યારે ૧૦૦ જેટલા કુટુંબોને ખાનગી રીતે એ સવલત મળતી રહી છે. કોઠા નંબર ૫.૧૭ છેલ્લા ૧૦ વર્ષોમાં પાણીની સવલતોમાં થયેલા ફેરફારો અંગેની વિગતો આપે છે. ૮૦૦ કુટુંબોમાંથી ૭૬૩ કુટુંબોને પાણીની સગવડથી સંતોષ છે. એમ કહી શકાય. ૪૭૯ કુટુંબોને કુવા દ્વારા પાણી મળે છે એમ જોઇ શકાય. ત્રીસેક કુટુંબોને આ અંગે તકલીફ વેઠવી પડે છે એ તકલીફ દૂર થવી જોઇએ.

કોઠા નંબર ૫.૧૮ માં પાણીની ગુણવત્તા દર્શાવી છે. એટલે કે પીવાના પાણીની જે સવલતો છે તેમાંથી મળતું પાણી પીવા લાયક છે કે નહીં તેની વિગત છે. મહુવા તાલુકાને બાદ કરતાં બાકીના ત્રણેય તાલુકામાં મળતું પાણી પીવા માટે લાયક છે. મહુવામાં ૬ કુટુંબોની પીવા લાયક પાણી મળતું નથી બારડોલી તાલુકાના ૧૮ જેટલા કુટુંબોને પાણી માટે ત્રણેક કિ.મિ. જેટલું અંતર કાપવું પડે છે તે મુશ્કેલી દૂર થવી જોઈએ. છેલ્લા દાયકા દરમ્યાન પણ એ પરિસ્થિતિ યથાવત રહી છે. એ કમનશીબ બાબત છે. મહુવા તાલુકામાં હજુ પણ વીસેક જેટલા કુટુંબોને પાંચેક કિ.મિ.નું અંતર ચાલીને પીવાનું પાણી મેળવવું પડે છે.

## કોઠો : ૫.૧૫

### પીવાના પાણીનાં પૂરવઠાં પૂરાં પાડતા સાધનો

| ક્રમ | તાલુકો | કુટુંબની સંખ્યા | કાચાં કૂવાં | પાકાં કૂવાં | હેન્ડ પંપ | સરકારી પૂરવઠો | ટ્યૂબવેલ | તળાવ | નદી | નહેર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧૯૮૫-૮૬ | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૫ | ૧૧૬ | ૧૪ | ૧૭ | ૨ | - | ૧૫ | ૨૦ | - |
| ૨ | માંગરોળ | ૨૦૦ | - | ૧૭૦ | ૨૦ | ૫ | - | - | ૨ | - | - |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૨ | ૫૪ | ૩૦ | ૧૨૨ | ૩ | ૧૯ | - | ૧૮ | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૬ | ૯૮ | ૨૩ | - | - | ૧ | ૨૫ | ૨ | ૩૩ |

ચાલુ..

કોઠો : ૫.૧૫.. ચાલુ..

| ક્રમ | તાલુકો | ૧૯૭૫-૭૬<br>કાચાં કૂવાં | પાકાં કૂવાં | હેન્ડ પંપ | સરકારી પૂરવઠો | ટ્યુબવેલ | તળાવ | નદી | નહેર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૧ | માંડવી | ૯ | ૮૮ | ૯ | - | ૧ | - | ૫૬ | - | ૫ |
| ૨ | માંગરોળ | - | ૧૯૪ | | | | | ૬ | | |
| ૩ | બારડોલી | ૫૩ | ૫૫ | ૨૨ | ૭૪ | - | ૧૯ | ૧ | ૧૮ | ૨૦ |
| ૪ | મહુવા | ૨૫ | ૮૭ | ૧૯ | ૧ | - | ૧ | ૨૯ | ૩ | ૩૨ |

## કોઠો : ૫.૧૬

**પીવાના પાણીના સાધનની ૧૯૭૫-૭૬ અને ૧૯૮૬-૮૭ દરમ્યાન વ્યવસ્થા કરનાર માઘ્યમો**

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ૧૯૮૬-૮૭ કોઇ વ્યકિત | ૧૯૮૬-૮૭ ગામ લોકો | ૧૯૮૬-૮૭ સરકારી | ૧૯૮૬-૮૭ કુદરતી | ૧૯૮૬-૮૭ ગ્રામ પંચાયત | ૧૯૮૬-૮૭ માહિતી નથી | ૧૯૭૫-૭૬ કોઇ વ્યકિત | ૧૯૭૫-૭૬ ગામ લોકો | ૧૯૭૫-૭૬ સરકારી | ૧૯૭૫-૭૬ કુદરતી | ૧૯૭૫-૭૬ ગ્રામ પંચાયત અન્ય | ૧૯૭૫-૭૬ માહિતી નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૫ | ૩ | ૬૦ | ૨૭ | ૧૧૨ | - | ૪ | ૧૦ | ૨૩ | - | ૬૦ | - |
| ૨ | માંગરોલ | ૨૦૦ | - | - | - | - | ૧૮૦ | ૨૦ | - | - | - | - | ૧૮૦ | ૨૦ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૨ | ૯ | ૯૩ | - | ૮૬ | ૧૦ | ૫ | ૯ | ૨૯ | - | ૧૦૦ | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૬ | ૮૩ | ૧૫ | ૪ | ૧૯ | - | ૧૨ | ૮ | ૨૦ | ૧૨ | ૫૬ | ૯૨ |

કોઠો : ૫.૧૭

છેલ્લા દસ વર્ષોમાં પીવાના પાણીની સગવડમાં થયેલા ફેરફારો અને તેની વિગત

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | છેલ્લા દસ વર્ષોમાં પીવાના પાણીનું સાધન ઊભું કર્યું છે. | | | હા તો કયું | | | | | તે બરાબર ચાલે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | જવાબ નથી | પાકો કુવો | હેંડ પંપ | ટ્યુબ વેલ | નળ | અન્ય | હા | ના | જવાબ નથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ ચાલુ.. |
| ૧ | માંડવી | ૨૦૦ | ૨૦૦ | - | - | ૧૧૯ | ૪૧ | - | ૪૦ | - | ૧૬૦ | - | ૪૦ |
| ૨ | માંગરોળ | ૨૦૦ | ૧૯૬ | ૪ | - | ૧૪૦ | ૬૦ | ૫ | - | - | ૨૦૦ | - | - |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૭૭ | ૨૧ | ૨ | ૪૨ | ૧ | ૧૬ | ૧૨૦ | - | ૧૫૪ | ૮ | ૧૫ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૯૦ | ૧૦ | - | ૧૩૮ | ૨૦ | - | ૧૮ | ૨૪ | ૧૭૦ | ૨૦ | - |
| | કુલ | ૮૦૦ | ૭૬૩ | ૩૫ | ૨ | ૪૭૯ | ૧૨૨ | ૨૧ | ૧૩૮ | ૨૪ | ૬૮૦ | ૨૮ | ૫૫ |

કોઠો : ૫.૧૭ ચાલુ.

| ક્રમ | તાલુકો | તમે તેનો ઉપયોગ કરો છો? હા | ના | ના નાં કારણો: સાધન હોવાથી જરૂર નથી | રહેઠાણથી દૂર છે. | પાણી પીવા ગમતું નથી | પાણીના પૈસા આપવા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | |
| ૧ | માંડવી | ૧૬૦ | ૪૦ | ૪૦ | - | - | - | |
| ૨ | માંગરોળ | ૨૦૦ | - | - | - | - | - | |
| ૩ | બારડોલી | ૧૫૫ | ૫ | - | - | - | ૪ | પંપ બગડી ગયાં છે. |
| ૪ | મહુવા | ૧૬૬ | ૨૪ | ૧૦ | ૧ | ૯ | | ૧ પુરતુ પાણી નથી<br>૩ જવાબ નથી |
| | કુલ | ૬૮૧ | ૬૯ | ૫૦ | ૧ | ૯ | | |

## કોઠો : ૫.૧૮

૧૯૮૫-૮૬ અને ૧૯૭૫-૭૬ દરમ્યાન પીવા માટે મળતું પાણી પીવા લાયક છે કે નહીં અને તેનું ગામથી અંતર

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | પાણી પીવા લાયક છે. | | પીવાના પાણીનું ઘરથી અંતર કિ.મિ.માં | | | | | પાણી પીવા લાયક છે. | | ઘરથી પીવાના પાણીનું અંતર | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | ૧ કિ થી ઓછું | ૧થી ૩ | ૩થી ૫ | ૫થી વધુ | જવાબ નથી | હા | ના | ૧થી ઓછું | ૧થી ૩ | ૩થી ૫ | ૫થી વધુ | માહિતી નથી |
| ૧ | માંડવી | ૨૦૦ | ૨૦૦ | [illegible] | ૧૯૧ | ૮ | ૧ | - | - | ૨૦૦ | - | ૧૪૮ | ૨૧ | ૧ | - | ૩૦ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૨૦૦ | - | ૨૦૦ | | | | | ૨૦૦ | | ૨૦૦ | | | | |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૨૦૦ | - | ૧૯૨ | ૧૮ | - | - | | ૨૦૦ | - | ૧૮૨ | ૧૮ | - | - | - |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૯૪ | ૬ | ૧૬૮ (૨૦ને નળ લીધા છે.) | ૧ | ૧૧ | ૨૦ | | ૧૯૬ | ૬ | ૧૫૦ | ૧૫ | - | ૧૧ | ૨૪ |

અન્ય વેચાણ વ્યવસ્થા :

છેલ્લે ખરીદવેચાણ અંગેની જે વિગતો જોઇX તે પરથી એ લોકોમાં બજાર વ્યવસ્થાનો પ્રશ્ન સહેજે ઉદ્‌ભવે. સામાન્ય રીતે ખરીદ વેચાણમાં સહકારી મંડળીઓ ઉપયોગી થતી હોય છે. વળી આદિવાસી વિસ્તારમાં અઠવાડિક કે પખવાડિક જે હાટ ભરાતા હોય છે તે પણ તેમને ઉપયોગી નીવડતા હોય છે. કોઠા નંબર ની વિગતો પરથી જોતા લાગે છે કે ૧૯૭૫-૭૬ દરમ્યાન તેમજ ૧૯૮૫-૮૬ દરમ્યાન ચારે તાલુકાના ૮૦૦ કુટુંબો પૈકી અનુક્રમે ૭૬ અને ૧૭૨ કુટુંબો જ સહકારી મંડળીના સભ્ય સભ્યો છે અને તેથી આગાઉના પ્રકરણ-૨ માં જોયું કે આ વિસ્તારમાં બધા જ પ્રકારની મંડળીઓનો વિકાસ થયો છે. છતાં પણ આ કુટુંબો દ્વારા એનો લાભ કે ઉપયોગ થઇ શક્યો નથી. સર્વેક્ષણની અન્ય કેટલીક માહિતીને આધારે જોતા માંડવી તાલુકાના ૨૦૦ કુટુંબો પૈકી ૧૪૬ કુટુંબો તો સ્થાનિક બજાર કે દુકાનદાર પાસેથી જ જરૂરી વસ્તુઓ ખરીદે છે. તેવી જ રીતે માંગરોલ તાલુકામાં ૧૦૯ કુટુંબો બારડોલી તાલુકાના ૧૦૭ કુટુંબો અને મહુવા તાલુકાના ૯૧ કુટુંબો સ્થાનિક બજારમાંથી જ ખરીદી કરતાં હોય છે. કેટલાક ગામોમાં નાની નાની દુકાનો હોય છે એમાં વસ્તુઓ રાખવામાં આવે છે અને દુકાનદાર જોઇતી વસ્તુઓ તાલુકા મથકેથી અથવા બાજુના મોટા શહેરમાંથી લાવે છે. આમ લગભગ બધા જ ગામોમાં જીવનજરૂરિયાતની ખાવાપીવાની વસ્તુઓ સ્થાનિક રીતે મળી રહે છે.

## કોઠો : ૫.૧૯

### સહકારી મંડળીના સભ્યપદ બાબત

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | ૧૯૮૬-૮૭ સહકારી મંડળી સભ્યપદ | | | ૧૯૭૫-૭૬ સભ્યપદ | | | સભ્ય કુટુંબો | | ખાધાખોરાકીની લોન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુ | સ્ત્રી | કુલ | પુ | સ્ત્રી | કુલ | ૧૯૮૬-૮૭ | ૧૯૭૫-૭૬ | ૧૯૮૫-૮૬ | ૧૯૭૫-૭૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૩૫ | - | ૩૫ | ૧૩ | - | ૧૩ | ૬૫ | ૧૩ | ૧૭ | - |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૩૪ | - | ૩૪ | ૨૭ | - | ૨૭ | ૩૪ | ૨૭ | - | - |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૪૨ | - | ૪૨ | ૨૧ | ૩ | ૨૪ | ૩૪ | ૨૧ | ૧૭ | ૪ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૨૯ | ૧૪ | ૪૩ | ૧૫ | - | ૧૫ | ૩૯ | ૧૫ | - | ૧ |

ચાલુ..

કોઠો : ૫.૧૯

| ક્રમ | તાલુકો | ઉત્પાદનલક્ષી લોન ૧૯૮૫-૮૬ | ૧૯૭૫-૭૬ | ભરપાઇ માટે તરકાર થઇ | પશુપાલન | ખેતીઉત્પાદન | પાઇપલાઇન | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | માંડવી | ૨ – | – | ૧ | | | | |
| ૨ | માંગરોલ | – | – | – | | | | |
| ૩ | બારડોલી | ૨ | – | – | ૧૨ | ૨ | ૧ | ૨ |
| ૪ | મહુવા | ૬ | – | – | – | – | – | – |

વિકાસની પ્રક્રિયા :

સર્વેક્ષણ માહિતીને આધારે પ્રાયોજનાની અસરો તપાસવા છેલ્લા દસ વર્ષોમાં પસંદ કરેલા કુટુંબોની આર્થિક સામાજિક સ્થિતિમાં શું ફેર પડયો છે. તે જાણવુ જરૂરી બને છે. કોઠા નંબર ૫.૨૦ માં છેલ્લા દસ વર્ષોમાં પસંદ કરેલા કુટુંબોની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં થયેલુ પરિવર્તન દર્શાવે છે. એ વિગતોને આધારે માંડવી તાલુકામાં ૨૦૦ કુટુંબો પૈકી ૧૬૪ કુટુંબોની આર્થિક સામાજિક સ્થિતિ સુધરવા પામી છે. ૧૫૮ વ્યકિતઓનું આરોગ્ય સુધર્યું છે. ૧૬૩ વ્યકિતઓ લોક સંપર્કના સાધનો વસાવી શકયા છે. એ જ રીતે માંગરોલ બારડોલી અને મહુવામાં પણ આર્થિક તેમજ સામાજિક ક્ષેત્રે અસરકારક પરિવર્તન જોવા મળે છે. મહુવા તાલુકામાં લગભગ ૯૭ ટકા કુટુંબો આર્થિક રીતે સધ્ધર થયા છે અને સામાજિક રીતે પણ બહારની દુનિયા સાથે સંપર્ક સાધી શકયા છે. જોકે એનું મુખ્ય કારણ આ તાલુકો બિન આદિવાસી તાલુકાની તે આજુબાજુમાં આવેલો છે. ત્યાં આદિવાસી અને બિન આદિવાસી વસ્તી સાથે રહે છે. સમૃધ્ધિ પણ છે શિક્ષણ પણ છે જમીનની ફળદ્રૂપતા પણ છે અને તેથી પણ વિકાસની પ્રક્રિયામાં આગળ છે.

કોઠા નંબર ૫.૨૧ મનોરંજન અને આરામદાયક પ્રવૃત્તિનું ચિત્ર સ્પષ્ટ કરે છે. અમનચમનની સવલતો અને એનો ઉપયોગ આર્થિક સામાજિક સ્વસ્થતા રજૂ કરે છે. એ રીતે જોતા ૮૦૦ કુટુંબોમાંથી ૪૭૬ કુટુંબો આનંદ પ્રમોદ કરતાં થયા છે. નાચ ગાન સીનેમાના સાધનોનો પણ લાભ લેતા થયા છે.

અગાઉ જોયું તે મુજબ આદિવાસી કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી કે ખેતમજૂરી છે. અને તેથી વિકાસ કાર્યક્રમો દ્વારા એ

વ્યવસાયોને જેટલો લાભ મળે તેટલી અસર આદિવાસીના જીવન પર પડે છે.

કોઠા નંબર ૫.૨૩ સિંચિત અને બિન સિંચિત ઉપજની અસરો દર્શાવે છે કોઠા નંબર ૫.૨૩ ના આધારે કહી શકાય કે સિંચિત વિભાગની ઉપજથી આર્થિક લાભો વધ્યા છે. એમ કહી શકાય. ૧૪૬ ખાતેદારો સિંચાઇનો લાભ લઇ શકયા છે અને એને લીધે એમની ઉપજ વધી છે. એ જ રીતે બિન સિંચિત વિભાગમાં ૧૨૨ ખાતેદારોની ઉપજ ઘટવા પામી છે. કોઠા નંબર ૫.૨૩ વિકાસની અસર હેઠળ ખેત ઉત્પાદન સાધનોની વપરાશ અંગેની માહિતી પૂરી પાડે છે. માંડવી તાલુકામાં ૧૯૭૫-૭૬માં ૫૪ ખાતેદારો હાઇબ્રીડ બિયારણ વાપરતા હતા તેને બદલે ૧૯૮૫-૮૬માં ૮૩ ખાતેદારો હાઇબ્રીડ વાપરતા થયા છે. માંગરોલ તાલુકામાં ફકત ૧ જ કુટુંબ હાઇબ્રીડ બિયારણ વાપરતું હતું તેને બદલે કુટુંબો વાપરે છે એ જ રીતે બારડોલી અને મહુવામાં થયું છે. આ જ રીતે રાસાયણિક ખાતર સિંચાઇ દવા વગેરેમાં પણ નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.

આ સમગ્ર માહિતીને આધારે કહી શકાય કે માંડવી પ્રાયોજનામાં વિકાસની પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. એટલું જ નહી છેલ્લા દાયકામાં વિકાસમાં સારો એવો વધારો નોંધાયો છે અને તે દેખી શકાય તેવો છે.

કોઠો : ૫.૨૦

છેલ્લા દસ વર્ષોમાં સર્વેક્ષણ કરેલા કુટુંબોની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં આવેલા ફેરફારો

| ક્રમ | તાલુકા | કુટુંબ સંખ્યા | સમગ્ર આવકની પરિસ્થિતિ | | | ખાવાપીવા સુખસગવડ સ્થિતિ | | | પૂરતો ખોરાક | | માંદગીના પ્રસંગો | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વધી | ઘટી | ખબર નથી | સારી | ખરાબ | ફેરફાર નથી | હા | ના | વધી | ઘટી | ફેરફાર નથી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | માંડવી | ૨૦૦ | ૧૬૪ | ૧૪ | ૨૨ | ૧૬૭ | ૮ | ૨૫ | ૧૮૪ | ૧૬ | - | ૧૫૮ | ૪૨ |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૭૮ | ૧૬ | ૬ | ૧૭૧ | ૧૭ | ૧૨ | ૧૯૩ | ૭ | - | ૧૯૭ | ૩ |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૮૯ | ૧૦ | ૧ | ૧૭૫ | ૧ | ૨૪ | ૧૯૮ | ૨ | ૩ | ૧૯૧ | ૬ |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૯૩ | ૭ | - | ૧૯૩ | ૭ | - | ૧૯૪ | ૬ | ૨ | ૧૯૨ | ૬ |

કોઠો : ૫.૨૦... ચાલુ..

| ક્રમ | તાલુકા | દવાની ઉપલબ્ધતા | | રોજિંદી ચીજ વસ્તુની ઉપલબ્ધતા | | | બસની સગવડ વધી | | રેલ્વેની સગવડ | | અન્ય વ્યવહાર સાધનો | | લોક સંપત્તિના સાધનો વધ્યા | | વધ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | સારી | ખરાબ | જેમની તેમ | હા | ના | હા | ના | હા | ના | હા | ના | રેડિયો | દૈનિક પત્રો | અન્ય |
| ૧ | માંડવી | ૧૩૪ | ૬૬ | ૧૫૮ | ૨ | ૪૦ | ૭૫ | ૧૨૫ | ૧૪૯ | ૫૧ | ૧૦૫ | ૯૫ | ૧૬૫ | ૩૫ | ૧૬૩ | ૧૨૨ | |
| ૨ | માંગરોલ | ૧૯૭ | ૩ | ૧૮૬ | ૬ | ૮ | ૧૯૬ | ૪ | ૧૮૦ | ૨૦ | ૧૮૬ | ૧૪ | ૧૬૦ | ૪૦ | ૧૪૦ | ૫૯ | ૨૮ |
| ૩ | બારડોલી | ૧૯૯ | ૧ | ૧૮૦ | - | ૨૦ | ૧૯૮ | ૨ | ૯૭ | ૧૦૩ | ૧૭૯ | ૨૧ | ૧૬૨ | ૩૮ | ૧૬૨ | ૪૩ | ૨ |
| ૪ | મહુવા | ૧૭૩ | ૨૭ | ૧૯૬ | ૪ | - | ૨૦૦ | - | ૧૯૯ | ૧ | ૧૯૫ | ૫ | ૧૯૦ | ૧૦ | ૧૯૦ | ૧૮ | ૨ |

## કોઠો : ૫.૨૧

સર્વેક્ષણના કુટુંબમાં ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં આરામદાયક અને મનોરંજન પ્રવૃત્તિઓમાં થયેલા ફેરફારો

| ક્રમ | તાલુકો | કુટુંબ સંખ્યા | મનોરંજન આવક લેવાની પ્રવૃત્તિ વધી કે ઘટી | | | વધી હોય તો કઇ વધી | | | | | | ઘટી તો કઇ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વધી | ઘટી | જવાબ નથી | ભવાઇ | નાટક | ગાયન ગવડાવવા | સીનેમા | ભજન | અન્ય | |
| ૧ | માંડવી | ૨૦૦ | ૬૭ | ૧૩૩ | - | ૧૧ | ૨૦ | ૫ | ૨૦ | ૧૧ | - | માહિતી નથી |
| ૨ | માંગરોલ | ૨૦૦ | ૧૨૬ | ૭૧ | ૩ | ૬૪ | ૪૭ | ૨૫ | ૫ | ૨ | - | ,, |
| ૩ | બારડોલી | ૨૦૦ | ૧૩૯ | ૫૪ | ૭ | ૩૪ | ૨૩ | ૩૮ | ૨૪ | ૮૬ | - | ,, |
| ૪ | મહુવા | ૨૦૦ | ૧૪૪ | ૪૨ | ૧૪ | ૬૩ | ૫૧ | ૫૭ | ૭૯ | ૭૨ | ૪૦ | ,, |

કોઠો : ૫.૨૨

૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ દરમ્યાન સિંચિત અને બિનસિંચિત વિસ્તારની ઉપજના થયેલા ફેરફારની માહિતી

| ક્રમ | તાલુકા | ખાતેદાર | પિયત કરનાર | સિંચિત વિસ્તારની ઉપજમાં ફેરફાર | | | | બિન સિંચિત વિસ્તારની ઉપજમાં ફેરફાર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ઉપજ વધી | ઉપજ ઘટી | કાંઇજ ફેરફાર નથી | જવાબ નથી | ઉપજ વધી | ઉપજ ઘટી | કાંઇજ ફેરફાર નથી | જવાબ નથી |
| ૧ | માંડવી | ૧૨૪ | ૨૯ | ૨૩ | - | ૬ | - | ૪૪ | ૬૨ | ૧૩ | ૫ |
| ૨ | માંગરોલ | ૮૩ | ૮ | ૩ | ૨ | ૩ | - | ૫૫ | ૨૮ | - | - |
| ૩ | બારડોલી | ૬૭ | ૫૬ | ૩૮ | ૧૫ | ૩ | - | ૩૮ | ૧૫ | ૫ | ૯ |
| ૪ | મહુવા | ૭૫ | ૫૩ | ૫૦ | - | ૨ | ૧ | ૧૯ | ૧૭ | ૨૨ | ૧૭ |

## કોઠો : ૫.૨૩

### છેલ્લા દસ વર્ષોમાં ખેતવિષયક સાધનોની વપરાશ અને તેમાં થયેલા ફેરફાર અંગે માહિતી

| ક્રમ | તાલુકા | ખાતેદારની સંખ્યા | સિંચાઇ | | હાઇબ્રીડ બિયારણ | | રાસાયણિક ખાતર | | છાણિયું ખાતર | | દવા | | અન્ય | | જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | માંડવી | ૧૨૪ | ૨૯ | ૯૫ | ૮૩ | ૪૧ | ૮૦ | ૪૪ | ૧૧૩ | ૧૧ | ૧૭ | ૯૭ | - | - | - |
| ૨ | માંગરોળ | ૮૩ | ૮ | ૭૫ | ૧૮ | ૬૫ | ૩૩ | ૫૦ | ૬૦ | ૨૩ | ૧૬ | ૬૭ | - | - | - |
| ૩ | બારડોલી | ૬૭ | ૫૬ | ૮ | ૫૭ | ૮ | ૫૭ | ૮ | ૫૭ | ૮ | ૪૨ | ૨૩ | ૨૨ | - | - |
| ૪ | મહુવા | ૭૫ | ૫૩ | ૨૨ | ૬૩ | ૧૨ | ૬૮ | ૭ | ૫૦ | ૨૫ | ૨૬ | ૪૯ | - | ૫ | - |

કોઠો : ૫.૨૩.. ચાલુ..

૧૯૭૫-૭૬

| ક્રમ | તાલુકા | સિંચાઇ | | હાઇબ્રીડ બિયારણ | | રાસાયણિક ખાતર | | છાણિયું ખાતર | | દવા | | અન્ય | | જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના | |
| | | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૧ | માંડવી | ૧ | ૧૨૩ | ૫૪ | ૬૪ | ૩૨ | ૮૩ | ૯૯ | ૧૬ | ૧૧ | ૧૦૪ | - | - | ૯ |
| ૨ | માંગરોલ | - | ૮૨ | ૧ | ૮૧ | ૨ | ૮૦ | ૭૦ | ૧૨ | ૨ | ૮૦ | - | - | ૧ |
| ૩ | બારડોલી | ૨૦ | ૪૭ | ૨૦ | ૪૭ | ૨૨ | ૪૫ | ૫૯ | ૬ | ૭ | ૫૮ | - | - | ૨ |
| ૪ | મહુવા | ૫ | ૭૦ | ૫ | ૭૦ | ૫ | ૭૦ | ૬૩ | ૧૨ | - | ૭૫ | - | - | - |

-

## પ્રકરણ - ૬

## તારણો અને સૂચનો

- વહીવટી
- વસતિ
- શિક્ષણ
- વ્યવસાય, રોજગારી, આવક, દેવું, બચત
- જમીન પાક
- પશુપાલન
- વીજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર
- સહકારી મંડળી, બેંકીંગ વ્યવસ્થા
- આરોગ્ય
- ઉપસંહાર

## પ્રકરણ - ૬

## તારણો અને સૂચનો

શરૂઆતમાં ઉલ્લેખ કર્યો એ મુજબ આદિવાસી વિકાસ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી અને બીન આદિવાસી લોકો વચ્ચે રહેલા વિકાસના તફાવતને ઓછો કરવાનો કે દૂર કરવાનો છે. સાથે સાથે આદિવાસીઓનો સાંસ્કૃતિક વારસો જળવાઇ રહે તે રીતે તથા તેમને શોષણ મુક્ત બનાવી તેમનું જીવન-ધોરણ ઊંચુ લાવવાનો આશય પણ રહેલો છે. આ હકીકતોને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન અભ્યાસમાં જે વિગતો આવરી લેવામાં આવી છે તેને આધારે અહીં અભ્યાસના તારણો આપવામાં આવ્યા છે. સાથે સાથે પ્રાયોજનાના ઉદ્દેશોને ફળીભૂત કરવામાં ઉપયોગી થાય એવા સૂચનો પણ આપવામાં આવ્યા છે.

પ્રકરણ ૧ થી ૫ માં પ્રાસ્તાવિક માહિતીથી વિકાસ કાર્યક્રમોની અસરો સુધીની વિગતો આપી, પ્રાસ્તાવિક માહિતીમાં ગુજરાતમાં આદિવાસી ક્ષેત્રે અમલમાં આવેલી જુદી જુદી યોજનાઓની અને પ્રાયોજનાની વિગતો આપવામાં આવી. પ્રકરણ-૨ માં માંડવી પ્રાયોજના શું છે તેનો ખ્યાલ આપ્યો. પ્રકરણ-૩ માં આદિવાસી અને બીન આદિવાસી વિસ્તારના વિકાસની તુલનાત્મક વિગતો આપી. પ્રકરણ ૪ અને ૫ માં સર્વેક્ષણ હેઠળ આવરી લીધેલાં કુટુંબો પાસેથી મળેલી માહિતીને આધારે એમના આર્થિક-સામાજિક જીવન ઉપર વિકાસ કાર્યક્રમોની શું અસર થઇ છે તે તપાસવામાં આવ્યું.

આદિવાસી વિકાસ કાર્યક્રમોના અમલ અને અસરના ચાલક બળોમાં વહીવટી માળખું, વસતી, શિક્ષણ, વ્યવસાય, આરોગ્ય, અન્ય સવલતો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી કરીને એ ચાલકબળોને નજર સમક્ષ રાખીને જ અહીં તારણો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

વહીવટી માળખું અને બજેટ :

o સામાન્ય રીતે પ્રાયોજનામાં સામાન્ય બજેટમાં જે જોગવાઈ કરવામાં આવે છે તેમા કરતાં ખર્ચ ઓછો થાય છે પરંતુ માંડવી પ્રાયોજનામાં એવું નથી બનવા પામ્યું ઉલટું માંડવી પ્રાયોજનામાં આવેલા તાલુકા અને તેમાં વસતિ આદિવાસી વસતીની જાગૃતિ અને વિકાસમાં કામ કરતા આદિવાસીઓ અને કર્મચારીઓની નિષ્ઠાની ફળસ્વરૂપે કેટલાક વર્ષોમાં ફાળવેલ રકમ કરતાં પણ ખર્ચ વધી ગયેલું જોવા મળે છે.

o જિલ્લા દ્વારા વિકાસના જે કાર્યક્રમો હાથ પર લેવામાં આવે છે તેનો મોટોભાગ બિન આદિવાસી વિસ્તારમાં ખેંચાઈ જાય છે. પ્રાયોજનાના પ્રયત્નો દ્વારા જે લાભો અપાય છે તે જ આદિવાસી વિસ્તારને મળે છે.

વસતિ :

o જયાં બિન આદિવાસી વસતિનું પ્રમાણ સારું છે એવા તાલુકા બારડોલી, મહુવા, પલસાણા અને કામરેજમાં બીજા આદિવાસીના પ્રમાણમાં હળપતિ આદિવાસી વધુ છે.

o પ્રાયોજનામાં સર્વેક્ષણ કુટુંબોની આદિવાસી વસતીમાં સૌથી વધુ હળપતિ પછી ચૌધરી અને ત્રીજા નંબરે

વસાવાની વસતિ છે. માંડવીમાં ચૌધરીની વસતિ વધુ છે, તો માંગરોળમાં વસાવા છે. આમ હળપતિ ચૌધરી અને વસાવાની વસતિ અનુક્રમે ૩૮.૨, ૨૬.૫ અને ૧૭.૫ ટકા છે.

- માંડવી પ્રાયોજનામાં સર્વેક્ષણ કુટુંબોમાં આદિમજૂથમાં કોટવાળિયા અને કોલચા છે અને તે માંડવી અને મહુવામાં છે. કોટવાળિયાની વસતિ ૨.૨૫ ટકા છે અને કોલચાની ૧.૭૫ ટકા છે.

- સર્વેક્ષણ કરેલા ૧૦૦૦ કુટુંબની કુલ સભ્ય સંખ્યા ૫૩૩૫ છે તેમાં ૨૭૭૮ પુરુષો અને ૨૫૫૭ સ્ત્રીઓ છે એટલે દર હજાર પુરુષો સ્ત્રીનું પ્રમાણ ૯૨૦ છે.

- સરેરાશ કુટુંબનું કદ ૫.૩ સભ્યનું છે.

- કુલ વસતીમાં ૩૬.૧૮ ટકા (૦ થી ૧૪) બાળકો અને કિશોરો છે. અને ૩.૯૫ ટકા ૬૦ વર્ષથી ઉપરના સભ્યો છે. આમ ૪૦.૧૩ ટકા લોકો કામ ન કરી શકે તે વર્ગમાં આવે છે. ૨૦.૪૩ ટકા લોકો ૧૫ થી ૨૪ના વયજૂથમાં છે અને ૩૯.૪૪ ટકા લોકો ૨૫ થી ૫૯ના વયજૂથમાં જે કામ કરનાર વર્ગ છે.

- આવી પ્રાયોજનાના સમગ્ર વિસ્તારમાં સમગ્ર વિસ્તારમાં જુદા જુદા વયજૂથમાં સભ્યોનું પ્રમાણ લગભગ સરખી રીતે વહેંચાયેલું છે એટલે કે કમાનાર અને બિન કમાનારનું પ્રમાણ લગભગ સરખું છે. સ્ત્રી અને પુરુષના પ્રમાણમાં પણ ખાસ ફેરફાર જોવા મળતો નથી.

- આદિવાસી વિસ્તારમાં આદિવાસી વસતી વધારાનું પ્રમાણ એ વિસ્તારના કુલ વસતી વધારાના પ્રમાણમાં વધુ છે પણ તે ફેરફાર નહીંવત્ છે.

- માંડવી પ્રાયોજનામાં આદિવાસીઓની વસતીનો વધારો બીજા આદિવાસી વિસ્તાર કરતાં ઘટવા પામ્યો છે તેનું કારણ એવું લાગે છે ત્યાં વસતા આદિવાસીઓ શિક્ષણ લેવાને કારણે અથવા ઔદ્યોગિક તાલીમને કારણે ધીરે ધીરે શહેર તરફ સ્થળાંતર કરે છે.

- છેલ્લા દાયકામાં આદિવાસી તેમજ બિન આદિવાસી બંને વિસ્તારમાં અનુજનજાતિની વસતીમાં ઘટાડો નોંધાયો છે. બિન આદિવાસી વિસ્તારમાં તે ૧.૩૭ ટકા જેટલી ઘટી છે જ્યારે સમગ્ર જિલ્લામાં તે ૪.૫૮ ટકા જેટલી ઘટી છે. આનું કારણ આદિવાસીઓ સ્થળાંતર થયા એ કરતાં આ જિલ્લામાં બહારથી બિન આદિવાસીઓ વધુ [illegible] થયા છે.

શિક્ષણ :

- છેલ્લા દાયકામાં સુરત જિલ્લામાં કુલ શિક્ષણમાં ૭.૨૩ ટકાનો વધારો નોંધાયો છે. બિન આદિવાસી વિસ્તારમાં ૨.૮૫ ટકાનો વધારો નોંધાયો છે જ્યારે આદિવાસી વિસ્તારમાં ૮.૨૦ ટકાનો નોંધાયો છે. આદિવાસી શિક્ષણમાં તો ૮ થી ૯ ટકા જેટલું શિક્ષણ છેલ્લા દાયકામાં વધવા પામ્યું છે.

- સમગ્ર ગુજરાતમાં માંડવી પ્રાયોજનાના મહુવા તાલુકાનું આદિવાસી સ્ત્રી શિક્ષણ સૌથી ઊંચું છે અને તે ૨૯.૯૫ ટકા છે. અલબત્ત કુલ સ્ત્રી શિક્ષણના પ્રમાણમાં તો તે ઓછું જ રહ્યું છે.

- પ્રાથમિક શાળાઓમાં બિન આદિવાસી વિસ્તાર કરતાં આદિવાસી વિસ્તારમાં સારી છે.

- પ્રાથમિક શિક્ષણ વધ્યું છે પરંતુ માંડવી પ્રાયોજનામાં માધ્યમિક ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમાં દાયકા દરમ્યાન કોઈ ફેરફાર નથી.

- બિન આદિવાસી વિસ્તારના પ્રમાણમાં આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક સુવિધાનું પ્રમાણ ૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ બંનેમાં ઓછું રહેવા પામ્યું છે.

- સર્વેક્ષણ કરેલા ચાર તાલુકાનાં કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ૩૭.૩૩ ટકા છે. ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૧.૫ ટકાનો વધારો નોંધાયો છે.

- બીજા આદિવાસી વિસ્તારના પ્રમાણમાં અહીંયા શિક્ષકોનું શાળામાં આવવાનું નિયમિત છે તેના પરિણામ સ્વરૂપેપણ બીજા વિસ્તાર કરતાં અહીં સાક્ષરતાનો દર ઊંચો છે.

- પ્રાથમિક શિક્ષણક્ષેત્રે સુધારો થયેલો માલુમ પડે છે પરંતુ માધ્યમિક શિક્ષણની ટકાવારી ઓછી છે એટલે એમાં થયેલો સુધારો પણ ઓછો માલુમ પડે છે. પરંતુ સર્વેક્ષણના આંકડાને આધારે કહી શકાય કે છેલ્લા દાયકામાં શિક્ષણની પરિસ્થિતિમાં નોંધપાત્ર વધારો થયો છે.

<u>વ્યવસાય રોજગારી, આવક :</u>

- બિન આદિવાસી વિસ્તાર કરતાં આદિવાસી વિસ્તારમાં કામ કરનાર વર્ગ મોટો છે જે બીજી પ્રાયોજના કરતાં

ઊલટું ચિત્ર રજૂ કરે છે. ત્યાં બિન આદિવાસી વિસ્તારમાં કામ કરનાર વર્ગનું પ્રમાણ ઊંચુ રહેવા પામ્યું છે એ બતાવે છે કે આ વિસ્તારમાં કામ કરવા માગતી વ્યક્તિને વિકાસના કાર્યક્રમોને કારણે કામ કરવાની તક મળી રહે છે. દાયકામાં કામ કરનાર વર્ગમાં ૩ ટકાનો વધારો નોંધાયો છે.

- સિમાંત કામ કરનાર વર્ગનું પ્રમાણ આદિવાસી વિસ્તારમાં બિન આદિવાસી વિસ્તાર કરતાં વધુ છે.
- ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ દરમ્યાન આદિવાસી વિસ્તારમાં ખેતી અને ખેતમજૂરી કરનાર વર્ગની ટકાવારી માં ખાસ ફેર પડયો નથી.
- વ્યવસાયિક રીતે દરેક વ્યવસાયમાં વધઘટનું પ્રમાણ આદિવાસી અને બિન આદિવાસી વિસ્તારમાં સરખું જ રહેવા પામ્યું છે.
- આદિવાસી વિસ્તારમાં મુખ્ય વ્યવસાય ખેતી રહયો છે જ્યારે બિન આદિવાસી વિસ્તારમાં અન્ય કામગીરી રહી છે.
- ખેડાણ હેઠળની જમીન ઘટી છે પણ સામાજિક વનીકરણને કારણે પ્રાયોજનામાં જંગલ વિસ્તાર વધયો છે.
- સિંચાઇની જે સગવડો છે તે મોટેભાગે બિન આદિવાસી વિસ્તારને પ્રાપ્ત થાય છે. આદિવાસી વિસ્તાર ડુંગરાળ હોવાથી તેને બહુ લાભ મળતો નથી. છતાં માંડવી પ્રાયોજનામાં બીજા વિસ્તાર કરતાં સપાટ પ્રદેશનું પ્રમાણ સારું હોવાથી સિંચાઇનો લાભ મળ્યો છે.

- છેલ્લા દાયકામાં બારડોલી તાલુકા સિવાય રોજગારીમાં વધારો નોંધાયો છે એટલું જ નહીં ખેતી પરનું ભારણ ધીરે ધીરે ઓછું થતું ગયું છે.

- ૧૯૭૫-૭૬ અને ૧૯૮૫-૮૬ ની માથાદીઠ આવક સરખાવતા ખ્યાલ આવે છે કે માથાદીઠ માસિક આવકમાં વધારો થયો છે અને તે લગભગ ટકા ઘણો છે. અલબત્ત રૂપિયાનું મૂલ્ય ઘટયું તે જોતા આ વધારો નોંધનીય ન કહી શકાય. પરંતુ એટલું ચોક્કસપણે કહી શકાય કે આ દાયકામાં રોજગારીની તકો વધી છે તેટલા પ્રમાણમાં આવક પણ વધવા પામી છે. આદિવાસી વિકાસ કાર્યક્રમોને કારણે આમ થયું છે એ કહેવામાં અતિશયોક્તિ નથી.

- આદિવાસીઓએ જે દેવું કર્યું છે તેમાં મોટાભાગનું દેવું ઉત્પાદકીય છે. ફકત ૧૧.૫૭ ટકા દેવું બિન ઉત્પાદકીય હેતુ માટેનું છે.

- સૌથી વધુ બચત બારડોલી તાલુકામાં થઇ છે.

- ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૬-૮૭ માં બચત કરવાનું વલણ વધવા પામ્યું છે. ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૫-૮૬માં પોસ્ટ ઓફિસમાં ખાતા ખોલવાની બાબતમાં પણ વધારો નોંધાયો છે.

- દાયકામાં આર્થિક પરિસ્થિતિમાં ખાવાપીવાની સગવડમાં નોંધપાત્ર વધારો થયો છે એવું મોટાભાગની આદિવાસીઓનું માનવું છે.

<u>જમીન:પાક :</u>

- પ્રાયોજનામાં છેલ્લા દસ વર્ષમાં સર્વેક્ષણના કુટુંબોમાં જમીન ધારકતામાં ખાસ નોંધનીય ફેરફાર થયો નથી પરંતુ પિયતની સગવડમાં નોંધનીય ફેરફાર થયો છે.

- પ્રાયોજના વિસ્તારમાં જ્યાં પિયતની સગવડ થઇ છે ત્યાં રવિ, ખરીફ અને ચોમાસું ત્રણે પાક લેવાય છે. રોકડિયા પાક તરફનું વલણ વધવા પામ્યું છે.
- પ્રાયોજનામાં છેલ્લા દાયકામાં જે જમીનો ખરીદાઇ છે. તે મોટેભાગે ગણોતધારા હેઠળ મળેલ જમીન અથવા સરકાર દ્વારા મળેલ જમીન છે. જે જમીન વેચવામાં આવી છે તેમાં સરકારી રસ્તા કે બીજા કામ માટે જરૂર પડી ત્યારે વેચાઇ છે ભાગ્યે જ આર્થિક સંકળામણને કારણે જમીન વેચાઇ છે.
- છેલ્લા દાયકામાં વ્યવસાયને લગતા સાધનો, બળદ, ભેંસ, ગાય, બકરા, મરઘાં, સાયકલ, મોટર સાયકલ ઇલેક્ટ્રીક પંપ, ઓઇલ એન્જીન, ઘડિયાળ, સીવવાના સંચા, વાસણ ઘરેણા વગેરેની ખરીદી થઇ છે પરંતુ વેચાણ ઓછું થયું છે. વ્યવસાય અને પશુને લગતા સાધનોની ખરીદી આદિવાસીને મળતા લાભ હેઠળ મોટેભાગે લેવામાં આવી છે.

પશુપાલન :

- સુરત જિલ્લાના આદિવાસી તેમજ બિન આદિવાસી બધા જ વિસ્તારોમાં ૧૯૭૧ થી ૧૯૮૨ દરમ્યાન બધાજ પ્રકારના પશુઓની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે એનું મુખ્ય કારણ પુરતો ખોરાક અને પૂરતી કાળજી લેવાઇ નથી.
- મરઘાં પાલનનો ~~xxxx~~ કાર્યક્રમ આદિવાસી તેમજ પોકેટ્સ વિસ્તારમાં નિષ્ફળ નિવડાયો છે.

- પશુ દવાખાનાનો એક દાયકામાં એકનો જ વધારો નોંધાયો છે તે બિન આદિવાસી વિસ્તારમાં છે.
- ૧૯૭૪-૭૫ના પ્રમાણમાં ૧૯૮૩-૮૪માં પશુ સારવારની સંખ્યા વધવી જોઇએ પરંતુ આંકડા જોતા લાગે છે કે તે ઘટવા પામી છે. એટલું જ નહીં આદિવાસી વિસ્તારમાં તો તેની સંખ્યા અડધી થઇ ગઇ છે.

ø
વીજળી - વાહનવ્યવહાર , સંદેશાવ્યવહાર :

- આંકડાની દ્રષ્ટિએ માંડવી પ્રાયોજનામાં કુલ ૫૧૩ ગામોને વીજળી જોડાણ મળ્યા છે. પણ આદિવાસી વિસ્તારને સંબધકર્તા છે ત્યાં સુધી આ વિસ્તાર માટે કહી શકાય કે ગામમાં વીજળી હોય છે પણ ગામમાં આવેલા આદિવાસી વિસ્તારો હજુ પણ વીજળીથી વંચિત રહી જવા પામ્યા છે.
- માંડવી પ્રાયોજનામાં ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં પાકા રસ્તાની સવલતો વધી છે છતાં હજુ પણ કેટલાક ઊંડાણ વાળા ગામોમાં રસ્તાના અભાવે વાહનવ્યવહારની સગવડ નથી.
- રેલવેની સગવડ કેવળ માંડવી તાલુકાના કોઇ ગામને નથી પોકેટસમાં કામરેજ તાલુકાને નથી.
- પ્રાયોજનાના ગામોની સંખ્યા અને વસતિની દ્રષ્ટિએ સંદેશાવ્યવહારની જે સગવડો છે તે પૂરતી કહી શકાય નહીં.
- માંડવી પ્રાયોજનામાં ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં ૧૯૮૪-૮૫માં સંદેશા વ્યવહારની સગવડોમાં ખાસ ફેર પડયો નથી. આદિવાસી વિસ્તારના ગામો તેમની વચ્ચેનું અંતર અને વાહનવ્યવહારની સગવડો જોતા આ સવલતો અપૂરતી છે.

સહકારી મંડળી - બેંકીંગ વ્યવસ્થા :

- માંડવી પ્રાયોજનામાં કુલ ૬૮૩ સહકારી મંડળીઓ આવેલી છે.આમાં ૧૯ જેટલી વિવિધલક્ષી કાર્યકારી મંડળીઓ, ૩૫ ખેડૂત સહકારી મંડળીઓ, ૨૮૮ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ ૧૬૨ જેટલી અન્ય સરકારી મંડળીઓ છે.

- દરેક તાલુકામાં સો કરતાં વધુ સહકારી મંડળીઓ છે.

- માંડવી પ્રાયોજનામાં બેંક ઓફ બરોડા અને દેના બેંક લીડ બેંક તરીકે કામ કરે છે અને મોટાભાગની ધિરાણ વ્યવસ્થા તેમના દ્વારા પૂરી પડાય છે. બધું મળી ૫૩ જેટલી બેંકીંગ સંસ્થાઓ છે.

- બારડોલી તાલુકો વિકસિત છે. વેપાર વાણિજ્યની સગવડ છે અને કારણ બધા જ આદિવાસી તાલુકા સાથે જોડાયેલું હોવાથી ત્યાં બેંકીંગ વ્યવસ્થા સુદ્દઢ છે.

- માંડવી પ્રાયોજનામાં સંમિત મંડળીની સંખ્યામાં ૨ ટકાનો વધારો નોંધાયો છે. પણ સભ્ય સંખ્યામાં ૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. કુલ સભ્ય સંખ્યાની ટકાવારીની દ્રષ્ટિએ ઘટાડો થયો પરંતુ આદિવાસી વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિનો વિકાસ થયો છે અને તેની અગત્યતતા સ્વીકારવામાં આવી છે.

- ૧૯૭૫-૭૬ના પ્રમાણમાં પ્રાયોજનામાં સહકારી બેંકો વધી નથી પણ રાષ્ટ્રીયકૃત બેંકો છ વધવા પામી છે.

આરોગ્ય :

- માંડવી પ્રાયોજના વિસ્તારના આદિવાસીઓની

મુખ્ય ફરિયાદ એ રહી છે કે દવાખાનાઓમાં પુરતી દવા હોતી નથી. સગવડો હોતી નથી પરિણામે દદીઓની સારવાર યોગ્ય રીતે થઇ શકતી નથી.

- આ વિસ્તારના કુટુંબ કલ્યાણ કેન્દ્રોની સગવડો કંઇક અંશે સંતોષકારક રહી છે. કારણકે સામાન્ય રીતે આદિવાસીઓમાં જન્મદર ઊંચો હોય છે પણ આ વિસ્તારમાં જન્મદરનું પ્રમાણ ૩ થી ૪ ટકા છે. લગભગ ૩૧ ટકા લોકોએ કુટુંબ નિયોજન અપનાવ્યું છે.
- માંડવી પ્રાયોજનામાં દવાખાનાની સગવડ ઓછી છે. વસતીના પ્રમાણમાં તો તે ઘણી ઓછી છે.
- ૧૯૭૫-૭૬માં માંડવી પ્રાયોજનામાં દર દસ હજાર વ્યક્તિ એ પથારીની સગવડ ૬.૬૨ હતી તે ૧૯૮૪-૮૫માં ઘટીને ૨.૪૦ થઇ છે. બિન આદિવાસી વિસ્તારમાં તેમાં વધારો નોંધાયો છે.
- દાયકામાં માંડવી પ્રાયોજનામાં ડોકટરમાં ઘટાડો થયો છે. નર્સમાં વધારો થયો પણ વસતીના વધારાના પ્રમાણમાં તે થયો નથી. દર દસ હજારની વસતિએ ૧.૩૧ ટકાનો ઘટાડો નોંધાયો છે.
- પ્રાયોજનામાં દાયકામાં જન્મદર મૃત્યુદર અને બાળ મરણ દરમાં ઘટાડો નોંધાયો છે. બાળમૃત્યુ તો ત્રીજા ભાગના થઇ ગયા છે.
- આ વિસ્તારમાં મોટેભાગે શરદી ઉધરસ, તાવ, ટાઢિયોતાવ ઝાડા ઉલટી અને ચામડીના રોગો જોવા મળે છે. કેટલીક જગ્યાએ રતાંધળાપણું જોવા મળે છે. મોટી ઉધરસ જોવા મળે છે. ચોમાસામાં ઓરી અછબડા નીકળે છે.

o  ૧૯૭૫-૭૬ માં માંદગી દરમ્યાન મોટાભાગના કુટુંબો ભુવા ભગતની સારવાર લેતા હતા. આ માટે ૧૦ કિ.મિ. થી વધુ અંતર પણ ચાલતા પણ ૧૯૮૫-૮૬ માં આ પરિસ્થિતિમાં સુધારો નોંધાયં છે. ભગત ભૂવાનું પ્રમાણ ઘટયું છે અને સરકારી દવાખાનાનો ઉપયોગ સારા પ્રમાણમાં વધેલો જોવા મળે છે.

o  મોટાભાગના કુટુંબોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે પેટા કેન્દ્ર છે. તેની જાણકારી નથી. અલબત્ત એ તાલુકામાં ૫૦ ટકા કુટુંબોને ખાનગી દવાખાનાની જાણકારી છે.

**સૂચનો :**

o  ડી.ડી.ઓ દ્વારા જીલ્લામાં અપાતા વિકાસ કાર્યક્રમો મોટે ભાગે બીનઆદિવાસી વિસ્તારમાં જાય છે. એ કાર્યક્રમોનો લાભ આદિવાસી વિસ્તારને પણ મળવો જોઇએ. માત્ર પ્રયોજનના કાર્યક્રમો જ આદિવાસી વિસ્તારને મળે એટલું પુરતું નથી.

o  આદિવાસીઓને કામ માટે સ્થળાંતર કરવું પડે એ સ્થિતિ દૂર કરવી જોઇએ જેથી તેઓ સ્થાયી જીવન જીવી શકે અને પોતાના બાળકોનો ઉછેર સારી રીતે કરી શકે. તેમને શિક્ષણ પણ વ્યવસ્થિત રીતે અપાવી શકે.

o  આદિવાસી વિકાસ કાર્યક્રમોની માહિતી તમામ આદિવાસી વિસ્તારોમાં પ્રસારવી જોઇએ. ખાસ કરીને શિક્ષિત આદિવાસીઓને તો એની જાણકારી મળવી જ જોઇએ. એ માટે જરૂર લાગે તો વિકાસ કાર્યક્રમોની માહિતી - પુસ્તિકા કે પત્રિકા એમને

: : :

આપવી જોઇએ. નાની નાની સભાઓ ભરીને પણ એવી માહિતી આદિવાસીઓને સમજાવી શકાય. માહિતીના અભાવે આદિવાસીઓ વિકાસ કાર્યક્રમોનં પૂરો લાભ લઇ શકતા નથી એ પરિસ્થિતિ દૂર થવી જોઇએ.

- વસતી નિયંત્રણ માટે કુટુંબ નિયોજન કાર્યક્રમોનો પ્રચાર અને અમલ આદિવાસી વિસ્તારમાં સતત ચાલ્યા કરવો જોઇએ.

- આશ્રમશાળા અને નિવાસી શાળાઓનું પ્રમાણ વધારવું જોઇએ જેથી આદિવાસીઓમાં શિક્ષણનો દર ઉંચો લઇ જઇ શકાય.

- આશ્રમ શાળાના બાળકોને જે પ્રોત્સાહનો અપાય છે તે નિવાસી શાળાના બાળકોને પણ મળવા જોઇએ.

- માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણના વ્યાપ માટે નિવાસી શાળાઓ વધુ ઉપયોગી થઇ શકે એમ છે. એટલે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન એમ ત્રણેય પ્રવાહોમાં નિવાસી શાળાઓ શરૂ થવી જોઇએ.

- અન્ય આદિવાસીઓની સરખામણીમાં હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેથી જ્યાં હળપતિ વસતિ વધુ હોય ત્યાં આશ્રમ શાળા તેમજ નિવાસી શાળાનો લાભ આપવો જોઇએ. આવા વિસ્તાર માટે તેડાગર શિક્ષકની વ્યવસ્થા પણ વિચારી શકાય.

- બધા આદિવાસી વિસ્તારોને આવરી લઇ શકાય એ પ્રમાણે ઉચ્ચ ટેકનિકલ શિક્ષણની, અધ્યાપન મંદિરની અને કોલેજોની સવલતો પુરી પાડવી જોઇએ. અત્યારે માત્ર બારડોલીમાં જ આવી સવલતો છે.

: : :

- ગણવેશ બાબતમાં ૧૫ શાળાઓના જૂથ માટે એક દરજી [illegible] રાખી કપડાં સીવડાવવાની જવાબદારી સોંપવી જોઇએ.

- નોટબુકો સમયસર ફાળવવામાં આવતી નથી. જૂનના પહેલાં કે બીજા અઠવાડિયામાં નોટબુકો મળી જવી જોઇએ. નોટબુકોનું પ્રમાણ પણ વિષયોના પ્રમાણમાં વધારવું જોઇએ.

- પાઠયપુસ્તકો સમયસર મળતાં નથી. ચાર તબક્કે મળે છે. જેમાં સ્કૂલના કેન્દ્રને રૂ.૨૫૨-૦૦ ભાડું થાય છે. જો પુસ્તકો એક સાથે ફાળવવામાં આવે તો નાણાંનો વ્યય અટકાવી શકાય અને વિદ્યાર્થીઓને એક સાથે બધાં પુસ્તકો મળી શકે.

- મધ્યાહન ભોજનમાં સંચાલક રસોયાનો પગાર ઓછો છે. એના કરતાં મજૂરને પગાર વધુ છે. રસોયાને પાર્ટ-ટાઇમ ગણવામાં આવે છે. એટલે પૂરતું ધ્યાન પણ આપી શકતો નથી.

- શિષ્યવૃત્તિની યાદિ જૂન માસમાં, એક સાથે મંગાવી લેવી જોઇએ.

- આદિવાસી વિસ્તારોમાં પશુપાલન નબળું જોવા મળ્યું છે. પશુપાલન દ્વારા સારી એવી પૂરક રોજગારી ઊભી કરી શકાય છે. એમાં કુટુંબના અશિક્ષિત સભ્યો પણ સામેલ થઇ શકે છે તેથી આદિવાસી વિસ્તારમાં પશુપાલનના ઉદ્યોગને પ્રોત્સાહન મળવું જોઇએ. એ માટેની તમામ સવલતો, પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવી જોઇએ.

- આદિવાસી વિસ્તારમાં મરઘાં પાલનનો ઉદ્યોગ નિષ્ફળ ગયો છે. તો એનાં કારણો તપાસી એ કાર્યક્રમને સઘન બનાવવો જોઇએ.

- ડુંગરાળ પ્રદેશમાં વસતા આદિવાસીઓ માટે ઠેર ઠેર નાના નાના તળાવો તૈયાર કરાવી એમાં મોટા પાયા પર મત્સ્ય ઉદ્યોગની સગવડો પુરી પાડવી જોઇએ. મત્સ્ય ઉદ્યોગ ખાતાએ સીધી રીતે એ માટેના પ્રયત્નો કરવા જોઇએ.

- આદિવાસી વિસ્તારમાં પશુ દવાખાનાની સવલતો સુદૃઢ કરવી જોઇએ. ફરતા-પશુ દવાખાનાની સગવડ પણ ઉપલબ્ધ કરવી જોઇએ.

- ગામડાઓમાં વીજળીકરણ થયું છે પણ ગામમાં વસતા આદિવાસીઓ સુધી વીજળી પહોંચી નથી. આદીવાસીઓને પણ વીજળીનો લાભ મળે એવા પ્રયત્નો થવા જોઇએ. એટલું જ નહીં ખેતવિકાસ તેમજ ઔદ્યોગિક વિકાસને ઝડપી બનાવવા માટે આદિવાસી ફળિયાઓ સુધી અને ખેતરો સુધી વીજળીકરણનો લાભ પહોંચવો જોઇએ.

- આદિવાસી ગામડાઓને વહેલી તકે પાકા રસ્તાનો લાભ આપવો જોઇએ. એમના વિકાસ માટે એ એક ઉપયોગી "સાધન" :કાર્યક્રમ : ગણી શકાય.

- ગ્રામ પંચાયતો દ્વારા ગામના આદિવાસી વિસ્તારોમાં - ફળિયાઓમાં કોમ્યુનિટી રેડિયો કે કોમ્યુનિટી ટી.વી. ની સગવડ આપવી જોઇએ જેથી આદિવાસી લોકો બહારની દુનિયાનો પરિચય કેળવી શકે.

- ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં પોસ્ટ ઓફિસની સગવડ પૂરી પાડવી જોઇએ. દરેક ગ્રામ પંચાયતને ટેલિફોનની સુવિધા આપવી જોઇએ.

- આદિવાસી વિસ્તારમાં ધંધાકીય માળખાના ફેરફાર સાથે બેંકીંગ વ્યવસ્થા વધારવી જોઇએ. ખાસ કરીને

: : :

સહકારી બેંકોનું માળખું સઘન બનાવવું જોઇએ.

- આદિવાસી વિસ્તારમાં આવેલાં સરકારી દવાખાનાં સજ્જ હોય અને સક્ષમ હોય એ જોવાવું જોઇએ. અવાર-નવાર ચેકીંગ થવું જોઇએ.

- આદિવાસી લોકોમાં સ્વાસ્થ્ય માટેની સભાનતા કેળવવા માટે ડોકટરોએ અને અન્ય સ્ટાફે પ્રયત્નશીલ રહેવું જોઇએ. જે કારણોથી રોગો થતા હોય અને ફેલાતા હોય તે દૂર કરવા કટિબધ્ધ થવું જોઇએ.

- ડોકટરે અવાર-નવાર આદિવાસી વિસ્તારોની મુલાકાત લેવી જોઇએ.

- કુટુંબ નિયોજન - ઝુંબેશની જેમજ તંદુરસ્તી જાળવવા માટેની ઝુંબેશ ચલાવવી જોઇએ.

- ખાનગી દવાખાનાઓમાં પણ આદિવાસીઓને રાહત દરે સારવાર મળે એવા પ્રબંધો થવા જોઇએ.

- દવાખાનાની કે આરોગ્ય કેન્દ્રની સુવિધા અંગેની જાણકારી આદિવાસીઓમાં પ્રસારવી જોઇએ. જેથી જાણકારીના અભાવને લીધે તેઓ સારવારથી વંચિત ન રહે.

## ઉપસંહાર :

પ્રાયોજનની સમગ્ર કામગીરી સંતોષજનક લાગે છે. વિકાસ કાર્યક્રમોની અસરને લીધે આદિવાસીઓ બીન-આદિવાસીઓ સાથે તાલ મીલાવતા થયા છે. તેમ છતાં વહીવટી સ્ટાફ-માળખું વધુ સક્રીય બને તો વિકાસ કાર્યક્રમો.

::::

અસરને ઉંડાણના આદિવાસી વિસ્તારો સુધી પહોંચાડી શકાય. ઉપર રજૂ કરેલા સૂચનો પણ જો ધ્યાનમાં લેવાશે તો આદિવાસી અને બીન-આદિવાસી વિસ્તારના વિકાસ વચ્ચે રહેલો તફાવત ઓછો કરી શકાશે. એ પણ નોંધવું જોઇએ કે સામાજિક - આર્થિક પરિવર્તનની સાથે સાથે આદિવાસીઓમાં રાજકીય જાગૃતિ પણ આવી છે. એ પણ વિકાસ કાર્યક્રમોની અસરનું એક પરિણામ ગણી શકાય. આ રાજકીય જાગૃતિનો ઉપયોગ એમના જ બાંધવોના ઉત્થાન માટે થાય એવી આશા રાખીએ.